અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

વાર્ષિક વહીવટી અહેવાલ

સને : ૨૦૧૬-૧૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

વાર્ષિક વહીવટી અહેવાલ

સને : ૨૦૧૬-૨૦૧૭

માનનીય મ્યુનિસિપલ કમિશનરશ્રી,

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ કલમ ૯૪/૧ મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો વર્ષ ૨૦૧૬-૧૭ નો વાર્ષિક વહીવટી અહેવાલ તૈયાર કરીને આ સાથે પાના નં. ૧ થી ૯ ઉપર મ્યુનિસિપલ કમિશનરશ્રી નું નિવેદન તથા પાના નં ૧૦ થી ૫૫૭ ઉપર અહેવાલ મુકેલ છે. જે યોગ્ય જણાય તો સહી થવા વિનંતી છે. ઉપરાંત સદરહુ અહેવાલ માટે સ્ટે.કમિટીની મંજુરી મેળવવા સારૂ લખવાના મ્યુ.કમિશનરશ્રીનો પત્રનો મુસદ્દો તૈયાર કરીને આ સાથે સામેલ છે. જે એપ્રુવ કરી આ અહેવાલ મંજુર થયેથી મ્યુ.કોર્પો.ની વેબસાઇટ ઉપર મુકવાની મંજુરી આપવા વિનંતી છે.

ડાયરેકટર પ્લાનીંગ **ડે.મ્યનિસિપલ કમિશનર (પ્લાનીંગ)**

મ્યુનિસિપલ કમિશનર

મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર

વર્ગી.નં તારીખઃ- ખાતાનું નામ :- આયોજન અને આંકડાખાતુ

વિષય :- વાર્ષિક વહીવટી અહેવાલ સને ૨૦૧૬-૧૭ ને સ્ટે.કમિટીની મંજુરી મેળવી અપવા બાબત.

મ્યુનિ.સેક્રેટરીશ્રી,

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ કલમ ૯૪/૧ મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સને ૨૦૧૬-૧૭ નો વાર્ષિક વહીવટી અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. જેની સ્ટેન્ડીંગ કમિટીને જાણ થવા તથા આ અહેવાલ ની જાણ લીધે મ્યુ.કોર્પો.ની વેબસાઈટ ઉપર મુકવાની સ્ટે.કમિટીની મંજુરી મેળવી આપવા વિનંતી છે.

મ્યુનિસિપલ કમિશનર

બિડાણ :- અહેવાલ પાના નં. ૧ થી ૫૫૧

તા.
પ્લાનીંગ ખાતુ

૨૦૧૬-૧૭ વાર્ષિક વહીવટી અહેવાલ
અનુક્રમણિકા

પ્રકરણ નંબર	પ્રકરણનું નામ	**પાના નંબર**
	અનુક્રમણિકા	
	મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન	૧ થી ૯
	આંકડાકીય વિશ્લેષણ	૧૦ થી ૨૩
૧	હદ વસતિ અને બંધારણ	૨૪ થી ૨૫
૨	**સામાન્ય વહીવટી તંત્ર**	
૨.૧	સેક્રટરી ઓફિસ	૨૬ થી ૩૭
૨.૨	સેન્ટ્રલ ઓફિસ	૩૮ થી ૪૨
૨.૩	ટેક્ષ વિભાગ	૪૩ થી ૪૮
૨.૪	ગુમાસ્તાધારા ખાતુ	૪૯ થી ૫૨
૨.૫	કોમ્પ્યુટર ખાતુ	૫૩ થી ૫૭
૨.૬	ઈલેક્શન ખાતુ	૫૮ થી ૫૯
૨.૭	વેલફેર ખાતુ	૬૦ થી ૬૨
૨.૮	લીગલ ખાતુ	૬૩ થી ૬૭
૨.૯	હિલ ગાર્ડન પ્રાણી સંગ્રહાલય અને બાલવાટિકા	૬૮ થી ૮૪
૨.૧૦	નાંણા ખાતુ	૮૫ થી ૧૦૭
૨.૧૧	સેન્ટ્રલ રેકર્ડ ખાતુ	૧૦૮ થી ૧૧૪
૨.૧૨	પ્લાનીંગ એન્ડ ફાયનાન્સ સેલ	૧૧૫ થી ૧૨૪
૨.૧૩	જનમાર્ગ- બી.આર.ટી.એસ	૧૨૫ થી ૧૨૮
૨.૧૪	મ્યુનિસિપલ સ્નાનાગાર	૧૨૯ થી ૧૩૦
૨.૧૫	સંસ્કાર કેન્દ્ર (મ્યુઝિયમ)	૧૩૧ થી ૧૩૧
૨.૧૬	વીજીલન્સ ખાતુ	૧૩૨ થી ૧૩૬
૨.૧૭	પબ્લીસીટી ખાતુ	૧૩૭ થી ૧૩૭
૨.૧૮	સેન્ટ્રલ સ્ટોર્સ	૧૩૮ થી ૧૪૨
૨.૧૯	ઈન્ડસ્ટ્રીયલ રીલેશન ખાતુ	૧૪૩ થી ૧૪૭
૨.૨૦	સેન્ટ્રલ પુલ ઓફ ટાઈપીસ્ટ	૧૪૮ થી ૧૪૮
૨.૨૧	ઓડિટ ખાતુ	૧૪૯ થી ૧૫૧
૨.૨૨	હેરીટેજ ખાતુ	૧૫૨ થી ૧૫૫
૩	**એસ્ટેટ એન્ડ ટાઉન ડેવલપમેન્ટ વિભાગ**	
૩.૧	એસ્ટેટ વિભાગ	૧૫૬ થી ૧૭૩
૩.૨	નગરવિકાસ ખાતુ	૧૭૪ થી ૧૮૫
૪	**ઈજનેર વિભાગ**	
૪.૧	વોટર પ્રોજેક્ટ	૧૮૬ થી ૧૯૦

૪.૨	બ્રીજ ડિવીઝન	૧૯૧ થી ૧૯૩
૪.૩	રોડ પ્રોજેક્ટ	૧૯૪ થી ૧૯૭
૪.૪	ડ્રેનેજ પ્રોજેક્ટ	૧૯૮ થી ૨૦૫
૪.૫	એસ.આર.એફ.ડી.સી.એલ વિભાગ	૨૦૬ થી ૨૦૭
૪.૬	પાણી પુરવઠો તથા દુધેશ્વર વોટર વર્કસ	૨૦૮ થી ૨૧૮
૪.૭	ઈજનેર મધ્ય ઝોન	૨૧૯ થી ૨૨૩
૪.૮	ઈજનેર પૂર્વ ઝોન	૨૨૪ થી ૨૩૧
૪.૯	ઈજનેર પશ્ચિમ ઝોન	૨૩૨ થી ૨૩૪
૪.૧૦	ઈજનેર ઉત્તર ઝોન	૨૩૫ થી ૨૩૭
૪.૧૧	ઈજનેર દક્ષિણ ઝોન	૨૩૮ થી ૨૪૦
૪.૧૨	ઇજનેર નવા પશ્ચિમ ઝોન	૨૪૧ થી ૨૪૭
૪.૧૩	બગીચા ખાતુ	૨૪૮ થી ૨૬૪
૪.૧૪	દીવા બત્તી (લાઇટ)	૨૬૫ થી ૨૬૮
૪.૧૫	સેન્ટ્રલ વર્કશોપ	૨૬૯ થી ૨૭૪
૪.૧૬	સેન્ટ્રલ લેબોરેટરી	૨૭૫ થી ૨૮૧
૪.૧૭	સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વિભાગ	૨૮૨ થી ૨૮૮
૪.૧૮	હાઉસીગ પ્રોજેકટ / સ્લમ નેટવર્કીગ પ્રોજેક્ટ	૨૮૯ થી ૨૯૧
૪.૧૯	જે.એન.એન.યુ.આર.એમ પ્રોજેકટ	૨૯૨ થી ૨૯૪
૫	**ફાયર બ્રિગેડ**	૨૯૫ થી ૩૧૩
૫.૧	કોમ્યુનિકેશન વિભાગ	૩૧૪ થી ૩૧૬
૬	આરોગ્ય અને તબીબી સેવાઓ	
૬.૧	હેલ્થ મધ્યસ્થ કચેરી	૩૧૭ થી ૩૧૮
૬.૨	જન્મ મરણ ખાતુ	૩૧૯ થી ૩૨૦
૬.૩	એપેડેમિક સેલ	૩૨૧ થી ૩૨૨
૬.૪	ચેપીરોગ હોસ્પિટલ	૩૨૩ થી ૩૨૪
૬.૫	સ્લોટર હાઉસ	૩૨૫ થી ૩૨૬
૬.૬	મેલેરિયા વિભાગ	૩૨૭ થી ૩૨૮
૬.૭	પબ્લીક હેલ્થ લેબોરેટરી	૩૨૯ થી ૩૨૯
૬.૮	હેલ્થ ફલાઈંગ સ્કવોર્ડ	૩૩૦ થી ૩૩૧
૬.૯	શહેરી કુટુંબ કલ્યાણ એકમ	૩૩૨ થી ૩૩૬
૬.૧૦	સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ	૩૩૭ થી ૩૩૯
૬.૧૧	અર્બન કોમ્યુનીટી ડેવ. (યુ.સી.ડી)	૩૪૦ થી ૩૪૩
૬.૧૨	**હેલ્થ ખાતાની ઝોન લેવલે થતી કામગીરી** ૧. મધ્ય ઝોન ૨. ઉત્તર ઝોન ૩. દક્ષિણ ઝોન	 ૩૪૪ થી ૩૫૦ ૩૫૧ થી ૩૬૦ ૩૬૧ થી ૩૬૫

	૪. પૂર્વ ઝોન ૫. પશ્ચિમ ઝોન ૬.નવા પશ્ચિમ ઝોન	૩૬૬ થી ૩૬૮ ૩૬૯ થી ૩૮૧ ૩૮૨ થી ૩૯૩
૭	**કન્ઝરવન્સી સેવાઓ**	
૭.૧	રેફ્યુઝ વિભાગ (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ)	૩૯૪ થી ૩૯૯
૭.૨	ઢોર ત્રાસ અંકુશ વિભાગ (સી.એન.સી.ડી.)	૪૦૦ થી ૪૦૧
૮	**તબીબી સેવાઓ (હોસ્પિટલો)**	
૮.૧	શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ	૪૦૨ થી ૪૧૪
૮.૨	શ્રીમતી શા.ચી.લા. મ્યુ. જનરલ હોસ્પિટલ	૪૧૫ થી ૪૨૧
૮.૩	શેઠ લલ્લુભાઇ ગોરધનદાસ મ્યુ.જનરલ હોસ્પિટલ	૪૨૨ થી ૪૨૯
૮.૪	શેઠ ચી.હ. નગરી આંખની હોસ્પિટલ	૪૩૦ થી ૪૪૫
૯	**સાર્વજનિક કેળવણી (સ્કૂલ બોર્ડ)**	
૯.૧	પ્રાથમિક શિક્ષણ	૪૪૬ થી ૪૪૮
૯.૨	માધ્યમિક શાળાઓ	૪૪૯ થી ૪૫૭
૯.૩	શ્રીમતી એન.એચ.એલ.મ્યુ. મેડીકલ કોલેજ	૪૫૮ થી ૪૬૬
૯.૪	એ.એમ. સી. મેટ મેડીકલ કોલેજ	૪૬૭ થી ૪૭૫
૯.૫	એ.એમ. સી. ડેન્ટલ કોલેજ	૪૭૬ થી ૫૦૧
૯.૬	એસ. બી. બી. કોલેજ ઓફ ફીઝીયોથેરાપી	૫૦૨ થી ૫૦૫
૯.૭	પુસ્તકાલયો અને વાંચનાલયો	૫૦૬ થી ૫૧૪
૯.૮	બાલભવન	૫૧૫ થી ૫૧૬
૯.૯	વ્યાયામ વિદ્યાલય	૫૧૬ થી ૫૧૯
૯.૧૦	શેઠ માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય	૫૨૦ થી ૫૩૨
૧૦.	અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ	૫૩૩ થી ૫૪૩
૧૧.	કાંકરિયા લેક ફ્રન્ટ	૫૪૪ થી ૫૫૧

વાર્ષિક વહીવટી અહેવાલ ૨૦૧૬-૧૭
મ્યુનિસિપલ કમિશનરશ્રીનું નિવેદન

ભારતના પશ્ચિમ ક્ષેત્રમાં ઔદ્યોગિક, વ્યાવસાયીક, રોજગાર, સાંસ્કૃતિક તથા શૈક્ષણિક દ્રષ્ટિએ રાષ્ટ્રનું સાતમા નંબરનું સ્થાન ધરાવતું શહેર એટલે અમદાવાદ. ધી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૯૪(૧) મુજબ આ અમદાવાદ મહાનગરપાલિકાનો સને ૨૦૧૬-૧૭ ના વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ રજુ કરતાં હર્ષ અનુભવું છું. અમદાવાદ શહેર કે જે આગળ વધવા સાથે ફરજીયાત સેવાઓની સાથે સાથે મહત્તમ મરજીયાત સેવાઓ પણ પુરી પાડવા કટીબધ્ધ છે. જે વધતા જતાં નાણાંકીય તેમજ કામગીરીના ભારણને પહોંચી વળવા તમામ ક્ષેત્રે પ્રયત્નશીલ છે અને સહીયારા પ્રયત્નો તથા કુશળ વહીવટી માર્ગદર્શન તેમજ સંચાલન વડે ઉપલબ્ધ થતાં નાણાંનો શહેરી સમાજની સગવડો તથા જરૂરીયાત માટે ઉપયોગ કરવા કટીબધ્ધ છે. આ ઉપયોગના મુલ્યાંકનની પારાશીશીરૂપ વાર્ષિક વહીવટી અહેવાલ શહેરની તમામ ગતિવીધીઓનું પ્રતિબિંબ પાડે છે.

હાલના સાયબર યુગમાં અમદાવાદ શહેરની વિકાસશીલ શહેર તરીકેની રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ થયેલ પ્રતિષ્ઠાને અનુરૂપ શહેરનો સાંસ્કૃતિક, શૈક્ષણિક વિકાસ તેમજ વિવિધ ક્ષેત્રે સુઆયોજીત વિકાસ કરવાના પ્રયત્નોના પરિણામ દેખાવા લાગ્યા છે. હાલમાં નગરપાલીકા અને ગ્રામ પંચાયતોનો સમાવેશ થવાથી અમદાવાદ મહાનગરપાલિકાનો ૪૬૬ ચો.કિ.મી.નો વિસ્તાર થયેલ છે. આમ અ.મ્યુ.કોર્પો.ની સેવાઓ આપવાની જવાબદારી વધુ વિસ્તૃત થયેલ છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિસિપલ બોર્ડની ૧૯ બેઠકો મળી, જેમાં ૧૭૦૩ કામનો નિકાલ થયેલ. જેથી બેઠક દીઠ કામના નિકાલની સરેરાશ ૮૯.૬૩ થઈ. સ્ટેન્ડીંગ કમિટીની ૫૬ બેઠકોમાં ૧૫૭૩ કામોનો નિકાલ થયેલ હતો. ટ્રાન્સપોર્ટ કમિટીની ૨૬ બેઠકોમાં ૨૪૦ કામોનો નિકાલ થયેલ. ઉપરાંત જુદી જુદી સ્પેશ્યલ કમિટીઓની કુલ ૨૧૪ બેઠકોમાં ૧૬૩૨ કામોનો નિકાલ થયેલ. વર્ષ દરમ્યાન મળેલ કોઈ પણ મિટીંગ કોરમના અભાવે નિષ્ફળ નિવડી ન હતી.

મ્યુનિ. કોર્પોરેશનની નાણાંકીય જવાબદારીઓ પુરી પાડવા આવક મેળવવાના જુદા જુદા સ્ત્રોત પૈકી પ્રોપર્ટી ટેક્ષની આવક મુખ્ય સ્ત્રોત છે. જેની વસુલાત વધુ સઘન તથા પરિણામલક્ષી કામગીરીને લઈને લક્ષાંક મુજબની રહી છે.અહેવાલી વર્ષમાં રેવન્યુ એકાઉન્ટની શરૂઆતની સિલક રૂા.૦.૧૧ કરોડની હતી.વર્ષ દરમ્યાન રેવન્યુ આવક રૂા.૩૪૦૬.૦૧ કરોડ થયેલ છે.ગત વર્ષે રેવન્યુ આવક રૂા.૩૪૩૨.૦૧ કરોડની હતી.આમ રેવન્યુ આવકમાં ૨૦૧૫-૧૬ ની સરખામણીમાં એકંદરે રૂા.૨૫.૯૭ કરોડ ઘટાડો થયેલ છે.

સરકારશ્રી તરફથી ઓકટ્રોયની અવેજીમાં સરકારશ્રી તરફથી રૂા ૮૭૧.૬૬ કરોડ આપવામાં આવેલ છે.

અહેવાલી વર્ષ દરમ્યાન પ્રોપર્ટી ટેક્ષ તથા અન્ય બીજા કર જેવા કે પાણીકર, કોન્ઝર્વન્સી ટેક્ષની આવક રૂા.૮૯૬.૮૪ કરોડ થઇ છે. જે ગત વર્ષે રૂ.૮૦૭.૬૪ કરોડની હતી. આમ, પ્રોપર્ટી ટેક્ષ તથા અન્યબીજા કરની આવકમાં વધારો નોંધાયેલ છે.

અહેવાલી વર્ષમાં મ્યુનિ. કોર્પોરેશનનું શરૂઆતનું દેવું રૂા. ૨૭૭.૭૨ કરોડનું હતું .જયારે નવી આવેલ લોન રૂા.૦.૦૦ કરોડ છે. જયારે વર્ષ દરમ્યાન તેમાંથી રૂ.૩૬.૮૮ કરોડ ભરપાઈ થતાં, વર્ષાન્તે દેવું રૂા.૨૪૦.૮૪ કરોડ બાકી રહ્યું હતું.

અન્ય કોર્પોરેશનો શહેરના નાગરિકોને નાગરિક સેવા તથા સગવડો પુરી પાડતી જે ફરજો નિભાવે છે, તે જોતાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન એ દેશની શ્રેષ્ઠ સેવાઓ આપતી મ્યુનિ. કોર્પોરેશન પૈકીની એક કોર્પોરેશન છે. ઉદાહરણીય સેવાઓ આપવા સતત પ્રયત્નશીલ રહેવું જરૂરી છે એ સનાતન સત્યના સિધ્ધાંતરૂપ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને ભારતીય સંવિધાનના-૭૪માં સુધારાને અનુરૂપ વિકેન્દ્રીકરણની નિતિ અપનાવી શહેરી વિસ્તારના જુની લીમીટના ૪૩ વોર્ડ અને નવી લીમીટના બાર વોર્ડ મળી કુલ ૫૫ વોર્ડ બનાવેલ, ત્યારબાદ તેને ૬૪ વોર્ડમાં વિભાજન કરેલ સને-૨૦૧૧ ની વસ્તી ગણના મુજબ અમદવાદ મહાનગરપાલિકાના હયાત ઈલે.વોર્ડ નં. ૧ થી ૬૪માં સમાવિષ્ટ સમગ્ર વિસ્તારોને કુલ ૪૮- ઈલેકશન વોર્ડોમાં હાલમાં વિભાજન કરવામાં આવેલ છે. અને તેને છ ઝોનમાં વહેંચી પ્રાથમિક જરૂરિયાતની સેવાઓ જેવી કે પાણી, ગટર, રસ્તા, સફાઈ, લાઈટ તથા આરોગ્યની સેવાઓ તમામ નાગરિકોને ઉપલબ્ધ થાય તેવું વહીવટી માળખું ગોઠવેલ છે, વહીવટી તંત્રમાં કાર્યદક્ષ અધિકારીઓની સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા વર્કનોમ્સ, તાલીમ, કોમ્પ્યુટરાઈઝેશન સંસ્થામાં નવા જોડાતાં કર્મચારીઓને તાલીમ, કોર્પોરેશનની તમામ વિભાગોની કામગીરીનો પરિચય, વિશેષ જાણકારી તથા કર્મચારીઓ, અધિકારીઓની સારી કાર્યક્ષમતા-કામગીરીને પ્રમાણપત્ર, ઈન્સેન્ટીવ વિગેરેથી બિરદાવી પ્રોત્સાહીત કરવામાં આવે છે, જયારે બિન કાર્યક્ષમ તથા ભ્રષ્ટ પુરવાર થતાં કર્મચારીઓને શિક્ષા, દંડ, વિજીલન્સ ખાતા મારફત કડક તપાસ તથા દેખરેખ રાખવામાં આવે છે. શહેરના સાંસ્કૃતિક વિકાસ તેમજ સ્મારકોની જાળવણી વિગેરે માટે તથા અન્ય કામગીરી માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત વ્યવસાયીકોની સેવાઓ વિગેરે દ્વારા શહેરના નાગરિકોને મહત્તમ સુખાકારી પ્રાપ્ત કરવા વહીવટીતંત્ર ને તૈયાર કરવા પ્રયત્ન કરવામાં આવે છે.

શહેરના નાગરિકો તથા પર્યટકોને આકર્ષણ સમા કાંકરિયા તળાવ અને બાળકોના પ્રિય એવા પ્રાણીસંગ્રાલય, બાલવાટિકા વિગેરે આધુનિક ઉપકરણોથી વધુ આકર્ષક અને લોકભોગ્ય બનાવેલ છે. વર્ષ ૨૦૧૬-૧૭ માં ૩૨,૦૬,૮૭૦ મુલાકાતીઓએ આ સંકુલની મુલાકાત લીધી હતી.

સ્નાનાગાર ખાતાના તાબા હેઠળના લોકેશનમાં હાલમાં ૧૪ મોટા અને ૧૪ બાળ સ્નાનાગારો કાર્યરત છે. જેમાં ૭ સ્નાનાગાર એ-ગ્રેડના અધ્યતન ઓલમ્પિક સાઈઝના તથા અન્ય મીની ઓલમ્પિક સાઈઝના સ્નાનાગારો આવેલા છે. અહેવાલી વર્ષ દરમ્યાન જાણકાર, શિખાઉ (મોટા તથા બાળ) સભ્યો મળીને કુલ ૫૮૪૭૦ સભ્યોએ તરણનો લાભ લીધેલ છે. અને સદર વર્ષની કુલ આવક રૂ.૩,૫૦,૨૬,૯૯૫/- થયેલ છે.

અમદાવાદ શહેરના યુવાનોનું શરીર સૌષ્ઠવ કેળવાય, યુવાનોમાં નિયમિતતા, સંઘભાવના કેળવાય, માનસિક વિકાસ થાય, સ્ટેમીના જળવાય, નિખાલસતા, સદભાવના, ચેલેન્જને પહોંચી વળવાની હિમ્મત તથા લીડરશીપ જેવી બાબતોનો વિકાસ થાય, તે હેતુસર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૩૯ બારબેલ જીમ્નેશીયમો તથા ૪ સ્કેટીગ રીંક ચલાવવામાં આવે છે. તથા ૦૨ સ્પોર્ટસ સંકુલોનું સંચાલન કરવામાં આવે છે.જેનો બહોળા પ્રમાણમાં શહેરીજનો લાભ લે છે. કલારસિકો અને જ્ઞાનપિપાસુઓને સંતોષવા તથા પ્રોત્સાહિત કરવાની પ્રવૃત્તિઓ સંસ્કાર કેન્દ્ર તથા વાંચનાલયો દ્વારા અવિરત ચાલતી રહે છે.

ધી ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની જોગવાઈઓ તેમજ બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની જોગવાઈ હેઠળ તૈયાર થયેલ બિલ્ડીંગ બાયલોઝના અમલ કોર્પોરેશનના એસ્ટેટ અને નગર વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે છે. શહેરના કોટ વિસ્તારની બિલ્ડીંગ બાયલોઝ સ્કીમ રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ કંન્ટ્રોલ રેગ્યુલેશનનો આધાર લઈને રહેઠાણ તથા વ્યાપારી સંકુલોનો પદ્ધતિસર વિકાસ નિષ્ણાંત સ્થપતિઓની સલાહ લઈને કરવામાં આવી રહ્યો છે.

નગર વિકાસ ખાતામાં વર્ષ ૨૦૧૬-૧૭ માં બાંધકામની ૨૫૦૩ અરજીઓ આવેલ. જેમાં અગાઉની નિકાલ થયા વગરની ૩૦૦ અરજીઓ ઉમેરતાં કુલ ૨૮૦૩ અરજીઓ પૈકી ૨૬૬૨ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. જ્યારે ૧૪૧ અરજીઓ બાકી રહેલ. અમલીકરણ વિભાગ દ્વારા ૧૧૬૭ કેસો પૈકી ૩૦૬ રહેઠાણ તથા ૬૦૫ બિનરહેઠાણના કેસોમાં અમલ થયેલ છે. શહેરી વિસ્તારમાં નાગરિક સેવાઓ માટે અગવડરૂપ બનતાં તથા ગેરકાયદેસરના દબાણો તથા જાહેર મિલકતોમાં થતાં દબાણો દૂર કરવા આ પ્રકારના બાંધકામો તોડી પાડવા, લારી-ગલ્લા દૂર કરવા તથા ભારે દંડ વસુલ કરવા જેવા પગલાં લેવામાં આવેલ છે.

શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ કોમ્યુનિટી હોલ, સરદાર પટેલ સ્ટેડિયમ, ટાઉનહોલ,રવિન્દ્રરનાથ ટાગોર મેમોરીયલ હોલ વગેરે સામાજિક, ધાર્મિક કે અન્ય હેતુ માટે ભાડે આપી અહેવાલી વર્ષમાં રૂ.૮૫૧.૦૦ લાખ આવક મેળવેલ છે.

નાગરીક સેવાઓમાં સૌથી અગ્રતાક્રમે મુકી શકાય તેવી શુધ્ધ પીવાલાયક પાણી પુરી પાડવાની સેવાઓ છે. અહેવાલી વર્ષ દરમ્યાન પ્રતિદીન સરેરાશ ૧૨૮૨ મીલીયન લીટર્સ શહેરમાં પાણી પુરુ પાડવામાં આવ્યુ. કોતરપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી ૮૪ મીલીયન લીટર ક્ષમતાની કલીયર વોટર ટાંકીમાંથી પંપીગ કરીને અમદાવાદ શહેરમાં આવેલ ૧૩૨ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન મારફતે પાણી પુરુ પાડવામાં આવે છે અને જાસપુર ખાતે આવેલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી નવા પશ્ચિમ ઝોનમાં સમાવિષ્ટ થયેલ વિસ્તારોમાં ૪૪ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન મારફતે તથા ચાંદખેડા તથા મોટેરા ગામમાં આવેલ ૮ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન મારફતે પાણી પુરુ પાડવામાં આવે છે. અમદાવાદ શહેરની પાણી પુરવઠા યોજના અંતર્ગત શહેરની આશરે ૬૪ લાખની વસ્તીને કુલ ૧૮૪ ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન દ્વારા દરરોજનું ૧૦૫૦ થી ૧૧૦૦ એમ.એલ.ડી. પાણીનો જથ્થો પુરો પાડવામાં આવે છે. અમદાવાદ મ્યુનિ. કોર્પો. વિસ્તારમાં વર્ષ-૨૦૧૬-૧૭ દરમ્યાન ડ્રેનેજ પ્રોજેકટ ખાતેથી કુલ ૫૩ કિ.મી. લંબાઈમાં ડ્રેનેજ નેટવર્ક નાંખવામાં આવેલ છે. જેના લીધે ન્યુ મણીનગર, હાથીજણ, રામોલ, લાંભા, ઈન્દ્રપુરી, વેજલપુર, ચાંદલોડીયા, નરોડા, નાના ચિલોડા, નિકોલ જેવા વિસ્તારમાં સીસ્ટેમેટીક ડ્રેનેજની સુવિધા જાહેર જનતાને મળેલ છે. તથા કુલ ૨૫ કીમી.ની લંબાઈમાં વરસાદી પાણીના નિકાલની ચાંદલોડીયા, જોધપુર ,વેજલપુર, ગીરધરનગર, કુબેરનગર, રખિયાલ, અનુપમ,કાંકરીયા,ખોખરા,ઈસનપુર જેવા વિસ્તારમાં નાખવામાં આવેલ પાઈપલાઈનના લીધે સદર વિસ્તારોમા વરસાદી પાણીનો ઝડપથી નિકાલ થયેલ છે.

ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા તા.૨૫-૦૬-૨૦૧૫ ના રોજ જેએનએનયુઆરએમ (jawaharlal nehru urban REnewal MIission - jnNURM) ની જગ્યા એ અમૃત (ATAL mission for Rejuvenation and Urban Transformation- AMRUT)મિશન શરૂ કરવામાં આવેલ છે. અમૃત યોજના હેઠળ અમદાવાદ શહેર માટે પ્રોજેક્ટ ની રકમના કેન્દ્ર સરકાર દ્વારા ૩૩.૩૩%, રાજ્ય

સરકાર દ્વારા ૨૦% અને બાકીના ૪૬.૬૭% અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ભોગવવાના થાય. અમૃત યોજના હેઠળ ૨૦૧૬-૧૭ ના વર્ષના સ્ટેટ એન્યુઅલ એક્શન પ્લાનમાં અમદાવાદ શહેર માટે રૂા. ૮૨.૦૦ કરોડનો જુના વાડજ જલવિહાર ખાતે સેકન્ડરી સુઅરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનો પ્રોજેક્ટ મંજુર થયેલ છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ઈજનેર ડ્રેનેજ પ્રોજેકટ ખાતા દ્વારા દર વર્ષે કરવામાં આવતા કામો પૈકી વર્ષ-૨૦૧૬-૧૭માં અમ.મ્યુનિ. કોર્પો.ના કેપીટલ બજેટ, કેન્દ્ર સરકારની AMRUT/JNURM , રાજ્ય સરકારની સ્વર્ણિમ જયંતિ યોજના તથા અલગ-અલગ ગ્રાન્ટો અન્વયે ડ્રેનેજ લાઈનો નાખવાની, સ્ટ્રોમ વોટર ડ્રેઈન લાઈનોનું ડીસલ્ટીગ તથા સ્ટ્રેન્થનીગ, એસ.ટી.પી. બનાવવાના, તળાવ ડેવલપ કરવાના તથા અમૃત બજેટ હેઠળ એસ.ટી.પી. બનાવવાના કુલ રૂા. ૨૧૭.૧૦ કરોડના ખર્ચે કામગીરી કરવામાં આવેલ છે. જે પૈકી કેપીટલ બજેટની રૂા.૫૪.૬૩ કરોડ, AMRUT ગ્રાન્ટ અન્વયે ૨.૦૦ કરોડ તથા સ્વર્ણિમ જયંતિ યોજના હેઠળ રૂા.૧૧૮.૬૨ કરોડના ખર્ચે કામગીરી કરાવેલ છે.

સ્વર્ણિમ જંયતિ પ્રોજેકટ અંતર્ગત કામોમાં અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે CRRI નો રીર્પોટ અન્વયે અમદાવાદ પૂર્વ વિસ્તારમાં હાટકેશ્વર જંકશન ઉપર તથા દિનેશ ચેમ્બર જંકશન ઉપર ફલાય ઓવરબ્રીજની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદર બંને બ્રીજની કામગીરી એપ્રિલ-૨૦૧૫ માં ચાલુ કરવામાં આવેલ છે. અને એપ્રિલ -૨૦૧૮ માં કામગીરી પૂર્ણ થશે. સદર કામગીરીનો અંદાજીત કિમત અનુક્રમે ૫૦.૮૮ કરોડ તથા ૫૨.૪૬ કરોડ છે.તથા અમદાવાદ વિરમગામ બ્રોડગેજ રેલ્વે લાઈન ઉપર સાબરમતી અને ચાંદલોડીયા -રેલ્વે સ્ટેશન વચ્ચે જીએસટી ક્રોસીગ રાણીપ ખાતે રેલ્વે ઓવરબ્રીજની કામગીરી હાલમાં ચાલુ છે. સદર કામગીરી તા.૨૬.૦૩.૨૦૧૪ થી શરૂ કરવામાં આવેલ છે. અને એપ્રિલ -૨૦૧૮ માં પૂર્ણ થશે.સદર કામની અંદાજીત રકમ રૂા.૭૮.૦૪ કરોડ છે. અમદાવાદ શહેરના જે રસ્તાઓ ઉપર ટ્રાફિકનું ભારણ ખુબજ મોટા પ્રમાણમાં છે, શહેરના જુદા જુદા વિસ્તારોને જોડતાં મુખ્ય રસ્તાઓ છે તથા જાહેર જનતા દ્વારા તેઓની રોજબરોજની કામગીરી માટે આ રસ્તાનો મહત્તમ ઉપપોગ કરવામાં આવે છે.

શહેરના ઝડપી વિકાસને ધ્યાનમાં લઈ વધતા જતાં ટ્રાફીક તથા રાત્રી દરમ્યાન પણ અવરજવરથી ધમધમતાં રહેતાં રસ્તાઓ સહિત તમામ વોર્ડમાં સ્ટ્રીટલાઈટની સુવિધા વધુ સક્ષમ બનાવવા જાહેર માર્ગો ઉપર સોડિયમ ફીટીંગ્સ લગાડાયેલ છે. કુલ નવી સોડીયમ લાઈટોની સંખ્યા વધારીને ૪૧૧૦૮ જેટલી થયેલ છે.

અહેવાલી વર્ષમાં શહેરના જૂના અને નવા વિસ્તારોમાં૧૭૮ નવા સ્વીચીંગ પોઈન્ટ્સની સંખ્યા થયેલ છે. તથા ચાલી અને ઝૂંપડપટ્ટીઓમાં પણ ૧૧ વોલ્ટ સી.એફ.એલ. ટ્યુબલાઈટની સંખ્યા ૨૦૩૨૮ થી વધારીને ૨૨૮૨૮ જેટલી કરવામાં આવી. તથા ફલડ લાઇટ ૬૪૮ નવી ઉભી કરવામાં આવી. અહેવાલી વર્ષમાં ૪૨૧ લાખ યુનિટનો વીજ વપરાશ થયેલ છે. જેનો કુલ ખર્ચ રૂા.૨૨૩૯.૨૮ લાખ જેટલો થયેલ છે.

જનમાર્ગ - બીઆરટીએસ માં રોડ ની મધ્યમાં ડેડીકેટેડ બસ લેન આપવામાં આવેલ છે.આ ઉપરાંત, રોડ વીડથ અવેલેબલ હોય તે મુજબ ફુટપાથ , સાયકલ ટ્રેક , પાર્કીગ તેમજ મીક્ષ ટ્રાફીક લેન રાખવામાં આવેલ છે.રસ્તાની બન્ને બાજુ એ વરસાદી પાણીનાં નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેઈન રાખવામાં આવેલી છે.તૈયાર થયેલા બસ શેલ્ટરો આધુનિક સુવિધા થી સજ્જ છે.જેમાં ટ્રાન્સીટ મેપ,બસ રુટની માહિતી ,પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમ ,વિગેરેનો સમાવેશ થાય છે. બસ શેલ્ટરમાં સિનીયર સીટીઝન તેમજ શારીરીક વિકલાંગ વ્યકિતઓ માટે સ્પેશિયલ

રેમ્પની સુવિધા છે.જેમાં પીળા કલરનાં ટેકટાઇલ ટાઇલ્સ લગાવેલા છે.જે અંધજનોને બસમાં જવા - આવવા માટે મદદરુપ છે. બસ શેલ્ટરમાં જવા - આવવા માટે પેડેસ્ટ્રીયન ક્રોસીંગ નો ઉપયોગ કરવામાં આવે છે.

હાલમાં કુલ ૨૫૦ જેટલી બસો કાર્યરત છે. જે પૈકી ૧૮૪ એ.સી. બસોનો સમાવેશ થાય છે. જેનો દરરોજ અંદાજે ૧,૫૦,૦૦૦ જેટલા મુસાફરો ઉપયોગ કરે છે.અમદાવાદ જનમાર્ગ લી દ્વારા ભારતમાં પ્રથમ વખત મુસાફરી માટે જનમાર્ગ સ્માર્ટકાર્ડ ની તા.૦૧.૦૧.૨૦૧૨ થી શરૂઆત કરવામાં આવેલ છે.જેમાં રીચાર્જ વખતે ૧૦% બોનસ આપવામાં આવે છે.

નાગરિકોના આરોગ્યરૂપી સુખનો આધાર એવી શહેરની સફાઈ કામગીરીમાં જાહેર રસ્તાઓ, પોળો, સોસાયટીના કચરાની નિયમિત સફાઈ અંગે તંત્રને હંમેશા સતર્ક રખાય છે. એકઠા થયેલા કચરા સહિત કચરાપેટીમાં ઠલવાતા અન્ય કચરાને જેસીબી મશીન, લોડર મશીન, ટીપર મશીન, ટ્રક વિગેરે વાહનો દ્વારા ઉપાડી ડમ્પીંગ સાઈટ પર નિયત જગ્યાએ ઠાલવી જંતુનાશક દવાઓ છાંટી ઉપર માટી પુરાણનો થર કરી નિકાલ કરાય છે. અહેવાલી વર્ષમાં કુલ ૧૪,૦૨,૬૨૫ મેટ્રીક ટન કચરાનો નિકાલ થયેલ.

શહેરી નાગરિકોના આરોગ્યની જાળવણી તેમની રોગપ્રતિકારક શક્તિની જાળવણી જાહેર આરોગ્યની જાળવણી, ખાદ્ય પદાર્થો ને પ્રદૂષણમુક્ત રાખવા તેમજ રોગોના ઉપદ્રવોને ઉગતા જ ડામવા વિગેરે જેવી પ્રાથમિક અગત્યની મ્યુનિ. કોર્પોરેશનની જવાબદારી અંગે યોજનાબધ્ધ કાર્યક્રમો યોજવા, અન્ય આવશ્યક પગલાં લેવા જેવી વિવિધ કામગીરી હાથ ધરાય છે. આ માટે શહેરમાં ડીસ્પેન્સરી, પ્રસુતિગૃહો, રેફરલ હોસ્પિટલ તથા દાંતના દવાખાનાની સેવા ઉપલબ્ધ છે .સ્લમ વિસ્તારના રહીશોના આરોગ્યની જાળવણી અને બાળકોને રોગમુક્ત રાખવાના વિશેષ પ્રયાસો, વિવિધ કાર્યક્રમો મોબાઈલ ડિસ્પેન્સરી દ્વારા કરવામાં આવેલ છે.

શહેરના નાગરીકોની આરોગ્યની જાળવણી માટે શહેરમાં ત્રણ જનરલ હોસ્પિટલો ચલાવવામાં આવે છે.જેમ કે વા.સા.હોસ્પિટલ ૧૧૫૫ પથારી ધરાવતા હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે ૮૦૦૩૪ અને બહારના નવા અને જુના દર્દી તરીકે કુલ ૭૧૦૨૩૩ દર્દીને સારવાર આપેલ છે. વા.સા.હોસ્પિટલનું અધ્યતન ટ્રોમા સેન્ટર પણ કાર્યરત છે.એલ.જી.હોસ્પિટલમાં ૮૭૨ (ટીચીંગ બેડ સાથે)પથારી ધરાવતાં હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે ૫૦૩૪૫ અને બહારના દર્દી તરીકે કુલ ૬,૯૧,૪૦૧ દર્દી તરીકે સારવાર આપેલ છે. અને શા.ચી.લા.હોસ્પિટલ ૬૨૦ (ટીચીંગ બેડ સાથે) પથારી ધરાવતા હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે ૩૩૬૧૮ અને બહારના દર્દી તરીકે કુલ ૬,૦૪,૦૪૯ દર્દી તરીકે સારવાર આપેલ છે. આ હોસ્પિટલોની ખુબજ સારી સેવાઓ છે.

મોટી ઉધરસ, ધનુર, ડીપ્થેરીયા, ઓરી તથા બાળલકવા જેવા બાળકોની માંદગી અને મૃત્યુ માટે કારણભૂત રોગો સામે રક્ષણ આપવા રસીકરણની વ્યવસ્થા વીનામૂલ્યે મળે તેવી સગવડ કરવામાં આવેલ છે. બાળકો તથા સગર્ભા માતાઓને રોગોથી રક્ષણ આપવાના પૂર્વ પ્રયાસરૂપે પોલિયો, ત્રિગુણી, બી.સી.જી., ટી.ટી., ઓરી અને દ્વિગુણી જેવી રસીઓ કુલ ૪૮ વોર્ડના કેન્દ્રો દ્વારા આપવામાં આવે છે. અને ૪૮ વોર્ડમાં અર્બન સેન્ટરો દ્વારા રાજ્ય સરકારની સુચના મુજબ તમામ રાષ્ટ્રીય કાયક્રમોનો અમલ કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુ. કોર્પોરેશન હેલ્થ ખાતા સંચાલીત ચેપીરોગ હોસ્પિટલ સમગ્ર રાજયમાંથી આવતા ચેપીરોગના દર્દીઓને વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે. ઓ.પી.ડી. વિભાગ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ ચાલે છે. કેન્દ્ર સરકારનાં NCDC DELHI દ્વારા નેશનલ નેટવર્કીંગ પ્રોજેકટ હાલમાં ચાલુ છે. આ ઉપરાંત

NCDC દ્વારા દેશનાં ૭ મોટા શહેરો માટે IDSP-INSUNET PROJECT હાલમાં ચાલુ છે. ચેપીરોગ હોસ્પિટલની દરરોજ ની , અઠવાડીક અને માસિક દર્દીઓની ઓનલાઇન માહિતી NCDC DELHI અને રાજય સરકાર તથા હેલ્થ વિભાગ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન ખાતે મોકલવામાં આવે છે. સને ૨૦૧૫-૧૬ ના વર્ષ દરમ્યાન શહેરનાં ૨૦૨૯ તથા બહારગામ નાં ૩૪ દર્દીઓને દાખલ કરી કુલ ૨૦૬૩ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ઓ.પી.ડી. વિભાગમાં નવા દર્દીઓ ૨૩૧૫૯ અને જુના દર્દીઓ ૮૯૪૧ એમ કુલ ૩૨૧૦૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. તમામ પ્રકારની સારવાર વિના મુલ્યે આપવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ ૦૨ ગરીબ કલ્યાણ મેળાઓ જુદા જુદા વોર્ડમાં યોજવામાં આવ્યા જેમાં દીકરી યોજના અંતર્ગત, જનની સુરક્ષા યોજના અંતર્ગત, ચિરંજીવી યોજના તથા બાળસખા યોજના અંતર્ગત લાભ લીધેલ લાભાર્થીઓને નેશનલ સેવીગ સર્ટીફિકેટ / બેરર ચેકનું વિતરણ કરવામાં આવ્યું રાજ્ય સરકારની સુચના મુજબ સ્લમ વિસ્તારના તમામ સગર્ભા માતા તથા બાળકોનું E-Mamta કાર્યક્રમ અંતર્ગત કોમ્પ્યુટરમાં Entry કરવામાં આવેલ છે તથા તે મુજબના વર્ક પ્લાન મુજબ તમામ લાભાર્થીઓને આરોગ્યની સેવાઓથી ૧૦૦ % આવરી લેવામાં આવે છે.

રાષ્ટ્રીય મેલેરીયા નાબૂદી યોજના હેઠળ જરૂરિયાત મુજબ દવાઓનો છંટકાવ કરવા ફોગીંગ મશીનો થી ધુમાડો કરવાની કામગીરી રાજ્ય સરકારશ્રી દ્વારા પૂરી પડાતી વિના મૂલ્યે દવાઓની સહાયથી કરવામાં આવે છે. મેલેરિયા રોગના દર્દી પારખવા લેવાયેલ લોહીના ૧૦૦૧૮૯૨ નમુના પૈકી ૯૨૭૧ પી.વાઇવેક્સ,૧૮૧૮પી ફાલ્સીપેરમ અને ડેન્ગ્યુના ૧૭૬૯ અને ૩૯૬ચિકન ગુનિયા કેસોને દર્દી તરીકે જાહેર કરવામાં આવેલ.

આંકડાકીય પરિસ્થિતિ જોતાં ૨૦૧૬ના વર્ષમાં મરણ દરનું પ્રમાણ દર હજારે ૯.૧૩ અને જન્મ દરનું પ્રમાણ હજારે ૧૮.૧૩ રહેલ છે.

ઝૂંપડપટ્ટી અને ચાલી વિસ્તારમાં રહેતા અને ગરીબી રેખા નીચે જીવતા નાગરિકોના સર્વાંગી વિકાસાર્થે, રાજ્ય સરકારશ્રીના સહયોગથી પ્લાન ઓફ એક્શન હેઠળ તેઓ સ્વપ્રયત્નોથી આત્મનિર્ભર બને તેવી સેવાકીય પ્રવૃત્તિઓ અર્બન કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવે છે.

એસ.જે.એસ.આર.વાય યોજના અંતગર્ત શહેરી ગરીબો આર્થિક સ્વરોજગારી મેળવી સ્વાવલંબી બની શકે તે માટે તેઓને રાષ્ટ્રીયકૃત બેંકો તથા પ્રાઈવેટ સેકટરની બેંકો મારફતે જરૂરી નાંણાકીય લોન સબસીડી મળી શકે તે હેતુથી આ યોજના અમલમાં આવી હતી. પરંતુ, સપ્ટેમ્બર-૧૩ થી ભારત સરકાર પુરસ્કૃત સુર્વણ જયંતિ શહેરી રોજગાર યોજના પુનઃગઠિત થઈ રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના (NULM)ના નામે અમલમાં આવેલ છે. સેલ્ફ એમ્પ્લોયમેન્ટ પ્રોગ્રામ(SEP)ઘટક હેઠળ શહેરી ગરીબો માટે વ્યક્તિગત અને જૂથમાં નફાકારક સ્વરોજગાર/માઈક્રો ઉદ્યોગ સ્થાપવા માટે વ્યક્તિગત ધંધા માટે રૂ.૨.૦૦ લાખની મર્યાદામાં બેંક મારફતે લોન તથા ૭% ઉપરની વ્યાજની રકમ વ્યાજુકી સહાય પેટે ચૂકવવામાં આવે છે. SEP ઘટક હેઠળ મા.મ્યુનિસિસપલ કમિશનરશ્રીના અધ્યક્ષ સ્થાને રચના થયેલ ટાસ્ક ફોર્સ કમિટિ દ્વારા અહેવાલી વર્ષમાં ૧૬૦૦ લોન અજીઓ મંજુરી અર્થે જે તે બેંક - બ્રાંચમાં મોકલવામાં આવેલ. તે પૈકી ૯૬ લોન અરજીઓ બેંક દ્વારા મંજુર કરવામાં આવેલ છે. અને ૯૪૩ અરજીઓ જુદા જુદા કારણોસર રીજેક્ટ કરી પરત આપવામાં આવેલ છે. વર્ષના અંતે કુલ ૨૩૨૫ અરજીઓ બેંકો પાસે પડતર છે. ગરીબી રેખા નીચે જીવતાં લોકો તાલીમ મેળવી સ્વરોજગારી મેળવી શકે તે હેતુથી યુ.સી.ડી.ખાતા દ્વારા જુદા જુદા વિસ્તારમાં આવેલ યુ.સી.ડી.સેન્ટરો ઉપર કાયમી ધોરણે સિવણ વર્ગ ,કોમ્પ્યુટર

વર્ગ, ભરત ગૂંથણ વર્ગ, બ્યુટીપાર્લર વર્ગ, વગેરે તાલીમવર્ગો ગરીબ વર્ગના તાલીમાર્થીઓને પોસાય તેવી તદ્દન સામાન્ય ફી લઈને સ્થાનિક મંડળો ધ્વારા યુ.સી.ડી. ખાતાની દેખરેખ હેઠળ ચલાવવામાં આવે છે.

ઉમ્મીદ તાલીમ રોજગાર યોજના એપ્રિલ-૨૦૧૪થી રાજય સરકારશ્રી ધ્વારા બંધ કરી રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન(NULM) યોજના અમલમાં મુકેલ છે. NULM યોજનાના કૌશલ્ય,તાલીમ અને સ્થળ નિર્ધારણ રોજગાર (EST&P) ઘટક હેઠળ ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા આપવામાં આવેલ એજન્સીઓ ધ્વારા હવેથી કૌશલ્ય, તાલીમ અને સ્થળ નિર્ધારાણ ધ્વારા રોજગાર (EST&P) ઘટક હેઠળ તાલીમ કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવશે.

ફરજીયાત સેવાઓ પૈકીની એક સેવા ફાયરબ્રિગેડની છે. શહેરમાં બનતા આગના બનાવો ઉપરાંત કુદરતી આપત્તિઓ જેવી કે પુર અને અતિવૃષ્ટિમાં ત્વરીત અને અત્યંત જોખમી સેવા પણ ફાયરબ્રિગેડના કર્મચારીઓ સરળતાથી બજાવે છે. આધુનિક ટેકનોલોજીથી સજ્જ સાધનોવાળા વાહનોથી ૧૫ ફાયર સ્ટેશનો સાથે ફાયરબ્રિગેડનું તંત્ર હંમેશા સજાગ કામગીરી કરે છે. ૧૪ એમ્બ્યુલન્સ ગાડીઓ, ૨૦ શબવાહીની બસ નાગરિક સેવામાં ઉપલબ્ધ છે. અહેવાલી વર્ષમાં મ્યુનિ. હદમાં રૂા.૨૧૯૫.૫૭ લાખનું આગ અને પાણીથી નુકશાન થયું હતું. વર્ષ દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર બ્રિગેડ ખાતા દ્વારા મ્યુનિસિપલ હદમાં કુલ ૧૯૩૨ તથા મ્યુનિસિપલ હદ બહાર ૧૩૨ એમ કુલ ૨૦૬૪ અંગાર કોલ એટેન્ડ કરેલ છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની પ્રાથમિક શિક્ષણ સમિતી સને ૧૯૨૦ થી નગરના લાખો બાળકો કે જેમાં આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત એવા ઝૂંપડપટ્ટી અને ચાલીઓમાં રહેતા બાળકો સવિશેષ છે તેમને પ્રાથમિક શિક્ષણ પુરૂ પાડે છે. સમિતીના નિતીવિષયક નિર્ણયો શિક્ષણ સમિતિ લે છે. જેનો વહીવટ સ્કુલબોર્ડ શાસનાધિકારી કરે છે. અહેવાલી વર્ષમાં જુદા જુદા માધ્યમોની કુલ ૪૫૬ શાળાઓ મારજફતે ૧,૩૧,૪૫૩ બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવામાં આવેલ. શિક્ષક દીઠ સરેરાશ સંખ્યા ૩૬ વિદ્યાર્થીની રહેલ છે.કુલ શિક્ષકોની સંખ્યા ૩૬૨૦ હતી. ઉચ્ચ શિક્ષણ સેવા એ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની મરજિયાત સેવાઓ પૈકીની એક સેવા છે. અદ્યતન તબીબી અભ્યાસમાં સ્નાતક, અનુસ્નાતક કક્ષાના તબીબી અભ્યાસ માટેની મ્યુનિ. મેડિકલ કોલેજનું સંચાલન કરે છે. સને ૨૦૧૬-૧૭ ના આખરે કોલેજમાં વિધાર્થીઓની સંખ્યા પ્રથમ ટર્મમાં ૮૫૦ અને બીજી ટર્મમાં ૭૩૫ હતી અને ઓગસ્ટ ૨૦૧૬ થી શરુ થતાં સત્રમાં૨૫૦ વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હતો. જેમાં વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન કોલેજનો કુલ અંદાજીત ખર્ચ રૂા.૭૨.૯૫ કરોડ થયો છે. ચાલુ વર્ષે ૨૦૧૬-૧૭ ની ટયુશન ફીની આવક રૂા.૭૯.૦૩ કરોડ થઇ છે.

માધ્યમિક શિક્ષણ માટે એક ગર્લ્સ હાઈસ્કૂલ સહીત પાંચ માધ્યમિક શાળાઓ દ્વારા મધ્યમવર્ગ અને ગરીબ વિદ્યાર્થીઓને લાભ અપાય છે. સંસ્કૃત ભાષાના જ્ઞાનવાંચ્છુઓ તથા સંસ્કૃત ભાષાના જ્ઞાન દ્વારા વેદ, કર્મકાંડ, જ્યોતિષશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વેદાંત, અર્થશાસ્ત્ર, પુરાણ વિગેરે વિષયોના અભ્યાસ માટે સંસ્કૃત પાઠશાળાનું સંચાલન થાય છે. પુસ્તકાલય, વાંચનાલયો, બાલભવનો, વ્યાયામ શાળા જેવી સુવિધાઓ પણ પુરી પડાય છે.

વાંચન શોખીન અને જ્ઞાન પિપાસુઓના હાર્દમાં અગ્રેસર એવા "માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય" ઉપરાંત ૧૮ પુસ્તકાલયો તથા ૨૬ વાંચનાલયો અને ૬ બાલભવન કાર્યરત છે.ઉપરાંત ફરતું બાળ પુસ્તકાલય ના

૨૩ સેવા કેન્દ્ર ફરતું મહિલા પુસ્તકાલય ના ૩૨ સેવા કેન્દ્ર તથા નવા પશ્ચિમઝોન માં ફરતું બાળ પુસ્તકાલય ના ૧૮ સેવા કેન્દ્રો પર સેવા આપે છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના સેવાલક્ષી વહીવટમાં સંલગ્ન સ્વાયત્ત સંસ્થા એ.એમ.ટી.એસ. છે જેનો વહીવટ ટ્રાન્સપોર્ટ કમિટી દ્વારા થાય છે. ૧૯૪૭માં એ.એમ.ટી.એસ.ની શરૂઆત થયેલ. અ.મ્યુ.ટ્રા.સર્વિસે સને ૨૦૧૬-૧૭ માં ૭૦ વર્ષ પુરા કર્યા છે. અ.મ્યુ.ટ્રાન્સપોર્ટ સર્વિસ ધ્વારા અહેવાલ વર્ષ દરમ્યાન કુલ ૮૭૫ બસો રોડ ઉપર મુકવામાં આવેલ જેમાં ડીઝલ આધારિત બસોની સંખ્યા ૩૭૨ છે. અને સી.એન.જી.ગેસ આધારિત ૩૮૯ બસોનો સમાવેશ થાય છે. તે બસોનો નામદાર સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ પર્યાવરણ જાળવણી ના ભાગરૂપે પ્રારંભ કરવામાં આવેલ. ઉત્તરોત્તર શહેરના વિકાસ સાથે વાહન સેવામાં પણ પ્રગતિ થયેલ છે. અહેવાલી વર્ષમાં સંસ્થાએ દરરોજ સરેરાશ ૫.૭૩ લાખ મુસાફરોને સેવા આપેલ છે. વિદ્યાર્થીઓ માટે કન્સેશન દરે શાળા સુધી અવરજવર, શહેરના જોવાલાયક સ્થળો માટે લક્ઝરી ટુરિસ્ટ કોચ, શારીરિક અપંગો માટે અડધા દરે, સ્વાતંત્ર્ય સેનાની અને અંધ વ્યક્તિઓને વિનામૂલ્યે મુસાફરીની સગવડ આપવામાં આવે છે. સામાજિક કેધાર્મિક પ્રસંગોએ સ્પેશ્યલ વર્ધીની સગવડ પણ આપવામાં આવે છે.

અહેવાલી વર્ષમાં એ.એમ.ટી.એસ.ની સેવાઓનો કુલ ખર્ચ રૂા.૪૨૧.૫૧ કરોડ થયો. જેની સામે આવક રૂા૧૧૩.૯૯ કરોડ થઈ. જેથી કુલ ખોટ રૂા.૩૦૭.૫૧ કરોડ થઈ. આ સેવામાં સંસ્થાને સતત ખોટ થતી રહી છે. છતાં પણ શહેરીજનોની સુવિધાને ધ્યાનમાં રાખીને મ્યુનિ. કોર્પોરેશન તરફથી લોન સહાય પૂરી પાડીને પણ આ સેવા ચાલુ રખાયેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં તા.૧.૦૫.૨૦૧૨ થી આધારકાર્ડ એન્રોલમેન્ટની કામગીરી માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ. અ.મ્યુ.કો.કક્ષાએ મ્યુનિસિપલ કમિશનરશ્રીની રજીસ્ટ્રાર તરીકે નિમણુંક કરવામાં આવેલ.અમદાવાદ મ્યુનિ. કોર્પોરશનની આવક તથા સેવાઓ સુધારવા મ્યુનિ. અધિકારીઓ અને કર્મચારીઓએ કરેલ ખંતપૂર્વકની કામગીરી ખરેખર બિરદાવવાપાત્ર રહેલ છે. જે થકી શહેરના વિકાસ કાર્યોના ઝડપી પરિણામો મળેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સમગ્ર ભારતમા પ્રથમવાર હાઇરાઇઝ સ્ટીલ સ્ટ્રકચરથી બનનાર હોસ્પિટલ છે. સ્ટેટ ઓફ આર્ટ પ્રકારનું સ્ટીલ સ્ટ્રકચરથી ૭૮ મીટરની હૈટનું મલ્ટીસ્ટોરીડ મલ્ટી સપેશીઆલીટી પબ્લીક હોસ્પીટલનુ કામ ચાલુ છે. સદર મલ્ટી સપેશીઆલીટી હોસ્પિટલ બિલ્ડીગ ૧.૫૦ લાખ ચો.મી.બાંધકામ ધરાવતુ સ્ટ્રકચરલ સટીલ અને આર.સી.સી. થી બનાવવાનુ પ્લાનીગ કરવામાં અવેલ છે. જેમાં બે- બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફલોર તેમજ ૧૬ ફોર મળી કુલ ૧૯ ફલોર તેમજ ઇમર્જન્સી માટે ટેરેસ પર હેલીપેડ રાલહવામાં અવેલ છે. સદર બિલ્ડીગના ૩- ટાવરમા અંદાજે ૧૬૬ બેડની ડીઝાઇન,૨૨ ઓપરેશન થીયેટર ,૧૯૫ આઇ.સી.યુ. બેડ છે. તથા જનરલ ઓ.પી.ડીઝ.ઇમર્જન્સી/ટ્રોમા, રેડીયોલોજી,કાર્ડીયાક કેથ લેબ, પેડીયાટ્રીક ઇન્સેટીવ નીઓનેટલ વગેરે સારવાર અર્થે જરૂરી સુવિધાઓ ઉપલ્બધ કરવામાં અવનાર છે. સમગ્ર હાઇરાઇઝ બિલ્ડીગના ૩-ટાવરમાં ૨૮- લીફટ એલીવેટર્સ, તેમજ ૨- બેઝમેન્ટમાં ૬- ફાયર સ્ટેર્સ, ૨-સેન્ટ્રલ સ્ટેર્સ, ૪-અલાયદી સ્ટેર્સ તથા ૨૨૦૦ કાર પાર્કીગની વ્યવસ્થા રાખવામાં અવેલ છે. જે કામગીરી હાલમાં ચાલુ છે. જે વર્ષ ૨૦૧૯ સુધીમાં પુર્ણ થનાર છે.

શહેરના નાગરિકો તથા ચુંટાયેલા પ્રતિનિધિઓ તથા હોદ્દેદારોના સુંદર સાથ સહકાર અને માર્ગદર્શન તેમજ વધુ સારી સેવા આપી શકાય, તે અગેના સૂચનો કોર્પોરેશનની કામગીરીની કાર્યક્ષમતા તથા ગુણવત્તા માટે નોંધપાત્ર રીતે મળતા રહેલ છે. શહેરના જાગૃત અને લોકાભિમુખ અખબારો દ્વારા કોર્પોરેશનની સિધ્ધિઓની પ્રસિધ્ધી તથા ઉણપો પ્રત્યે દોરાયેલ ધ્યાનના કારણે વહીવટી તંત્ર વધુ જાગૃત અને ઉત્સાહિત બનેલ છે. જેની ખાસ નોંધ લઈ સૌનો આ તબક્કે હૃદયપૂર્વક આભાર માની વિરમું છું.

મ્યુનિસિપલ કમિશનર

આંકડાકીય વિશ્લેષણ
૨૦૧૬-૧૭

(૧) **વહીવટી એકમ**
અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન
સરદાર પટેલ ભવન, દાણાપીઠ
અમદાવાદ ૩૮૦૦૦૧

(૨) **વહીવટી એકમનું વિવરણ**

અ. નં.	વિગત	૧૯૯૧-૯૨	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬
ક	ઈલેક્શન વોર્ડ	૪૩	૬૪	૬૪	૬૪	૬૪	૬૪	૪૮
ખ	કાઉન્સીલરોની સંખ્યા	૧૨૭	૧૯૨	૧૯૨	૧૯૨	૧૯૨	૧૯૨	૧૯૨
ગ	કાયદાકીય સમિતિઓ	૩	૨	૨	૨	૨	૨	૨
ઘ	અન્ય સમિતિઓ	૧૨	૧૪	૧૨	૧૨	૧૨	૧૨	૧૩

(૩) **વસતિ અને વિસ્તાર**

અ.નં.	વિગત	૧૯૮૧	૧૯૯૧	૨૦૦૧	૨૦૧૧
૧	૨	૩	૪	૫	૬
૧	વસતિ (ક) પુરુષ (ખ) સ્ત્રી	૨૦૫૯૭૨૫ ૧૦૯૯૮૯૯ ૯૫૯૮૨૬	૨૮૭૬૭૧૦ ૧૫૨૨૯૭૫ ૧૩૫૩૭૫૫	(જુની)૩૫૨૦૦૮૫ (નવી) ૯૮૫૪૫૨ ૧૮૬૭૨૪૯ ૧૬૫૨૮૩૬	૫૫,૭૭,૯૪૦ ૨૯,૩૮,૯૮૫ ૨૬,૩૮,૯૫૫
૨	સ્ત્રીઓનું પ્રમાણ (દર ૧૦૦૦ પુરુષોએ)	૮૭૩	૮૮૯	૮૮૫	૮૯૭
૩	શિક્ષણનું પ્રમાણ	૬૪.૦૮	૬૬.૮૭	૮૨.૯૧	૮૨.૯૧
૪	કુલ વિસ્તાર (ચો. કી.મી.)	૯૮.૧૫	૧૯૦.૮૪	૧૯૦.૮૪	૪૬૪.૧૬
૫	વસતિની ઘનતા (દર ચો. કી.મી. દીઠ)	૨૦૯૮૫	૧૫૦૭૪	૧૮૪૪૫	૧૨૦૧૮
૬	અનુસુચિત જાતિ	૨૬૯૨૩૦	૩૭૬૧૨૭	૪૨૬૭૪૩	૧૨.૧૨%
૭	અનુસુચિત જનજાતિ	૧૫૩૦૩	૨૩૦૯૫	૩૪૧૨૧	૦.૫૭%

(૪) **જન્મ મરણના આંકડા**

અ.નં.	વિગત	૧૯૯૧	૨૦૧૦	૨૦૧૧	૨૦૧૨	૨૦૧૩	૨૦૧૪	૨૦૧૫	૨૦૧૬
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	નોંધાયેલ જન્મ	૮૨૯૯૨	૧૦૪૭૯૧	૯૫૫૫૮	૧૦૫૮૬૮	૧૦૭૮૩૮	૧૦૬૩૯૦	૧૦૫૯૧૧	૧૦૫૭૪૪
૨	જન્મનું પ્રમાણ	૨૮.૮૫	૧૭.૮૧	૧૭.૧૬	૧૭.૯૯	૧૮.૩૨	૧૮.૦૮	૧૮.૧૬	૧૮.૧૩
૩	નોંધાયેલ મૃત્યુ	૨૯૨૭૨	૪૦૦૫૨	૩૩૮૫૭	૪૨૦૧૧	૪૪૭૮૨	૪૭૧૩૦	૪૭૫૬૧	૫૩૨૮૭
૪	મૃત્યુ પ્રમાણ	૧૦.૧૮	૬.૮	૬.૦૮	૭.૧	૭.૬	૮.૦૧	૮.૧૫	૯.૧૩
૫	બાળ મરણો	૩૩૪૨	૨૩૪૩	૧૬૬૮	૨૧૯૫	૨૮૬૦	૨૮૮૯	૨૮૭૭	૩૨૬૧
૬	બાળ મરણનું પ્રમાણ	૪૦.૨૭	૨૨.૩૫	૧૭.૪૬	૨૦.૭૩	૨૬.૫૨	૨૭.૧૫	૨૭.૧૬	૩૦.૮૪
૭	માતૃ મરણ	૨૨	૫૭	૭૧	૯૬	૧૦૧	૧૦૧		૭૫
૮	માતૃ મરણનું પ્રમાણ	૦.૨૭	૦.૫૪	૦.૭૫	૦.૯	૦.૯૪	૦.૯૫		૦.૭૧

(૫) તબીબી સેવાઓ

અ.નં.	વિગત	૧૯૯૧-૯૨	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	ચેપી રોગની હોસ્પિટલ	૧	૧	૧	૧	૧	૧	૧	૧
૨	પથારીની સંખ્યા	૧૧૦	૧૧૦	૧૦૦	૧૧૦	૧૧૦	૧૧૦	૧૧૦	૧૧૦
૩	નગરી આંખની હોસ્પિટલ	૧	૧	૧	૧	૧	૧	૧	૧
૪	પથારીઓની સંખ્યા	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦
૫	ન્યુ ચેસ્ટ ક્લીનીક	૧	શા.ચી.લા. હોસ્પી.સાથે વીલીન થયેલ છે						
૬	પથારીઓની સંખ્યા	૩૨	૩૨						
૭	જનરલ હોસ્પિટલ	૩	૩	૩	૩	૩	૩	૩	૩
૮	પથારીઓની સંખ્યા+ટ્રોમા સેન્ટર	૧૭૫૪	૨૨૭૫	૨૬૩૫+૮૮	૨૫૭૫	૨૫૮૫	૨૫૭૫	૨૫૧૫	૨૬૪૭
૯	રેફરલ હોસ્પિટલ	૫	૩	૩	૩	૩	૩	૩	૩
૧૦	પથારીઓની સંખ્યા	૧૬૨	૩૫	૩૫	૩૦	૩૦	૩૫	૧૧૩	૩૦
૧૧	પ્રસુતિગૃહોની સંખ્યા	૧૮	૧૦	૧૦	૯	૯	૯	૯	૯
૧૨	પથારીઓની સંખ્યા	૪૬૦	૧૫૫	૧૫૫	૧૧૭	૧૧૮	૧૦૩	૧૧૫	૧૧૮
૧૩	ઓ.પી.ડી. દવાખાનાની સંખ્યા	૨૮	૫	૫	૫	૧૯	૫	૧૯	૮૫
૧૪	દાંતના દવાખાનાની સંખ્યા	૪	૧	૧	૧	૧	૧	૧	૧

(૬) **લોકોની સુવિધાઓ**

અ.નં	વિગત	૧૯૯૧-૯૨	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	પાણી પુરવઠો (ક) દૈનિક (લાખ લીટર્સ) (ખ) સરેરાશ પ્રતિ વ્યકિતદીઠ (લીટર્સ)	૪૨૩૪.૩૭ ૧૪૭.૧૯	૧૦૪૫૦.૦ ૦ ૧૯૦	૧૦૬૭૦.૦ ૦ ૧૬૦	૧૦૧૩૦ ૧૮૧	૧૧૨૧૦ ૨૦૦	૧૨૦૩૨	૧૨૫૦૦ ૧૫૦	૧૩૪૪૦ ૧૫૦
૨	વર્ષાન્તે પાણીની પાઈપલાઈનની લંબાઈ (કી.મી.)	૨૦૮૨.૦૨	૩૨૩૮.૨૨	૩૫૮૦.૦૦	૩૬૫૦.૦૦	૩૬૫૦.૦૦	૩૯૦૮	૪૦૦૫	૪૦૧૫.૦૬
૩	વર્ષાન્તે પાણીના જોડાણો (સંખ્યા)	૨૦૮૭૫૦	૨૯૧૨૧૦	૨૯૫૬૦૩	૫૫૮૪.૦૦	૧૦૫૯૯૧૬	૧૧૧૫૦૨૧		૧૪૨૨૫૦
૪	રસ્તાની લંબાઈ (કી.મી.) (ક) પાકા રસ્તા (ખ) કાચા રસ્તા (ગ) દર ચો.કી.મી. વિસ્તાર દીઠ રસ્તાની લંબાઈ	૧૨૧૪.૦ ૧૦૧૫.૪ ૧૯૮.૬ ૬.૪	૨૩૯૮.૨૧ ૨૩૯૧.૮૬ ૨૦૬.૩૫ ૫.૨૦	૨૬૬૬.૫૦ ૨૩૮૦.૦૦ ૨૮૬.૫૦ ૫.૭૨	૨૩૯૮.૨૧ ૨૩૧૦ ૮૮.૨૧ ૫.૧૫	૨૩૯૮.૨૧ ૨૩૪૦.૪૦ ૫૭.૮૧ ૫.૧૫	૨૩૯૮.૨૧ ૨૩૬૦.૪૦ ૩૭.૮૦ ૫.૧૫	૨૫૨૩.૨૧ ૨૪૨૧.૯૦ ૧૦૧.૩૧ ૫.૧૫	૨૫૨૩.૨૧ ૨૪૨૭.૩૦ ૯૫.૯૧ ૬.૦૫
૫	ગટરલાઈનની લંબાઈ (કી.મી.)	૧૦૬૦.૩	૧૯૯૦.૭	૨૧૭૧.૭૦	૨૫૦૦	૨૫૦૦	૨૫૦ ૦	૨૫૬૦	૨૫૮૮
૬	સ્ટ્રોમ વોટર ડ્રેઈન (કી.મી.) વરસાદીપાણીના નિકાલની લાઈન	૨૬૮.૪	૮૨૭.૭	૭૩૧.૭૧	૮૬૭	૮૬૭	૯૦૦	૯૨૩	૯૩૦

૭	દીવા બત્તીની સંખ્યા	૬૦૯૯૩	૧૦૨૬૫૨	૧૦૭૧૯૨	૧૧૪૪૪૫	૧૨૪૧૨૯	૧૩૦૭૩૩	૧૩૯૫૦૬	૧૪૩૭૧૦
	(ક) ટ્યુબ લાઈટ	૨૯૮૧૨	૩૧૪૦૭	૩૩૦૨૨	૩૮૯૦૦	૪૫૫૧૫	૪૭૦૭૦	૫૪૩૩૯	૪૮૫૩૫
	(ખ) મરક્યુરી લાઈટ	૧૫૫૨૫	૩૨૦૭	૩૨૫૧	૩૮૪૫	૩૩૬૬	૧૯૬૯	૧૮૬૯	૨૭૭
	(ગ) સોડિયમ લાઈટ	૧૫૨૧	૪૪૪૩૭	૪૭૦૮૩	૫૩૩૩૨	૫૫૭૯૬	૫૫૯૯૬	૪૦૩૭૨	૩૯૫૩૮
	(ઘ) સામાન્ય ગોળાઓ	૧૪૧૩૫	૩૫૦	૩૦૦	૦૬	૦૦	૦૦	૫૭	૦૦
	(ચ)ફ્લડ લાઈટ	-	૭૩૯	૭૩૯	૭૯૪	૮૧૨	૫૪૧	૯૮૦	
	(છ)સી.એફ.એલ.લાઈટ		૨૨૫૧૨	૨૨૭૯૭	૧૭૫૬૮	૧૮૬૪૦	૧૯૩૪૮	૨૦૩૧૬	૧૭૮૩૨
	(જ)એલ.ઈ.ડી.લાઈટ								૩૭૫૨૮
૮	(ક) સફાઈ કામદારો (કાયમી)	૭૦૧૫	૭૭૪૯	૭૭૮૪	૭૬૮૬	૭૭૮૪	૮૯૬૧		૭૭૫૧
	(ખ) કચરાનો નિકાલ (પ્રતિદીન સરેરાશ મેટ્રીક ટન)	૧૬૭૧	૨૫૨૪	૩૦૮૮	૩૬૪૬	૩૭૫૫	૪૦૪૯		૩૮૪૩
	(ગ) પ્રતિ વ્યકિતદીઠ સરેરાશ કચરાનો નિકાલ (ગ્રામમાં)	૫૬૮૨	૬૫૧	૫૫૪	૬૦૦ થી વધારે	૬૭૩	૭૨૬		૨૮૦ ગ્રામ
૯	(ક) અગ્નિશામક મથકો	૯	૧૨	૧૨	૧૩	૧૩	૧૪	૧૫	૧૫
	(ખ) આગના બનાવો	૭૭૮	૧૬૮૨	૧૭૩૪	૧૮૬૯	૧૭૦૮	૧૯૨૫	૨૨૬૧	૧૭૯૮
	(ગ) આગના બનાવોમાં નુકશાન (રૂ. લાખમાં)	૧૧૭૬.૮૪	૧૧૯૭૮	૮૫૪૯.૦૦	૯૦૮૫.૦૬	૧૨૪૪.૨૦	૬૦૪૩.૩૮	૫૬૦૮.૩૮	૨૧૯૫.૫૭

(૭) સાર્વજનિક કેળવણી

અ.નં	વિગત	૧૯૯૧-૯૨	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	પ્રાથમિક શાળાઓ	૫૫૫	૪૬૪	૪૬૪	૪૫૬	૪૫૦	૪૬૦	૪૫૫	૪૫૬
૨	વિદ્યાર્થીઓ	૨૫૭૯૪૨	૧૫૦૬૪૨	૧૬૦૮૮૨	૧૬૦૬૭૭	૧૫૫૭૧૩	૧૪૮૨૭૬	૧,૪૧,૨૬૬	૧,૩૧,૪૫૩
૩	શિક્ષકો	૬૪૮૯	૩૯૪૯	૪૦૦૫	૩૬૯૬	૪૦૧૬	૩૮૬૭	૩૬૬૨	૩૬૨૦
૪	મેડીકલ કોલેજ	૧	૨	૩	૩	૧	૧		૨
૫	માધ્યમિક શાળાઓ	૫	૫	૫	૫	૫	૫	૫	૫

(૮) **અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ**

અ.નં	વિગત	૧૯૯૧-૯૨	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	કુલ બસોની સંખ્યા	૭૩૨	૯૦૦	૧૧૫૩	૧૦૮૧	૧૦૨૦	૯૩૭	૯૯૭	૮૯૭
૨	રસ્તા ઉપર ફરતી બસો	૬૧૨	૬૭૪	૬૭૧	૭૫૦	૭૨૮	૭૧૯	૮૦૫	૮૭૫
૩	કુલ રૂટસની સંખ્યા	૨૩૨	૧૬૬	૧૭૧	૧૭૪	૧૮૭	૧૮૬	૧૯૪	૧૬૭
૪	રૂટસ કી.મી.	૨૭૦૧.૮૨	-----	૩૨૮૩.૩૦	-----	૩૧૮૭.૨૦	-----		
૫	મુસાફરોની સંખ્યા (લાખમાં)	૨૬૩૩	૨૯૦૫	૨૯૩૪	૨૩૯૬	૨૦૨૩	૨૦૨૪	૨૭૬૦	૨૦૯૪
૬	પ્રતિદીન મુસાફરોની સરેરાશ સંખ્યા (લાખમાં)	૭.૧૯	૭.૯૬	૮.૦૨	૬.૫૬	૫.૫૪	૫.૫૫	૬.૨૧	૫.૭૪
૭	બસ / વસતિનું પ્રમાણ	૫૯૬૬	૬૧૧૧	૭૩૧૭		૭૬૬૨	૭૭૫૭		
૮	પ્રતિદીન સરેરાશ આવક (રૂ. હજારમાં)	૯૯૩	૩૦૦૫.૭૮	૩૨૫૨.૩૨	૩૯૪૧.૯૧	૪૨૧૦.૬૮	૩૫૬૯.૫૯	૩૫૭૧.૨૩	૩૧૨૩.૦૧
૯	પ્રતિદીન સરેરાશ ખર્ચ (રૂ.હજારમાં)	૧૨૧૨	૬૮૫૪.૫૧	૭૬૭૦.૬૮	૯૦૪૩.૮૩	૧૦૨૪૪.૧૧	૧૦૩૨૪.૬૬	૧૧ ૧૪૮.૪૯	૧૧૪૮૯.૯૧
૧૦	પ્રતિદીન સરેરાશ ખોટ (રૂ. હજારમાં)	૨૧૯	૩૮૪૮.૭૩	૪૪૧૮.૩૬	૫૧૦૧.૯૨	૬૦૩૩.૪૩	૬૭૫૫.૦૭	૭૫૭૭.૨૬	૮૩૬૬.૬૮

(૯) નાંણાકીય માહિતી (રૂ. લાખમાં)

અ.નં	વિગત	૧૯૯૧-૯૨	૨૦૧૦-૧૧	૨૦૧૧-૧૨	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	રેવન્યુ આવક	૧૭૪૬૫.૫૨	૧૮૯૯૫૭.૬૨	૨૧૪૨૧૨	૨૧૧૭૧૬	૨૫૩૮૧૬	૨૮૯૦૬૭	૩૪૩૨.૦૧	૩૪૦૬.૦૩
૨	રેવન્યુ ખર્ચ	૧૭૪૮૫.૧૩	૧૩૨૨૭૯.૦૯	૧૫૬૩૮૩	૧૭૬૦૫૬	૧૯૨૩૭૨	૨૧૦૩૩૦	૨૩૧૫.૫૨	૨૪૯૯.૧૩
૩	આવક/ ખર્ચનો તફાવત	-૧૯.૬૧	૫૭૬૭૮.૫૩	૫૭૮૨૯	૩૫૬૬૦	૬૧૪૪૪	૭૮૭.૩૭	૧૧૧૬૪૯	૯૦૬૯૦
૪	કરની વસુલાત (ક) ઓકટ્રોયના બદલે સરકારશ્રીની ગ્રાંટ (ખ) પ્રોપર્ટી ટેક્ષ	૧૩૩૦૨.૯૮ ૯૭૨૪.૮૪ ૩૫૭૮.૧૪	૧૩૨૪૪૭.૪ ૮૨૬૬૨.૫૦ ૪૯૭૮૪.૯૭	૧૩૫૮૦૭ ૮૨૬૭૩ ૫૩૧૩૪	૧૩૫૭૭૯ ૮૨૬૬૨ ૫૩૧૧૭	૧૫૨૮૭૪ ૮૨૬૬૩ ૭૦૨૧૧	૧૬૩૩૯૧ ૮૨૬૨૭ ૮૦૭૬૪	૧૯૨૧૭૪ ૧૦૭૪૮૭ ૮૪૬૮૮	૧૭૬૮૫૦ ૮૭૧૬૬ ૮૯૬૮૪
૫	ખાસ કાયદા મુજબની આવક	૨૩.૯૮	૯૦.૯૬	૮૬	૨૨૨	૨૦૩	૧૪૪	૧૨.૬૬	૨૧.૮૬
૬	માલ મિલ્કતમાંથી તથા કરદર સિવાયની તથા અધિકારની રૂએ થતી આવક	૧૩૯૭.૩૭	૨૪૭૦૧.૧૫	૩૩૪૮૫	૨૮૫૪૧	૪૫૨૭૨	૬૮૯૬૦	૮૯૦૨૪	૯૭૨૨૮
૭	સરકારી ગ્રાંટ	૨૫૫૧.૧૬	૮૨૬૬૨.૫૦	૮૨૬૭૩	૮૨૬૬૨	૮૨૬૬૩	૮૨૬૨૭	૧૦૭૪૨૭	૮૭૧૬૬
૮	બીજી આવક	૧૯૦.૦૩	૮૬૧૩.૦૯	૯૧૦૧	૮૯૦૩	૧૧૩૧૭	૨૧૬૪૧	૨૫૮૧૭	૧૮૫૮૧
૯	રેવન્યુ ખર્ચ એ. એસ્ટાબ્લીશમેન્ટ બી. વહીવટી અને જનરલ ખર્ચ	૧૭૪૮૫.૧૩ ૬૯૨૦.૮૩ ૫૩૨.૨૧	૧૩૨૨૭૯.૦૯ ૬૨૯૯૮.૬૯ ૩૫૫૩.૭૪	૧૫૬૩૮૩ ૭૨૩૯૯ ૪૧૨૯	૧૭૬૦૫૬ ૭૬૨૮૧ ૪૦૧૦	૧૯૨૩૭૨ ૮૩૭૨૦ ૫૪૯૨	૨૧૦૩૩૦ ૯૦૦૨૧ ૫૨૪૫	૨૩૧૫૫૨ ૯૮૦૫૧ ૫૭૮૫	૨૪૯૯૧૩ ૧૦૯૮૭૭ ૫૬૮૯

	સી. વીજળી એનર્જી પાવરફ્યુઅલ ડી. મરામત નિભાવ ઈ. વિશેષ ખર્ચ/સર્વિસ પ્રોગ્રામ ખર્ચ એફ. ગ્રાંટ જી. લોન ચાર્જીસ એચ. અન્ય ખર્ચ/રીઝર્વ ફંડ (કોન્ટ્રીબ્યુશન)	૧૮૫૫.૩૫ ૧૩૬૮.૭૮ ૨૪૦.૭૨ ૪૧૬૩.૮૫ ૨૩૭૬.૩૪ ૨૭.૦૫	૧૨૫૨૨.૫૪ ૯૯૦૫.૮૯ ૬૫૫૫.૭૨ ૩૫૪૩૫.૯૩ ૧૧૯૯.૭૫ ૧૦૬.૮૯	૧૨૦૭૬ ૧૨૧૭૨ ૮૮૮૦ ૪૨૭૪૨ ૩૬૯૬ ૨૮૯	૧૮૦૩૩ ૧૩૮૫૧ ૧૯૩૫ ૪૨૨૧૦ ૨૧૮૯ ૧૩૨	૧૮૩૫૫ ૧૬૫૧૧ ૨૧૩૫૩ ૪૩૦૬૯ ૩૮૧૮ ૫૪	૨૨૬૦૦ ૧૮૫૦૬ ૨૩૩૨૩ ૪૪૬૫૨ ૫૮૭૪ ૧૦૯	૨૩૮૯૩ ૨૩૩૧૯ ૨૪૪૭૦ ૪૭૯૨૪ ૮૦૫૯ ૫૧	૨૨૭૦૯ ૨૭૬૩૫ ૨૩૫૮૧ ૫૨૬૩૬ ૭૬૩૮ ૧૪૮
૧૦	મુખ્ય સદર મુજબ રેવન્યુ ખર્ચ								
	એ. સામાન્ય કારભાર અને કરની વસુલાત	૨૧૦૧.૭૧	૨૪૨૪૩.૦૪	૩૧૦૫૨	૩૦૫૦૪	૩૬૬૬૫	૩૯૨૩૨	૪૨૬.૬૦	૪૬૩.૪૩
	બી. પ્રોપર્ટી લેન્ડ એક્વી. એન્મેનેજમેન્ટ	૩૫૧.૩૦	૪૧૨.૩૨	૫૨૩૬	૫૨૮૮	૫૧૭૬	૫૬૯૬	૬૧.૬૮	૭૭.૦૧
	સી. લોકોની સલામતી	૫૮૬.૮૦	૪૭૯૩.૦૩	૫૬૦૪	૬૫૩૫	૭૪૩૩	૮૨૦૦	૯૦.૬૦	૯૫.૬૯
	ડી. પાણી પુરુ પાડવું	૧૮૯૩.૫	૧૬૬૧૪.૧૦	૧૭૧૫૮	૨૦૬૯૮	૨૧૪૬૫	૨૩૬૭૯	૨૭૨.૩૭	૨૮૮.૦૮
	ઈ. કન્ઝરવન્સી સેવાઓ	૧૦૧૧.૬૯	૫૬૩૪.૬૪	૬૩૭૧	૯૧૦૨	૯૮૪૫	૧૨૫૨૬	૧૨૬.૧૨	૧૩૭.૩૭
	એફ. લોકોની તંદુરસ્તી	૩૯૨.૩૩	૨૬૩૬.૩૨	૫૧૦૯	૬૬૩૦	૬૮૬૬	૭૭૨૭	૭૯.૫૨	૮૫.૦૯
	જી. રસ્તા સાફ- ધોવા- કચરો ઉપાડવો	૧૫૦૦.૫૩	૧૮૩૦૬.૧૦	૨૨૦૫૧	૨૬૭૯૭	૩૦૧૬૧	૩૫૪૩૭	૩૯૩.૨૦	૪૧૪.૯૮
	એચ. વૈદકિય સેવાઓ	૧૮૨૫.૪૬	૧૨૦૧૮.૧૧	૧૨૫૦૨	૧૪૦૨૯	૧૩૮૯૪	૧૭૬૧૧	૧૮૪.૧૫	૨૦૮.૯૪
	આઈ. માર્કેટ- કતલખાના	૧૦.૨૬	૪૯.૨૨	૫૭	૬૯	૭૧	૯૦	૦.૮૫	૧.૦૦
	જે. જન્મ-મરણની નોંધણી	૨૭.૫૬	૨૯૭.૯૧	૩૩૮	૪૦૪	૫૪૪	૬૦૯	૭.૨૫	૧૦.૬૪

	કે. બગીચા-સંગ્રહસ્થાન રમતગમતના મેદાનો	૨૪૨.૩૩	૧૬૧૫.૬૬	૨૦૫૫	૨૫૦૫	૩૧૧૪	૩૨૬૧	૩૪.૯૦	૩૩.૭૯
	એલ. માહિતી પ્રસારણ	૧૫.૭૧	૧૫૫૧.૯૫	૧૬૯૭	૧૫૪૬	૧૮૨૮	૧૭૭૨	૧૮.૪૦	૧૭.૫૦
	એમ. જાહેર બાંધકામ	૨૨૯.૯૫	૭૦૫૮.૮૭	૮૪૨૦	૧૦૨૫૯	૧૦૦૪૦	૧૦૫૯૧	૧૨૮.૬૮	૧૩૨.૦૭
	એન. રસ્તા-પુલો-ફુટપાથ અને વરસાદી ગટરો	૫૮૮.૩૭	૨૪૫૮.૭૭	૨૮૭૬	૩૨૦૯	૩૩૧૩	૩૩૨૨	૩૪.૨૬	૩૬.૧૧
	ઓ. સાર્વજનિક કેળવણી	૩૬૭૯.૩૬	૨૪૯૪૪.૦૧	૩૩૭૧૫	૩૫૯૧૮	૩૯૩૯૮	૩૭૧૬૯	૩૯૫.૬૯	૪૩૬.૦૩
	પી. લોન ચાર્જીસ	૨૩૭૬.૩૪	૫૦૯.૭૪	૩૭૨	૩૧૫	૧૧૬૦	૨૦૩૧	૪૮.૮૧	૪૪.૬૩
	ક્યુ. લાયસન્સ દબાણ અને શોપ્સ એક્ટનો વહીવટ	૮૧.૭૦	--	૬.૨૧	૬.૩૨	૬.૮૧	૬.૩૪	૬.૩૪	૭.૩૮
	આર. પરચુરણ ખર્ચ	૭૭૦.૬૭	૧૭૯૩.૦૩	૧૧૫૦	૬૧૬	૭૧૮	૭૪૩	૬.૧૧	૯.૩૯
	કુલ	૧૭૪૮૫.૧૩	૧૩૨૨૭૯	૧૫૬૩૮૩	૧૭૬૦૫૬	૧૯૨૩૭૨	૨૧૦૩૩૦	૨૩૧૫.૫૩	૨૪૯૯.૧૩

કેપીટલ વર્કસનું ખર્ચ	૨૧૬૦.૩૩	૧૨૬૯૯૦.૮	૧૨૨૬૪૯	૧૫૭૪૩૩	૧૮૨૯૨૬	૨૦૮૧૬૩	૨૨૭૩.૯૮	૨૦૭૩.૧૬
૧. રસ્તા-ફુટપાથ-પોળ પેવમેન્ટ	૬૩.૩૨	૨૯૫૬૦.૪૨	૨૯૯૧૪	૬૩૨૪૮	૫૩૦૧૬	૪૧૨૧૧	૩૯૧.૪૬	૨૮૧.૮૪
૨. પુલો	૨૧.૮૬	૧૦૨૦૩.૭૬	૨૦૭૩	૧૧૧૨	૧૮૨૧	૪૨૨૧	૪૪.૮૭	૭૧.૫૧
૩. સ્ટ્રોમ વોટર ડ્રેઈન	૫.૩૬	૬૦૨૨.૨૨	૧૨૧૭	૧૦૦૨	૧૩૯૯	૨૪૨૭	૯૦.૦૩	૪૫.૧૩
૪. મકાનો	૨૪.૭૪	૧૫૨૨૨.૭૮	૮૪૩૫	૬૭૯૭	૧૮૬૦૩	૧૯૮૬૨	૧૩૨.૧૩	૧૭૨.૭૭
૫. લાઈટીગ	૧૬.૮૭	૪૮૩.૬૬	૧૦૫૨	૧૪૪૪	૨૪૩૨	૧૮૭૫	૨૧.૭૬	૨૩.૫૬
૬.જાહેર સ્થળો	૮.૦૫	૭૨૩૩	૨૪૨૦	૩૮૫૧	૩૪૬૩	૬૦૭૬	૪૧.૪૧	૫૦.૭૬
૭.પ્લાન્ટ-મશીનરી અને ઈકવીપમેન્ટ	૪૫.૫૫	૪૨૬	૨૮૯૩	૩૫૧૩	૧૩૯૯	૬૧૬	૩૪.૨૧	૩૯.૫૯
૮.મોટર ટ્રાન્સપોર્ટના સાધનો	-	-	૧૩૯૮૫	૬૮૮૪	૬૭૫૦	૯૮૭૦	૩૦.૪૯	૧૩.૯૭
૯. આર્થિક રીતે નબળા વર્ગ અંગે ના કામો	૩.૪૮	૧૧૩૦૬.૬૨	૬૭૨૭	૬૪૧૧	૭૯૮૯	૩૬૧૭	૨૦.૧૫	૨૭.૧૬
૧૦.પબ્લીક જાજરૂ અને પેશાબખાના	૧.૨૧	૨૨૩.૫૪	૧૨૯	૧૭૮	૨૫૪	૧૮૩	૨.૫૬	૪.૭૪
૧૧.એકવીઝીશનના કામો	૭૨૩.૩૭	૬૨.૬	૧૦૬	૬૭	૪૪૦	૧૦૯	૧૩.૫૫	૫.૮૮
૧૨.ઓફિસ ફર્નીચર ફીક્ષચર્સ ઈકવી.	૧૮.૧૬	૧૮.૩૮	૨૬	૭૧	૧૧૪	૧૪૯	૨.૩૬	૧.૯૬
૧૩.વોટર પ્રોજેકટ	૪૧૪.૬૩	૧૩૬૯૮.૩૯	૭૧૨૪	૧૪૫૧૫	૨૧૬૪૫	૧૯૪૧૫	૩૨૩.૪૮	૧૮૦.૭૭
૧૪.ડ્રેનેજ પ્રોજેકટ	૨૫.૬૩	૧૬૬૬૨.૭૮	૧૨૮૭૭	૧૨૫૬૯	૧૫૪૩૩	૧૪૯૨૩	૧૯૭.૧૬	૧૪૧.૧૪
૧૫.સ્લમ નેટવર્કીગ પ્રોજેકટ	-	૩.૧	૫૬	૪૧	૧૭	૦	૦	૦
૧૬.જી.એમ.એફ.બી.ની ગ્રાંટ	-	૧૯૦.૬૯	૩૬૩	૪૬૯	૫૭૦	૨૧૫	૪.૯	૧.૭૬
૧૭.એમ.એલ.એ.ગ્રાંટમાંથી કરવાના કામો	-	૩૮૨.૯૨	૪૬૫	૭૬૮	૩૪૫	૩૯૧	૧૨.૭૮	૭.૧૦
૧૮.એમ.પી.ગ્રાંટમાંથી કરવાના કામો	-	૨૦૪.૬૯	૧૭૮	૫૫૫	૧૨૨૩	૭૩૫	૩.૭	૪.૬૧
૧૯.એન.આર.સી.પી.ગ્રાંટમાથી કરવાના કામો	-	-	-	-	-	-	-	-
૨૦.રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ બોર્ડ	૭૦.૬૯	૧૦૫૯૨.૭૫	૧૫૭૫૮	૨૨૪૩૧	૨૦૪૯૮	૨૧૮૩૩	૨૦૦.૩૭	૨૧૪.૫૪

૨૧.જી.આઇ.ડી.સી.એફ લ્યુઅન્ટ ડીસપોઝલ સ્કીમ	-	૦.૪૩	૧૪	૪	૦	૦	૦	-
૨૨.દસમા નાણાપંચની ભલામણ અંગેની ગ્રાંટ	-	-	૩૦	૬૯.૩	૧૩.૫	૧૧૧૭	૧૪.૯૯	૪૦.૫૯
૨૩.ઇ.ડબલ્યુ.એસ. હાઉસીગ પ્રોજેકટ	-	-	-	-	-	-	-	-
૨૪ .જી.એસ.ડી.એમ.એ/ એ.ડી.બી.ની ગ્રાંટ	-	-	-	-	-	-	-	-
૨૫.ઇ.ગવર્નન્સ	-	-	૧૧૭૮	૫૭૪	૯૩૮	૯૬૭	૮.૧૩	૬.૮૫
૨૬.એ.એમ.ટી.એસ.ને લોન	-	૩૪૦.૩૭	૧૫૨૯૧	૧૬૪૨૩	૨૦૨૬૬	૨૪૫૮૦	૨૯૧.૭૮	૩૦૩.૭૪
૨૭.ટી.સી.આઇ.ડી.એસ. પ્રોજેકટના કામો.	૧૮.૫	૧૩૮૦૮.૨૬	-	-	-	-	-	-
૨૮.વામ્બે પે એન્ડ યુઝ ટોયલેટ	-	-	-	-	-	-	-	-
૨૯.લાઇટ ડ્રેનેજ જી.આઇ.ડી.સી.	૫૩૩.૭૧	૪૬	૪૪	-	-	-	-	-
૩૦.અન્ય	-	૧૨૦૦	૧૭૦૦	૪૮	૨૧૯	૩૯૮	૨૬.૫૫	૭૩.૪૨
૩૧.અમદા જન.લી.	-	-	-	૧૧૯૦	૧૩૯૨	૧૩૦૦	૪૮.૫	૬૦.૦૦
૩૨. અ.મ્યુ.કો.મેડી. એજયુ.ટ્રસ્ટ	-	-	-	-	-	-	-	-
૩૩.અર્બન ટ્રાન્સપોર્ટ ફંડ એ.જે.એલ.	-	૨૦૦	૧૦૮૧		૦	૨૦૦	૧	૦
૩૪.સફાઇ કામદાર રાહત યોજનાની ગ્રાંટમાંથી કરવાના કામો	-	૧૪૫૮.૦૨	-	૨૨૩	૧૧૨૭	૧૧૯૭	૧.૩૨	૦.૦૭
૩૫.નિર્મલ ગુજરાત અન્વયે ટોયલેટ સ્કીમ યોજના	-	૧૬૨૦૨		૭૨૩	૯૯	૮.૦૮	૭.૮૯	૭.૪૮
૩૬.સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ટ્રાન્સફર	-	-	-	-	૦	૦	-૯૧.૫૮	-૧૧.૪૯
૩૮. હુડકો લોનનું રીપેમેન્ટ	-	-	૫૪૫	૩૨૧	૯૨૩	૯૨૩૨	૦	૦
૩૯. મુખ્ય મંત્રી ગૃહ યોજના ઇ.ડબલયુ.એસ.-એલ.આઇ.જી.	-	-	-૩૯૮૬	-૮૬૯૨	૧૨૪	૨૦૬.૩૬	૩૯૮.૦૩	૨૮૯.૫૦
ઇ.ડબલયુ.એસ.-એલ.આઇ.જી.								૧૪.૨૧

વોર્ડ વાઈઝ વસતિ ગણતરી-૨૦૧૧ ની માહીતી				
વોર્ડ નંબર	વોર્ડનું નામ	કુલ	પુરૂષ	સ્ત્રી
૦૦૦૧	ખાડીયા	૪૯૪૦૮	૨૫૯૮૩	૨૩૪૨૫
૦૦૦૨	કાલુપુર	૫૩૬૩૦	૨૮૦૬૪	૨૫૫૬૬
૦૦૦૩	દરીયાપુર	૬૩૬૬૪	૩૨૭૮૮	૩૦૮૭૬
૦૦૦૪	શાહપુર	૬૮૧૫૦	૩૫૧૫૭	૩૨૯૯૩
૦૦૦૫	રાયખડ	૬૬૮૫૫	૩૪૧૭૦	૩૨૬૮૫
૦૦૦૬	જમાલપુર	૬૬૨૪૬	૩૩૫૧૨	૩૨૭૩૪
૦૦૦૭	પાલડી	૮૩૧૦૯	૪૨૧૩૯	૪૦૯૭૦
૦૦૦૮	વાસણા	૧૨૩૧૧૬	૬૩૨૮૩	૫૯૮૩૩
૦૦૦૯	ગાંધીગ્રામ	૬૮૯૧૧	૩૬૩૦૩	૩૨૬૦૮
૦૦૧૦	નવરંગપુરા	૫૫૬૪૭	૨૮૦૭૩	૨૭૫૭૪
૦૦૧૧	સ. પ. સ્ટેડીયમ	૭૫૦૫૧	૩૯૨૭૮	૩૫૭૭૩
૦૦૧૨	નારણપુરા	૮૮૦૩૨	૪૫૪૨૧	૪૨૬૧૧
૦૦૧૩	નવાવાડજ	૭૭૮૧૪	૪૧૧૫૮	૩૬૬૫૬
૦૦૧૪	જુના વાડજ	૭૫૬૮૭	૩૯૯૩૩	૩૫૭૫૪
૦૦૧૫	સાબરમતી	૬૮૫૬૬	૩૫૮૫૭	૩૨૭૦૯
૦૦૧૬	દૂધેશ્વર	૬૬૪૭૦	૩૪૮૫૬	૩૧૬૧૪
૦૦૧૭	માધુપુરા	૬૬૭૭૮	૩૫૩૮૮	૩૧૩૯૦
૦૦૧૮	ગીરધરનગર	૬૪૭૧૩	૩૩૬૧૦	૩૧૧૦૩
૦૦૧૯	અસારવા	૫૫૯૮૩	૨૯૨૭૩	૨૬૭૧૦
૦૦૨૦	નરોડારોડ	૭૯૯૨૬	૪૨૧૦૦	૩૭૮૨૬
૦૦૨૧	સરસપુર	૬૮૬૭૦	૩૬૦૨૮	૩૨૬૪૨
૦૦૨૨	પોટલીયા	૮૮૯૦૭	૪૭૫૦૮	૪૧૩૯૯
૦૦૨૩	કુબેરનગર	૧૦૪૩૫૮	૫૬૧૭૭	૪૮૧૮૧
૦૦૨૪	સરદાર નગર	૧૨૪૫૪૮	૬૫૪૧૭	૫૯૧૩૧
૦૦૨૫	સૈજપુર બોઘા	૮૯૯૫૩	૪૭૭૦૮	૪૨૨૪૫
૦૦૨૬	ઠકકરબાપા નગર	૧૩૭૪૪૬	૭૩૪૭૩	૬૩૯૭૩
૦૦૨૭	નરોડ મુઠીયા	૧૦૯૯૨૨	૫૮૦૫૦	૫૧૮૭૨
૦૦૨૮	બાપુનગર	૯૩૮૩૫	૪૯૫૬૭	૪૪૨૬૮
૦૦૨૯	રખીયાલ	૭૬૮૩૮	૪૦૫૦૯	૩૬૩૨૯
૦૦૩૦	ગોમતીપુર	૭૦૦૧૫	૩૬૫૬૨	૩૩૪૫૩
૦૦૩૧	રાજપુર	૭૯૪૦૯	૪૨૧૮૧	૩૭૨૨૮

૦૦૩૨	અમરાઈવાડી	૮૦૬૩૮	૪૩૪૩૫	૩૭૨૦૩
૦૦૩૩	ભાઈપુરા હા.	૧૧૪૧૪૬	૬૧૩૭૫	૫૨૭૭૧
૦૦૩૪	નીકોલ રોડ	૧૩૭૮૪૦	૭૪૧૪૫	૬૩૬૯૫
૦૦૩૫	ઓઢવ	૧૩૭૫૪૩	૭૫૦૨૦	૬૨૫૨૩
૦૦૩૬	ખોખરા મ.વાદ	૬૯૫૪૫	૩૫૯૯૬	૩૩૫૪૯
૦૦૩૭	મણીનગર	૯૫૪૮૧	૪૯૩૪૨	૪૬૧૩૯
૦૦૩૮	કાંકરીઆ	૬૭૧૧૦	૩૪૯૯૦	૩૨૧૨૦
૦૦૩૯	બહેરામપુરા	૮૧૬૩૬	૪૨૭૨૧	૩૮૯૧૫
૦૦૪૦	દાણીલીમડા	૧૬૫૭૩૧	૮૬૩૯૧	૭૯૩૪૦
૦૦૪૧	બાગે ફિરદોશ	૧૫૩૫૫૮	૮૧૨૫૦	૭૨૩૦૮
૦૦૪૨	વટવા	૧૬૪૭૩૦	૮૮૦૮૦	૭૬૬૫૦
૦૦૪૩	ઈસનપુર	૧૫૯૧૮૧	૮૪૫૦૩	૭૪૬૭૮
૦૦૪૪	કાળી	૯૪૦૭૭	૪૯૯૦૩	૪૪૧૭૪
૦૦૪૫	રાણીપ	૧૨૦૧૫૨	૬૫૨૭૦	૫૪૮૮૨
૦૦૪૬	ચાંદલોડીયા	૧૨૦૧૩૭	૬૪૩૩૯	૫૫૭૯૮
૦૦૪૭	ઘાટલોડીયા	૨૦૬૮૯૩	૧૦૮૮૯૪	૯૭૯૯૯
૦૦૪૮	થલતેજ	૯૮૨૪૦	૫૧૨૬૫	૪૬૯૭૫
૦૦૪૯	બોડકદેવ	૭૬૫૭૪	૩૯૨૩૫	૩૭૩૩૯
૦૦૫૦	જોધપુર	૯૫૪૪૪	૪૮૬૯૪	૪૬૭૫૦
૦૦૫૧	વેજલપુર	૨૯૫૦૭૫	૧૫૨૬૭૯	૧૪૨૩૯૬
૦૦૫૨	સરખેજ	૭૨૭૨૭	૩૭૭૪૬	૩૪૯૮૧
૦ ૦૦૫૩	લાંભા	૧૦૪૦૦૧	૫૭૭૦૬	૪૬૨૯૫
૦૦૫૪	વસ્ત્રાલ-રામોલ	૧૨૨૪૪૯	૬૬૦૧૯	૫૬૪૩૦
૦૦૫૫	નવા નરોડા	૧૫૩૨૮૫	૮૨૩૦૪	૭૦૯૮૧
૦૦૫૬	મોટેરા	૩૩૮૨૪	૧૭૭૯૨	૧૬૦૩૨
૦૦૫૭	ચાંદખેડા	૯૬૨૬૬	૫૦૩૬૫	૪૫૯૦૧
		૫૫૭૭૯૪૦	૨૯૩૮૯૮૫	૨૬૩૮૯૫૫

પ્રકરણ ૧

હદ વસતિ અને બંધારણ

ગુજરાત રાજ્યનું મોખરાનું ઔદ્યોગિક અને વાણિજ્ય કેન્દ્ર એવું અમદાવાદ શહેર સાબરમતી નદીના કિનારે૨૦ – ૧ ઉત્તર અક્ષાંસ અને ૭૨-૪૭ પૂર્વ રેખાંશ ઉપર આવેલું છે. ભારતના શહેરોમાં સાતમા ક્રમે આવતું આ શહેર રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ૮ ઉપર આવેલ છે અને અન્ય શહેરો તેમજ નગરો સાથે રેલ્વે રસ્તા અને વિમાની સેવાઓથી સંકળાયેલ છે. તા. ૬-૬-૭૦ ના રોજ ગુજરાત રાજ્યનું પાટનગર ગાંધીનગર મુકામે ફેરવવામાં આવ્યું ત્યાં સુધી તે ગુજરાત રાજ્યનું પાટનગર હતું. અમદાવાદ શહેર ભારતના યુગપુરુષ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ છે. દેશને સ્વતંત્રતા મળી તે પૂર્વે અમદાવાદ મ્યુનિસિપાલીટીનું નોકરશાહી સ્વરૂપ બદલીને તેને રાષ્ટ્રીય સ્વરૂપ આપવામાં સરદાર વલ્લભભાઈ પટેલ, બળવંતરાય પ્રમોદરાય ઠાકોર, ગણેશ વાસુદેવ માવલંકર (દાદા સાહેબ), હરીપ્રસાદ વ્રજરાય દેસાઈ તથા મણીલાલ ચતુરભાઈ જેવા મહાનુભાવોનો ગૌરવવંતો ફાળો છે.

અમદાવાદ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા - મ્યુનિસિપલ કોર્પોરેશન - બ્રીટીશ અમલની ભેટ છે. અંગ્રેજ શાસનમાં નગરસેવાનો ભાર પ્રજાજનો પોતે પોતાને શિરે ઉપાડી લે એવી જાતની સ્વયંભૂ પ્રેરણાથી રચાયેલી સુધરાઈનો પ્રથમ દાખલો આખા હિંદને અમદાવાદે પુરો પાડયો છે. જે અમદાવાદની વિશિષ્ટતાઓ પૈકીની એક ગૌરવભરી ઘટના કહી શકાય.

<u>હદઃ-</u> સને ૧૮૮૭ માં શહેરનો કુલ વિસ્તાર ૫.૭૨ ચો.કી.મી.હતો. ૧૮૭૨ થી ૧૯૫૧ સુધીમાં શહેરનો વિસ્તાર વધીને ૫૨.૪૭ ચો.કી.મી. થયેલો. ૧૯૫૧ થી ૧૯૬૧ ના વર્ષો દરમ્યાન આ વિસ્તાર વધીને ૯૨.૯૮ ચો.કી.મી. થયેલ. ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીના સમયગાળામાં શહેરના વિસ્તારમાં કોઈ વધારો થયેલો નથી. ૧૯૭૧ થી ૧૯૮૧ ના સમયગાળામાં વધેલા વિસ્તારો સહિત શહેરનો કુલ વિસ્તાર ૯૮.૮૪ ચો.કી.મી. થવા પામ્યો હતો. છેલ્લે ૨૩ મી ફેબ્રુઆરી ૧૯૮૬ થી શહેરના પૂર્વ વિભાગોના ૯૨.૦૦ ચો.કી.મી. વિસ્તારો મ્યુનિસિપલ લીમીટમાં ભેળવવામાં આવતા શહેરનો વિસ્તાર ૧૯૦.૮૪ ચો.કી.મી. જેટલો થયેલ છે. વર્ષ ૨૦૦૬ તથા વર્ષ ૨૦૦૮ માં મ્યુનિસિપલ લીમીટમાં વધારો કરીને મ્યુનિ.હદ વિસ્તાર કુલ ૪૬૬ ચો.કી.મી. થયેલ છે.

<u>વસતિઃ-</u> અમદાવાદ શહેરની વસતિ ૧૮૭૨ માં ૧૧૯૬૭૨ હતી. તે ૧૯૫૧ માં ૮૩૭૧૬૩ થઈ અને ત્યારબાદ ક્રમે ક્રમે વધતા ૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ ૫૫૭૭૯૪૦ થઈ છે. આમ, ૧૮૭૨ થી ૧૯૫૧ સુધીના ૮૦ વર્ષના ગાળામાં શહેરની વસતિ લગભગ ૭ ગણી થઈ અને ૧૯૫૧ થી ૨૦૧૧ સુધીના ૬૦ વર્ષના સમયગાળામાં શહેરની વસતિ વધીને લગભગ ૬.૬૦ ગણી જેટલી થવા પામી છે. વસતિની ગીચતા જે ૧૮૭૨ માં દર ચો.કી.મી. ૨૧૯૭૭ ની હતી તે ૧૯૭૧ માં ઘટીને ૧૭૦૫૩ ની થઈ. તેમજ ૧૯૮૧ માં વળી પાછી વધીને ૨૦૯૮૫ થયેલ. પરંતુ ત્યારબાદ ૧૯૮૬ માં પૂર્વનો ઓછી વસતિવાળો ઔદ્યોગિક વિસ્તાર મ્યુ. લીમીટમાં

સમાવવાને કારણે ૨૦૧૧ માં ઘટીને ૧૮૪૨૦ થઈ છે.જ્યારે ૨૦૦૬ અને ૨૦૦૮માં નવા વિસ્તાર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવવાથી વર્ષ ૨૦૧૧માં વસતિની ગીચતા પ્રતિ કી.મી. ૧૨૦૧૮ છે.

શહેરનું વિભાજન છ ઝોન અને ૫૭ વોર્ડમાં કરવામાં આવેલ છે. ૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસ્તી ૫૫૭૭૯૪૦ શહેરમાં રહેણાકના ઘરોની કુલ સંખ્યા ૧૧૭૯૮૨૩ છે. કુલ વસતિમાં પુરુષોની સંખ્યા ૨૯૩૮૯૮૫ અને સ્ત્રીઓની સંખ્યા ૨૬૩૮૯૫૫ છે. જે પૈકી ૨૪૦૨૫૨૩ પુરુષો અને ૧૯૭૩૮૭૦ સ્ત્રીઓ ભણેલા છે. એટલે કે અક્ષરજ્ઞાનની ટકાવારી પુરુષોમાં ૮૧.૭૫ અને સ્ત્રીઓમાં ૭૪.૮૦ ટકા છે. સરેરાશ અક્ષરજ્ઞાનની ટકાવારી ૭૮.૨૭ છે.

<u>બંધારણ :-</u> ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ.કોર્પો.એક્ટ ૧૯૪૯ મુજબ શહેરનો વહીવટ ચાલે છે. આ કાયદાની કલમ ૪(૧) મુજબ મહાનગરપાલિકાનું બંધારણ નીચે મુજબ છે.

૧. મહાનગરપાલિકા
૨. સ્થાયી સમિતી
૩. મ્યુનિસિપલ કમિશનર
૪. પરિવહન સમિતિ
૫. પરિવહન વ્યવસ્થાપક

આ ઉપરાંત અધિનિયમની કલમ ૪(૨) મુજબ પ્રાથમિક કેળવણી અંગેની મહાનગરપાલિકા ઉપર નાંખવામાં આવેલ ફરજો સને ૧૯૪૭ ના મુંબઈ પ્રાથમિક કેળવણી અધિનીયમના ઠરાવ અનુસાર બજાવવી અને સદરહું અધિનિયમના હેતુઓ માટે શહેરમાંની સઘળી માન્ય શાળાઓના નિયંત્રણ અંગે શાસનાધિકારીશ્રી નિમવાનો અધિકાર મ્યુ.કોર્પોરેશનનો છે.

ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુ. કોર્પો. એક્ટ ૧૯૪૯ અને તેમાં થયેલ સુધારા વધારા મુજબ સમગ્ર કોર્પોરેશનનો વહીવટ કરવામાં આવે છે. મ્યુ. બોર્ડ નિતી વિષયક નિર્ણયો લે છે. જેનો અમલ મ્યુ. કમિશનર કરે છે. તેઓ મ્યુ. સેક્રેટરી અને મ્યુ. ચીફ ઓડિટર સિવાયની તમામ ઓફિસોનું સંચાલન કરે છે. એક્ટની જોગવાઈ મુજબ સ્ટેન્ડીગ કમિટી, ટ્રાન્સપોર્ટ કમિટી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતી એ કાયદાકીય (સ્ટેટચ્યુટરી) સમિતીઓ છે. અન્ય સમિતીઓ પણ વહીવટના જુદા જુદા ખાતાઓના નિતીવિષયક નિર્ણયો લે છે. ટ્રાન્સપોર્ટ મેનેજર પરિવહન સેવાઓનું અને શાસનાધિકારી પ્રાથમિક શાળાઓનું સંચાલન કરે છે. વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ અને શેઠ એમ.જે. લાયબ્રેરીનું સંચાલન ટ્રસ્ટડીડ મુજબ બોર્ડ ઓફ ડાયરેક્ટર મારફતે કરવામાં આવે છે.

૨.૧ મ્યુનિસિપલ સેક્રેટરી ઓફીસ
સને ૨૦૧૬-૨૦૧૭

અહેવાલના વર્ષ દરમ્યાન તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૦૩-૨૦૧૭ સુધીના સમય માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટાયેલા સભ્યશ્રીઓની સંખ્યા વર્ષ દરમ્યાન ૧૯૨ પ્રમાણે રહી હતી. જેની વિગત આ સાથેના પેજ નંબર ૧૧ માં દર્શાવેલ પરિશિટ-"બ" મુજબ છે. તા.૨૨-૧૧-૨૦૧૫ ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીઓ થયા બાદ તા.૧૪-૧૨-૨૦૧૫ થી નવું બોર્ડ અસ્તિત્વમાં આવેલ છે. જેમાં ૧૯૨ મ્યુ.કાઉન્સીલરશ્રીઓ શહેરના જુદા જુદા વોર્ડમાંથી ચૂંટાઈને આવ્યા છે. કુલ ૧૯૨ બેઠકોમાં બિનઅનામત ૭૫ તથા અનામત ૧૧૭ બેઠકોનો સમાવેશ થાય છે.

અહેવાલના વર્ષ દરમ્યાન તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૩-૨૦૧૭ સુધીમાં અનુક્રમે અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની મળેલ કુલ ૧૯ બેઠકોમાં ૧૭૦૩ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો. એટલે કે બેઠક દીઠ સરેરાશ ૮૯.૬૩ કામોનો નિકાલ થયો હતો. જયારે અગાઉની સાલ એટલે કે તા.૧-૪-૨૦૧૫ થી તા.૩૧-૩-૨૦૧૬ સુધીના સમય દરમ્યાન કુલ ૨૦ બેઠકોમાં ૧૭૩૯ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો એટલે કે બેઠક દીઠ સરેરાશ ૮૬.૯૫ કામોનો નિકાલ થયો હતો.

તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૩-૨૦૧૭ સુધીના સમય દરમ્યાન અમદાવાદ મહાનગરપાલિકાના મેયર, ડે.મેયર તથા સ્ટેચ્યુટરી કમિટીઓ તેમજ વિવિધ સ્પેશ્યલ કમિટીઓના ચેરમેન તરીકે નીચે જણાવેલ સભ્યશ્રીઓની વરણી કરવામાં આવી હતી.

(૧)	મેયરશ્રી	શ્રી ગૌતમભાઇ નવલચંદ શાહ
(૨)	ડે. મેયરશ્રી	શ્રી પ્રમોદાબેન શશીકાન્ત સુતરીયા
(૩)	ચેરમેનશ્રી સ્ટે. કમિટી	શ્રી પ્રવિણકુમાર ભગવાનદાસ પટેલ
(૪)	ચેરમેનશ્રી ટ્રા.કમિટી	શ્રી ચંદ્રપ્રકાશભાઇ નારાયણભાઇ દવે

સ્પેશીયલ કમિટીઓ

(૧)	ચેરમેનશ્રી - વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી	શ્રી રમેશભાઇ રત્નાભાઇ દેસાઇ
(૨)	ચેરમેનશ્રી રોડઝ એન્ડ બિલ્ડીંગ્સ કમિટી	શ્રી જતીનકુમાર ઝવેરભાઇ પટેલ
(૩)	ચેરમેનશ્રી - હેલ્થ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી	શ્રી દિનેશભાઇ માલજીભાઇ દેસાઇ
(૪)	ચેરમેનશ્રી - ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી	શ્રી રશ્મીકાંત નટવરલાલ શાહ
(૫)	ચેરમેનશ્રી - હાઉસીંગ ઇમ્પ્રુવમેન્ટ એન્ડ ઇ.ડબલ્યુ.એસ. આવાસ યોજના કમિટી	શ્રી બિપીનચંદ્ર અંબાલાલ પટેલ
(૬)	ચેરમેનશ્રી - રીક્રીએશનલ, કલ્ચરલ એન્ડ હેરીટેજ કમિટી	શ્રી બિજલબેન રૂપેશભાઇ પટેલ
(૭)	ચેરમેનશ્રી હોસ્પિટલ કમિટી	શ્રી ભરતભાઇ કાંતિલાલ પટેલ
(૮)	ચેરમેનશ્રી - લીગલ કમિટી	શ્રી કૃષ્ણવદન સોમનાથ બ્રહમભટ્ટ
(૯)	ચેરમેનશ્રી - રેવન્યુ કમિટી	શ્રી વલ્લભભાઇ કુબેરભાઇ પટેલ
(૧૦)	ચેરમેનશ્રી - મટીરીયલ મેનેજમેન્ટ એન્ડ પરચેઇઝ કમિટી	શ્રી અજયસીંગ બાલીસ્ટરસીંગ ભદોરીયા
(૧૧)	ચેરમેનશ્રી - મહિલા અને બાળ વિકાસ કલ્યાણ કમિટી	શ્રી નંદીનીબેન નિર્દેશકુમાર પંડયા
(૧૨)	ચેરમેનશ્રી - સ્ટાફ સીલેક્શન એન્ડ એપોઇન્ટમેન્ટ કમિટી	શ્રી ગૌતમભાઇ નવલચંદ શાહ

અહેવાલના વર્ષ દરમ્યાન તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૩-૨૦૧૭ સુધીના સમયમાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની મળેલ અનુક્રમે કુલ-૧૯ મિટીંગોમાં સભ્યશ્રીઓએ આપેલ હાજરીની વિગત તથા તારીખ વાઈઝ સભ્યશ્રીઓની સરેરાશ હાજરીની માહિતી આ સાથે સામેલ પરિશિષ્ટ-"અ" માં દર્શાવવામાં આવેલ છે.

પરિશિષ્ટ - ''અ''
તા.૦૧-૦૪-૨૦૧૬ થી તા.૩૧-૦૩-૨૦૧૭ સુધીમાં મળેલ મ્યુ.બોર્ડની મિટીંગમાં મ્યુ.કાઉન્સીલરશ્રીઓની હાજરી

અ. નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૧.	શ્રી જ્યોત્સનાબેન પ્રવિણભાઇ પટેલ	૧૯	૧૯	
૨.	શ્રી પારૂલબેન અરવિંદભાઇ પટેલ	૧૯	૧૭	
૩.	શ્રી દિનેશભાઇ માલજીભાઇ દેસાઇ	૧૯	૧૯	
૪.	શ્રી સુરેશભાઇ મીઠાભાઇ પટેલ	૧૯	૧૫	
૫.	શ્રી રાજેશ્વરીબેન રમેશકુમાર પંચાલ	૧૯	૧૯	
૬.	શ્રી કુસુમબેન રોહિતભાઇ જોષી	૧૯	૧૯	
૭.	શ્રી બ્રિજેશભાઇ ભીખાભાઇ પટેલ	૧૯	૧૮	
૮.	શ્રી ભરતભાઇ કેશવલાલ પટેલ	૧૯	૧૯	
૯.	શ્રી કલ્પનાબેન વિનોદકુમાર વૈદ્ય	૧૯	૧૯	
૧૦.	શ્રી રાજશ્રી વિજયકુમાર કેસરી	૧૯	૧૭	
૧૧.	શ્રી જયંતિલાલ રૂપાભાઇ જાદવ	૧૯	૧૯	
૧૨.	શ્રી અરૂણસિંહ રામનયનસિંહ	૧૯	૧૮	
૧૩.	શ્રી ચંચળબેન શામળભાઇ પરમાર	૧૯	૧૯	
૧૪.	શ્રી કાશમીરાબેન જયંતીલાલ શાહ	૧૯	૧૯	
૧૫.	શ્રી કનુભાઇ આતાજી ઠાકોર	૧૯	૧૬	
૧૬.	શ્રી ચેતનભાઇ ચીનુભાઇ પટેલ	૧૯	૧૯	
૧૭.	શ્રી ગીતાબેન કમલેશકુમાર પટેલ	૧૯	૧૯	
૧૮.	શ્રી વર્ષાબેન ધર્મેશકુમાર પંચાલ	૧૯	૧૯	
૧૯.	શ્રી ભદ્રેશકુમાર કાંતીલાલ મકવાણા	૧૯	૧૯	
૨૦.	શ્રી દશરથભાઇ હરજીવનદાસ પટેલ	૧૯	૧૯	
૨૧.	શ્રી ભાવનાબેન હસમુખભાઇ વાઘેલા	૧૯	૧૮	
૨૨.	શ્રી દક્ષાબેન શૈલેષભાઇ પટેલ	૧૯	૧૯	
૨૩.	શ્રી જીગ્નેશભાઇ મહેન્દ્રકુમાર પટેલ	૧૯	૧૯	
૨૪.	શ્રી રમેશભાઇ દલાભાઇ દેસાઇ (આર.ડી. દેસાઇ)	૧૯	૧૬	
૨૫.	શ્રી ભાવનાબેન પ્રમુખભાઇ પટેલ	૧૯	૧૯	
૨૬.	શ્રી રેણુકા નવીનચંદ્ર પટેલ	૧૯	૧૯	
૨૭.	શ્રી ધનજીભાઇ ઉમેદરાય પ્રજાપતિ	૧૯	૧૭	
૨૮.	શ્રી જતીનકુમાર ઝવેરભાઇ પટેલ	૧૯	૧૮	

અ. નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૨૯.	શ્રી ભાવનાબેન ભરતભાઇ પંડયા	૧૯	૧૯	
૩૦.	શ્રી લક્ષ્મીબેન મહેન્દ્રભાઇ ચૌધરી	૧૯	૧૩	
૩૧.	શ્રી લાલસિંહ રમતુજી ઠાકોર	૧૯	૧૯	
૩૨.	શ્રી ભરત બબાભાઇ પટેલ	૧૯	૧૯	
૩૩.	શ્રી ગીતાબેન જીભાઇદાસ પટેલ	૧૯	૧૯	
૩૪.	શ્રી સાધનાબેન ચન્દ્રહર્ષ જોષી	૧૯	૧૬	
૩૫.	શ્રી જયેશભાઇ પરમાનંદ પટેલ	૧૯	૧૯	
૩૬.	શ્રી ગૌતમભાઇ નવલચંદ શાહ	૧૯	૧૯	
૩૭.	શ્રી પ્રમોદાબેન શશીકાંત સુતરીયા	૧૯	૧૮	
૩૮.	શ્રી ઇલાબેન ડો.જતીનભાઇ શાહ	૧૯	૧૯	
૩૯.	શ્રી પ્રદિપભાઇ દેવીપ્રસાદ દવે	૧૯	૧૯	
૪૦.	શ્રી મુકેશકુમાર દિનેશભાઇ મિસ્ત્રી	૧૯	૧૯	
૪૧.	શ્રી ઉર્વશીબેન પરેશકુમાર ડાભી	૧૯	૧૭	
૪૨.	શ્રી કંચનબેન સુરેશકુમાર પંજવાણી	૧૯	૧૮	
૪૩.	શ્રી બિપિનકુમાર રામસ્વરૂપ સિક્કા	૧૯	૧૯	
૪૪.	શ્રી ઓમપ્રકાશ દરોગાપ્રસાદ તિવારી	૧૯	૧૪	
૪૫.	શ્રી અલકાબેન પ્રદ્યુમનભાઇ મિસ્ત્રી	૧૯	૧૯	
૪૬.	શ્રી પ્રવિણાબેન અશોકભાઇ પટેલ	૧૯	૧૭	
૪૭.	શ્રી ગીરીશકુમાર હરગોવિંદભાઇ પ્રજાપતિ	૧૯	૧૯	
૪૮.	શ્રી વલ્લભભાઇ કુબેરભાઇ પટેલ	૧૯	૧૯	
૪૯.	શ્રી ક્રીષ્ણાબેન પ્રફુલ્લભાઇ ઠાકર	૧૯	**૧૯**	
૫૦.	શ્રી છાયાબેન અરવિંદકુમાર સોનવણે	૧૯	૧૯	
૫૧.	શ્રી દિનેશભાઇ કોદરભાઇ મકવાણા	૧૯	૧૭	
૫૨.	શ્રી ગોવિંદભાઇ લવજીભાઇ પરમાર	૧૯	૧૯	
૫૩.	શ્રી કલાબેન પ્રતાપસિંહ યાદવ	૧૯	૧૫	
૫૪.	શ્રી તારાબેન સોમાભાઇ પટેલ	૧૯	૧૯	
૫૫.	શ્રી કીશોરકુમાર ખુબચંદલાલ થાવાણી	૧૯	૧૬	
૫૬.	શ્રી ગિરિવરસિંહ ભંવરસિંહ શેખાવત	૧૯	૧૮	
૫૭.	શ્રી પ્રીતિબેન અમૃતભાઇ ભરવાડ	૧૯	૧૯	
૫૮.	શ્રી સુમન ભંવરસિંહ સોલંકી	૧૯	૧૯	
૫૯.	શ્રી ઇશ્વરભાઇ સરદારભાઇ પટણી	૧૯	૧૯	

અ. નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૬૦.	શ્રી બીપીનચંદ્ર અંબાલાલ પટેલ (બીપીન પટેલ)	૧૯	૧૯	
૬૧.	શ્રી હિનાબેન હિતેશકુમાર પરમાર	૧૯	૧૫	
૬૨.	શ્રી પ્રતિભા રાકેશકુમાર જૈન	૧૯	૧૮	
૬૩.	શ્રી તુલસીભાઇ ચંદુજી ભીલ	૧૯	૧૯	
૬૪.	શ્રી પ્રવિણકુમાર ભગવાનદાસ પટેલ (પ્રવિણ પટેલ)	૧૯	૧૯	
૬૫.	શ્રી રેખાબેન બધાજી ચૌહાણ	૧૯	૧૯	
૬૬.	શ્રી ફાલ્ગુનીબેન શ્રેયાંશભાઇ શાહ	૧૯	૧૯	
૬૭.	શ્રી જગદીશભાઇ ચંદુલાલ દાંતણીયા	૧૯	૧૯	
૬૮.	શ્રી અબ્દુલ મજીદ બાબુભાઇ શેખ	૧૯	૧૯	
૬૯.	શ્રી નંદીનીબેન નિર્દેશકુમાર પંડયા	૧૯	૧૮	
૭૦.	શ્રી વંદના રાજીવભાઇ શાહ	૧૯	૧૯	
૭૧.	શ્રી કશ્યપ બંસીલાલ પટેલ	૧૯	૧૯	
૭૨.	શ્રી રાજેન્દ્રસિંહ વજેસિંહ સોલંકી	૧૯	૧૮	
૭૩.	શ્રી દિપ્તીબેન જીતેન્દ્રભાઇ અમરકોટિયા	૧૯	૧૮	
૭૪.	શ્રી વાસંતીબેન નરેન્દ્રભાઇ પટેલ	૧૯	૧૯	
૭૫.	શ્રી કાંતીભાઇ અરજણભાઇ પટેલ	૧૯	૧૬	
૭૬.	શ્રી દેવાંગ જીતેન્દ્રભાઇ દાણી	૧૯	૧૫	
૭૭.	શ્રી મીનાક્ષીબેન દશરથભાઇ પટેલ	૧૯	૧૯	
૭૮.	શ્રી હેમાબેન જયપ્રકાશભાઇ આચાર્ય	૧૯	૧૯	
૭૯.	શ્રી ભાગ્યેશભાઇ રજનીભાઇ પટેલ	૧૯	૧૮	
૮૦.	શ્રી રશ્મીકાંત નટવરલાલ શાહ (રશ્મી શાહ)	૧૯	૧૯	
૮૧.	શ્રી મોનાબેન ભૂપેશભાઇ પ્રજાપતિ	૧૯	૧૯	
૮૨.	શ્રી જયશ્રીબેન વિનુભાઇ શાહ	૧૯	૧૯	
૮૩.	શ્રી સુરેન્દ્ર કાંતીલાલ બક્ષી (સુરેન્દ્ર બક્ષી)	૧૯	૧૯	
૮૪.	શ્રી હસનખાન સમશેરખાન પઠાણ (હસનલાલા)	૧૯	૧૯	
૮૫.	શ્રી પદમાબેન સંજયકુમાર બ્રહ્મભટ્ટ	૧૯	૧૯	
૮૬.	શ્રી મનીષાબેન અલ્પેશકુમાર પટેલ	૧૯	૧૯	
૮૭.	શ્રી યશવંતકુમાર રમણલાલ યોગી (યોગીભાઇ)	૧૯	૧૭	
૮૮.	શ્રી દિનેશભાઇ શ્રીદયાલ શર્મા (દિનેશ શર્મા)	૧૯	૧૬	
૮૯.	શ્રી અરૂણાબેન સતીષકુમાર શાહ	૧૯	૧૯	
૯૦.	શ્રી બિંદુ કૌન્તેય પટેલ (બિંદુ કાકડીયા)	૧૯	૧૯	

અ. નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૯૧.	શ્રી અજયસીંગ બાલીસ્ટરસીંગ ભદોરીયા	૧૯	૧૯	
૯૨.	શ્રી દિક્ષિતકુમાર રણછોડભાઇ પટેલ	૧૯	૧૮	
૯૩.	શ્રી યોગીનીબેન નરેશભાઇ પ્રજાપતિ	૧૯	૧૮	
૯૪.	શ્રી હીરાબેન મગનભાઇ પટેલ	૧૯	૧૯	
૯૫.	શ્રી ગૌતમભાઇ લાલજીભાઇ કથીરીયા	૧૯	૧૯	
૯૬.	શ્રી બળદેવભાઇ કાનદાસ પટેલ	૧૯	૧૯	
૯૭.	શ્રી ગીતાબેન કિર્તિકુમાર પટેલ	૧૯	૧૭	
૯૮.	શ્રી ચંદ્રાવતી વિનાયકકુમાર ચૌહાણ	૧૯	૧૯	
૯૯.	શ્રી રણજીતસીંહ કરશનભાઇ બારડ	૧૯	૧૭	
૧૦૦	શ્રી મીનાબેન સંદિપભાઇ પંચાલ	૧૯	૧૯	
૧૦૧	શ્રી મધુકાંતાબેન મહેન્દ્રભાઇ લેઉઆ	૧૯	૧૯	
૧૦૨.	શ્રી નીલાબેન દિનેશભાઇ બારોટ	૧૯	૧૭	
૧૦૩	શ્રી અશ્વિનભાઇ બાબુભાઇ પેથાણી	૧૯	૧૧	
૧૦૪	શ્રી જયંતીભાઇ દેવશીભાઇ પટેલ (જે.ડી. પટેલ)	૧૯	૧૭	
૧૦૫	શ્રી શાંતાબેન શાંતિલાલ પંચાલ	૧૯	૧૯	
૧૦૬	શ્રી ગીતાબેન અશોકજી ઠાકોર	૧૯	૧૯	
૧૦૭	શ્રી કિરીટકુમાર જીવણલાલ પરમાર	૧૯	૧૯	
૧૦૮	શ્રી તૌફીકખાન બાસીતખાન પઠાણ	૧૯	૧૬	
૧૦૯	શ્રી જયશ્રીબેન કૌશીકભાઇ પંડયા	૧૯	૧૯	
૧૧૦	શ્રી ભાવનાબેન હરીશભાઇ નાયક (એડવોકેટ)	૧૯	૧૯	
૧૧૧	શ્રી કૃષ્ણવદન સોમનાથભાઇ બ્રહમભટ્ટ (કોકાભાઇ)	૧૯	૧૯	
૧૧૨.	શ્રી મયુરભાઇ નટવરલાલ દવે (મયુર દવે)	૧૯	૧૮	
૧૧૩	શ્રી અઝરા કાદરી	૧૯	૧૯	
૧૧૪	શ્રી રઝીયા સૈયદ	૧૯	૧૯	
૧૧૫	શ્રી ઇમરાન ખેડાવાલા	૧૯	૧૫	
૧૧૬	શ્રી શાહનવાઝ શેખ	૧૯	૧૭	
૧૧૭	શ્રી કપિલાબેન તુલશીભાઇ ડાભી	૧૯	૧૯	
૧૧૮	શ્રી બીજલબેન રૂપેશભાઇ પટેલ	૧૯	૧૯	
૧૧૯	શ્રી આશિષ ધીરૂભાઇ શાહ	૧૯	૧૫	
૧૨૦	ડો. સુજય જ્યોતિન્દ્રભાઇ મહેતા	૧૯	૧૯	
૧૨૧.	શ્રી જયશ્રીબેન અમરીશભાઇ જાગરીયા	૧૯	૧૮	

અ. નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૧૨૨.	શ્રી સ્નેહાકુમારી વિજયરાજસિંહ પરમાર	૧૯	૧૯	
૧૨૩.	શ્રી અમીતભાઇ પોપટલાલ શાહ	૧૯	૧૮	
૧૨૪.	શ્રી આશિષભાઇ હર્ષદભાઇ પટેલ	૧૯	૧૭	
૧૨૫.	શ્રી ઇલાબેન જીણાભાઇ પટેલ	૧૯	૧૮	
૧૨૬.	શ્રી પન્નાબેન સંતુભાઇ રાવ	૧૯	૧૯	
૧૨૭.	શ્રી રાજેશભાઇ પ્રહલાદભાઇ ઠાકોર (રાજુ મુખી)	૧૯	૧૮	
૧૨૮	શ્રી દિલીપભાઇ ડાહયાભાઇ બગરીયા	૧૯	૧૭	
૧૨૯.	શ્રી જેઠીબેન છગનભાઇ ડાંગર	૧૯	૧૬	
૧૩૦	શ્રી નફીસાબાનું ઇસ્લામુદીન અન્સારી	૧૯	૧૯	
૧૩૧	શ્રી અરવિંદભાઇ નારણભાઇ પરમાર	૧૯	૧૯	
૧૩૨.	શ્રી જયેશ મહેન્દ્રભાઇ ત્રિવેદી	૧૯	૧૮	
૧૩૩	શ્રી સુહાના અહેમદભાઇ મનસુરી	૧૯	૧૯	
૧૩૪	શ્રી રોશનબેન સફીમહંમદ વોરા	૧૯	૧૫	
૧૩૫	શ્રી સમીરખાન વજીરખાન પઠાણ	૧૯	૧૪	
૧૩૬	શ્રી હાજી અસરારબેગ શકુરભાઇ મીરજા	૧૯	૧૯	
૧૩૭	શ્રી કમળાબેન કાંતિભાઇ ચાવડા	૧૯	૧૭	
૧૩૮	શ્રી જરીનાબીબી મોહંમદ અસલમ શેખ	૧૯	૧૮	
૧૩૯	શ્રી બદરૂદીન ગુલામમોહીયુદીન શેખ (બદરૂદીન શેખ)	૧૯	૧૩	
૧૪૦	શ્રી મો.યુસુફ પીરમહોમ્મદ અજમેરી (યુસુફ અજમેરી)	૧૯	૧૬	
૧૪૧	શ્રી રમીલાબેન સુરેશભાઇ પરમાર	૧૯	૧૯	
૧૪૨.	શ્રી જમનાબેન સુરેશભાઇ વેગડા	૧૯	૧૯	
૧૪૩	શ્રી શહેઝાદખાન નાસીરખાન પઠાણ (સન્ની બાબા)	૧૯	૧૧	
૧૪૪	શ્રી રહીમભાઇ દાદુભાઇ સુમરા (મુન્નાભાઇ સુમરા)	૧૯	૧૪	
૧૪૫	શ્રી નિશાબેન કલ્પેશકુમાર જહા	૧૯	૧૯	
૧૪૬	શ્રી શિતલબેન આનંદકુમાર ડાગા	૧૯	૧૫	
૧૪૭	શ્રી અમુલભાઇ બળવંતરાય ભટ્ટ	૧૯	૧૯	
૧૪૮	શ્રી રમેશકુમાર નરેન્દ્રકુમાર પટેલ	૧૯	૧૯	
૧૪૯	શ્રી આફરીન મોહસીનખાન પઠાણ	૧૯	૧૯	
૧૫૦	શ્રી રૂખસાનાબાનું હારૂનભાઇ ઘાંચી	૧૯	૧૫	
૧૫૧	શ્રી દેવેન્દ્રકુમાર નટવરલાલ વિસનગરી (ટીના ભાઇ)	૧૯	૧૮	
૧૫૨.	શ્રી મો.ઇકબાલ કાસમભાઇ શેખ	૧૯	૧૮	

અ. નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૧૫૩	શ્રી નૂતનબેન કલ્પેશભાઇ ચૌહાણ	૧૯	૧૯	
૧૫૪	શ્રી સપના દિપકસિંહ તોમર	૧૯	૧૮	
૧૫૫	શ્રી જગદીશભાઇ ખીમજીભાઇ રાઠોડ	૧૯	૧૮	
૧૫૬	શ્રી બળદેવભાઇ નાગજીભાઇ દેસાઇ	૧૯	૧૭	
૧૫૭	શ્રી દેવ્યાની લાલજીભાઇ દેસાઇ	૧૯	૧૯	
૧૫૮	શ્રી અમી મનેષ જોષી	૧૯	૧૯	
૧૫૯	શ્રી હિરેન રમેશભાઇ જાદવ	૧૯	૧૯	
૧૬૦	શ્રી ભરતભાઇ કાંતીભાઇ પટેલ	૧૯	૧૯	
૧૬૧	શ્રી ગીતાબેન વિષ્ણુભાઇ પ્રજાપતિ	૧૯	૧૯	
૧૬૨.	શ્રી મધુબેન ચંદુભાઇ પટેલ	૧૯	૧૯	
૧૬૩	શ્રી અનિરૂધ્ધસિંહ જશવંતસિંહ ઝાલા	૧૯	૧૭	
૧૬૪	શ્રી પરેશભાઇ હરગોવિંદભાઇ પટેલ	૧૯	૧૯	
૧૬૫	શ્રી કાશીબેન ભગવાનભાઇ પરમાર	૧૯	૧૯	
૧૬૬	શ્રી શિલ્પાબેન હસમુખભાઇ પટેલ	૧૯	૧૮	
૧૬૭	શ્રી રમેશભાઇ રત્નાભાઇ દેસાઇ	૧૯	૧૮	
૧૬૮	શ્રી શૈલેષકુમાર વાડીલાલ પટેલ	૧૯	૧૯	
૧૬૯	શ્રી સુધાબેન અશોકભાઇ સાગર	૧૯	૧૯	
૧૭૦	શ્રી ઇલાક્ષીબેન નટવરલાલ	૧૯	૧૮	
૧૭૧	શ્રી ગયાપ્રસાદભાઇ મુલચંદ કનોજીયા	૧૯	૧૯	
૧૭૨.	શ્રી મહેશભાઇ અમરતભાઇ પટેલ	૧૯	૧૭	
૧૭૩	શ્રી કલાવતીબેન દશરથભાઇ કલબુર્ગી	૧૯	૧૯	
૧૭૪	શ્રી જયમિનબેન ધર્મેશકુમાર દવે	૧૯	૧૭	
૧૭૫	શ્રી નયનકુમાર જયદેવભાઇ બ્રહ્મભટ્ટ	૧૯	૧૯	
૧૭૬	શ્રી મહેન્દ્રભાઇ પરસોત્તમભાઇ પટેલ	૧૯	૧૯	
૧૭૭	શ્રી જીગીષાબેન બિનીતભાઇ ઘડિયાળી	૧૯	૧૬	
૧૭૮	શ્રી રંજનબેન અમરતભાઇ મસિયાવા	૧૯	૧૯	
૧૭૯	શ્રી ગૌતમભાઇ બાબરભાઇ પટેલ	૧૯	૧૮	
૧૮૦	શ્રી પુલકીત તરૂણભાઇ વ્યાસ	૧૯	૧૭	
૧૮૧	શ્રી જશોદાબેન રાજેન્દ્રકુમાર ઠાકોર	૧૯	૧૬	
૧૮૨.	શ્રી પલક મનીષભાઇ પટેલ	૧૯	૧૬	
૧૮૩	શ્રી દશરથભાઇ રતિલાલ વાઘેલા	૧૯	૧૮	

અ. નં	સભ્યોના નામ	કુલ મિટીંગોની સંખ્યા	કુલ હાજરીની સંખ્યા	રીમાર્કસ
૧૮૪	શ્રી રાજેશભાઇ (રાજેન્દ્રકુમાર) ભવાનભાઇ ભરવાડ	૧૯	૮	
૧૮૫	શ્રી જલપાબેન રૂપેશભાઇ પંડયા	૧૯	૧૭	
૧૮૬	શ્રી પુષ્પાબેન દિનેશભાઇ મિસ્ત્રી	૧૯	૧૮	
૧૮૭	શ્રી પ્રવિણભાઇ નરોત્તમદાસ મોદી	૧૯	૧૯	
૧૮૮	શ્રી પંકજસિંહ હિંમતસિંહ સોલંકી	૧૯	૧૮	
૧૮૯	શ્રી રસીલાબેન ભાર્ગવભાઇ પંડયા	૧૯	૧૮	
૧૯૦	શ્રી કિરણ પવનકુમાર યાદવ	૧૯	૧૬	
૧૯૧	શ્રી રાજુભાઇ અરજણભાઇ ભરવાડ	૧૯	૧૯	
૧૯૨.	શ્રી અતુલકુમાર રાવજીભાઇ પટેલ	૧૯	૧૭	

તા.૦૧-૦૪-૨૦૧૬ થી તા.૩૧-૦૩-૨૦૧૭ સુધીમાં અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની એકપણ મીટીંગ કોરમના અભાવે નિષ્ફળ નીવડી ન હતી.

પરિશિષ્ટ - ‘ બ ’

તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૦૩-૨૦૧૭ દરમ્યાન મળેલ અમદાવાદ મ્યુનિસિપલ બોર્ડની મીટીંગોમાં કાઉન્સીલરશ્રીઓની સરેરાશ હાજરી

અ.નં.	મીટીંગની તારીખ	મીટીંગની સંખ્યા	કુલ સંખ્યા	હાજર સભ્ય સંખ્યા	હાજરીની ટકાવારી
૧.	તા.૨૯-૦૪-૨૦૧૬	૩	૧૯૨	૧૮૫	૯૬.૩૫
૨.	તા.૧૯-૦૫-૨૦૧૬	૧	૧૯૨	૧૭૧	૮૯.૦૬
૩.	તા.૦૯-૦૬-૨૦૧૬	૨	૧૯૨	૧૭૬	૯૧.૬૭
૪.	તા.૨૭-૦૭-૨૦૧૬	૧	૧૯૨	૧૮૩	૯૫.૩૧
૫.	તા.૩૧-૦૮-૨૦૧૬	૨	૧૯૨	૧૮૬	૯૬.૮૭
૬.	તા.૨૭-૦૯-૨૦૧૬	૧	૧૯૨	૧૮૭	૯૭.૩૯
૭.	તા.૨૪-૧૦-૨૦૧૬	૨	૧૯૨	૧૮૪	૯૫.૮૩
૮.	તા.૨૨-૧૧-૨૦૧૬	૧	૧૯૨	૧૭૫	૯૧.૧૪
૯.	તા.૨૭-૧૨-૨૦૧૬	૧	૧૯૨	૧૭૬	૯૧.૬૭
૧૦.	તા.૨૪-૦૧-૨૦૧૭	૧	૧૯૨	૧૭૬	૯૧.૬૭
૧૧.	તા.૧૫-૦૨-૨૦૧૭	૧	૧૯૨	૧૮૪	૯૫.૮૩
૧૨.	તા.૧૬-૦૨-૨૦૧૭	૧	૧૯૨	૧૮૩	૯૫.૩૧
૧૩.	તા.૨૭-૦૨-૨૦૧૭	૧	૧૯૨	૧૭૯	૯૩.૨૩
૧૪.	તા.૨૮-૦૩-૨૦૧૭	૧	૧૯૨	૧૮૧	૯૪.૨૭

અહેવાલના વર્ષ દરમ્યાન એટલે કે તા.૦૧-૦૪-૨૦૧૬ થી તા.૩૧-૩-૨૦૧૭ સુધીમાં સ્ટેચ્યુટરી તથા સ્પેશીયલ કમિટીઓએ કરેલ કામગીરીનો અહેવાલ :-

સ્ટેચ્યુટરી કમિટીઓ

અ.નં.	કમિટીનું નામ	બેઠકની સંખ્યા	નિકાલ કરેલ કામોની સંખ્યા
૧.	સ્ટેન્ડીંગ કમિટી	૫૬	૧૫૭૩
૨.	ટ્રાન્સપોર્ટ કમિટી	૨૬	૨૪૦

સ્પેશીયલ કમિટીઓ

અ.નં.	કમિટીનું નામ	બેઠકની સંખ્યા	નિકાલ કરેલ કામોની
૧.	વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટી	૨૨	૪૧૦
૨.	રોડઝ એન્ડ બિલ્ડીંગ્સ કમિટી	૨૨	૭૫૮
૩.	હેલ્થ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી	૧૮	૧૨૨
૪.	ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી	૧૬	૪૩
૫.	હાઉસીંગ ઇમ્પ્રુવમેન્ટ એન્ડ ઇ.ડબલ્યુ.એસ. આવાસ યોજના કમિટી	૧૩	૧૬
૬.	રીક્રીએશનલ, કલ્ચરલ એન્ડ હેરીટેજ કમિટી	૨૪	૭૧
૭.	હોસ્પિટલ કમિટી	૨૧	૭૫
૮.	લીગલ કમિટી	૨૦	૩૧
૯.	રેવન્યુ કમિટી	૧૬	૨૦
૧૦.	મટીરીયલ મેનેજમેન્ટ એન્ડ પરચેઇઝ કમિટી	૨૦	૫૧
૧૧.	મહિલા અને બાળ વિકાસ કલ્યાણ કમિટી	૨૧	૩૨
૧૨.	સ્ટાફ સીલેક્શન એન્ડ એપોઇન્ટમેન્ટ કમિટી	૧	૩

અહેવાલના વર્ષ દરમ્યાન મ્યુનિસિપલ સેક્રેટરી તરીકે શ્રી અરૂણભાઇ આર. પંડયા B.Com., S.I., L.S.G.D., L.L.B., L.L.M., D.L.P., P.G.D.H.R.M., M.B.A. એ તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૩-૨૦૧૭ મ્યુ.સેક્રેટરી તરીકે કામ કર્યુ હતું.

ન મૂ નો - ૧

સને ૨૦૧૫-૨૦૧૬ના વર્ષ દરમ્યાન અમદાવાદ જીલ્લામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું બંધારણીય કામકાજ દર્શાવતું પત્રક

૧	અનુક્રમ નંબર		:	૧
૨	મહાનગરપાલિકાનું નામ		:	અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
૩	જેના અન્વયે બંધારણ થયું હોય તે અધિનિયમ		:	ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુ.કોર્પો. એકટ-૧૯૪૯ અધિનિયમ
૪	ચોરસ કિલોમીટર વિસ્તાર		:	મ્યુ.સેક્રેટરી ઓફીસને લગતું નથી.
૫	વિસ્તારની અંદર વસ્તી ૨૦૧૧ ની વસ્તી ગણતરી અનુસાર		:	મ્યુ.સેક્રેટરી ઓફીસને લગતું નથી.
૬	નિયુકત બેઠકો સહિતની બેઠકોની કુલ સંખ્યા		:	૧૯૨
૭	(ક) નિયુકત કરેલ (ખ) મતદાર મંડળો (વિભાગ) દ્વારા ચૂંટાયેલા સભ્યો		: :	 ૧૯૨
૮	(ક)	મહિલા અનામત (૧) સામાન્ય : ૭૬ (૨) અનુ. જાતિ : ૧૦ (૩) અનુ. આદિ જાતિ : ૦૧ (૪) પછાત વર્ગ : ૦૯	:	૯૬
		કુલ : ૯૬		
	(ખ)	(૧) અનુ.જાતિ માટે અનામત બેઠકો (કુલ ૨૦ પૈકી ૧૦ મહિલા અનામત)	:	૧૦
		(૨) પછાત વર્ગ માટે અનામત બેઠકો (કુલ-૧૯ પૈકી ૯ મહિલા અનામત)	:	૧૦
	(ગ)	આદિજાતિ માટે અનામત (કુલ-૨ પૈકી ૧ મહિલા અનામત)	:	૧
		કુલ અનામત	:	૧૧૭
૯	સામાન્ય બેઠકો		:	૭૫
૧૦	કુલ બેઠકો		:	૧૯૨
૧૧	આસન-૧૨ અને ૧૩ માં જણાવેલ બેઠકો સહિતની યોજાયેલી કુલ બેઠકોની સંખ્યા (તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૩-૨૦૧૭)		:	૧૯
૧૨	આસન-૧૧ માં કુલ બેઠકોમાંથી કાર્યસાધક સંખ્યા (કોરમ)ના અભાવે નિષ્ફળ સાબિત થઈ હોય તેવી બેઠકોની સંખ્યા.		:	નથી
૧૩	આસન-૧૧ માંથી કુલ બેઠકોમાંથી મુલતવી રાખવામાં આવી હોય તેવી બેઠકોની સંખ્યા.		:	૫
૧૪	દરેક બેઠકમાં હાજર હોય તેવા સભ્યની સરેરાશ ટકાવારી		:	૯૩.૯૭
૧૫	વિશેષ નોંધ		:	અ.નં.૪ અને ૫ ની માહિતી મ્યુ.સેક્રેટરી ઓફીસને લગતી નથી.

૨.૨ સેન્ટ્રલ ઓફીસ
વાર્ષિક વહીવટી અહેવાલ
સને : ૨૦૧૬ / ૨૦૧૭

બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ ૯૪ મુજબ તમામ વહીવટી જવાબદારી મ્યુનિ.કમિશનરશ્રીની છે. તેમના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓની નિમણૂંક , બઢતી / બદલી સીનીયોરીટી જેવા કામોનો નિર્ણય કમિશનરશ્રી કરે છે. અને તેના અમલીકરણની કામગીરી સેન્ટ્રલ ઓફીસ મારફતે કરવામાં આવે છે. આ ઓફીસ મ્યુનિ.કમિશનરશ્રી અને ડે.મ્યુનિ.કમિશનરશ્રી (વહીવટ) ની સીધી દેખરેખ નીચે કામ કરે છે. આ ઓફીસમાં મુખ્યત્વે ત્રણ વિભાગ છે.

૧. શિરસ્તેદાર વિભાગ
૨. હેડ કલાર્ક વિભાગ
૩. સંકલન વિભાગ

<u>શિરસ્તેદાર વિભાગ : -</u>

મ્યુનિ.કોર્પોરેશનના તમામ ખાતાઓમાં કામ કરતા અધિકારીઓ તથા કર્મચારીઓની નિમણૂંક ફેરબદલી , બઢતી ,કર્મચારીઓના સીનીયોરીટી લીસ્ટ બનાવવા , કર્મચારીઓને કાયમ કરવા , ખાતાકીય પરીક્ષા લેવી , ઇનસર્વિસ ટ્રેનિંગ વિગેરે કામગીરી કરે છે. હાઇકોર્ટ દિવાની કોર્ટ , લેબર કોર્ટમાં એસ્ટા.અંગેના તમામ કેસો અંગેની માહીતી પુરી પાડવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા થાય છે. વહીવટી સ્ટાફ , ગ્રેડેશન લીસ્ટ તૈયાર કરવા , વિવિધ ખાતાઓમાં જગા ભરવી , બઢતી ઇન્ટરવ્યુ અર્ગેની તજવીજ કરવી , રાજય સરકારના ક્ષેત્રમાં આવતી જગાઓની મંજુરી લેવી , મહેકમ અંગે રાજય સરકારશ્રી સમક્ષ પત્ર વ્યવહાર , પોલીસી (નીતી) ના હુકમ , ભરતી , અને બઢતીના નિયમો અંગેની કાર્યવાહી તેમજ ફાઇલોની જાળવણી વગેરે કામ કરે છે. આ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓમાં યોજાતા સેમીનારમાં કોર્પોરેશનના પ્રતિનિધિ મોકલવા નકકી કરાવવા સ્ટે.કમીટીની મંજૂરી મેળવી આપવાનું કામ કરે છે.

રોસ્ટર વિભાગ દ્વારા રાજય સરકારની નીતી અનુસાર રોસ્ટરનું અમલીકરણ કરાવવાની કામગીરી, રાજય સરકાર દ્વારા માંગવામાં આવેલ રોસ્ટર અંગેની માહીતી પૂરી પાડવી , કર્મચારીઓના રોસ્ટર બઢતીના પ્રશ્નોમાં અભિપ્રાય આપવા વગેરે કામગીરી કરે છે. જુદા જુદા ખાતાઓમાં રોસ્ટર રજીસ્ટરો રાખવા અને રખાવવાની કામગીરી પણ કરે છે.

અનુ.નં	વિગત	૨૦૧૬/ ૨૦૧૭
૧.	રોસ્ટર અભિપ્રાય (વર્ગ ૧ થી ૪)ની વિવિધ જગાઓ માટે	૭૪
૨.	જી.ડી.ઇએસટી.ઠરાવની સંખ્યા	૬૯૧
૩.	જુદા જુદા વર્ગ અને જગ્યાઓ માટે સેન્ટ્રલ ઓફીસે સ્વીકારેલ અરજીઓની સંખ્યા (ઇન્ટરવ્યુ બ્રાંચની)	૧૦૬૩૩

અનુ.નં	વિગત	૨૦૧૬/ ૨૦૧૭
૪.	જુદા જુદા ખાતાઓ માટે જુદા જુદા વર્ગના ઉમેદવારોના ઈન્ટરવ્યુ થયા તેની સંખ્યાં	૨૭૦
૫.	ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવેલ અને પસંદગી પામેલ ઉમેદવારોની સંખ્યા	૯૦

ડીસ્પેચ વિભાગમાં મ્યુ.કોર્પો ના જુદા જુદા ખાતાઓમાથી આવેલ પત્રો(ફાઈલો)ની સંખ્યા **૫૪૬૫** તેમજ રાજ્ય સરકારશ્રીમાંથી તથ અન્ય આવેલ સરકારી પત્રોની સંખ્યા ૭૦૦ છે.તેમજ માહીતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ હેઠળ આવેલ અરજીઓની સંખ્યા ૪૦૫ છે.

રાજય સરકારશ્રીની નીતી અનુસાર હાલમાં ફાઈલીંગ સીસ્ટમ પણ અપનાવવામાં આવેલ છે. વર્ગ ૧, ૨ અને ૩ માં આવતાં કલેરીકલ વહીવટી / ટેકનીકલ કેડરનાં અધિકારીશ્રીઓ / કર્મચારીઓના વાર્ષિક ખાનગી અહેવાલ સરકયુલર દ્વારા જે તે વર્ષના અંતે ખાતામાંથી ભરાવીને મંગાવવામાં આવે છે. ચાલુ વર્ષમાં આશરે ૨૩૨૯ જેટલાં વાર્ષિક ખાનગી અહેવાલ અત્રે સ્વીકારવામાં આવેલ છે.

હેડ કલાર્ક વિભાગ :

મ્યુનિ.કમિશનરશ્રીના નામે આવતી ખાતાની અરજીઓ , સરકારી ખાતાઓની તથા અર્ધસરકારી કે અન્ય સંસ્થાઓ તરફથી રૂબરૂમાં આવતી અથવા ટપાલ મારફતે આવે તેને ઈન્વર્ડ રજીસ્ટરમાં નોંધ કરી આ ટપાલો સંબંધીત ખાતાઓને મોકલવાની તથા સરકાર સાથેના પત્રવ્યવહારની કામગીરી સંભાળે છે.

વર્ષ	પ્રજા તરફથી આવેલ અરજીઓની સંખ્યા	રાજયસરકારે કે કેન્દ્ર અથવા સરકારી સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓની સંખ્યા	ખાતાકીય પત્રોની સંખ્યા	મેયરશ્રી, ડે.મેયરશ્રી અને સ્ટે.કમીટીના ચેરમેનશ્રી તરફથી આવેલ પત્રોની સંખ્યા	કાઉન્સીલરશ્રી વત્તા ધારાસભ્યશ્રી ડાયરેકટ મ્યુનિસિપલ કમિશનરશ્રી	કુલ આવેલ અરજીઓની સંખ્યા
૨૦૧૬-૧૭	૧૬૨૯૯	૧૧૯૮૪	૧૦૨૮	૧૭૭૨	૩૭૩૬	૩૪૮૧૯

વધુમાં કેટલીક સંસ્થાઓ તરફથી કે રાજ્ય સરકાર તરફથી મંગાવવામાં આવતી માહીતી જુદા જુદા ખાતાઓમાંથી લેખિત કે ટેલીફોન દ્વારા એકત્રીત કરી જે તે સંસ્થાને મોકલી આપે છે.

મ્યુનિ.કમિશનર તરફથી ખાતાના અધિકારીશ્રીઓ અગર કર્મચારીઓને માહીતી સુચના કે આદેશ આપતા પરીપત્રો આ વિભાગ દ્વારા મોકલવામાં આવે છે, અને જરૂરીયાત અનુસાર માહીતી એકત્ર કરે છે.વિવિધ કમિટિઓના અધ્યક્ષશ્રીઓ તરફથી રાખવામાં આવતા રાઉન્ડના પરીપત્રો પ્રસિધ્ધ કરી સંબંધિત

અધિકારીશ્રીઓને જાણ કરવાની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.મ્યુનિ.કમિશનરશ્રી, ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ ની ઓફીસ અને ઘરના ટેલીફોન બીલોનું ચુકવણું કરવાની વ્યવસ્થા કરે છે, તથા કેટલીક સંસ્થાઓમાં મ્યુ.કોર્પો સભ્ય હોઇ તેમના વાર્ષિક લવાજમ ભરવાની તજવીજ અત્રેથી થાય છે.

મ્યુનિ.કોર્પોની મિલ્કતો , જમીનો , પ્લોટો , મ્યુ.હોલ,મ્યુ.સ્નાનાગાર , હોસ્પિટલોની સાચવણી તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ , વહીવટી વડાઓની સલામતી અને જાહેર પ્રસંગોએ વ્યવસ્થા સાચવવા માટે મ્યુનિ.કોર્પો દ્વારા જુદી જુદી ખાનગી સીકયુરીટી સંસ્થાઓની સેવા લેવામાં આવે છે. સને ૨૦૧૬ / ૨૦૧૭ ના વર્ષ દરમ્યાન આવી ૬ સીકયુરીટી સંસ્થાઓ પાસેથી ૧૬૨૯ ગાર્ડ સેવાઓ લેવામાં આવેલ છે. કુલ ૩૭૫ જેટલા પોઇન્ટોનો સમાવેશ થાય છે.અને તેની પાછળ વાર્ષિક આશરે રૂા. ૧૬,૫૯,૩૭,૨૮૩./-ખર્ચ થયેલ છે. આમ સમગ્ર સીકયુરીટી સંસ્થાઓની સેવાઓ લેવા તથા દેખરેખની કામગીરી સેન્ટ્રલ ઓફીસ સીકયુરીટી બ્રાંચ દ્વારા કરવામાં આવે છે.

તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓની બદલી, બઢતી, ફાળવણીને લગતા તેમજ અન્ય બાબતોના જી.ડી.ઇએસટી.ઠરાવો, સરકયુલરો, ઓફીસ ઓર્ડર, જુદી જુદી કેડરના પ્રોવિઝનલ સીનીયોરીટી લીસ્ટ તેમજ ફાઇનલ પ્રોવિઝનલ સીનીયોરીટી લીસ્ટ, સરકયુલર્સ, વેબસાઇટ ઉપર મુકવામાં આવે છે.

ડીપાર્ટમેન્ટલ પરીક્ષા

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિનિયમોના મેન્યુઅલ ૨ પ્રકરણ (૮) ના રૂલ્સ (૫) ની જોગવાઇ મુજબ કર્મચારીઓએ ડીપોર્ટમેન્ટલ પરીક્ષા પાસ કરવાની થાય છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના મેન્યુઅલ પુસ્તક ૨ ના પ્રકરણ ૮ ના વિનીયમ ૭ મુજબ ડીપાર્ટમેન્ટલ પરીક્ષામાં પાસ થવા માટે કુલ ૩૦૦ ગુણમાંથી ઓછામાં ઓછા ૪૦% એટેલે કે ૧૨૦ ગુણ અને દરેક પેપરમાં ૧/૩ ગુણ મેળવવા જરૂરી છે. અને એલ.એસ.જી.ડી પરીક્ષા પાસ કરેલ હોય તેવા કર્મચારીઓએ ફકત પેપર નં ૨ તથા ૩ ની પરીક્ષા આપવાની રહે છે. અને તેમાં દરેકમાં ૧/૩ ગુણ તથા તેઓએ બંનેમાં ઓછામાં ઓછા ૪૦% એટેલે કે ૮૦ ગુણ મેળવવાના રહે છે.

ડીપાર્ટમેન્ટલ પરીક્ષા વિનીયમો અનુસાર તેમજ આર.જી.એન. નં ૪૫૮ ૨૦૦૪ - ૨૦૦૫ થી પરીક્ષાના પેપરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

અ.નં.	પેપરનું નામ	ગુણ
૧.	સને ૧૯૪૯ નો બોમ્બે મ્યુનિ.કોર્પો એકટ	૧૦૦
૨.	ઓફીસ મેનેજમેન્ટ	૧૦૦
૩.	બેઝીક કમ્પ્યુટર એપ્લીકેશન (થીયરી અને પ્રેકટીકલ)	૫૦ ૫૦

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જુનીયર કલાર્ક, એસ્ટેટ ટી.ડી.ઓ ખાતાના સબ ઇન્સ્પેકટર, ડી.ટી.પી ઓપરેટર તથા જુનીયર કમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતાં કર્મચારીઓને ઉપરોકત પરીક્ષા આપવાની થાય છે. જે મે તેમજ નવેમ્બર માસના છેલ્લા અઠવાડીયાં લેવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ડીપાર્ટમેન્ટલ પરીક્ષા લેવામાં આવેલ જેમાં નીચે જણાવ્યા મુજબના ઉમેદવારો હાજર રહેલ તેમજ પાસ થયેલ કર્મચારીઓની સંખ્યા નીચે મુજબ છે.

વિગત	પરીક્ષા માટે ફોર્મ ભરેલ કર્મચારીની સંખ્યા	પરીક્ષા માટે હાજર રહેલ કર્મચારીની સંખ્યા	પરીક્ષા માટે ગેર હાજર રહેલ કર્મચારીની સંખ્યા	પાસ	નાપાસ
મે ૨૦૧૬	૨૯	૨૬	૩	૨૪	૨
નવે.૨૦૧૬	૪૧	૪૧	૦	૩૦	૧૧
કુલ	૭૦	૬૧	૩	૫૪	૧૩

સંકલન વિભાગ (બોર્ડ અને કમિટિ)

અમદાવાદ મ્યુ.કોર્પો.ના વિવિધ ખાતાઓ તરફથી રજૂ કરવામાં આવતા કામો તથા મ્યુ.કાઉન્સીલરશ્રીઓ દ્વારા કરવામાં આવતી દરખાસ્તોના કામો જે તે ખાસ કમિટિમાંથી મંજૂર થયા બાદ સ્ટેન્ડીગ કમિટિ તથા મ્યુ.બોર્ડની માસિક સામાન્ય સભામાં જે તે કામો મંજૂર કરાવવા અંગેની કામગીરી આ વિભાગ દ્વારા થાય છે.

વર્ષ દરમ્યાન એસ્ટેટ,હાઉસીગ,રીક્રીએશનલ, ટાઉન પ્લાનીગ,રોડ અને બિલ્ડીગ,હોસ્પિટલ,હેલ્થ,સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ,વોટર સપ્લાય,ટેક્ષ,લીગલ વિગેરે ખાસ કમિટિના એકંદરે કુલ ૧૬૩૭ ઠરાવો કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ઓડિટ અહેવાલ કમિટિની મિટિંગ દરમ્યાન થયેલ ઠરાવોની જાણ જે તે ખાતા અધિકારીશ્રીને તથા સમયાંતરે અવારનવાર પરિપત્ર દ્વારા પણ કરવામાં આવેલ છે.અને તેના કારણે ખાતાના પડતર ઓડિટ વાંધાનો જેતે ખાતા અને ચીફ ઓડિટ વચ્ચે સંકલન સાધી મોટા પ્રમાણમાં વાંધાનો નિકાલ થાય તે પ્રમાણે તજવીજ કરવામાં આવે છે.સ્ટેન્ડીગ કમિટિએ અપીલ સબ કમિટિની નવી રચના કરેલ છે.જેમાં વર્ષ દરમ્યાન આ કમિટિમાં કુલ ૧૩ ઠરાવ કરવામાં આવેલ છે. જે ઠરાવોના અમલીકરણ માટે જરૂરી વહીવટી મંજૂરીની કામગીરી ઇન્ડ.રીલેશન ખાતા દ્વારા જરૂરી તજવીજ કરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન થયેલ વિવિધ કમિટીઓના ઠરાવોની સંખ્યા

૧.	સ્ટેન્ડિંગ કમિટિના થયેલ ઠરાવ	૧૫૭૩
૨.	અપીલ સબકમિટિ માં થયેલ ઠરાવ	૧૧
૩.	ઓડીટ સબ કમિટી	-
૪.	જુદી જુદી ખાસ કમિટિમાં થયેલ ઠરાવ	૧૬૩૭
૫.	સ્ટાફ સિલેક્શન કમિટિમાં થયેલ ઠરાવ	૩
૬.	મ્યુ.બોર્ડ ની સામાન્ય માસિક સભામાં થયેલ ઠરાવ	૧૭૦૩

વર્ષ ૨૦૧૬/૧૭ ના વર્ષમાં બજેટ બેઠક ૨૦૧૭/૧૮ ના સંદર્ભે પ્રશ્નોની માહીતિ પણ મ્યુ.કાઉન્સીલરશ્રીઓ દ્વારા પુછવામાં આવેલ છે.જેમાં કુલ ૧૪૫૨ જેટલા સવાલો વિવિધ ખાતાને લગતા પુછવામાં આવેલા, જેના જવાબો જે તે ખાતાના ડે.મ્યુ.કમિશરશ્રી દ્વારા તૈયાર કરાવી સદર સવાલના જવાબની કોપી મ્યુ.સેક્રેટરીશ્રી મારફતે જે તે મ્યુ.કાઉન્સીલરશ્રીને આપવા અંગેની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

આમ ૦૧.૦૪.૨૦૧૬ થી ૩૧.૦૩.૨૦૧૭ સુધીના સમગ્ર વર્ષનો વિગતવાર વાર્ષિક વહીવટી અહેવાલ રજૂ કરેલ છે. જે જાણમાં લેવા વિનંતી છે.

૨.૩ એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ડિપાર્ટમેન્ટ
સને ૨૦૧૬-૧૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક સ્વાયત સંસ્થા છે. તેની રચના ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ મુજબ થયેલ છે. સદરહું એક્ટમાં કોર્પોરેશનની ફરજીયાત તથા મરજીયાત ફરજોનું વર્ણન કરવામાં આવેલ છે અને સદર ફરજો અદા કરવા નાણાંકીય સાધનો ફાળવેલા છે. આ વિવિધ પ્રકારના કાર્યો કરવા માટે જે આવકના સાધનો છે તે પૈકી **પ્રોપર્ટી ટેક્ષ** આવકનું એક મુખ્ય સાધન છે. **સને ૧૯૮૫-૮૬ થી ૨૦૧૬-૧૭ દરમ્યાન થયેલ પ્રોપર્ટી ટેક્ષની વસુલાત અને સામાન્ય રેવન્યુ આવકમાં તેનું પ્રમાણ દર્શાવતુ પત્રક -૧ આ સાથે સામેલ છે.** (સદરહુ પત્રકમાં એજ્યુકેશન સેસની આવકનો સમાવેશ થયેલ નથી.) ઝોનવાઈઝ પ્રોપર્ટી ટેક્ષની છેલ્લા ૩ વર્ષની વસુલાત દર્શાવતુ **પત્રક-૨** આ સાથે સામેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટનું વિકેન્દ્રીકરણ કરવામાં આવતા અમદાવાદ શહેરના **અગાઉ કુલ ૫ (પાંચ) ઝોન બનાવવામાં આવેલ હતા.** ત્યારબાદ શહેરની હદમાં વધારો થતા **એક નવો ઝોન (નવા પશ્ચિમઝોન) બનાવવામાં આવેલ હતો. હાલમાં ઉત્તરઝોન, દક્ષિણઝોન, પૂર્વઝોન, પશ્ચિમઝોન, મધ્યઝોન અને નવા પશ્ચિમઝોન મળી કુલ ૬ ઝોન છે.** આ તમામ ઝોનલ કચેરીઓના ટેક્ષ વિભાગો દ્વારા તેમના ઝોન વિસ્તારમાં આવેલ અને જુદા-જુદા ટેક્ષ વોર્ડમાં સમાવિષ્ટ થયેલ રહેણાંક અને બિનરહેણાંક મિલકતોના પ્રોપર્ટી ટેક્ષની વસુલાત અંગેની કાર્યવાહી કરવામાં આવે છે.

માનનીય ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી (ટેક્ષ) ની સીધી દેખરેખ હેઠળ **ટેક્ષ મધ્યસ્થ કચેરીના એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રી ફરજ બજાવે છે. જેઓ સમગ્ર ટેક્ષ ખાતાની વહીવટી અને પોલીસી મેટર સંદર્ભેની કામગીરી સંભાળે છે.**

ટેક્ષ મધ્યસ્થ કચેરીના એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ હેઠળ ૬ (છ) ટેક્ષ ઝોનલ કચેરીઓમાં કુલ ૭ ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીઓ ફરજ બજાવે છે. ટેક્ષ-ઝોનલ કચેરીના પ્રોપર્ટી ટેક્ષ વિભાગમાં આસી. મેનેજરશ્રીઓ, સુપરવાઈઝરી સ્ટાફ તેમજ ફિલ્ડ સ્ટાફ ફરજ બજાવે છે.

જે તે ઝોનના ટેક્ષ-વોર્ડમાં કરદાતાઓના ટેક્ષ બીલોમાં જરૂરી સુધારા વધારા કરવા તેમજ તે અંગેના કોમ્પ્યુટર ફોર્મ ભરવાની કાર્યવાહી, વાંધા અરજીઓના નિકાલને કારણે આકારણીમાં ફેરફાર કરવાની કાર્યવાહી તેમજ મિલકતના પ્રકારમાં પડેલ ભાગલાને લીધે અથવા અન્ય કોઇ પણ કારણોસર જે કોઇ ફેરફાર થયેલ હોય તે અંગેની જરૂરી કાર્યવાહી જે તે વોર્ડના વોર્ડ ઇન્સ્પેકટરો તથા ડિવીઝનલ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીઓ દ્વારા કરવામાં આવે છે. આ સિવાય કરદાતાઓની નામ ટ્રાન્સફર, કબજા ફેરફાર, ખાલી-બંધ, સ્પેલીંગમાં સુધારો કરવો જેવી અરજીઓનો પણ નિયત સમય મયાદામાં નિકાલ કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન નાગરિકો દ્વારા ટેક્ષ ઝોનલ કચેરીઓમાં રજુ કરવામાં આવેલ કેટેગરી વાઇઝ અરજીઓ તથા નિકાલ થયેલ અરજીઓની માહિતી દર્શાવતુ **પત્રક-૩** આ સાથે સામેલ છે.

ટેક્ષ-ઝોનલ કચેરીઓના **પ્રોપર્ટી ટેક્ષ વિભાગ દ્વારા** ઝોન વિસ્તારમાં બનેલ નવી મિલકતોની આકારણી કરવામાં આવે છે અને કરદાતાઓને **ખાસ નોટિસ** બજાવવામાં આવે છે. **જે તે ઝોનના ડેપ્યુટી એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ હેઠળ** ડિવીઝનલ સુપ્રિન્ટેન્ડેન્ટ તેમજ વોર્ડ ઇન્સ્પેકટરો દ્વારા જે **તે મિલકતની સ્થળ**

તપાસ કરી, ટેક્ષની આકારણી કરવામાં આવે છે. જો મિલકતના ઉપયોગમાં ફેરફાર થયેલ હોય કે ભાડુઆત બદલાયા હોય અથવા બાંધકામમાં વધારો હોય તો તેવી મિલકતોની ફેર-આકારણી કરવામાં આવે છે અને **ખાસ નોટિસો** બજાવવામાં આવે છે.

મિલકતોની આકારણી બાબતે ટેક્ષ ખાતા દ્વારા દર વર્ષે જાહેરનામુ બહાર પાડવામાં આવે છે. અહેવાલી વર્ષમાં ટેક્ષ ખાતા દ્વારા કરદાતાઓને ઈસ્યુ કરવામાં આવેલ ટેક્ષ બીલો સામે કરદાતાઓ દ્વારા કરવામાં આવેલ વાંધા અરજીઓનો **જે તે ઝોનના ડેપ્યુટી એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીની સીધી દેખરેખ હેઠળ જે તે ઝોનના એપેલેટ ઓફિસરો મારફતે નિકાલ કરાવવામાં આવે છે.** એપેલેટ ઓફિસરો કરદાતાઓ પાસેથી જરૂરી પુરાવા મેળવી અને જરૂરિયાત મુજબ સ્થળ તપાસ કરી કરદાતાઓની વાંધા અરજીઓનો નિકાલ કરે છે. વાંધા અરજીઓનો નિકાલ થયા પછી અને માંગણા બીલો ઈસ્યુ થયા બાદ જે કરદાતાઓને અસંતોષ હોય તેવા કરદાતાઓ **સ્મોલકોઝ કોર્ટમાં દિન-૧૫ માં અપીલ કરી શકે છે.**

મિલકતની આકારણી થયા પછી ટેક્ષ ખાતા દ્વારા પ્રત્યેક મિલકતના ટેક્ષના માંગણા (ડિમાન્ડ) બીલો તેમજ ખાસ નોટિસો કોમ્પ્યુટર ખાતા પાસે તૈયાર કરવામાં આવે છે. સદરહું ટેક્ષ બીલો અને ખાસ નોટિસો સંદર્ભે કરદાતાઓ તરફથી કરવામાં આવતી વાધાં અરજીઓનો પણ જે તે ઝોનના એપેલેટ ઓફિસરો દ્વારા તાત્કાલિક નિકાલ કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેક્ષ ખાતાની વહીવટી સરળતા ખાતર અને કરદાતાઓને વધુ સારો ન્યાય મળી રહે તે હેતુથી **૫૦૦૦ એન્ટ્રી દીઠ એક ટેક્ષ વોર્ડની રચના કરવામાં આવેલ છે. હાલમાં ટેક્ષ વોર્ડની કુલ સંખ્યા ૨૯૨ છે.**

અહેવાલી વર્ષ **૨૦૧૬-૧૭** માં રહેણાંકની મિલકતો અને બિનરહેણાંકની મિલકતો મળી **કુલ ૧૯,૫૪,૯૯૪** મિલકતોના **ટેક્ષ બીલો કમ નોટિસો** કરદાતાઓને આપવામાં આવેલ, તેમાં બીલ ભરવાની છેલ્લી તારીખ ઝોનવાઈઝ અલગ-અલગ દર્શાવવામાં આવેલ હતી.

ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, ૧૯૪૯ ના સુધારા મુજબ **કલમ ૧૪૧-ક અનુસાર** નિયત તારીખ પછી માંગણા બીલની રકમ ઉપર **૧૮% લેખે દંડનીય વ્યાજ ઓનલાઈન ચાર્જ કરી વસુલ કરવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન બાકી ટેક્ષની વસુલાત કરવા કુલ ૧૫,૮૧૬ પ્રોપર્ટીઓને સીલ કરવામાં આવેલ હતી, જેની વિગતો નીચે મુજબ છે.**

ઝોન	સીલ કરેલ મિલકતોની સંખ્યા
મધ્ય ઝોન	૨૫૫૬
ઉત્તર ઝોન	૧૬૦૬
દક્ષિણ ઝોન	૨૫૭૫
પૂર્વ ઝોન	૧૩૫૮
પશ્ચિમ ઝોન	૪૬૯૦
નવા પશ્ચિમ ઝોન	૩૦૩૧
કુલ	**૧૫૮૧૬**

સને ૨૦૧૬-૧૭ ના અહેવાલી વર્ષમાં પ્રોપર્ટી ટેક્ષ પેટે **ચાલુ બાકી રૂા.૮૮૧.૧૦ કરોડ** તેમજ **પાછલી બાકી રૂા. ૧૮૫૭.૬૯ કરોડ મળી કુલ રૂા.૨૭૩૮.૭૯ કરોડ માંગણુ (ડિમાન્ડ) હતુ,** જેમાંથી અહેવાલી વર્ષમાં **કુલ રૂા.૮૩૩.૪૬ કરોડ પ્રોપર્ટી ટેક્ષની** વસુલાત થયેલ છે.

કરદાતાઓને પોતાના રહેઠાણથી દૂર સુધી જવુ ના પડે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા **કુલ ૫૮ સીટી સિવીક સેન્ટરો કાર્યરત કરવામાં આવેલ છે.** સદર સિવીક સેન્ટરો પર તમામ પ્રકારના મ્યુનિસિપલ ટેક્ષ ઉપરાંત પ્રોપર્ટી ટેક્ષના નાણાં સ્વીકારવામાં આવે છે તથા કરદાતાઓને પહોંચો (રસીદો) આપવામાં આવે છે.

એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ડિપાર્ટમેન્ટની ટેક્ષ મધ્યસ્થ કચેરીના **થિયેટર શો ટેક્ષ વિભાગ દ્વારા** શહેરમાં ચાલતા સિનેમા થિયેટરો પાસેથી **શો ટેક્ષ** વસુલ લેવામાં આવે છે. **ગુજરાત સરકારે જે ચલચિત્રોને કર મુકિત આપી હોય તેવા ચલચિત્રોને 'શો ટેક્ષ' માંથી મુકિત આપવામાં આવે છે. અહેવાલી વર્ષ દરમ્યાન થિયેટર શો ટેક્ષની આવક રૂા.૮૮,૩૪,૬૭૫/- થયેલ છે.**

ધંધાર્થે વપરાતા પાણી અંગે **અગાઉ** મીટરથી કનેકશનો આપી **'વોટર મીટર ટેક્ષ'** વસુલ કરવામાં આવતો હતો. મીટરથી અપાતા વોટર કનેકશનો માટે મીટર રીડર તથા સીનીયર મીટર રીડરની દેખરેખ હેઠળ મીટર રીડીગ લઇ **જે તે સમયે** કોમ્પ્યુટરાઇઝ બીલો તૈયાર કરવામાં આવતા હતા તથા તેની વસુલાત માટે જરૂરી પગલાં ભરવામાં આવતા હતા. **સ્ટેન્ડિંગ કમિટી ઠરાવ નં. ૯૨૩ તા. ૦૧.૧૨.૨૦૦૧** અનુસાર જુની વોટર મીટર પધ્ધતિની જગ્યાએ **હવે પ્રો-રેટા ચાર્જીસ આધારિત પધ્ધતિ** અપનાવવામાં આવેલ છે.

રાજય સરકારશ્રી દ્વારા ધી ગુજરાત એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ (એમેન્ડમેન્ટ) એકટ,૨૦૧૪ (ગુજ.૧૮ ૨૦૧૪) નોટીફીકેશન નં. GHT/2014/23/mnr/102014/968/A તા. ૨૦-૦૯-૨૦૧૪ અન્વયે તા.૧-૧૦-૨૦૧૪ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં કેબલ ઓપરેટરો દ્વારા કેબલ ટી.વી. કનેકશન આપેલ હોય તેવા એક કનેશન દીઠ માસિક રૂા.૬/- લેખે ત્રિમાસિક ધોરણે મનોરંજન કર ઉઘરાવવાની અને પોતાની પાસે રાખવાની સત્તા અ.મ્યુ.કોર્પોરેશનને સોંપવામાં આવેલ છે. **અહેવાલી વર્ષ દરમ્યાન મનોરંજન કરની આવક રૂા. ૧,૩૫,૨૦,૭૯૮/- થયેલ છે.**

પત્રક-૧

પ્રોપર્ટી ટેક્ષની વસુલાત અને સામાન્ય રેવન્યુ આવકમાં તેનુ પ્રમાણ દર્શાવતુ પત્રક

(રૂપિયા લાખમાં)

અ.નં.	વર્ષ	સામાન્ય રેવન્યુ	ટેકસની વસુલાત	ટેકસનુ પ્રમાણ
૧	૧૯૮૫/૮૬	૭૦૮૮.૭૬	૧૬૪૪.૯૦	૨૩.૨૦ %
૨	૧૯૮૬/૮૭	૯૭૮૦.૭૬	૧૮૦૩.૯૯	૧૮.૪૪ %
૩	૧૯૮૭/૮૮	૯૭૪૦.૩૫	૨૨૪૭.૬૧	૨૩.૦૮ %
૪	૧૯૮૮/૮૯	૧૧૯૫૬.૪૭	૨૬૭૮.૦૬	૨૨.૪૦ %
૫	૧૯૮૯/૯૦	૧૩૫૪૫.૨૧	૩૦૨૦.૧૨	૨૨.૩૦ %
૬	૧૯૯૦/૯૧	૧૪૮૬૬.૩૮	૩૧૧૨.૨૬	૨૦.૯૩ %
૭	૧૯૯૧/૯૨	૧૭૪૬૫.૫૨	૩૬૨૨.૦૯	૨૦.૭૪ %
૮	૧૯૯૨/૯૩	૧૯૮૮૮.૦૧	૩૭૫૮.૩૧	૧૮.૯૦ %
૯	૧૯૯૩/૯૪	૨૧૯૭૬.૦૬	૪૭૦૮.૩૪	૨૧.૪૨ %
૧૦	૧૯૯૪/૯૫	૨૮૫૪૬.૪૨	૭૩૫૮.૫૦	૨૫.૭૮ %
૧૧	૧૯૯૫/૯૬	૩૫૬૦૯.૪૨	૮૧૯૧.૭૪	૨૩.૧૩ %
૧૨	૧૯૯૬/૯૭	૩૮૯૮૨.૪૨	૯૪૪૮.૫૨	૨૪.૨૪ %
૧૩	૧૯૯૭/૯૮	૪૨૦૭૩.૩૨	૯૯૦૯.૧૯	૨૩.૫૫ %
૧૪	૧૯૯૮/૯૯	૫૬૩૪૬.૮૨	૧૨૨૪૮.૧૪	૨૧.૭૪ %
૧૫	૧૯૯૯/૦૦	૫૫૮૪૫.૬૧	૧૧૯૪૫.૨૪	૨૧.૩૯%
૧૬	૨૦૦૦/૦૧	૫૬૨૫૮.૪૪	૯૭૮૨.૦૫	૧૩.૩૮%
૧૭	૨૦૦૧/૦૨	૫૦૮૧૪.૮૮	૧૨૧૫૧.૦૦	૨૩.૯૧%
૧૮	૨૦૦૨/૦૩	૫૨૮૯૨.૦૦	૧૨૩૮૦.૧૮	૨૩.૪૧%
૧૯	૨૦૦૩/૦૪	૬૬૬૯૦.૦૦	૧૩૯૨૦.૨૭	૨૦.૮૭%
૨૦	૨૦૦૪/૦૫	૮૦૬૨૨.૫૮	૧૭૫૮૫.૪૧	૨૦.૯૬%
૨૧	૨૦૦૫/૦૬	૮૯૭૮૬.૩૯	૨૦૪૫૬.૯૮	૨૧.૯૭%
૨૨	૨૦૦૬/૦૭	૧૧૯૬૦૪.૨૯	૨૨૩૬૮.૦૮	૨૦.૦૧%
૨૩	૨૦૦૭/૦૮	૧૪૦૦૯૦.૦૦	૨૪૨૬૭.૩૭	૧૭.૩૨%
૨૪	૨૦૦૮/૦૯	૧૫૨૨૬૩.૦૭	૨૯૦૭૩.૬૩	૧૯.૦૯%
૨૫	૨૦૦૯/૧૦	૧૬૧૦૯૦.૦૦	૩૬૧૩૯.૦૮	૨૨.૪૩%
૨૬	૨૦૧૦/૧૧	૧૮૩૯૩૧.૯૯	૪૦૨૮૯.૪૮	૨૧.૯૦%
૨૭	૨૦૧૧/૧૨	૨૦૮૧૬૫.૦૦	૪૧૪૫૯.૫૦	૧૯.૯૨%
૨૮	૨૦૧૨/૧૩	૨૧૧૭૩૩.૦૦	૪૦૯૨૭.૬૬	૧૯.૩૨%
૨૯	૨૦૧૩-૧૪	૨૫૩૮૧૫.૯૫	૫૪૧૫૭.૩૬	૨૧.૩૪%
૩૦	૨૦૧૪-૧૫	૩૧૧૮૨૨.૦૭	૬૩૮૪૩.૪૫	૨૦.૪૭%
૩૧	૨૦૧૫-૧૬	૩૪૦૩૨૦.૦૦	૬૪૬૧૪.૬૨	૧૮.૯૮%
૩૨	૨૦૧૬-૧૭ (provisional)	૩૪૦૬૦૩.૦૦	૭૨૮૩૮.૨૮	૨૧.૩૮%

પત્રક ૨

ઝોન વાઈઝ પ્રોપર્ટી ટેક્સની છેલ્લા ૩ વર્ષની વસુલાતની માહિતી દર્શાવતું પત્રક

(રૂા. લાખમાં)

અ.નં.	ઝોન	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭
૧	૨	૩	૪	૫
૧	મધ્ય ઝોન	૯૨૬૬.૨૧ (૧૪.૫૧)	૯૪૫૨.૮૬ (૧૪.૬૩)	૧૦૪૭૭.૩૯ (૧૪.૩૮)
૨	ઉત્તર ઝોન	૫૫૨૪.૯૧ (૮.૬૫)	૫૪૧૮.૬૩ (૮.૩૯)	૬૯૦૮.૦૯ (૯.૪૮)
૩	દક્ષિણ ઝોન	૬૭૫૭.૯૮ (૧૦.૫૯)	૬૫૫૯.૬૨ (૧૦.૧૫)	૭૬૧૪.૩૯ (૧૦.૪૫)
૪	પૂર્વ ઝોન	૭૦૪૨.૭૬ (૧૧.૦૩)	૭૨૮૯.૮૮ (૧૧.૨૮)	૮૪૮૮.૫૩ (૧૧.૬૫)
૫	પશ્ચિમ ઝોન	૧૭૫૯૧.૬૬ (૨૭.૫૫)	૧૭૨૮૫.૯૯ (૨૬.૭૫)	૧૮૨૦૭.૨૧ (૨૫.૦૦)
૬	નવા પશ્ચિમ ઝોન	૧૭૬૫૯.૯૩ (૨૭.૬૬)	૧૮૬૦૭.૬૨ (૨૮.૮૦)	૨૧૧૪૨.૬૭ (૨૯.૦૩)
કુલ		૬૩૮૪૩.૪૫ (૧૦૦.૦૦)	૬૪૬૧૪.૬૨ (૧૦૦.૦૦)	૭૨૮૩૮.૨૮ (૧૦૦.૦૦)

પત્રક- ૩

વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન કરદાતાઓ તરફથી ટેક્ષ વિભાગને કરવામાં આવેલ કેટેગરીવાઈઝ અરજીઓ તથા નિકાલ થયેલ અરજીઓની આંકડાકીય માહિતી દર્શાવતુ પત્રક

અ.નં.	કેટેગરી	કુલ મળેલ અરજી	કુલ નિકાલ થયેલ અરજી	કુલ બાકીઅરજી
૧	એપેલેટ અરજી	૭૫	૭૫	૦
૨	મિલકતવેરા અંગેની ફરિયાદ	૪૭૯	૪૭૪	૫
૩	ટેસ આકારણી ઘટાડવા અંગે	૨૬૩૦૧	૨૬૨૧૯	૮૨
૪	ટેકસ વિભાજન	૮૭૬૦	૮૭૧૩	૪૭
૫	ડુપ્લીકેટ બીલ અંગે	૪૭૭૨	૪૭૩૪	૩૮
૬	ટેકસ જનરલ	૧૫૮૧૮	૧૫૭૪૮	૭૧
૭	નવી આકારણી	૨૪૦૮૬	૨૩૯૨૧	૧૬૫
૮	નવા કબજેદાર અંગે	૨૫૭૫૩	૨૫૬૯૮	૫૫
૯	વપરાશ બદલવા અંગે	૬૦૭૬	૫૯૬૯	૧૦૭
૧૦	ખાલી મિલકત અંગે	૨૪૯૪૦	૨૪૮૨૩	૧૧૭
૧૧	નામ ટ્રાન્સફર અંગે	૩૭૨૯૫	૩૭૨૪૮	૪૭
૧૨	**કુલ**	**૧૭૪૩૫૫**	**૧૭૩૬૨૨**	**૭૩૩**

૨.૪ ગુમાસ્તાધારા
સને ૨૦૧૬-૧૭

રાજ્ય સરકારશ્રીના શિક્ષણ અને મજુર ખાતુ (શ્રમ અને રોજગાર વિભાગ) જાહેરનામુ સચિવાલય, અમદાવાદ તા.૯મી એપ્રિલ, ૧૯૬૩ થી મુંબઇ દુકાન અને સંસ્થા અધિનિયમ-૧૯૪૮ થી મ્યુનિસિપલ કમિશનરશ્રીને આપેલ સત્તા અન્વયે નિયમો અને જોગવાઇઓ/કલમોનું પાલન કરવા જણાવવામાં આવેલ છે. શ્રમ અને રોજગાર વિભાગ તથા મજુર કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય તરફથી વખતો-વખતના આદેશો અને પરિપત્રોને અનુસરી અમદાવાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં કામગીરીઓ કરવામાં કે અમલ કરવામાં આવે છે.

ગુમાસ્તાધારા ખાતાની કામગીરીનું કાર્યક્ષેત્ર ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (ગુમાસ્તાધારો) ને લગતી મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ક્ષેત્રીય વિસ્તારનું છે. મુંબઇ દુકાન સંસ્થા અધિનિયમ,૧૯૪૮ કોઇ પણ ધંધો, વેપાર અથવા વ્યવસાય કરતી હોય અથવા કોઇ ધંધો, વેપાર અથવા વ્યવસાય ને લગતો અથવા આનુસાંગિક અથવા સહાયક કામ કરતી હોઇ તેવી સંસ્થાને આ અધિનિયમ લાગુ કરવામાં આવ્યો છે.ગુમાસ્તાધારા ખાતા દ્વારા ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે કરવાનાં થતા સંસ્થાઓના રજીસ્ટ્રેશન તથા રીન્યુઅલ સહિતની આ અધિનિયમ સબંધિત કામગીરી કરવામાં આવે છે.

વર્ષ દરમ્યાનની વહીવટી કામગીરીની રૂપરેખા નીચે મુજબ છે.

ગુમાસ્તાધારા વિભાગની મધ્યસ્થ કચેરી લેવલેથી થતી કામગીરી

૧) વાર્ષિક વહીવટી અહેવાલ, સરકારી પત્રોના જવાબો કરવા અંગેની કામગીરી

૨) કોર્પોરેશનના વિવિધ ખાતાઓ જેવા કે આયોજન અને આંકડા ખાતુ, કોમ્પ્યુટર ખાતુ, વિજીલન્સ ખાતુ, વિગેરે તેમજ શ્રમ અને રોજગાર કચેરી, પોલીસ ખાતા વિગેરે તરફથી વખતો વખત મંગાવાતી માહિતી ઝોનલ લેવલેથી પુરી પાડવા સંકલનની કામગીરી

૩) અમદાવાદ શહેર જીલ્લામાં બાળશ્રમયોગી પ્રથાની નાબુદી કરવા અંગેની જીલ્લા કલેકટરશ્રી નાં અધ્યક્ષ પદે યોજાતી મિટીંગોની સુચના તથા માર્ગદર્શન અનુસારની અ.મ્યુ.કોનાં ક્ષેત્રીય વિસ્તારને લગતી કરવાની થતી સંકલનની કામગીરી.

૪) ગુમાસ્તાધારા વિષયક કન્ટીજન્સીની કામગીરી

૫) દવાની દુકાનો ૨૪ કલાક ખુલ્લી રાખવા માટેની પરવાનગી માંગતી ફાઇલોની મંજુરી લઇ પરવાનગી આપવાની કામગીરી વેપારી પેઢીઓએ રજા રાખવા અંગે વખતો વખત દૈનિક અખબારમાં જાહેરાત આપવાની કાર્યવાહી, ઇલેક્શન (ચૂંટણી) ના સંજોગોમાં ગુમાસ્તાઓને રજા આાપવા અંગેની પ્રેસ નોટ તૈયાર કરી છપાવવા અંગેની કાર્યવાહી.

૬) પોલીસી મેટર અંગેની કામગીરીઓ ગુમાસ્તાધારા વિભાગની મધ્યસ્થ કચેરી દ્વારા હાથ ધરવાની થાય છે. ગુમાસ્તાધારા વિભાગમાં આર.ટી.આઇ. તેમજ અન્ય બાબતોની અરજીઓનો નિકાલ કરવો.

(૮) મુંબઇ દુકાન અને સંસ્થા અધિનિયમ-૧૯૪૮ તથા ગુજરાત દુકાન અને સંસ્થા (કર્મચારી જીવન વીમા) અધિનિયમ-૧૯૮૦માં જણાવેલ નિયમો અને કલમો મુજબ દુકાનો, વેપારીઓ, સંસ્થાઓ પાસે ઝોનલ વ્યવસ્થા તંત્ર મારફતે પાલન કરાવવાની કામગીરી

મ્યુનિ.કોર્પોરેશનની હદમાં આવેલી સંસ્થાઓ દા.ત. વેપારી પેઢીઓ, હોટલો, થિયેટરો વગેરે તથા અન્ય સંસ્થાઓ ઉપર લગાવેલા ઝુલતા પાટીયા 'સાઈનબોર્ડ' ની નોંધણી તથા પરવાનગી ફી તથા આ એક્ટ હેઠળ આવતી સંસ્થાઓની લાયસન્સ ફી, રીન્યુઅલ ફી વસુલ કરવા અંગેની કાર્યવાહી આ ખાતા મારફતે સિવિક સેન્ટરોમાં કરવામાં આવે છે.

(૯) રાજય સરકાર લેવલે હાથ ધરાયેલ *ઈઝ* ઓફ ડુઈંગ અંતર્ગતની ifpportal ની પેન્ડીગ અરજીઓનાં નિયત સમાર્યદામાં નિકાલ કરવાની કામગીરી

ઝોન લેવલે કરવામાં આવતી કામગીરી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકનાં ક્ષેત્રિય વિસ્તારમાં ગુમાસ્તાધારા વિષયક અમલીકરણને તમામ આનુષાંગિક કામગીરી ઝોનલ ટેક્ષ ખાતા હસ્તક પ્રોફેશન ટેક્ષ તથા ગુમાસ્તાધારા વિભાગ દ્વારા કરવામાં આવે છે. જેમાં જે તે ઝોનલ ક્ષેત્રિય વિસ્તાર હેઠળનાં ગુમાસ્તા ધારા અંતર્ગતનાં રજિસ્ટ્રેશન/લાયસન્સ વિષયક રજિસ્ટ્રેશન, રિન્યુઅલ, સુધારા/વધારા, ડુપ્લીકેશન, ઈન્સ્પેકશન સહિતનાં ગુમાસ્તા ધારાને લગતા તમામ આનુષાંગિક કાર્યો અને ફરજોનો સમાવેશ થાય છે.

અ.નં	ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશનની વિગત	સને૨૦૧૫-૧૬ તા.૩૧/૦૩/૨૦૧૬ની સ્થિતિએ		સને ૨૦૧૬-૧૭ તા.૩૧/૦૩/૨૦૧૭ ની સ્થિતિએ		તફાવત સને ૧૬-૧૭ માં થયેલ વધઘટ	
		સંખ્યા	આવક	સંખ્યા	આવક	સંખ્યા	આવક
		A	B	C	D	E (C-A)	F (D-B)
૧	રીન્યુઅલ	૧૪,૨૮૪	૧૬,૯૨,૪૯૫	૧૮,૨૮૦	૨૨,૩૪,૩૮૦	૩,૯૯૬	૫,૪૧,૮૮૫
૨	નવા રજીસ્ટ્રેશન	૧૬૭૩૨	૪,૪૮,૮૬૦	૨૪,૬૩૩	૫,૯૬,૯૬૦	૭૯૦૧	૧,૪૮,૧૦૦
૩	મોડીફીકેશન	૨૬૬૭	૧૭૧૫૭	૩૮૫૭	૨૬,૮૩૭	૧૧૯૦	૯,૬૮૦
૪	ડુપ્લીકેટ	૯૫	૨૨૫	૯૩	૩૯૦	-૨	૧૬૫
૫	ઈન્સ્યુરન્સ	૦૦	૦૦	૦૩	૨૨૮	૦૩	૨૨૮
૬	સાંઈન બોર્ડ	૨૧૩	૧૯૬૦૦	૦૧	૨,૨૨,૪૦૦	૨૧૨	૨,૦૨,૮૦૦
	કુલ	૩૩૯૯૧	૨૧,૭૮,૩૩૭	૪૬,૮૬૭	૩૦,૮૧,૧૯૫	૧૨૮૭૬	૯,૦૨,૮૫૮

ગુમાસ્તા ધારા વિભાગનાં મંજુર થયેલ મહેકમ/શીડયુલની જગ્યાની માહિતી દર્શાવતું પત્રકઃ

ગુમાસ્તાધારા ખાતુ			શીડયુલ નંઃ ૩૭		
અ.નં	હોદ્દો	ગ્રેડ	શીડયુલ મુજબની મંજુર થયેલ કુલ જગ્યાની સંખ્યા	શીડયુલ મુજબની ખાલી જગ્યાની સંખ્યા	શીડયુલ મુજબની ભરેલી જગ્યાની સંખ્યા
૧	CHIEF SHOPS INSPECTOR	9300/34800 GP 4600 PB2	1	1	
૨	HEAD CLERK	9300/34800 GP 4200 PB1	1	1	
૩	ACCOUNTANT	9300/34800 GP 4200 PB1	1	1	
૪	SHOPS INSPECTOR	9300/34800 GP 4200 PB1	17	17	
૫	RENEWAL INSPECTOR	9300/34800 GP 4200 PB1	6	6	
૬	JR.SHOP INSPECTOR	5200/20200 GP 2400 PB1	2	2	
૭	SR.CLERK	5200/20200 GP 2400 PB1	2	1	1
૮	JR.CLERK	5200/20200 GP 1900 PB1	9	9	
૯	PEON	4440/7440 GP 1300 IS	4	4	
★	Total		43	42	1

★આ માહિતી પૂરી પાડવાનો હેતુ અગાઉ ગુમાસ્તા ધારા ખાતાની કામગીરી વખતેનાં મંજુર મહેકમની વિગતો જણાવવાનો છે. ગુમાસ્તા ધારા વિષયક અમલીકરણને લગતી તમામ આનુષાંગિક કાર્યો તથા ફરજો ઝોનલ કચેરી હસ્તકનાં પ્રોફેશન ટેક્ષ અને ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા કરાય છે.

સને ૧૯૪૮ ના બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટની કલમ ૭૧ મુજબ ગુમાસ્તાધારા ખાતા તરફથી પ્રતિ વર્ષ રીપોર્ટ મ્યુનિ.કમિશ્નરશ્રીને મોકલવામાં આવે છે.સદર રીપોર્ટ કેલેન્ડર વર્ષ એટલે કે એપ્રિલ-૧૬ થી માર્ચ-૧૭ સુધીનો હોય છે.

૨.૫ કોમ્પ્યુટર ખાતુ
સને ૨૦૧૬-૨૦૧૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોમ્પ્યુટર વિભાગ દ્વારા તેની ચાલુ સિસ્ટમ્સ જેવી કે પ્રોપર્ટી ટેક્ષ, વ્હીકલ ટેક્ષ, પે-રોલ, એફ.એ.એસ. વિગેરેને નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન સફળતાપૂર્વક સંચાલન કરી જરૂરી આઉટપુટ સમયાંતરે લેવાની કામગીરી સંપૂર્ણપણે સમયમર્યાદામાં ચોકસાઇપૂર્વક કરી જે તે ખાતાની જરૂરીયાત મુજબ કામગીરી કરેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોની પાયાની જરૂરીયાતોની કામગીરીમાં પારદર્શકતા લાવવા તથા સવલતો પૂરી પાડવા ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ દ્વારા તમામ ઝોનનું લીઝ લાઇન દ્વારા લીંક અપ કરી કોમ્પ્યુટરાઇઝેશન હેઠળ નીચેની સુવિધા આવરી લેવામાં આવેલ છે.

ઈન્ફર્મેશન ટેકનોલોજીનો વ્યવહારૂ ઉપયોગ ખૂબ જ મહત્ત્વનો બની રહે છે. જેના સંદર્ભે ૨૦૧૬-૧૭ ના વર્ષ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા વોર્ડમાં કુલ ૫૬ સિવિક સેન્ટર તેમજ દાણાપીઠ, મેમનગર, આર.ટી.ઓ અને વિરાટનગર ખાતે એક-એક એમ કુલ ચાર ટેક્ષ કલેક્શન સેન્ટર સહિત કુલ ૬૦ સેન્ટર્સ કાર્યરત કરવામાં આવેલ છે. સદર તમામ સિવિક સેન્ટરને લીઝ લાઈન વડે કનેક્ટ કરવામાં આવેલ છે. જેથી કોઈ પણ ઝોનનો કરદાતા કોઈ પણ સેન્ટર ખાતે નાણાં ભરી શકે તેમજ ફરિયાદ નોંધાવી શકે છે. તદુપરાંત નાગરિકો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ www.ahmedabadcity.gov.in તથા AhmedabadAMC (mobile App) પરથી ઓન લાઇન ટેક્ષ, પ્રોપર્ટી ટેક્ષ, વ્યવસાય વેરા પેમેન્ટ કરી શકે તે અંગેની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. નાગરિકોને સિવિક સેન્ટર પરથી નીચે જણાવેલ સવલતો મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- પ્રોપર્ટી ટેક્સ કલેક્શન
- વ્યવસાય વેરા કલેક્શન
- વ્હીકલ ટેક્સ કલેકશન
- બલ્ડિંગ પ્લાન એપ્રુવલ
- જન્મ-મરણ નોંધણીની નકલની પ્રાપ્તિ
- ગુમાસ્તાધારા સર્ટીફીકેટ
- હેલ્થ લાયસન્સ
- હોકર્સ લાયસન્સ
- રાઈટ ટુ ઈન્ફોર્મેશન અરજી સ્વીકાર
- હોલ બુકીંગ
- ટેક્ષ ખાતાની અરજીનો સ્વીકાર

- ટી.ડી.ઓ. ફી
- એ.એમ.ટી.એસ. બસ પાસ

ઇ-ગવર્નન્સ ખાતા દ્વારા શરૂ કરવામાં આવેલ ફરિયાદ નિવારણ વ્યવસ્થા **(CCRS)** Comprehensive Complaint Redressal System અંતર્ગત વિવિધ માધ્યમો દ્વારા અ.મ્યુ.કોની સેવાઓને લગતી ફરિયાદ નોંધી શકાય છે. ટેલિફોન નંબર ૧૫૫૩૦૩ ઉપર નાગરિકો તેમની ફરિયાદો નોંધાવી શકે છે. વધારે માહિતી www.amccrs.com પર ઉપલબ્ધ છે.

- કમ્પ્લેઇન રીડ્રેસલ સિસ્ટમ હેઠળ પાયાની સવલતો જેવી કે પાણી,ગટર,રસ્તા,સ્ટ્રીટ લાઇટ,ગાર્ડન,ઢોરના ત્રાસ વગેરે કમ્પલેઇનની નોંધણી.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓના પ્રોવિડન્ડ ફંડની સંપૂર્ણ ૨૦૧૬-૧૭ અંતિમ માહિતી વેબસાઇટ પર ઉપલબ્ધ કરવામાં આવી છે.
- અમદાવાદ શહેરમાં સને ૨૦૦૪-૦૫ થી "હોકર્સ લાયસન્સ" સિવિક સેન્ટર્સ પરથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ૯૦૦ હોકર્સ લાયસન્સ ઇસ્યુ કરી કુલ રૂા.૭,૮૭,૭૫૦/- વસુલ કરેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ www.ahmedabadcity.gov.in દ્વારા નાગરિક ઘરે બેઠા પણ મ્યુ.કોર્પો.ને લગતી વિવિધ માહિતી મેળવી શકે તેમજ ફરીયાદ નોંધાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવાયેલ છે.
- પે-રોલ સિસ્ટમમાં કર્મચારીઓનાં પગારબીલ,પગાર સ્લીપ,કપાત પત્રકો વિગેરે દર માસે નિયમિત સમયમર્યાદામાં છાપી જે તે વિભાગના કર્મચારીઓને અલગ અલગ ઇસ્યુ કરેલ છે.મકાન એડવાન્સ,વાહન એડવાન્સની કર્મચારી વાઇઝ વાર્ષિક હિસાબી સ્લીપ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે છાપી આપવામાં આવેલ છે. આ ઉપરાંત કર્મચારીઓની ૨૦૧૬-૧૭ ના વર્ષ માટે સી.પી.એફ.,જી.પી.એફ.ની સ્લીપો સમયસર પ્રિન્ટીંગ કરી આપેલ છે. પે-રોલ સિસ્ટમના અનુસંધાનમાં દર માસે વિવિધ ક્રેડિટ સોસાયટીઓની કપાત, મ્યુનિ.કર્મચારીઓની લોન કપાત પત્રકોનું ડેટા અપડેટ કરવામાં આવે છે. વર્ગ ૧-૨-૩-૪ ના કર્મચારીઓનો પગાર ફરજિયાત બેંક મારફતે ચુકવવાની કામગીરી ચાલુ રાખી કર્મચારીઓના બેંક ફોર્મની ડેટા એન્ટ્રી તથા ચેકિંગ કરી પે-રોલ પ્રોસેસ કરેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ ઝોનના કોમર્શીયલ તેમજ રેસીડેન્સીયલ પ્રોપર્ટી ટેક્ષનાં બીલો, છેલ્લી ચેતવણીની નોટીસો તથા ચતુવર્ષિય આકારણીના આકારણી પત્રકોનું પ્રિન્ટીંગ કોમ્પ્યુટર ખાતા મારફતે કરવામાં આવે છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ www.ahmedabadcity.gov.in ના વેબસાઇટ અપડેશન જે-તે ખાતાની સૂચના મુજબની કામગીરી પણ નિયમિત રીતે કરેલ છે.
- રીટાયરમેન્ટ બેનીફીટ સિસ્ટમને એકાઉન્ટ્સ વિભાગમાં સર્વર તથા નેટવર્કીંગની મદદથી પેન્શન, પી.એફ., ગ્રેજ્યુઇટી, હક્કરજાના હિસાબો તથા જી.આઇ.એસ.ના મોડયુલને આવરી લઇ આ તમામના

ગુજરાતી ભાષામાં રીપોર્ટ તૈયાર કરી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરી નાણા વિભાગ મારફતે અમલીકૃત કરાવેલ છે.

- ઓડિટ વિભાગને સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝેશન હેઠળ આવરી લઇ ઓડિટ વાંધાઓ, તેના નિકાલ તથા વાર્ષિક અહેવાલ કોમ્પ્યુટર ઉપર નેટવર્કીંગ દ્વારા તૈયાર કરી શકાય તેવી વ્યવસ્થા કરી આપેલ છે.
- નાણા વિભાગના માસિક અહેવાલો, બજેટ તથા અહેવાલોના પત્રકોને નાણા વિભાગની જરૂરીયાત મુજબ કોમ્પ્યુટરાઇઝ કરી પ્રિન્ટ કરી શકાય તેવી વ્યવસ્થા પ્રોગ્રામીંગ દ્વારા ઉપલબ્ધ કરી આપેલ છે.
- ફાઇનાન્સીયલ એકાઉન્ટીંગ સિસ્ટમમાં નાણાંકીય વર્ષ દરમ્યાન માસિક રીકન્સીલેશન, રિપોર્ટ મોડીફીકેશન, એબસ્ટ્રેક લોડીંગ અને અપડેશન તથા ફાઇનલ પ્રોસેસીંગ નિયમિત રીતે કરી આપવામાં આવ્યું. માસિક હિસાબો ગુજરાતીમાં અને ત્રિમાસિક બજેટ સુધારા અને તેના અપડેશનની કામગીરી પણ સમયસર કરી આપવામાં આવી.
- એકાઉન્ટ માસ્ટર તેમજ બજેટ કન્ટ્રોલની એન્ટ્રી અને મોડીફીકેશનની કામગીરી તેમજ નાણાં વિભાગની માગણી મુજબના રિપોર્ટ તૈયાર કરી આપવામાં આવ્યા.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વહીવટી કામગીરીને વધુ પારદર્શક બનાવવા સારૂ કર્મચારીઓને સંબંધીત વહીવટી આદેશો, વેબસાઇટ ઉપર એમ્પલોઇ ઓર્ડરના ફોલ્ડરમાં મૂકવાની કાર્યવાહી કરેલ છે. આ હુકમો કોઇપણ વ્યક્તિ ઇન્ટરનેટ તથા ઇન્ટ્રાનેટના માધ્યમ દ્વારા જોઇ શકે તેવી વ્યવસ્થા કરેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદાજુદા વિભાગો દ્વારા ટેન્ડર જાહેરાતો સમાચારપત્રોમાં અપાતી હતી. આ ટેન્ડર જાહેરાતોને વૈશ્વિક સ્તરે પ્રસારણ મળે અને કોર્પોરેશનને વધુ સારી ઓફરો મળી રહે તે સારૂ તમામ વિભાગનાં ટેન્ડર્સ અત્રેની વેબસાઇટ ઉપર ઉપર લોડ કરી મૂકવામાં આવેલ છે. જેથી ઇન્ટરનેટ દ્વારા કોઇપણ વ્યક્તિ ટેન્ડર જાહેરાત, ટેન્ડર ફોર્મ વાંચી શકે નકલ ડાઉનલોડ કરી શકે, અને અમ.મ્યુ.કોર્પો.ને વધુ સારી ઓફર મળી શકે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો મારફતે વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ગુમાસ્તાધારાનાં ૧૮,૨૮૦ પ્રમાણપત્રો રીન્યુઅલ કરવામાં આવ્યા, ૪૪,૩૧૭ પ્રમાણપત્રો નવા ઇસ્યુ કરવામાં આવ્યા, ૩,૮૫૭ પ્રમાણપત્રોના સુધારા કરી આપવામાં આવ્યા તથા ૯૩ ડુપ્લીકેટ પ્રમાણપત્રો ઇસ્યુ કરવામાં આવ્યાં.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો મારફતે વર્ષ દરમિયાન કુલ ૧,૮૯,૭૪૫ જન્મ-મરણ પ્રમાણપત્ર માટેની અરજીઓનો નિકાલ કરાયેલ છે.તથા તેની ફી મારફતે રૂા.૧,૩૧,૨૩,૨૯૫/- નાણાં ખાતે જમા આપેલ છે.જેની વિગત સામેલ પત્રક દ્વારા આપેલ છે.
- વર્ષ દરમિયાન ટી.ડી.ઓ. ફીની કુલ ૧૬,૧૪૫ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૮,૦૭૧,૫૪૭,૦૬૪/- આવક મળેલ છે.
- સિવિક સેન્ટરમાં હોલ બુકીંગ મોડયુલ કાર્યરત કરેલ છે જેમાં કુલ ૪,૮૪૮ ટ્રાન્ઝેક્શન્સ દ્વારા કુલ રૂા.૪૫,૨૩૮,૯૦૬/- આવક મળેલ છે.
- ઇમ્પેક્ટ ફીની કુલ ૫૭૨૨ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૨૯,૪૮,૧૭,૬૭૧/- ની આવક મળેલ છે.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વીમીંગ પુલની કુલ ૫૭,૫૨૬ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૩૪,૪૯૧,૦૧૦/- ની આવક મળેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જીમ્નેશીયમની કુલ ૨૫,૫૭૯ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૪૫,૯૬,૧૮૦/- ની આવક મળેલ છે.
- પ્રોપર્ટી ટેક્ષ નામ ટ્રાન્સફર ફીની કુલ ૨૭,૬૯૩ રીસીપ્ટો દ્વારા કુલ રૂા.૧,૯૩,૦૭,૪૦૮/- ની આવક મળેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો તથા ઓનલાઇન કલેક્શન મારફતે વર્ષ દરમિયાન કુલ ૧,૨૧૯,૦૩૧ રીસીપ્ટો દ્વારા રૂા.૮,૪૨૭,૬૫૬,૪૨૬/- પ્રોપર્ટી ટેક્ષ વસુલ કરી નાણાં ખાતે જમા આપેલ છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ અન્વયે ઉભા કરાયેલ સિવિક સેન્ટરો મારફતે વર્ષ દરમિયાન કુલ ૨,૪૧,૮૦૬ રીસીપ્ટો દ્વારા રૂા.૧૪,૮૧,૧૪૧,૨૭૮/- વ્યવસાય વેરો વસુલ કરી નાણાં ખાતે જમા આપેલ છે.
- વ્હીકલ ટેક્ષ સિસ્ટમમાં સીટી સિવિક સેન્ટરો ઉપર વ્હીકલ ટેક્ષ પેટે કુલ ૨,૦૫,૬૪૭ રીસીપ્ટો દ્વારા રૂા.૮૦૫,૪૨૫,૮૭૩/- નો ટેક્ષ રીકવર કરેલ છે.
- રાઇટ ટુ ઇન્ફોર્મેશન અન્વયે સિવિક સેન્ટર્સ ખાતે અરજીઓ સ્વીકારવાની વ્યવસ્થા કરી આ અરજીઓ જે તે વિભાગને નિયમિત મોકલી અપાયેલ છે.જેમાં કુલ ૭૧૯૨ અરજીઓ સ્વીકારી રૂા.૧,૪૦,૧૩૬/- વસુલ કરેલ છે.
- વધુમાં એકાઉન્ટ ખાતાની જરૂરીયાત મુજબ ઝોન વાઇઝ બજેટ નોંધણી મોડયુલ અમલીકૃત કરેલ છે. જેથી તમામ કામોની નોંધણીનું સેન્ટ્રલાઇઝ મોનીટરીંગ થઇ શકે.
- અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની દરેક કામગીરી ટી.સી.એસ.મોડયુલ અંતર્ગત સંકલનથી કામગીરી કરવામાં આવે છે.
- પે-રોલ અંગેની ડેટા એન્ટ્રી સીધી બીલ ક્લાર્ક મારફતે થઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના દરેક ખાતામાં કોમ્પ્યુટર કન્ઝયુમર કોન્ટ્રાક્ટ અંતર્ગત કોમ્પ્યુટર, પ્રિન્ટર,તેમજ હાર્ડવેર સોફટવેર મેન્ટેનેન્સ કરવામાં આવે છે.
- અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના મોબાઇલ પોલીસી અંતર્ગત અધિકારીઓ તેમજ કર્મચારીઓના કોમ્યુનિકેશન માટે મોબાઇલ તેમજ કાર્ડની સુવિધા આપવામાં આવે છે.
- કર્મચારીઓના પી.એફ.લોનના ફોર્મ મેન્યુઅલી ભરવામાં આવતાં હતાં જે હવે બીલક્લાર્ક દ્વારા ઓનલાઇન ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.
- વેલ્ફેર લોન ફોર્મ મેન્યુઅલી ભરવામાં આવતાં હતાં જે હવે બીલક્લાર્ક દ્વારા ઓનલાઇન ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.
- કોમ્પ્રીહેન્સીવ કમ્પ્લેઇન્ટ રીડ્રેસલ સીસ્ટમ **(CCRS)** : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરીકોને પડતી મુશ્કેલી તથા તેઓની ફરીયાદ બાબતે જાણકારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સુધી પહોંચાડવા માટે એક સર્વગ્રાહી ફરીયાદ નિવારણ પધ્ધતિનું અમલીકરણ કરેલ છે. આ માટે M/s.VBSoft (India) Ltd. દ્વારા સોફટવેર, હાર્ડવેર તથા મેનપાવર પુરો પાડવામાં આવેલ છે.

સી.સી.આર.એસ. સિસ્ટમના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક કોલ સેન્ટર ઉભું કરવામાં આવેલ છે. જે સવારે ૬.૦૦ થી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી કાર્યરત રહે છે. કોલ સેન્ટર સિવાય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૬૪ વોર્ડ ઓફિસ તથા ૬ ઝોનલ ઓફિસ ખાતે આવેલ ફરીયાદ નિવારણ કક્ષ મારફતે પણ ફરીયાદ નોંધાવી શકે છે. તથા ઈન્ટરનેટના માધ્યમથી પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in પરથી ફરીયાદ નોંધાવી શકે છે. આમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કુલ ૨૪ ડીપાર્ટમેન્ટની ૨૦૫ પ્રકારની અલગ અલગ કમ્પ્લેઈનને અલગ અલગ માધ્યમ દ્વારા એક સિસ્ટમ હેઠળ આવરી લેવામાં આવેલ છે. ફરીયાદ નોંધાવ્યાની સાથે તેમના મોબાઈલ પર આ અંગેનો મેસેજ મોકલી આપવામાં આવે છે. ફરીયાદ નોંધાવ્યાની જાણ અધિકારીને પણ એસ.એમ.એસ. મારફતે કરવામાં આવે છે. ત્યાર બાદ અધિકારી/કર્મચારી દ્વારા ફરીયાદને લગતી કામગીરી કર્યાની જાણકારી કોઈ પણ વોર્ડ ઓફિસ કે ઝોનલ ઓફિસના ફરીયાદ નિવારણ કક્ષમાં જાણ કર્યેથી ફરીયાદીની સંમતિ સાથે ફરીયાદ બંધ કરવામાં આવે છે. આમ કરવાથી સમગ્ર ફરીયાદ નિવારણ પધ્ધતિમાં પારદર્શિતા લાવેલ છે અને ફરીયાદ કરનાર નાગરીકને ફરીયાદ કયા તબક્કા પર છે તેની માહિતી પણ મળી રહે છે.

જેથી કરીને કમ્પ્લેઈનનો નિકાલ થયા અંગેનો તથા કમ્પ્લેઈનના પ્રકારની અને વિસ્તાર અંગેની સંપૂર્ણ માહિતી એક જ જગ્યાએથી ઉપલબ્ધ થાય છે. સમયાંતરે એકત્રિત કરેલ કમ્પ્લેઈનના ડેટા તથા શહેરને લગતા વિવિધ પ્રશ્નોનું આધુનિક પધ્ધતિ દ્વારા પૃથક્કરણ કરી મળેલ માહિતીનો ભવિષ્યમાં કરવામાં આવનાર જાહેર કામોમાં ઉપયોગ કરવાથી આવી ફરીયાદો આવતી અટકાવી શકાય છે.

૨.૬ ઈલેકશન ખાતુ
સનેઃ ૨૦૧૬-૧૭

૧. અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચુંટણી-૨૦૧૫ સંદર્ભે ૧૬-નિયુક્ત ચુંટણી અધિકારી શ્રીઓ તથા નિવાસી અધિક કલેક્ટરશ્રી, અમદાવાદ હસ્તકની નગરપાલિકા શાખાને મહાનગરપાલિકા તરફથી આપવામાં આવેલ ચુંટણી ગ્રાંટ પૈકી કુલ-૬ નિયુક્ત ચૂંટણી અધિકારીશ્રીઓ પાસેથી થયેલ ખર્ચના હિસાબો-વાઉચરો મેળવી કુલ-૪ ચૂંટણી અધિકારીશ્રીઓના હિસાબોની ચકાસણી કરવામાં આવેલ છે તે પૈકી ૨ ચૂંટણી અધિકારીશ્રીઓના હિસાબોની જમા-ખર્ચી કરવામાં આવેલ છે.

૨. સદરહુ સામાન્ય ચુંટણી-૨૦૧૫ સંદર્ભે નિયુક્ત ચુંટણી અધિકારી શ્રીઓને અત્રેથી આપવામાં આવેલ સાહિત્ય, સાધન-સામગ્રી કે જે બિન-વપરાશી જે તે હાલતમાં તેઓ પાસે હોય તેને અત્રે પરત લાવી સારી હાલતમાં હોય તેવા ફોર્મ્સ, ફોરમેટ, સાહિત્ય, સાધન-સામગ્રી, કન્ટીજન્સી વિગેરેને ઈલેકશન વિભાગના સ્ટોર્સમાં ગણતરી કરી સાચવીને મુકાવવાની કામગીરી કરવામાં આવેલ છે.

૩. ઈલેક્શન વિભાગમાં હયાત મતદારયાદીઓ, અગાઉના વર્ષોની ચૂંટણીમાં ઉપયોગમાં લેવા અર્થે તૈયાર કરાવવામાં આવેલ ફોર્મ્સ, ફોરમેટ, સાહિત્ય, સાધન-સામગ્રી, કન્ટીજન્સી વિગેરે પૈકી જુના/બગડી ગયેલ હોય તેનો નિકાલ કરવા, હયાત મતપેટીઓ તથા અન્ય બિન-ઉપયોગી ડેડ-સ્ટોકને લગતી ઈલેકશનખાતાની વિવિધ અને વિશાળ આઈટમોને નિશ્ચિત કરી ડેડ-સ્ટોક રજીસ્ટરેથી કમી કરવા બાબતે તથા પસ્તી નિકાલ/નાશ અંગે યોગ્ય પત્ર વ્યવહાર કરવામાં આવેલ છે.

૪. પ્લાનીંગ/સેન્સસ વિભાગ દ્વારા અમદાવાદ મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સમાવિષ્ટ સ્કુલોનું અમદાવાદ મહાનગરપાલિકાના કુલ-૪૮ ઈલેકશન વોર્ડ મુજબ પોસ્ટીંગ કરી આપવાની કામગીરી કરવામાં આવેલ છે.

૫ સદર વર્ષ દરમ્યાન ઈલેકશન વિભાગની કોર-ટીમ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાની મતદારયાદીઓ તૈયાર કરવાની તથા સામાન્ય ચુંટણી સંદર્ભેની કામગીરીઓ/માર્ગદર્શન કરવામાં આવેલ તથા અમદાવાદ મહાનગરપાલિકાના ઈ-ગર્વનન્સ વિભાગને તેઓના ડેટા મુજબના અંદાજીત ૧-લાખ સરનામાઓનું અમદાવાદ મહાનગરપાલિકાના કુલ-૪૮ ઈલેકશન વોર્ડમાં પોસ્ટીંગ કરી અંગ્રેજી તથા ગુજરાતી બંને ભાષામાં તૈયાર કરી સુપરત કરવામાં આવેલ છે.

૬. ગુજરાત મહાનગર આયોજ સમિતિ ૨૦૦૮ ની જોગવાઈ અનુસાર અમદાવાદ મેટ્રોપોલીટન પ્લાનીંગ કમિટીમાં સભ્યોની નિમણુંક માટે અર્થશાસ્ત્ર, આયોજન, ઈજનેરી, નાણાં અથવા વહિવટ જેવા ક્ષેત્રોમાં તજજ્ઞો હોય તેવા ૧૫-સભ્યોના નામ, સરનામા તથા બાયોડેટા સહિતની સંપૂર્ણ વિગતો તથા અમદાવાદ મેટ્રોપોલીટન પ્લાનીંગ કમિટીમાં કાયમી આમંત્રીત સભ્યોની નિમણુંક માટે અર્થશાસ્ત્ર, આયોજન, ઈજનેરી, નાણાં અથવા વહિવટ જેવા ક્ષેત્રોમાં જ્ઞાન ધરાવતા

રાજ્ય સરકારના અથવા વૈધાનિક મંડળ, કોર્પોરેશન અથવા સત્તા મંડળમાં ફરજ બજાવતા હોય તેવા ૧૫-અધિકારીઓની વિગતો નિયત પત્રકમાં તૈયાર કરી સુચિત સમયમર્યાદામાં શહેરી વિકાસ વિભાગને સાદર કરવામાં આવેલ છે.

અમદાવાદ મહાનગર આયોજન સમિતિની રચનાર્થે તા.૧૦/૧૦/૨૦૧૬ના રોજ અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારની ૨૯-બેઠકો તથા બોપલ-ઘુમા નગરપાલિકા વિસ્તારની ૧-બેઠક માટે સૌપ્રથમવાર ચૂંટણી યોજવા અંગેની તમામ ચૂંટણી આનુસાંગિક વિવિધ, વિશાળ અને વિશિષ્ટ પ્રકારની કામગીરીઓ નિયત સમયમર્યાદામાં ખુબ જ ટુંકા ગાળામાં કોઇપણ કાયદાકીય ગૂંચ વગર સચોટ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

૭ સને-૨૦૧૭માં યોજાનાર વિધાનસભા ચુંટણી સંદર્ભે NERP તથા SWEEP અંતર્ગત જુદા-જુદા પ્રકારની માહીતી તૈયાર કરવાની કામગીરીઓ પ્રક્રિયામાં છે તથા વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીઓ તૈયાર કરવાની તથા સામાન્ય ચુંટણી અંગેની કામગીરીઓ સંદર્ભે કલેક્ટર કચેરીની ચુંટણી શાખાના સંકલનમાં રહીને મતદારયાદી સંદર્ભે આનુસાંગીક કામગીરીઓ કરવામાં આવેલ.

૨.૭ વેલ્ફેર ખાતુ
સને. ૨૦૧૬/૨૦૧૭

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના કર્મચારીઓના વ્યાપક હિતોને લગતી કલ્યાણકારી પ્રવૃત્તિ દ્વારા સંસ્થા અને કર્મચારી આલમ વચ્ચે કડીરૂપ ભુમિકા ભજવતા વેલ્ફેર ખાતાની કામગીરીની રૂપરેખા નીચે મુજબ છે.

૧. નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીના કુંટુબ માટે : -(રાજય સરકારનાધારા ધોરણ મુજબ)

નોકરી દરમ્યાન અવસાન પામેલ કર્મચારીઓના નિરાધાર થતા કુટુંબને સહાયરૂપ થવા તેઓના આશ્રિતને અગ્રિમતાના ધોરણે નોકરી આપવાના એડમી.ઠ.નં.૧૩૭૫ તા.૦૨.૧૨.૭૫ મુજબ આશ્રિતોને વર્ગ ૩ તથા વર્ગ ૪ માં નોકરી આપવામાં આવતી હતી. ત્યાર બાદ રાજય સરકારના ઠરાવ નં રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક, તા. ૦૫/૦૭/૨૦૧૧ થી રહેમરાહે નોકરીના બદલે ઉચ્ચક નાણાંકીય સહાય ચુકવવા માટે ઠરાવ કરવામાં આવેલ તેનો અમલ કરવા માટે માટે સ્ટે.કમિટી ઠરાવ નં ૧૦૨૨ તા.૦૨.૦૯.૧૧ તથા મ્યુનિસિપલ કોર્પોરેશન ઠરાવ નં ૧૬૫૫ તા.૩૦.૦૯.૨૦૧૧ થી મંજૂરી મળેલ હોવાથી સેન્ટ્રલ ઓફીસ સરકયુલર નંબર ૪૨ તા.૦૮.૧૨.૧૧ કરવામાં આવેલ.

ક્રમ	મૃત્યુ પામનાર કર્મચારીની સેવાનો બાકી રહેતો સમયગાળો	ઉચ્ચક નાણાંકીય સહાય
૧.	૨૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય	રુ.૬ લાખ
૨.	૨૦ વર્ષથી ઓછી પણ ૧૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય	રુ.૫ લાખ
૩.	૧૦ વર્ષથી ઓછી સેવા બાકી હોય	રુ.૪ લાખ

આ અંગે સેન્ટ્રલ ઓફીસ સરકયુલર નં ૫૦ તા.૧૨.૧૨.૧૧ થી ચાલુ ફરજ દરમ્યાન અવસાનર પામનાર વર્ગ ૩ તથા વર્ગ ૪ ના કર્મચારીના પેન્શનપાત્ર કુટુંબના સભ્યને નાણાંકીય સહાય મેળવવા સંબંધિત ખાતાના બીલ કલાર્ક મારફતે જરૂરી પ્રક્રિયા કરી નાણાંકીય સહાય મેળવવા કાર્યવાહી કરવા જાણ કરવામાં આવેલ છે. જે મુજબ અગાઉની પેન્ડિગ અરજીઓવાળા અરજદારોને પણ નાણાંકીય સહાય ચુકવવામાં આવેલ છે.

ત્યાર બાદ રાજય સરકારના ઠરાવ નં રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક, તા.૦૭-૦૪-૨૦૧૬ અન્વયે સેન્ટ્રલ ઓફીસ સરક્યુલર નં ૬૫ તા.૨૨-૧૨-૨૦૧૬ મુજ્બ તા.૦૧.૦૪.૧૬ કે ત્યાર બાદ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ ૩ અને વર્ગ ૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને રૂ. ૮ (આઠ) લાખ ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવામાં આવે છે.

ગત વર્ષની બાકી અરજીઓ	૬૧
ચાલુ વર્ષમાં નવી આવેલ અરજીઓ	૬૮
વર્ષ ૨૦૧૬/૨૦૧૭ ની કુલ અરજીઓ	૧૨૯
વર્ષ ૨૦૧૬/૨૦૧૭ માં નિકાલ કરેલ અરજીઓ	૭૮
વર્ષના અંતે બાકી અરજીઓ	૫૧

આમ ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામેલ વર્ગ ૩ ના ૧૪ તથા તથા વર્ગ ૪ ના ૪૪ મળી કુલ ૫૮ કર્મચારીઓના કુટુંબના પેન્શનપાત્ર વ્યકિતને ઉપરોંકત નીતી મુજબ કુલ રૂા.૩,૦૮,૦૦,૦૦૦/- (અંકે રૂા.**ત્રણ કરોડ આઠ** લાખ પુરા) નાણાંકીય સહાય ચુકવવામાં આવેલ છે. જયારે ૨૦ અરજીઓ દફતરે કરેલ છે.

૨. ઈજનેર મેનહોલ ખાતામાં અવસાન પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીના કુટુંબ માટેઃ-(આઈ. આર. ખાતાના નિયમો મુજબ)

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઈજનેર મેનહોલ ખાતામાં નોકરી દરમ્યાન અવસાન પામેલ તેમજ અનફીટ થયેલ કર્મચારીઓના આશ્રીત વારસદારોને સ્ટે.કમિટી ઠ.નં.૧૨૯૬ તા.૧૯.૦૧.૦૬ તથા મ્યુનિ.કોર્પેરેશન ઠ.નં.૧૦૯૩ તા.૨૭.૦૨.૦૬થી મળેલ મંજુરી અનુસાર નોકરી આપવામાં આવે છે. સદર વર્ષ દરમ્યાન આવેલી દરખાસ્તો અંગેની વિગતો નીચે મુજબ છે

ગત વર્ષની બાકી અરજીઓ	**૧૦**
ચાલુ વર્ષમાં નવી આવેલ અરજીઓ	**૪૬**
વર્ષ **૨૦૧૬/૨૦૧૭** ની કુલ અરજીઓ	**૫૬**
વર્ષ **૨૦૧૬/૨૦૧૭** માં નિકાલ કરેલ અરજીઓ	**૪૫**
વર્ષના અંતે બાકી અરજીઓ	**૧૧**

આમ વર્ષ **૨૦૧૬/૨૦૧૭** માં કુલ ૪૫ આશ્રિતોને રહેમરાહે નોકરી આપવામાં આવેલ છે. કુલ ૪૫ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. બાકી કેસો રહેવાનું કારણ એ છે કે જુદા જુદા ખાતાઓ તરફથી અધૂરી દરખાસ્તો આવે છે. તથા અરજદારો તરફથી પૂરતાં પૂરાવા રજુ કરવામાં આવતા નથી.

આમ ઉપર મુજબ રાજય સરકારના નિતી નિયમો મુજબ તથા મેનહોલ ખાતાના નિયમો મુજબ જરૂરી કાર્યવાહી સેન્ટ્રલ ઓફિસ વેલ્ફેર ખાતા મારફત કરવામાં આવે છે.

મૃત્યુ રાહત યોજના :

મૃત્યુ જેવી અણધારી આપત્તિમાં સહાયરૂપ થવા " મૃત્યુ રાહત યોજના " હેઠળ અવસાન પામેલ મ્યુનિ કર્મચારીઓના વારસદારોને તા.૩૦.૦૬.૯૭ ના ઠરાવ નંબર.૧૧૭૧ થી રૂા.૨૫૦૦/- ની સહાય વેલ્ફેર ફંડમાંથી આપવામાં આવે છે. સદર વર્ષ દરમ્યાન રાહત યોજનાનો લાભ મૃત્યુ પામેલ ૧૦૯ કર્મચારીઓના વારસદારોને જે તે સબંધિત ખાતા દ્વારા આપવામાં આવેલ છે.

૩. ઘોડીયા ઘરની વ્યવસ્થા :

મ્યુનિસિપલ કંમ્પાઉન્ડમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓનાં નાના બાળકોની સાર સંભાળ માટે ઘોડિયાઘરની પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. જેમાં મહિલા કર્મચારીઓના બાળકોની સાર સંભાળ રાખવા માટે (૧) એક આયા રાખવામાં આવેલ છે. સદર વર્ષમાં એવરેજ ૪ બાળકોએ લાભ લીધેલ હતો.

૪. લેડીઝ રૂમ :

મ્યુનિસિપલ કંમ્પાઉન્ડમાં મહિલા કર્મચારીઓ માટે લેડીઝરૂમ ચલાવવામાં આવે છે. અને તે લેડીઝરૂમની જરૂરિયાત મુજબ ચીજ વસ્તુઓ વેલ્ફેર ખાતેથી આપવામાં આવે છે.

૫. ગ્રુપ વિમા યોજના :

સ્ટેન્ડિંગ કમિટી ઠરાવ નં.૧૫૨૨ તા.૨૬.૦૩.૯૮ મુજબ તા.૦૧.૦૪.૯૮ થી રાજય સરકારના ધોરણે ગ્રુપ વિમા યોજનાની સ્કીમ અમલમાં આવેલ છે. જેમાં ગ્રેડ વાઇઝ કપાત, રિસ્ક પ્રિમીયમ તથા વેલ્ફેર ખાતા દ્વારા આપવામાં આવતા રિબેટની રકમ નીચે મુજબ છે.

કેટેગરી	કર્મચારીની સંખ્યા	માસિક પ્રિમીયમ	કુલ જી.આઇ.એસ.	રિસ્ક પ્રિમીયમ	રીબેટ
એ	૫૩૮	૪૦૦	૨૫૮૨૪૦૦	૭૭૪૭૨૦	૧૯૩૬૮૦
બી	૫૯૪	૨૦૦	૧૪૨૫૬૦૦	૪૨૭૬૮૦	૧૦૬૯૨૦
સી	૩૫૩૪	૧૦૦	૪૨૪૦૮૦૦	૧૨૭૨૨૪૦	૩૩૯૨૬૪
ડી	૧૧૫૬૧	૫૦	૬૯૩૬૬૦૦	૨૦૮૦૯૮૦	૫૫૪૯૨૮
કુલ	૧૬૨૨૭		૧૫૧૮૫૪૦૦	૪૫૫૫૬૨૦	૧૧૯૪૯૭૨

આમ વેલ્ફેર ખાતા દ્વારા વાર્ષિક આશરે રૂા ૧૧,૯૪,૯૭૨/- (અંકે રૂા.અગિયાર લાખ ચોરાણુ હજાર નવસો બોત્તેર) જેટલી રકમ ભોગવવાની થાય છે. ૧૦૯ મ્યુનિસિપલ કર્મચારીઓને મૃત્યુ રાહત પેટે નાણાં ખાતા દ્વારા કુલ રૂા.૨,૭૨,૫૦૦/- (બે લાખ બોત્તેર હજાર પ્રાચસો) ની રકમ ચૂકવવામાં આવેલ છે. વેલ્ફેર ખાતા ધ્વારા ઉપર મુજબ કર્મચારી કલ્યાણ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

૨.૮ લીગલ ખાતુ
સનેઃ ૨૦૧૬-૧૭

લીગલ ખાતા ધ્વારા મ્યુનિ.કોર્પો.ની તમામ પ્રકારની કાનુની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ખાતા ધ્વારા ડે.મ્યુનિ.કમિ.શ્રીઓને અને ખાતાના અધિકારીશ્રીઓને પાવર્સ ડેલીગેશન કરવાની મ્યુનિ.કોર્પો.ના સ્ટેન્ડીંગ ઓર્ડર, બાયલોઝ, રેગ્યુલેશન તથા અન્ય નીતિ નિયમોમાં સુધારા-વધારા કરવાની તથા નિયમો બનાવવાની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત જુદી જુદી કોર્ટોમાં મ્યુનિ.કોર્પો. વિરૂધ્ધ દાખલ થતા દાવાઓમાં તથા મ્યુનિ.કોર્પો.તરફથી કરવામાં આવતા દાવાઓમાં વકીલો રોકવાની, વકીલોને ફી ચુકવવાની કોર્ટના ચુકાદાઓનો અમલ કે ચુકાદા વિરૂધ્ધ અપીલ કરવાની બી.પી.એમ.સી. એકટ તથા પી.એફ. એ. એકટ હેઠળની ફરિયાદો દાવાની કામગીરી તમામ ખાતાઓને કાનુની માર્ગદર્શન તથા સલાહ સુચનો આપવાની કામગીરી કરવામાં આવે છે.

અહેવાલવાળા વર્ષ દરમ્યાન નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

૧) મ્યુનિ.કમિ.શ્રીને પોતાની સત્તા બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ મુજબ ૪૯ (૧) હેઠળ ડે.મ્યુનિ.કમિ.શ્રીઓને અને કલમ-૬૯(૧) નીચે મ્યુનિ.અધિકારીઓને સોંપવાની સત્તા મળેલ છે. અહેવાલવાળા વર્ષમાં ઉપરોકત જોગવાઇ હેઠળ કુલ ૦૬ પાવર ડેલીગેશન ઓર્ડર કરવામાં આવેલા છે.

શહેરના વિકાસ ને ધ્યાનમાં રાખી શહેરનો વિકાસ નકશો અને વિકાસ યોજના કરવી, નગર રચના યોજના તૈયાર કરવી અને નામદાર સરકારશ્રી પાસે મંજુર કરાવવી,મકાન બાંધકામો ની પરવાનગી આપવી, મકાનમાં ફેરફાર કરવા અંગે તથા જમીનોના લે-આઉટ પ્લાનો મંજુર કરવાનુ, ઈન્ડસ્ટ્રીયલ પરમીટ મેળવવા અંગે, ડેવલપર, એન્જીનીયર, આર્કિટેકટ, સ્ટ્રકચરલ ડીઝાઈનર તથા કલાર્ક ઓફ વર્કસ લાયસન્સ ઈસ્યુ કરવા,સંપાદીત થતી જગ્યાનુ વળતર ઠરાવવા અંગે ગેરકાયદેસર બાંધકામો તથા ઉપયોગો અંગે નોટીસ આપવી તથા ગેરકાયદેસર બાંધકામો તોડાવવા તથા ઉપયોગ બંધ કરાવવા, ધારાકીય જોગવાઈઓ હેઠળ ફરીયાદ કરવી વિગેરે આ ખાતા મારફતે થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં બાંધકામોની પ્રવૃતિના નિયંત્રણ અને નિયમન માટે ત્રણ પ્રકારની પ્રવૃતિ હાથ ધરાય છે.

(૧) ધી જી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ ની જોગવાઈઓ અનુસંધાને અમલ કરવાનુ કામ

(૨) ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળ નગર રચના યોજના તૈયાર કરવાનુ અને અમલી નગર રચના યોજના ધ્યાનમાં લઈ વિકાસ પરવાનગી આપવાનું કામ

(૩) ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ હેઠળ તૈયાર કરવામાં આવેલ રિવાઈઝડ ડેવલપમેન્ટ કંન્ટ્રોલ રેગ્યુલેશન બનાવવા માં આવે છે તેનો અમલ કરવાનુ કામ અરજીઓનો નિકાલ ,પ્રજા તરફથી આવતી બાંધકામોની અરજીનો નિકાલ,મકાન વપરાશ ની ગેરકાયદેસર બાંધકામ અંગેની નોટીસો આપવી,અનધિકૃત ઉપયોગ બંધ કરવાની નોટીસો આપવી, કોર્ટ કામગીરી વિગરે નગર વિકાસ ખાતા દ્વારા કરવામાં આવે છે.

(૪) તદઉપરાંત રાજય સરકારશ્રીની મંજુરી મુજબ તા.૨૦/૦૨/૨૦૧૨થી ધી ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ ૨૦૧૧ અમલમાં આવેલ છે, સદરહુ અધિનિયમ તથા તે અંતર્ગત રૂલ્સ -૨૦૧૨ અંતર્ગત અનધિકૃત બાંધકામના માલિક/કબજેદારોએ અરજી કરવાની તા.૧૯/૦૮/૨૦૧૩ ના રોજ પુર્ણ થયેલ સમય મર્યાદામાં કુલ ૨,૪૩,૪૦૫ અરજીઓ આવેલ છે જે અરજીઓના ઝડપી નિકાલ માટે ઝોન લેવલે ગૃડા સેલ ખોલવામાં આવેલ છે. તદઉપરાંત ઝોન લેવલે પણ તે અરજીઓના નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે

કુલ આવેલ અરજી ની સંખ્યા તા.૦૧/૦૪/૨૦૧૬ થી ૩૧/૦૩/૨૦૧૭	નિકાલ	કુલ વસુલ આવેલ ઈમ્પેકટની રકમ રૂા.
-----	૯૮૬	૪૭,૨૨,૧૮,૨૩૫

દફતરે

વર્ષ દરમ્યાન બી.યુ.પરમીશન માટે સ્વીકારેલ અરજી ની સંખ્યા	વસુલ લીધેલ સ્ક્રૂટી ફી ની વિગત
૧૧૪૦	-----

લાયસન્સ વિભાગઃ- ૨૦૧૬/૨૦૧૭ (તા.૦૧-૦૪-૨૦૧૬ થી ૩૧-૦૩-૨૦૧૭)

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં બાંધકામની પરવાનગી માંગનાર વ્યકિત /માલીક નિયત ફોર્મમાં જરૂરી વિગત ભરી જરૂરી દસ્તાવેજો સાથે અને કરવા ધારેલ બાંધકામના પ્લાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન નો પરવાનો (લાયસન્સ) ધરાવનાર એન્જીનીયર,આર્કિટેકટ,સ્ટ્રકચરલ ડીઝાઇનર,તથા કલાર્ક ઓફ વર્કસ ની જરૂરી ફી સાથે રજુ કરવાના હોય છે

સદર પરવાનો એન્જીનીયર,આર્કિટેકટ,સ્ટ્રકચરલ ડીઝાઇનર,તથા કલાર્ક ઓફ વર્કસ જી.ડી.આર શિડયુલ-૭ સેકશન-ઇ માં દર્શાવેલ લાયકાત તથા અનુભવ ના આધારે આપવામાં આવે છે અને જી.ડી.આર માં દર્શાવ્યા મુજબ ફરજો તથા જવાબદારી ઓ નિભાવવાની રહે છે આપવામાં આવનાર પરવાનો (લાયસન્સ) દરેક કેટેગરી માટે લાયસન્સ દીઠ લાયસન્સ ફી લાયસન્સ સર્ટીફિકેટ તથા કન્ટીઝન્સી ચાર્જ નીચે જણાવેલ સ્ટેટમેન્ટ મુજબ લેવામાં આવે છે.

પરવાનાનો પ્રકાર	ગ્રેડ	લાયસન્સ ફી રૂા.	આપેલ લાયસન્સની સંખ્યા	લાયસન્સ ફી ની આવક રૂા.	લાયસન્સ સર્ટી ની આવક રૂા.	કુલ આવક રૂા.
એન્જીનીયર	૧	૨૦૦૦				૭૮,૬૩,૬૮૮
	૨	૩૦૦૦				
	૩	૫૦૦૦				
આર્કિટેકટ	૧	૨૦૦૦				
	૨	૩૦૦૦				
	૩	૫૦૦૦				
સ્ટ્રકચરલ ડીઝાઇનર	૧	૨૦૦૦				
	૨	૩૦૦૦				
	૩	૫૦૦૦				
કલાર્ક ઓફ વર્કસ	૧	૨૦૦૦				
	૨	૩૦૦૦				
	૩	૫૦૦૦				
કુલ						૭૮,૬૩,૬૮૮

સીટી પ્લાનીંગ ખાતુ
જનરલ ઇ.નં.૬૬૯ તા.૨૨-૦૮-૨૦૧૭
નગર વિકાસ ઇ.નં.૧૧૯૭ તા.૨૯-૦૮-૨૦૧૭
વર્ષ ૨૦૧૬-૨૦૧૭

દરમ્યાન સીટી પ્લાનીંગ ખાતુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિગતો નીચે મુજબ છે.

★ અમદાવાદ મ્યુનિ.કોર્પો.દ્વારા આ ગાળામાં ૨૦ (મુસદારૂપ નગર રચના યોજનાઓ+ ઔડા દ્વારા તૈયાર કરેલ આરએએચ ઝોન સહિતની)બનાવવાની કામગીરી કરવામાં આવેલ છે

★ મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ (કુલ-૧૪) નગર રચના યોજના અધિકારીશ્રીની કામચલાઉ પુનઃ રચના ના પરામર્શ પાઠવવામાં આવેલ છે.

★ અમદાવાદ મ્યુનિ.કોર્પો. માં આવેલ મુસદ્દારૂપ નગર રચના યોજનાઓમાં નગર રચના યોજના અધિકારીશ્રી દ્વારા પાઠવવામા આવેલ અભિપ્રાય તેમજ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર નગર રચના યોજના માં અરજદારને વિકાસ પરવાનગી અંતર્ગત પાઠવવામા આવેલ ડ્રાફટ ટી.પી.સ્કીમના ૨૬૫ કેસો અને પ્રિલીમિનરી ટી.પી.સ્કીમના ૧૦૯ કેસો એમ કુલ (અંદાજીત) ૩૭૪ અભિપ્રાયના કેસોમાં રૂા.૩૮,૬૮,૮૪,૮૯૦/- (આડત્રીસ કરોડ અડસઠ લાખ ચોરાસી હજાર આઠસો નેવુ પુરા) નેટ ડીમાન્ડ ડીપોઝીટ પેટે વસુલ લેવામાં આવેલ છે

★ અમદાવાદ મ્યુનિ.કોર્પો.માં નોન ટી.પી.વિસ્તારમાં અરજદારને વિકાસ પરવાનગી અંતર્ગત પાઠવવામાં આવેલ અભિપ્રાય ના કુલ(અંદાજીત) ૩૧ કેસોમાં રૂા. ૧,૦૦,૭૨,૨૬૨/- (એક કરોડ બોતેર હજાર બસ્સો બાસંઠ પુરા) નેટ ડીમાંન્ડ પેટે આવક થયેલ છે,

ડ્રોઈંગ વિભાગઃ- ૨૦૧૬-૨૦૧૭

નગરવિકાસ ખાતાના ડ્રોઈંગ વિભાગની કામગીરી મુખ્યત્વે વિકાસ યોજના ના નકશા બનાવવા,નગર આયોજન યોજના ના નકશા બનાવવા, યોજનાના મુસદા તૈયાર કરવા ,વિવિધ નકશાઓની નકલ તૈયાર કરી વેચાણ આપવી, બાંધકામની અરજીઓ કે પ્રજા તરફથી આવતી વિકાસ પરવાનગી ની અરજી ઓના પ્લાન તપાસી વિકાસ યોજના તથા નગર આયોજન ની યોજના ની દરખાસ્તો મુજબ અભિપ્રાય આપવા,નકશાઓનુ રેર્કડ રાખવુ, જાહેર જનતાને નકશા જોવાની સવલતો આપવી વિગેરે કાર્યવાહી કરે છે.

નગર વિકાસ ડ્રોઈંગ બ્રાન્ચ ખાતે તા.૦૧/૪/૨૦૧૬થી ૩૧/૩/૨૦૧૭ સુધીની પાર્ટ પ્લાન,ઝોનીંગ,એફ ફોર્મ તથા અભિપ્રાય ની ફીની આવક (૨૦૧૬/૨૦૧૭)

ક્રમ	વિગત	કેસ સંખ્યા	પ્રતિ કેસ ફીની રકમ	કુલ આવક
૧	પાર્ટ પ્લાન	૯૨૪૩	૧૦૦૦	૯૨૪૩૦૦૦
૨	ઝોનીંગ	૬૬૯૬	૫૦૦	૩૩૪૮૦૦૦
૩	એફ ફોર્મ	૬૪૮૬	૫૦૦	૩૨૪૩૦૦૦
૪	અભિપ્રાય	૧૮૭૭	૨૦૦	૩૭૫૪૦૦
૫	મોન્યુમેન્ટ કોપી	૧૯	૪૦૦૦	૭૬૦૦૦
૬	આખી ટી.પી.સ્કીમ કોપી	૧૫	૪૦૦૦	૬૦૦૦૦
કુલ		૨૪૩૩૬		૧૬૩૪૫૪૦૦

એરપોર્ટ કોપી ૦૭	A.B.C.D કેસ	નવી લીમીટ કેસ	A.B.C.D. પ્રતિ કેસ ફીની રકમ	નવી લીમીટ પ્રતિ કેસ ફીની રકમ	A.B.C.D કેસની આવક	નવી લીમીટ કેસ આવક
	૦૦	૦૩	૧૦૦૦	૨૦૦૦	૦૦	૬૦૦૦

અમલીકરણ વિભાગ (ડી.એસ.ઓ.) તમામ ઝોન મારફતે :-

વગર રજાએ થતા બાંધકામ કે વગર રજાએ થતો ઉપયોગ અટકાવવાની મહત્વની કામગીરી આ વિભાગ દ્વારા થાય છે આવા બાંધકામો અટકાવવા તથા તેને દુર કરવા અન અધિકૃત ઉપયોગ થતો રોકવા કે બંધ કરાવવા કાયદેસરની કામગીરીની જોગવાઈઓ ધી બોમ્બે પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ ૨૬૦/૨૬૭/૨૬૮/૪૭૮ અને ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એકટની કલમ ૨૯,૩૫ થી ૩૭ અને ૪૯ અનવયે જે તે ઝોનના વોર્ડ ઈન્સપેકટરો નોટીસ સહિત અન્ય પગલા અંગેની જરૂરી કાર્યવાહી કરે છે. આ અંગેની કાયદેસરની કાર્યવાહી પુરી થયે થી વોર્ડ ઈન્સપેકટરો તથા આસી.ટી.ડી.ઓ. દ્વારા આપેલ નોટીસ મુજબ નો અમલ કરવામાં આવે છે ખાતા દ્વારા કરાવેલ અમલ અંગેના ખર્ચની રકમ વસુલ લેવામાં આવે છે

અહેવાલી વર્ષમાં અમલની કાર્યવાહીની ઝોન વાઈઝ માહિતી નીચે મુજબ છે (૨૦૧૬-૨૦૧૭)

ઝોન	કલમ ૨૬૦	કલમ ૨૬૮	કલમ ૪૭૮	રહેઠાણના યુનિટ	બિન રહેઠાણના યુનિટ	કુલ યુનિટ	ડીપાર્ટ. ખર્ચની વસુલ આવેલ રકમ રૂા.
પશ્ચિમ	૯૮	૦૩	૦૨	૬૨	૩૫	૯૭	૦
મધ્ય	૨૪	૦૧	-	૨૨	૧૮	૪૦	
ઉતર	૧૯૪	--	--	૯૯	૮૩	૧૮૨	
પુર્વ	૧૬૨	૦	૦	૧૦	૧૫૨	૧૬૨	૭૦,૦૦૦
-દક્ષિણ	૪૨૪	૦	૦	૧૦૭	૩૧૭	૪૨૪	૧૫,૨૨,૬૭૨
ન્યુ.પશ્ચિમ	૧૫૩	૦૪	૦૬	૦૬	૦	૨૬૨	
કુલ	૧૦૫૫	૦૮	૦૮	૩૦૬	૬૦૫	૧૧૬૭	૧૫૯૨૬૭૨

અહેવાલી વર્ષ (૨૦૧૬-૨૦૧૭) માં બિન પરવાનગીના બાંધકામો અંગે લીધેલ પગલાના કેસો અને આપેલ નોટીસ ની સંખ્યાની ઝોન વાઈઝ માહિતી નીચે મુજબ છે.

અ.નં.	વિગત	પશ્ચિમ	મધ્ય	ઉતર	પુર્વ	દક્ષિણ	ન્યુ.પશ્ચિમ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	બિન પરવાનગી ના બાંધકામો અંગે લીધેલ ૨૬૦ ના કેસો						
એ	પગલા ના કેસો ની સંખ્યા	૨૫	૧૭૬	૨૨૭	૧૬૨	૪૨૪	૧૫૩
બી	આપેલ નોટીસો ની સંખ્યા	૧૦૯	૨૪૩	૨૨૭	૩૮૦	૪૨૪	૩૨૨
૨	બિન પરવાનગી નો વપરાશ થતો અટકાવવા લીધેલ (૨૬૮ ના કેસો)						
એ	પગલા ના કેસો ની સંખ્યા	૦૩	૦૧	૦	૦	૦	૦
બી	આપેલ નોટીસો ની સંખ્યા	૦૩	૦૧	૧૨	૦	૦	૦
૩	બિન પરવાનગી એ કરેલ ચેઇન્જ ઓફ યુઝ અંગે લીધેલ (૪૭૮ ના કેસો)						
એ	પગલા ના કેસો ની સંખ્યા	૦	-	--	૦	૦	૩
બી	આપેલ નોટીસ ની સંખ્યા	૦૨	-	--	૦	૦	૬

પત્રક ૩.૨.૧

મકાન બાંધકામને લગતી અરજી ની માહિતી દર્શાવતુ પત્રક (૨૦૧૬-૨૦૧૭)

અ.નં.	વર્ષ	નવા આવેલ પ્લાન	કુલ	નિકાલ થયેલ પ્લાન	વર્ષાતે બાકી પ્લાન
૧	૨	૩	૪	૫	૬
૧.	૨૦૦૪/૨૦૦૫	૧૮૩૦	૧૯૦૧	૧૮૭૧	૩૦
૨.	૨૦૦૫/૨૦૦૬	૧૬૪૬	૧૬૭૬	૧૫૬૯	૧૦૭
૩.	૨૦૦૬/૨૦૦૭	૧૬૧૮	૧૭૨૫	૧૫૯૨	૧૩૩
૪.	૨૦૦૭/૨૦૦૮	૧૨૧૧	૧૩૪૪	૧૨૦૧	૧૪૩
૫.	૨૦૦૮/૨૦૦૯	૧૩૮૭	૧૫૩૦	૧૩૬૮	૧૬૨
૬.	૨૦૦૯/૨૦૧૦	૧૭૦૪	૧૮૬૬	૧૫૧૪	૩૫૨
૭.	૨૦૧૦/૨૦૧૧	૨૬૬૯	૩૦૨૧	૨૬૯૫	૩૨૬
૮.	૨૦૧૧/૨૦૧૨	૨૯૫૬	૩૨૮૨	૩૧૧૮	૧૬૪
૯.	૨૦૧૨/૨૦૧૩	૨૬૧૧	૨૭૭૫	૨૬૦૪	૧૭૧
૧૦.	૨૦૧૩/૨૦૧૪	૨૮૫૭	૩૦૨૮	૨૬૯૦	૩૩૮
૧૧.	૨૦૧૪/૨૦૧૫	૨૭૭૧	૩૧૦૯	૨૮૨૧	૨૮૮
૧૨.	૨૦૧૫/૨૦૧૬	૨૩૬૭	૨૬૫૫	૨૩૫૫	૩૦૦
૧૩.	૨૦૧૬/૨૦૧૭	૨૫૦૩	૨૮૦૩	૨૬૬૨	૧૪૧

પત્રક ૩.૨.૨

સને ૨૦૧૫-૨૦૧૬, ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન મકાન બાંધકામના પ્લાનની ઝોન વાઈઝ માહિતી દર્શાવતુ પત્રક

અ. નં.	ઝોન	વર્ષ	અગાઉના બાકી પ્લાન	વર્ષ દરમ્યાન આવેલ પ્લાન	કુલ પ્લાન	નિકાલ થયેલ પ્લાન	વર્ષાતે બાકી પ્લાન
૧	૨	૩	૪	૫	૬	૭	૮
	મ્ધ્ય ઝોન	૧૫/૧૬	૧૮	૧૧૬	૧૩૪	૧૧૪	૨૦
		૧૬/૧૭	૨૦	૧૨૨	૧૪૨	૧૨૮	૧૪
	પશ્ચિમ ઝોન	૧૫/૧૬	૫૧	૪૨૬	૪૭૭	૪૨૨	૫૫
		૧૬/૧૭	૫૫	૫૦૭	૫૬૨	૫૩૭	૨૫
	પુર્વ ઝોન	૧૫/૧૬	૫૭	૪૭૧	૫૨૮	૪૯૦	૩૮
		૧૬/૧૭	૩૮	૪૩૯	૪૭૭	૪૫૭	૨૦
	ઉતર ઝોન	૧૫/૧૬	૩૫	૨૬૧	૨૯૬	૨૨૨	૭૪
		૧૬/૧૭	૭૪	૨૪૩	૩૧૭	૨૯૩	૨૪
	દક્ષિણ ઝોન	૧૫/૧૬	૪૩	૩૨૩	૩૬૬	૩૪૪	૨૨
		૧૬/૧૭	૨૨	૩૪૦	૩૬૨	૩૪૪	૧૮
	ન્યુ પશ્ચિમ ઝોન	૧૫/૧૬	૮૪	૭૭૦	૮૫૪	૭૬૩	૯૧
		૧૬/૧૭	૯૧	૮૫૨	૯૪૩	૯૦૩	૪૦
	કુલ	૧૫/૧૬	૨૮૮	૨૩૬૭	૨૬૫૫	૨૩૫૫	૩૦૦
		૧૬/૧૭	૩૦૦	૨૫૦૩	૨૮૦૩	૨૬૬૨	૧૪૧

પત્રક ૩.૨.૩ (૨૦૧૬-૨૦૧૭)
છેલ્લા ત્રણ વર્ષની બિલ્ડીંગ પરમીશનની અરજીઓ અને કોર્ટ લીટીગેશનને લગતી માહિતી દર્શાવતુ પત્રક

અ.નં.	વિગત	૨૦૧૪/૨૦૧૫	૨૦૧૫/૨૦૧૬	૨૦૧૬/૨૦૧૭
૧	૨	૩	૪	૫
૧	મકાન બાંધકામ ની અરજીઓનો નિકાલ(બી.પી.એસ.પી.)			
૨	મકાન વપરાશ ની પરવાનગી મેળવવા આવેલ અરજીની સંખ્યા (ટી.ડી.ઓ.મધ્યસ્થ)		૧૮૨૩	
૩	મકાન વપરાશ ની પરવાનગી ની સંખ્યા		૧૮૨૩	૧૧૩૬
૪	સીટી મેજીસ્ટ્રેટ કોર્ટમાં થયેલ ફરીયાદો		૦	૦૧
૫	મેટ્રોપોલીન કોર્ટમાં કરેલ ફરિયાદ	૧૦	૨૦	૦૧
૬	સીટી સિવીલ કોર્ટના દાવા	૩૬૮	૨૦૧	૩૩૬+૧૪ ગ્રામ્ય
૭	હાઈકોર્ટ ના ચાલુ દાવા	૧૫૦	૭૧	૮૮
૮	સુપ્રિમ કોર્ટના ચાલુ દાવા	૧	૦	૦

પત્રક ૩.૨.૪

બાંધકામની પરવાનગી માટે છેલ્લા ૨ વર્ષ દરમ્યાન ઝોન વાઈઝ ,કેટેગરી વાઈઝ મળેલ પ્લાન ની સંખ્યા દર્શાવતુ પત્રક ૨૦૧૬-૨૦૧૭

અ.નં.	ઝોન	વર્ષ	નવા બાંધકામ (બી.એન.બી)	સુધારા/વધારા (સી.આર)	ભાગલા (બી.એન.એસ.)	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭
	મધ્ય	૨૦૧૫/૨૦૧૬	૮૫	૨૮	૦૩	૧૧૬
			૭૩	૪૮	૧	૧૨૨
	પશ્ચિમ	૨૦૧૫/૨૦૧૬	૩૭૭	૨૧	૨૮	૪૨૬
			૪૭૧	૧૧	૨૪	૫૦૬
	પુર્વ	૨૦૧૫/૨૦૧૬	૪૦૨	૩૪	૩૫	૪૭૧
			૩૮૨	૨૫	૩૨	૪૩૯
	ઉતર	૨૦૧૫/૨૦૧૬	૨૦૫	૪૫	૧૧	૨૬૧
			૧૬૨	૬૬	૧૬	૨૪૪
	દક્ષિણ	૨૦૧૫/૨૦૧૬	૨૯૪	૧૨	૧૭	૩૨૩
			૩૧૧	૬	૨૩	૩૪૦
	ન્યુ.પશ્ચિ	૨૦૧૫/૨૦૧૬	૬૯૦	૩૮	૪૨	૭૭૦
			૭૯૨	૧૯	૪૧	૮૫૨
	કુલ	૨૦૧૫/૨૦૧૬	૨૦૫૩	૧૭૮	૧૩૬	૨૩૬૭
			૨૧૯૧	૧૭૫	૧૩૭	૨૫૦૩

પત્રક ૩.૨.૫

મંજુર થયેલ પ્લાન ની સમય મર્યાદા ની ઝોન વાઈઝ માહિતી દર્શાવતુ પત્રક ૨૦૧૬/૨૦૧૭

અ.નં.	ઝોન	એક માસની અંદર	બે માસની અંદર	ત્રણ માસની અંદર	ચાર માસથી વધુ	કુલ
૧	૨	૩	૪	૫	૬	
૧	મધ્યઝોન	૬૧	૧૪	૮	૨૫	૧૦૮
૨	પશ્ચિમઝોન	૨૮૬	૧૧૦	૬૩	૨૩	૪૮૨
૩	પુર્વઝોન	૨૭૨	૯૧	૪૦	૧૬	૪૧૯
૪	ઉતરઝોન	૧૧૭	૭૨	૮	૨૨	૨૧૯
૫	દક્ષિણઝોન	૧૮૫	૮૬	૨૩	૨૮	૩૨૨
૬	ન્યુ.પશ્ચિમઝોન	૫૧૬	૧૬૫	૫૯	૭૨	૮૧૨
૭	કુલ	૧૪૩૭	૫૩૮	૨૦૧	૧૮૬	૨૩૬૨

પત્રક ૩.૨.૬ (૨૦૧૫/૨૦૧૬)

રહેઠાણના એકમ સાથે રૂમ્સની સંખ્યા દર્શાવતુ પત્રક

અ.નં.	વર્ષ	એક રૂમ	બે રૂમ	ત્રણ રૂમ	ચાર રૂમ કે તેથી વધુ રૂમ	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૨૦૦૪/૨૦૦૫	૨૭૧	૧૬૮૭	૩૫૨	૫૫૮	૨૮૬૮
૨	૨૦૦૫/૨૦૦૬	૨૫	૨૯૭	૯૬૫	૭૪૬	૨૦૩૩
૩	૨૦૦૬/૨૦૦૭	૭૮	૧૦૯૨	૧૧૦૯	૬૭૬	૨૯૫૫
૪	૨૦૦૭/૨૦૦૮	૫૬	૩૨૧	૨૫૭૫	૯૯૬	૩૯૪૮
૫	૨૦૦૮/૨૦૦૯	૩૫૮	૧૬૫૨	૮૭૮	૫૧૮	૩૪૦૬
૬	૨૦૦૯/૨૦૧૦	૦૯	૩૦૯૪	૧૧૦૮	૪૮૯	૪૭૦૦
૭	૨૦૧૦/૨૦૧૧	૨૧૬૩	૨૩૩૬	૨૦૦૮	૭૯૪	૭૩૦૧
૮	૨૦૧૧/૨૦૧૨	૨૦૮૯	૩૫૩૩	૩૨૩૬	૫૫૮	૯૪૧૬
૯	૨૦૧૨/૨૦૧૩	૧૬૬૭૪	૬૫૫૩	૬૧૨૬	૨૮૯૪	૩૨૨૪૭
૧૦	૨૦૧૩/૨૦૧૪	૬૮૮	૯૫૮૬	૧૦૭૪૮	૩૦૩૯	૬૮૮૮૧
૧૧	૨૦૧૪/૨૦૧૫	૪૧૭૩	૯૪૬૩	૭૫૮૦	૨૫૭૦	૨૩૭૮૬
૧૨	૨૦૧૫/૨૦૧૬	૩૬૮૯	૬૫૨૧	૭૦૪૭	૨૪૭૦	૧૯૭૨૭
૧૩	૨૦૧૬/૨૦૧૭	૨૯૨૩	૪૯૯૯	૫૩૦૬	૧૭૧૯	૧૪૯૪૭

પત્રક ૩.૨.૭ (૨૦૧૬/૨૦૧૭)

મકાન બાંધકામ વાપરવાની રજા આપ્યા ની સંખ્યા દર્શાવતુ પત્રક (બી.યુ.પરમીશન)

ઝોન	મકાન વપરાશ ની પરવાનગી મેળવવા આવેલ અરજીની સંખ્યા	વાપરવાની રજા આપ્યા ની સંખ્યા					
		બી.એન.બી.		સી.આર.		કુલ	
		રહેઠાણ	બિન રહેઠાણ	રહેઠાણ	બિન રહેઠાણ	રહેઠાણ	બિન રહેઠાણ
નવા પશ્ચિમઝોન	૪૫૭	૩૩૫+૨૭ MIX	૨૭ MIX+57	૦	૦	૩૩૫+૨૭ MIX	૨૭ MIX+57
પશ્ચિમઝોન		૧૫૯	૩૯	૦	૦	૧૫૯	૩૯
મધ્યઝોન		૧૪	૧૨	-	-	૧૪	૧૨
ઉતરઝોન	૮૫	૩૫૫	૩૧૬	૦	૦	૩૫૫	૩૧૬
પુર્વઝોન	૨૭૭	૧૪૦+૨૨ MIX	૧૦૨+૧૩ MIX	૦	૦	૧૪૦+૨૨ MIX	૧૦૨+૧૩ MIX
દક્ષિણઝોન	૧૩૩	૧૨૩	૧૦	૦	૦	૧૨૩	૧૦
કુલ							

૪.૧ વોટર પ્રોજેકટ વિભાગ
સને : ૨૦૧૬-૨૦૧૭

અમદાવાદ શહેર ગુજરાતનું કોર્મશીયલ કેપીટલ છે તથા હાલમાં મેગાસીટીનો દરજ્જો મેળવેલ છે. અમદાવાદ શહેરનો કુલ વિસ્તાર ૪૬૬ ચો.કી.મી. છે તથા શહેરની હાલની વસ્તી અંદાજે ૬૪ લાખ જેટલી છે.

અમદાવાદ શહેરની ભવિષ્યની પાણી પુરવઠાની જરૂરીયાતને ધ્યાનમાં રાખી અમદાવાદ શહેરનાં સમગ્ર વિસ્તાર તથા વસ્તીને પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવા માટે કરવાના થતા કામોનું આયોજન તથા અમલીકરણની કામગીરી વોટર પ્રોજેકટ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

આ ઉપરાંત સાબરમતી નદીમાંથી કોતરપુર ખાતે તથા નર્મદા મેઈન કેનાલ એચ.આર.માંથી, સાબરમતી નદીમાં આવેલ સાત ફ્રેન્ચવેલ અને ઈન્ટેકવેલમાંથી,ધોળકા બ્રાન્ચ કેનાલમાંથી જાસપુર વોટર વર્કસ ખાતે તથા રાસ્કા જીંજર ખાતે શેઢી બ્રાન્ચ કેનાલમાંથી જરૂરી પાણી પુરવઠો મેળવી કોતરપુર,જાસપુર તથા રાસ્કા ખાતેનાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પાણીનું શુધ્ધિકરણ કરી પાણીની મુખ્ય પાઈપલાઈન દ્વારા રોજનું આશરે ૧૦૫૦ થી ૧૧૦૦ મીલીયન લિટર જેટલું પાણી શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાં પહોંચાડવા તથા તેનું મોનીટરીગ કરવા અંગેની તમામ કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે તેમજ સદરહુ કામગીરીમાં જરૂરીયાત મુજબ જરૂરી સુધારા વધારા અંગેની કામગીરી પણ અત્રેથી કરવામાં આવે છે.

કોતરપુર વોટર વર્કસ, દુધેશ્વર વોટર વર્કસ, તમામ ફ્રેન્ચવેલ, ઈન્ટેક વેલ, રાસ્કા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા નવા પશ્ચિમ ઝોન ખાતે જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ વગેરેના લગતા તમામ સિવિલ કામો અને મરામત અને નિભાવણીની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

અમદાવાદ શહેરમાં પાણી પુરુ પાડતાં સ્ત્રોત નીચે મુજબ છે.

	(અ) <u>સરફેસ વોટર સોર્સ</u>	હાલનાં કુલ સોર્સની ક્ષમતા	હાલમાં વપરાશમાં લેવામાં આવતા સોર્સ
(૧)	નર્મદા મેઈન કેનાલ	-૩૩૦ એમ.એલ.ડી.	-૩૩૦ એમ.એલ.ડી.
(૨)	કોતરપુર ઈન્ટેક-૧ તથા ઈન્ટેક-૨ ઈન્ટેક-૧ ઈન્ટેક-૨	 -૧૬૫ એમ.એલ.ડી. -૩૩૦ એમ.એલ.ડી.	 - ૧૩૦ એમ.એલ.ડી. - ૧૭૦ એમ.એલ.ડી.
(૩)	નર્મદા કેનાલ જાસપુર વો.ટ્રીટમેન્ટ પ્લાન્ટ	-૪૦૦ એમ.એલ.ડી.	- ૨૩૫ એમ.એલ.ડી.
(૪)	રાસ્કા વો.સપ્લાય (શેઢી કેનાલ દ્વારા)	-૨૦૦ એમ.એલ.ડી.	-૨૦૦ એમ.એલ.ડી.
		૧૪૨૫ એમ.એલ.ડી.	**૧૦૩૫ એમ.એલ.ડી.**
	(બ) **સબ સરફેસ વોટર સોર્સ**		
(૧)	સાત ફ્રેન્ચવેલ	-૧૬૫ એમ.એલ.ડી.	- ૮૦ એમ.એલ.ડી.
(૨)	બોર વેલ	-૩૦૦ એમ.એલ.ડી.	-૧૨૫એમ.એલ.ડી
		૪૬૫ એમ.એલ.ડી.	**૨૦૫** એમ.એલ.ડી.

કુલ હયાત વોટર સોર્સની ક્ષમતા : ૧૮૯૦ એમ.એલ.ડી.

કુલ હાલમાં વપરાશમાં લેવામાં આવતા વોટર સોર્સની ક્ષમતા : ૧૨૪૦ એમ.એલ.ડી.

અમદાવાદ શહેરમાં હાલ પાણી શુધ્ધીકરણના ચાર પ્લાન્ટ છે. જેમાંથી હાલમાં ત્રણ પ્લાન્ટ કાર્યરત છે.જેની વિગત નીચે મુજબ છે.

	સોર્સની ક્ષમતા	**વપરાશમાં આવતા સોર્સની ક્ષમતા**
(૧) કોતરપુર ખાતેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૬૫૦ એમ.એલ.ડી.	૬૦૦ એમ.એલ.ડી.
(૨) જાસપુર ખાતેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૪૦૦ એમ.એલ.ડી.	૨૩૫ એમ.એલ.ડી.
(૩) રાસ્કા ખાતેનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૨૦૦ એમ.એલ.ડી.	૨૦૦ એમ.એલ.ડી.
	૧૨૫૦ એમ.એલ.ડી.	૧૦૩૫ એમ.એલ.ડી.

હાલના હયાત વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનની માહિતી

અ.નં.	**ઝોન**	**વોટર ડીસ્ટ્રી. સ્ટેશનની સંખ્યા**	**ઓવરહેડ ટાંકીની સંખ્યા**	**કુલ ક્ષમતા (ML) (A+B)**
૧	ઉત્તર ઝોન	૨૬	૭	૧૭૭.૩૪
૨	દક્ષિણ ઝોન	૨૯	૭	૧૮૪.૦૭
૩	મધ્ય ઝોન	૧૬	૭	૨૦૨.૨૭
૪	પશ્ચિમ ઝોન	૩૬	૨૦	૨૮૧.૨૨
૫	પૂર્વ ઝોન	૩૩	૨૨	૨૩૧.૬૭
૬	નવા પશ્ચિમ ઝોન	૪૪	૭૬	૨૧૦.૦૩
	કુલ	**૧૮૪**	**૧૩૯**	**૧૨૮૬.૬૦**

કુલ કેપેસીટી = ૧૨૮૬.૬૦ ML

કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા રાસ્કા વોટર ટ્રીટમેન્ટ ખાતેથી કુલ ૮૪ મીલીયન લીટર ક્ષમતાની કલીયર વોટર ટાંકીમાંથી પંપીગ કરીને અમદાવાદ શહેરમાં આવેલ ૧૩૨ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાં પાણી પુરુ પાડવામાં આવે છે અને જાસપુર ખાતે આવેલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી નવા પશ્ચિમ ઝોનમાં સમાવિષ્ટ થયેલ વિસ્તારોમાં ૪૪ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાં તથા ચાંદખેડા તથા મોટેરા ગામમાં આવેલ ૮ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાં પાણી પુરુ પાડવામાં આવે છે.અમદાવાદ શહેરની પાણી પુરવઠા યોજના અંતર્ગત શહેરની આશરે ૬૪ લાખની વસ્તીને કુલ ૧૮૪ ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન દ્વારા દરરોજનું ૧૦૫૦થી ૧૧૦૦ એમ.એલ.ડી. પાણીનો જથ્થો પુરો પાડવામાં આવે છે.

શહેરના જે વિસ્તારમાં ઓછા પ્રેસરથી પાણી મળે છે તે વિસ્તારોમાં પુરતા પ્રેસરથી પાણી મળી રહે તે માટે શહેરમાં જુદા જુદા ઝોનમાં નવા પાણી વિતરણ કેન્દ્રો તથા નેટવર્કમાં જરૂરી સુધારા વધારા કરવાના કામો કરવામાં આવેલ છે. જેમાં ૬-ભૂર્ગભ ટાંકીઓના કામ પમ્પ હાઉસ સાથે તથા ૨ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો વિસ્તૃતીકરણ કરી તથા ૨ ઓવરહેડ ટાંકી પુર્ણ કરી વપરાશમાં મુકેલ છે.તથા કોતરપુર વોટર વર્કસ ખાતે વધારાનો ૨૦૦ એમ.એલ.ડી. ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા નર્મદા મેઈન કેનાલથી કોતરપુર વોટરવર્કસ સુધી ૨૦૦૦ મીમી વ્યાસની ટવીન પાઈપલાઈન નાખવાની કામગીરી પુર્ણ કરી વપરાશમાં મુકેલ છે.

મધ્યઝોન

૧. કલાપીનગર ખાતે ૨૦.૦૦ લાખ ગેલન ક્ષમતાની પંપહાઉસ સાથેની ભૂર્ગભટાંકી.

૨. દૂધેશ્વર ખાતે (૧૮ મીટર સ્ટેજીંગ હાઇટ)૬.૦૦ લાખ ગેલન ક્ષમતાની ઓવરહેડ ટાંકી

પુર્વ ઝોન

૧.નીકોલ-૧૦૧ ખાતે ૨૧.૫૦ લાખ ગેલન ક્ષમતાની પંપહાઉસ સાથેની ભૂર્ગભટાંકી.

૨. નીકોલ-૧૦૨ ખાતે ૨૪.૫૦ લાખ ગેલન ક્ષમતાની પંપહાઉસ સાથેની ભૂર્ગભટાંકી.

૩.ઓઢવ વારીગૃહ ખાતે ૧૪.૫૦ લાખ ગેલન ક્ષમતાની ભૂર્ગભટાંકી વિસ્તૃતીકરણ.

દક્ષિણ ઝોન

૧. ગ્યાસપુર ખાતે (૧૮ મીટર સ્ટેજીંગ હાઇટ) ૨.૨૦ લાખ ગેલન ક્ષમતાની ઓવરહેડ ટાંકી.

ઉત્તર ઝોન

૧.ઠકકરબાપાનગર ખાતે ૧૫.૦૦ લાખ ગેલન ક્ષમતાની પંપહાઉસ સાથેની ભૂર્ગભટાંકી.

૨.નોબલનગર ખાતે ૧૩.૦૦ લાખ ગેલન ક્ષમતાની ભૂર્ગભટાંકી વિસ્તૃતીકરણ.

નવા પશ્ચિમ ઝોન

૧. મુસ્કાન ગાર્ડન ખાતે ૨૬.૦૦ લાખ ગેલન ક્ષમતાની પંપહાઉસ સાથેની ભૂર્ગભટાંકી.

૨. શીલજ ગામ ખાતે ૧૦.૦૦ લાખ ગેલન ક્ષમતાની પંપહાઉસ સાથેની ભૂર્ગભટાંકી.

આમ નવા કુલ ૦૬ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો તથા ૨ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનો વિસ્તૃતીકરણ થવાને કારણે તથા ૨ ઓવરહેડટાંકી બનાવવાને કારણે હયાત વો.ડ્રી.સ્ટેશનની ક્ષમતામાં ૧૫૨.૭૦ લાખ ગેલન ક્ષમતામાં વધારો થયેલ છે.

આ ઉપરાંત નવા સમાવિષ્ટ વિસ્તારોમાં નર્મદાનું પાણી મળી રહે તે માટે જુદા જુદા વિસ્તારોમાં વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવાના કામના ટેન્ડરો મંગાવી નવા વોટર ડીસ્ટ્રીબ્યુશનના કામો શરૂ કરવામાં આવેલ છે.

આમ અમદાવાદ શહેરમાં શહેરના સમગ્ર ૪૬૬ કિમી ના વિસ્તારને પાણી પુરવઠો પુરો પાડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે મુજબ શહેરની કુલ ૯૦ % વસ્તીને શુધ્ધ કરેલ નર્મદાનું પાણી પુરૂ પાડવામાં આવે છે.

શહેરની ૧૦૦% વસ્તીને પાણી મળી રહે તે માટે નવા પશ્ચિમ વિસ્તાર તેમજ ઔડામાં સમાવિષ્ટ કરેલ ઉત્તર, પુર્વ અને દક્ષિણના નવા વિસ્તારોમાં વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન , ટ્રન્ક મેઈન તેમજ નેટવર્કની કામગીરી હાથ પર લીધેલ છે. જે પુર્ણ થતા શહેરની ૧૦૦% વસ્તીને આવરી લેવામાં આવશે.

અમદાવાદ શહેરનાં સમગ્ર વિસ્તાર તથા વસ્તીને પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવા માટે કરવાના થતા કામોનું આયોજન તથા અમલીકરણની કામગીરી વોટર પ્રોજેકટ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

આ સાથે વોટર પ્રોજેકટના કામોનું લીસ્ટ સામેલ છે. જે કામ પુર્ણ થવાથી સંબધિત વિસ્તારના ઓછા પ્રેશરથી પાણી મળવા અંગેની ફરીયાદોનું નિવારણ થશે તથા ભવિષ્યની પાણીની જરૂરીયાત પુરી પાડી શકાશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન- વોટર પ્રોજેકટ
વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ચાલુ કામોની વિગત

અ. નં	કામનું નામ	અંદાજીત રકમ (રૂા. લાખમાં)
	ઉત્તરઝોન	
૧	ઉત્તર ઝોનનાં સરદાર નગર વોર્ડ ટી.પી-૬૮ એફ.પી-૩૬ ખાતે ઈસકોન વીલા પાસે નવું વો.ડી. સ્ટેશન બનાવવાનુ કામ	૧૩૩૪.૪૪
૨	ઉત્તર ઝોનનાં સરદાર નગર વોડમાં ટી.પી-૯૯, એફ.પી-૧૨૮ માં ૧૯.૦૦ લાખ ગેલન ક્ષમતાની ભુગર્ભ ટાંકી તથા ૨૧.૪૦ લાખ લીટર ક્ષમતાની ૧૮ મીટર સ્ટેજીંગ હાઈટની ઓવરહેડ ટાંકી બનાવવા બાબત	૧૭૦૩.૪૬
૩	ઉત્તરઝોનનાં કુબેરનગર વોર્ડમાં આવેલ જી-વોર્ડ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે નવી ભૂગર્ભ ટાંકી તથા વર્ટીકલ પંપ હાઉસ બનાવવાનાં કામ બાબત.	૭૯૧.૨
૪	નોન ટી.પી નવા નરોડામાં, સર્વે નં. ૭૮૪/૧ માં નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન બનાવવાનું કામ	૧૯૧૬.૪૫
	પૂર્વઝોન	
૧	પુર્વ ઝોન રામોલ હાથીજણ વોર્ડ ન્યુ મણિનગર ટી.પી-૧૦૭ ,૧૦૮ માં ૨૯ લાખ ગેલન ક્ષમતાનું નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન બનાવવા તથા ૨૪ લાખ લીટર ઓવરહેડ ટાંકીના કામ બાબત	૨૨૧૬.૫૫
૨	પુર્વ ઝોન નિકોલ વોર્ડમાં નિકોલ-લીલાનગર ખાતે ૨૫ લાખ લીટર ક્ષમતાની ૨૪ મીટર હાઈટવાળી ઓવરહેડ ટાંકી બનાવવાનું કામ	૪૫૦.૧૭
૩	પૂર્વ ઝોનનાં ગોમતીપુર વોર્ડમાં આવેલ સિલ્વર કોટન વો. ડી. સ્ટેશન ખાતે ૬ લાખ ગેલન ક્ષમતાની પંપહાઉસ સાથની ભૂગર્ભ ટાંકી બનાવવાની કામગીરી.	૫૧૦.૨૫
૪	પુર્વ ઝોન ઓઢવ વોર્ડમાં ટીપી-૨,એફ.પી૬૩ માં ૨૩.૦ લાખ ગેલન ક્ષમતાની પંપ હાઉસ સાથેની ભૂગર્ભ ટાંકી તથા ૨૪.૦ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી બનાવવા બાબત - (ઓઢવ રોડ સ્ટોર)	૧૮૦૬.૬
૫	બાપુનગર વો.ડી.સ્ટેશન ખાતે ૧૦ લાખ ગેલન ક્ષમતાની નવી ભુગર્ભ ટાંકી VT પમ્પહાઉસ સાથે બનાવવાનું કામ	૬૧૫.૧૭
૬	પુર્વઝોન વસ્ત્રાલ વોર્ડમાં ટી.પી-૧૧૪,એફ.પી-૧૩૩ માં નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન બનાવવા બાબત - અબજીબાપા	૧૮૨૦.૭૪
૭	પુર્વ ઝોન નિકોલ વોર્ડમાં ટી.પી-૧૧૯,એફ.પી-૧૯૨ માં નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન બનાવવા બાબત- (ભોજલ ધામ)	૨૩૭૯.૮૨
૮	પૂર્વઝોનમાં ઓઢવ અર્બુદાનગર વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન ખાતે ઓવરહેડ ટાંકી તથા આનુંસાંગીક કામગીરી બાબતે.	૫૨૪.૨૪
	દક્ષિણઝોન	
૧	બહેરામપુરા વોર્ડમાં સપ્તર્ષિ વોટર ડીસ્ટીબ્યુશન ખાતે હયાત ટાંકી તોડી નવું વો.ડી.સ્ટેશન બનાવવા બાબત	૬૮૩.૭૮

નવા પશ્ચિમઝોન		
૧	નવા પ.ઝોનનાં સરખેજ વોર્ડ ખાતે પોલીસ લાઇન સામે નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા બાબત	૨૪૯૯.૫
૨	સરખેજ વોર્ડ ખાતે બળીયાદેવ મંદિર પાસે સરખેજ વોર્ડ નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા બાબત(ફતેહવાડી રેસ.નં:૪૮૪)	૧૭૪૧.૭૯
૩	નવા પ.ઝોનમાં ત્રાગડ ટી.પી-૬૯, એફ.પી-૩૦૯ ખાતે નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન બનાવવા બાબત	૧૯૨૯.૨૭
૪	નવા પશ્ચિમ ઝોનમાં સોલા ભાગવત પાસે નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા	૨૧૩૮.૩૩

૪.૨ બ્રીજ પ્રોજેકટ

સને : ૨૦૧૬ - ૨૦૧૭

અમદાવાદ શહેરની વસ્તી દિન પ્રતિદિન વધતી જાય છે. તે સાથે અમદાવાદ શહેરમાં ટ્રાફીકના પ્રશ્નો પણ એટલાં જ વિકટ બનતા જાય છે. અમદાવાદ શહેર ઔધોગિક દ્રષ્ટિએ ખૂબજ મહત્વનું હોઈ, બહારથી પણ ઘણા લોકો અવરજવર કરતાં હોય છે. આ કારણે રાહદારીઓનો તથા વાહનોનો ટ્રાફીક ઘણો જ વધી ગયો છે. અમદાવાદ શહેરના વધતા જતાં ટ્રાફીકના પ્રશ્નોનાં ઉકેલ માટે શહેરના ખૂબ જ ગીચ અને અગત્યના જંકશન, ટ્રાફીક જંકશન આગળ રાહદારીઓની સુવિધા, સગવડ અને સલામત ખાતર તેમજ યાંત્રિક વાહનોની સુગમતા ખાતર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી સાબરમતી નદી પર રીવર બ્રીજ બનાવવા, શહેરની જુદી જુદી જગ્યાઓએ ફલાયઓવર તથા અન્ડરપાસ કરવાના આયોજન અંગેની કામગીરી, ટ્રાફિકની જરૂરીયાત મુજબ કેનાલ ઉપર કલ્વર્ટ બનાવવા, જુના રેલ્વે ઓવરબ્રીજ / ફલાય ઓવર વગેરેના સ્ટ્રેન્ધનીંગ માટે રીસ્ટોરેટીવ રીપેરની કામગીરી બ્રીજ ડીવીઝન તરફથી કરવામાં આવે છે.

- **વર્ષ ૨૦૧૬-૧૭ માં પૂર્ણ કરવામાં આવેલ બ્રીજ/ કલ્વર્ટ ની વિગત નીચે મુજબ છે.**

(૧) જશોદાચોકડીથી મહેમદાબાદ રોડ ઉપર આવેલ ખારીકટ કેનાલ પર કલ્વર્ટ બનાવવાનું કામ તા.૨૦.૦૨.૨૦૧૭ ના રોજ પૂર્ણ થયેલ છે. જેનો કુલ ખર્ચ ૧.૯૪ કરોડ થયેલ છે. જેમાં ૧૩માં નાણા પંચમાં કુલ ૧.૫ કરોડ ની ગ્રાન્ટ ફાળવેલ તેમજ બાકી રકમ કેપીટલ બજેટ માંથી ખર્ચ પાડવામાં આવેલ છે.

(૨) રામોલ હાથીજણ વોર્ડમાં ખારીકટ કેનાલ ઉપર કલ્વર્ટ બનાવવા (ગરીબ આવાસ યોજના પાસે) તા.૦૪-૧૦-૨૦૧૬ ના રોજ પૂર્ણ થયેલ છે.જેનો કુલ ખર્ચ૧.૫૩ કરોડ થયેલ છે. જેમાં ૧૩માં નાણા પંચમાં કુલ ૧.૫૬ કરોડ ની ગ્રાન્ટ ફાળવેલ તેમજ બાકી રકમ કેપીટલ બજેટ માંથી ખર્ચ પાડવામાં આવેલ છે.

(૩) જુના કાલુપુરરેલ્વેબ્રીજ તેમજ અસારવા રેલ્વે ઓવરબ્રીજને રેસ્ટોરેટીવ રીપેર કરવાનુ કામ તા.૩૧/૦૮/૨૦૧૬ ના રોજ પૂર્ણ થયેલ છે. જેનો કુલ ખર્ચ ૧.૮૨ કરોડ થયેલ છે.જેનો કેપીટલ બજેટ માંથી ખર્ચ પાડવામાં આવેલ છે.

(૪) સાબરમતી નદી ઉપર આવેલ એલીસબ્રીજ અને નેહરુબ્રીજની આર.સી.સી તેમજ એમ.એસ પેરાપેટ ઉપર લોખંડની જાળી લગાડવાના કામ તા.૦૧-૦૮-૨૦૧૬ ના રોજ પૂર્ણ થયેલ છે.જેનો કુલ ખર્ચ ૦.૨૨ કરોડ થયેલ છે. જેનો કેપીટલ બજેટ માંથી ખર્ચ પાડવામાં આવેલ છે.

- **વર્ષ ૨૦૧૬-૧૭ માં બ્રીજની કામગીરી પ્રગતીમાં હોય તેની વિગત નીચે મુજબ છે.**
  (સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી યોજના માં લેવામાં આવેલ પ્રોજેક્ટ ના કામો)

(૧) રાણીપ રેલ્વે ઓવર બ્રીજ

(૨) હાટકેશ્વર જંકશન ફલાયઓવર

(૩) દિનેશ ચેમ્બર ફલાયઓવર

(૪) અંજલી ફલાય ઓવરબ્રીજ

(૫) ઇન્કમટેક્ષ જકશન ફલાયઓવર

- **સ્વર્ણિમ જંયતિ પ્રોજેક્ટ અંતર્ગત કામો :-**

અમદાવાદ વિરમગામ બ્રોડગેજ રેલ્વે લાઇન ઉપર સાબરમતી અને ચાંદલોડિયા-રેલ્વે સ્ટેશન વચ્ચે જીએસટી ક્રોસીગ રાણીપ ખાતે રેલ્વે ઓવરબ્રીજની કામગીરી હાલમાં ચાલુ છે. સદર કામગીરી તા.૨૬/૦૩/૨૦૧૪ થી શરૂ કરવામાં આવેલ છે. સદર કામગીરીમાં રેલ્વે વિભાગની મંજુરી મેળવી રેલ્વે પોર્શનમાં કામગીરી હાથ ધરવાનું આયોજન છે. સદર કામની અદાજીત રકમ રૂા.૭૮.૦૪ કરોડ છે. સદર કામગીરી તા.૩૦.૦૪.૨૦૧૮ ના રોજ પૂર્ણ થશે.

અમદાવાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા હલ કરવા CRRI નો રીર્પોટ અન્વયે અમદાવાદ પૂર્વ વિસ્તારમાં હાટકેશ્વર જંકશન ઉપર તથા દિનેશ ચેમ્બર જંકશન ઉપર ફલાય ઓવર બ્રીજની કામગીરી પ્રગતિ હેઠળ છે.સદર બંને બ્રીજની કામગીરી એપ્રિલ-૨૦૧૫ માં ચાલુ કરવામાં આવેલ છે સદર કામોની અંદાજીત કીમત અનુક્રમે ૫૦.૮૮ કરોડ તથા ૫૨.૪૬ કરોડ છે અને સદર કામો અનુક્રમે સપ્ટેમ્બર-૨૦૧૭ તથા ઓક્ટોબર-૨૦૧૭ માં પૂર્ણ થશે.

પશ્ચિમ વિસ્તારમાં અંજલી ચાર રસ્તા પર આશ્રમ રોડ સમાંતર ફલાય ઓવર બ્રીજ બનાવવાની કામગીરી તા. ૫.૧૦.૨૦૧૬ ના રોજ શરૂ કરવામાં આવેલ છે. જેની અંદાજીત રકમ રૂા ૯૯.૮૮ કરોડ ની છે. સદર કામ તા. ૫.૧૦.૨૦૧૮ ના રોજ પૂર્ણ થશે તથા આશ્રમ રોડ પર ઇનકમટેક્ષ જંકશન પર ફલાય ઓવર બ્રીજ બનાવવાની કામગીરી તા. ૯.૧૨.૨૦૧૬ થી શરૂ કરવામાં આવેલ છે. જેની અંદાજી રકમ રૂા૬૫.૫૦ કરોડ ની છે. સદર કામ તા. ૯.૧૨.૨૦૧૮ ના રોજ પૂર્ણ થશે.

- **વર્ષ ૨૦૧૭-૧૮ માં નવા બ્રીજ બનાવવાની તથા બ્રીજની આનુસંગીક કામગીરી પ્લાનીંગમાં લેવામાં આવેલ હોય તેની વિગત નીચે મુજબ છે.**

અમદાવાદ શહેરમાં આવેલ (૧) સારંગપુર રેલ્વે ઓવરબ્રીજ, (૨) બાબુ જગજીવનરામ (ગીરધરનગર) રેલ્વે ઓવરબ્રીજ તથા (૩) ડો.બાબા સાહેબ આંબેડકર (ચામુંડા) રેલ્વે ઓવરબ્રીજની હાલની સ્થિતિનો અભ્યાસ કરી જરૂરી રીસ્ટોરેશનની કામગીરી માટે આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેની કામગીરી ટુંક સમયમાં ચાલુ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

ઇજનેર બ્રીજ પ્રોજેક્ટ દ્વારા દક્ષિણઝોનનાં લાંભા વોર્ડમાં નારોલ થી વટવા જી.આઇ.ડી.સી રોડ ઉપર ખારીકટ કેનાલ ઉપરના હયાત વર્ષો જુનું બ્રીક મેસનરીમાં બનાવેલ ૭.૫૦ મીટર પહોળાઇના નાળાની જગ્યાએ રોડની પહોળાઇ મુજબ નવું આર.સી.સી. કલ્વર્ટ બનાવવાના કામનુ આયોજન હાથ ધરેલ છે.જેનીકામગીરી ટુંક સમયમા ચાલુ કરવાનુ આયોજન છે.

અમદાવાદ શહેરમા સાબરમતી નદી ઉપર આવેલ (૧) આબેડકરબ્રીજની આર.સી.સી પેરાપેટ ઉપર (૨) સરદારબ્રીજની આર.સી.સી પેરાપેટ ઉપર (૩) ગાંધીબ્રીજની આર.સી.સી તેમજ એમ.એસ પેરાપેટ (૪) સુભાષબ્રીજની આર.સી.સી પેરાપેટ (૫) વાડજ દુધેશ્વરબ્રીજની એમ.એસ પેરાપેટ પર લોખંડની જાળી ફીકસ કરી પ્રોટેકશન કરવાની કામગીરી માટે આયોજન હાથ ધરેલ છે.જેનીકામગીરી ટુંક સમયમા ચાલુ કરવાનુ આયોજન છે.

અમદાવાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા હલ કરવા CRRI નો રીપોર્ટ અન્વયે પ્રાયોરીટી મુજબ તેમજ અમ મ્યુ કોર્પો ની જરૂરીયાત મુજબ આયોજન કરવામાં આવેલ બ્રીજ (૧) અમદાવાદ - હિંમતનગર રેલ્વે લાઇન ઉપર નરોડા જી.આઇ.ડી.સી. પાસે આવેલ L.C.No. ૯ ખાતે અમદાવાદ - હિંમતનગર રોડ ઉપર ૭૭૫ મીટર લંબાઇ તથા ૨ X ૩ લેઇનનો રેલ્વે ઓવરબ્રીજ બનાવવાનું કામ (૨) પૂર્વ ઝોનમાં નારોલ-નરોડા રોડ ઉપર વિરાટ નગર જંકશન ઉપર સ્પ્લીટ ફલાયઓવર બનાવવાનુ કામ (૩) નવા પશ્ચિમ ઝોનમાં અમદાવાદ-વિરમગામ રેલ્વે બ્રોડગેજ ઉપર સીમ્સ હોસ્પીટલ ચાર રસ્તાથી ૧૦૦ ફુટ હેબતપુર રોડને જોડતા રેલ્વેઓવરબ્રીજ બનાવવાનું કામનુ આયોજન હાથ ધરેલ છે.

૪.૩ રોડ પ્રોજેકટ ખાતુ
સને : ૨૦૧૬ - ૨૦૧૭

આર.સી.સી.રોડ

અમદાવાદ શહેરમાં જે રોડમાં પાણી ભરાવવાની સમસ્યા હોઇ તેમજ જે રોડનો સબબેઝ ખુબ જ નબળો હોઇ તેવા રસ્તા ઉપર તેમજ જે રસ્તા ઉપર ભવિષ્યમાં ખોદાણ થવાનું ના હોય તેમજ જે રસ્તાઓ ઉપર બધી યુટીલીટી નંખાઇ ગઇ હોઇ તેવા રસ્તાઓ આર.સી.સી. કરવાનું તાંત્રીક રીતે યોગ્ય જણાતા આર.સી.સી.રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૧) નરોડા નેશનલ હાઇવે થી નરોડા ટેલીફોન એકસચેન્જ થઇ કેનાલ સુધીનો રોડ જેની લંબાઇ આશરે ૦.૯૦ કી.મી. છે તથા તેનો અંદાજીત ખર્ચ ૯.૧૦ કરોડ જેટલો થયેલ છે. જે કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

ડામર રોડ

વર્ષ ૧૬-૧૭ માં અમદાવાદ શહેરના છ ઝોનમાં કુલ ૧૮ રોડ ૧૫.૩૩૦ કિ.મી.ની લંબાઇમાં રોડ રીગ્રેડ / રીસરફેસ કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

અં. નં.	ઝોનનું નામ	વોર્ડનું નામ	રોડનું નામ	રોડની લંબાઇ (મી.)
૧)	પુર્વ ઝોન	નિકોલ	સાનિધ્ય પાર્ક થી શુકન બંગ્લોઝ સુધી નો રસ્તા	૫૦૦
૨)	પુર્વ ઝોન	વસ્ત્રાલ	વસ્ત્રાલ વિનાયક પાર્ક થી ધારા કોલોની સુધીનો રોડ	૧૧૦૦
૩)	પુર્વ ઝોન	નિકોલ	ખારીકટ કેનાલ થી શીવાજી ચોક સુધી નો રસ્તો	૫૩૦
૪)	દક્ષીણઝોન	ઇસનપુર	ગોવિંદવાડી થી વિશાલનગર સુધી નો રોડ	૪૫૦
૫)	નવા પશ્ચિમ	ગોતા	ટી.પી.૩૧ તથા ટી.પી.૩૨ ને જોડતો રોડ	૯૦૦
૬)	નવા પશ્ચિમ	ગોતા	ભાગવત મંદિરથી ગોતા ગોધારી કેનાલ ને જોડતો રોડ	૯૫૦
૭)	નવા પશ્ચિમ	થલતેજ	હેબતપુર ક્રોસીંગથ થલતેજ ગામ	૧૦૦૦
૮)	પશ્ચિમ	નારણપુરા	શાસ્ત્રીનગર ત્રણ રસ્તાથી ટેલીફોન એક્સચેન્જ થઈ નર્મદા પ્લોટ ચાર રસ્તા	૮૫૦
૯)	પશ્ચિમ	નારણપુરા	નકશી ગોળાઈ થઈ પલીયડ નગર થઈ નવરંગ સ્કૂલ	૭૦૦

૧૦)	પશ્ચિમ	નારણપુરા	ચિરાગ મોટર ચાર રસ્તાથી ગુજરાત કોલેજ સાઈડનો વાઈડનીંગ કરેલ બાકી ભાગ	૬૦૦
૧૧)	પશ્ચિમ	નવરંગપુરા	સુભદ્રાપુરા ચાર રસ્તાથી સર્મપણથી લો-ગાર્ડન નળ સર્કલ	૧૦૦૦
૧૨)	પશ્ચિમ	ગોતા	ગોતા ચાર રસ્તાથી એસ.પી. રીંગ રોડ	૮૫૦
૧૩)	દક્ષિણ	મણીનગર	જશોદા બ્રીજ થી ગુરુજી બ્રીજ	૭૦૦
૧૪)	દક્ષિણ	ખોખરા	ભુલાભાઈ પાર્ક થી ગૌતમ નગર ચાર રસ્તા	૯૦૦
૧૫)	દક્ષિણ	દાણીલીમડા	મીરા ચાર રસ્તા થી શાહ-આલમ દરવાજા થઇ શાહ-આલમ ટોલનાકા	૮૦૦
૧૬)	દક્ષિણ	બહેરામપુરા	આશીયાના ફાર્મ થી સોમનાથ મહાદેવ મંદિર	૫૦૦
૧૭)	ઉત્તર	સરદારનગર	કોતરપુર ઈનડીક્વીપ થઇ ગેલેક્ષી રોડ	૧૫૦૦
૧૮)	ઉત્તર	નોબલનગર	મામા કલ્યાણ થી મોહનનગર	૧૫૦૦
				૧૫૩૩૦

“સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રીસર્ચ “ હોસ્પીટલ બિલ્ડીંગ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સમગ્ર ભારતમાં પ્રથમવાર હાઈરાઈઝ સ્ટીલ સ્ટ્રક્ચર થી બનનાર હોસ્પિટલ છે, તથા સ્ટેટ ઓફ આર્ટ પ્રકારનું સ્ટીલ સ્ટ્રક્ચરલ થી ૭૮ મીટરની હાઈટનું મલ્ટીસ્ટોરીડ મલ્ટી સ્પેશીઆલીટી પબ્લીક હોસ્પીટલનું કામ ચાલુ છે. સદર મલ્ટી સ્પેશીઆલીટી હોસ્પીટલ બિલ્ડીગ ૧.૫૦ લાખ ચો.મી. બાંધકામ ધરાવતું સ્ટ્રક્ચરલ સ્ટીલ અને આર.સી.સી. થી બનાવવાનું પ્લાનીગ કરવામાં આવેલ છે. તથા ગ્રીન સસ્ટેઈનેબલ બિલ્ડીગ નોર્મ્સ મુજબ બનાવવાનું આયોજન કરેલ છે જેમાં બે - બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફલોર તેમજ ૧૬ ફલોર મળી કુલ ૧૯ ફલોર તથા ઈમરજન્સી માટે ટેરેસ ઉપર હેલીપેડ રાખવામાં આવેલ છે. સદર બિલ્ડીગના ૩- ટાવરમાં અંદાજે ૧૬૦૦ બેડની ડીઝાઈન, ૨૨ ઓપરેશન થીયેટર, ૧૯૫ આઈ.સી.યુ. બેડ છે. તથા જનરલ ઓ.પીડીઝ, ઈમર્જન્સી / ટ્રોમા, રેડીયોલોજી, હાઈ એન્ડ લો ડાયગ્નોસ્ટીક, સેમ્પલ કલેક્શન, બ્લડ બેંક, ૩૬ - ઓપરેશન થીએટર, ઓર્થોપેડીક, ન્યુરોલોજી, કાર્ડીયાક કેથ લેબ, પેડીયાટ્રીક ઈન્સેન્ટીવ, નીઓનેટલ વિગેરે સારવાર અર્થે જરુરી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવનાર છે. સમગ્ર હાઈરાઈઝ બિલ્ડીગનાં ૩- ટાવરમાં ૨૮- લીફટ એલીવેટર્સ , તેમજ ૨- બેઝમેન્ટ માં ૬- ફાયર સ્ટેર્સ, ૨- સેન્ટ્રલ સ્ટેર્સ, ૪- અલાયદી સ્ટેર્સ તથા ૨૨૦૦ કાર પાર્કીગની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. જે કામગીરી હાલમાં ચાલુ છે.જે વર્ષ ૨૦૧૯ સુધીમાં પુર્ણ થનાર છે.

NHLMMC સંલગ્ન ૪૧૬ ગર્લ્સ સ્ટુડન્ટસ કેપેસીટીનું નવું હોસ્ટેલ બિલ્ડીંગઃ-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વી.એસ. હોસ્પીટલ સંકુલમાં NHLMMC સંલગ્ન ૪૧૬ ગર્લ્સ સ્ટુડન્ટ કેપેસીટીનું નવુ હોસ્ટેલ બિલ્ડીગ ગ્રીન બિલ્ડીગ કન્સેપ્ટથી ડીઝાઈન (ડબલ ગ્લેઝડ વીન્ડો,એ એસી બ્લોક મેશનરી,એલ.ઈ.ડી. લાઈટસ,રેઈન વોટર હારવેસ્ટીગ,સોલાર સીસ્ટમ,થર્મલ ઈન્સયુલેશન વિગેરે)થી બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિમાં છે. જે ગ્રાઉન્ડ ફલોર તથા ૭ માળની બનનાર છે. જેની અંદાજીત રકમ રૂા.૨૪.૯૭ કરોડ છે.આ કામ ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં પુર્ણ થનાર છે.

NHLMMC સંલગ્ન ૫૫૦ બોયસ સ્ટુડન્ટસ કેપેસીટીનું નવું હોસ્ટેલ બિલ્ડીંગઃ-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વી.એસ. હોસ્પીટલ સંકુલમાં NHLMMC સંલગ્ન ૫૫૦ બોયસ સ્ટુડન્ટ કેપેસીટીનું નવુ હોસ્ટેલ બિલ્ડીગ ગ્રીન બિલ્ડીગ કન્સેપ્ટથી ડીઝાઈન (ડબલ ગ્લેઝડ વીન્ડો,એ એસી બ્લોક મેશનરી,એલ.ઈ.ડી. લાઈટસ, રેઈન વોટર હારવેસ્ટીગ,સોલાર સીસ્ટમ,થર્મલ ઈન્સયુલેશન વિગેરે)થી બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિમાં છે. જે ગ્રાઉન્ડ ફલોર તથા ૧૨ માળની બનનાર છે. જેની અંદાજીત રકમ રૂા.૩૯.૩૫ કરોડ છે. આ કામ માર્ચ ૨૦૧૮ સુધીમાં પુર્ણ થનાર છે.

નવરંગપુરા મલ્ટીલેવલ પાર્કીંગ

નવરંગપુરા બસ સ્ટેન્ડની પાછળ આવેલ ફાયનલ પ્લોટ નંબર ૨૬૮/૨ માં ૪૯૯૩ ચોરસ મીટર જેટલી જગ્યામાં મલ્ટી લેવલ કાર પાર્કીંગ બનાવવાનું કામ કરવામાં આવેલ છે.

સદર જગ્યાએ બનાવવાનું થતું મલ્ટી સ્ટોરી પાર્કીંગ કમ કોર્મશીયલ કમ્પિલેક્ષમાં ૦૨ બેઝમેન્ટ + ગ્રાઉન્ડ ફલોર + ચાર માળ નું કામ કરવામાં આવેલ છે. જેમાં ગ્રાઉન્ડ અને પહેલા માળે અંશતઃ તથા ત્રીજો અને ચોથા માણ માટે શોપ/ઓફીસ બનાવવાનું કામ કરવામાં આવેલ છે.

સદર પાર્કીંગ રેમ્પ ટાઇપ ડિઝાઇન મુજબ બનાવેલ છે એટલેકે તેમા વાહનચાલક પોતે જ ખાલી જગ્યાએ કાર પાર્કીંગ કરવાના રહેશે. સદર મલ્ટી સ્ટોરી પાર્કીંગ ફાયર હાયડ્રન્ટ અને સ્પ્રીન્કલર સિસ્ટમ લગાવવાનું તેમજ ૦૨ બેઝમેન્ટમાં સ્મોક એક્સઝોસ્ટ સિસ્ટમ, જરૂરીયાત મુજબ સી.સી.ટી.વી. કેમેરા અને પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ, ગીઅર લેસ લીફ્ટ જેવી જરૂરીયાત મુજબની સુવિધાઓ સાથે બનાવવાનું કામ પુર્ણ થયેલ છે. સદર કામનો અંદાજીત ખર્ચ રૂા. ૬૦.૦૦ કરોડ છે.

બિલ્ડીગની ડિઝાઇન : બેઝમેન્ટ ની સંખ્યા : ૨

ફલોર :- જી + ૪

બીલ્ટઅપ એરીયા : ૩૦૪૪૪ ચો.મીટર

સુવિધા :

કાર પાર્કીંગ	૩૯૦ નંગ
ટુ વ્હીલર પાર્કીંગ	૭૧૯ નંગ
કોમર્શીયલ એરીયા	૯૩૮૯ ચો.મી.

સદર કામ પુર્ણ થયેલ છે.

૪.૪ ડ્રેનેજ પ્રોજેક્ટ
સને : ૨૦૧૬ - ૨૦૧૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇજનેર ખાતા દ્વારા જાહેર સુવિધાના અલગ અલગ મુખ્યત્વે કામો જેવા કે ગટરની સિસ્ટેમીક સગવડ આપવાનું, સમયસર અને પુરતું પીવાનું પાણી પૂરૂ પાડવવાનું, સ્ટ્રીટ લાઇટની સગવડ, ટ્રાફીકના ભાગરૂપે રોડ તથા બ્રિજ બનાવવાનું તથા ગરીબ આવાસ યોજના હેઠળ મકાનો બનાવવાની કામગીરી કરવામાં આવે છે.

ઇજનેર ડ્રેનેજ પ્રોજેક્ટ ખાતા દ્વારા અ.મ્યુ.કોર્પો. વિસ્તારમાં જરૂરીયાત મુખ્યત્વે નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

૧. નવા વિકાસ પામતા વિસ્તારો તથા ખુલ્લા કરવામાં આવતા ટી.પી. રસ્તાઓ ઊપર ડ્રેનેજ નેટવર્ક નાંખવાથી ડ્રેનેજ ના એકત્રીકરણ કરેલા ડ્રેનેજના પાણીને શુધ્ધ કરી નદીમાં નાંખવા માટે સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. સીસ્ટેમીક ડ્રેનેજ લાઇન નાંખવાની ડ્રેનેજ ના એકત્રીકરણ માટે ડ્રેનેજના પમ્પીગ સ્ટેશન બનાવવાની તથા એકત્રીકરણ કરેલા ડ્રેનેજના પાણીને સુધ્ધ કરી નદીમાં નાંખવા માટે સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી કરવામાં આવે છે.
૨. ચોમાસાની ઋતુમાં નવા ધ્યાને આવેલ વરસાદી પાણી ભરાવવાની જગ્યા ઉપર વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર ડ્રેઇન લાઇન/ કેચપીટ બનાવવાની તથા ભૌગોલીક પરિસ્થિતી મુજબ જરૂરીયાત વાળી જગ્યાએ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પમ્પીગ સ્ટેશન બનાવી વરસાદી પાણીનો નિકાલ નજીકના વોટર બોડી જેવા કે તળાવ,વહેળા, કેનાલ, નાળા તથા નદીમાં કરવા અંગેની કામગીરી કરવામાં આવે છે.
૩. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં આવેલ અલગ અલગ તળાવ પૈકી જેમ જેમ વિસ્તાર ડેવલોપ થતો જાય તેમ નાંણાંકીય ઉપલબ્ધીઓને ધ્યાને લઇ અલગ અલગ વિસ્તારના તળાવ ડેવલોપ કરવાના કામો કરવામાં આવે છે.
૪. વર્ષો જુની ચોકપ થયેલી મુખ્ય ડ્રેનેજ તથા સ્ટ્રોમ વોટર લાઇનોનું આધુનીક CCTV ટેકનોલોજીથી ચોકપ થઇ ગયેલ હોય તેવી મુખ્ય લાઇનો મુખ્ય ડી-સીલ્ટીગ તથા રીહેબીલેશનની કામગીરી કરવામાં આવે છે.
૫. હયાત ટ્રંક મેઇન લાઇનોમાં થતા ભંગાણોના રીપેરીગની કામગીરી ખાસ કિસ્સા તરીકે ડ્રેનેજ પ્રોજેક્ટ ખાતે સોપણી કરવામાં આવે ત્યારે કામ કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઇજનેર ડ્રેનેજ પ્રોજેક્ટ ખાતા દ્વારા દર વર્ષે કરવામાં આવતા કામો પૈકી વર્ષ ૨૦૧૬-૧૭ માં અ.મ્યુ.કો. ના કેપીટલ બજેટ, કેન્દ્ર સરકારની JnNURM, રાજ્ય સરકારની સ્વર્ણિમ જયંતી યોજના તથા અલગ-અલગ ગ્રાન્ટો અન્વયે ડ્રેનેજ લાઇટો નાંખવાની સ્ટ્રોમ વોટર લાઇનો, એસ.ટી.પી. બનાવવાના, તળાવ ડેવલોપ કરવાના તથા AMRUT બજેટ હેઠળ એસ.ટી.પી બનાવાના કુલ રૂા.૨૧૭.૧૦ કરોડ ના ખર્ચે કામગીરી કરવામાં આવેલ છે. જે પૈકી કેપીટલ બજેટની રૂા.૫૪.૬૩ કરોડ, NRCP-2 ગ્રાન્ટ અન્વયે ૩૦.૩૦ કરોડ, JnNURM ગ્રાન્ટ અન્વયે ૧૧.૯૮ કરોડ , સ્વર્ણિમ જયંતી યોજા હેઠળ રૂા.૧૧૮.૬૨ કરોડના તથા AMRUT ગ્રાન્ટ અન્વયે ૨.૦૦ કરોડના ખર્ચે કામગીરી કરાવેલ છે.

અમદાવાદ શહેરમા ૧૫૧૫.૧૦ કિ.મી લંબાઈની સિસ્ટેમીક ડ્રનેજ લાઈનો ગણા સમયથી નાંખવામાં આવેલ છે. જે હાલમાં કાર્યરત છે, જે હાલમાં કાર્યરત છે. પરંતુ શહેરના વધતા જતાં વિસ્તારોની સાથે સાથે ડ્રેજેન સુવિધાઓ આપવાના કામોનો સમયગાળો કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ JnNURM સ્કીમ હેઠળ કરવામાં આવેલ છે. જે અંતર્ગત શહેરના નવા સમાવિષ્ટ નવા પશ્ચિમ તથા પૂર્વ વિસ્તારોમાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૫૨૫ કિ.મી. લંબાઈમાં રૂા. ૨૭૦ કરોડના ખર્ચે ડ્રેનેજ લાઈનોના નેટવર્ક તથા કુલ ૩૬૦ કિ.મી. લંબાઈમાં રૂા.૩૨૮ કરોડના ખર્ચે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનના નેટવર્ક નાંખવાની કામગીરી કરવામાં આવેલ છે.હાલમાં શહેરમાં કુલ ડ્રેનેજ નેટવર્ક ૨૫૬૦ કિ.મી. લંબાઈમાં તથા સ્ટ્રોમ વોટર ડ્રેનેજ નેટવર્ક ૯૨૩ કિ.મી. લંબાઈમાં નાંખવામાં આવેલ છે. આગામી વર્ષમાં શહેરના લગભગ ૧૦૦% વિસ્તારને ડ્રેનેજ સુવિધાથી સાંકળી લેવાનું આયોજન છે, જેને લક્ષ્યમાં રાખી જરૂરીયાત મુજબ ડ્રેનેજ નેટવર્ક નાંખવાના કામો ડ્રનેજ પ્રોજેક્ટ ખાતેથી હાથ ધરાયેલ છે. ડ્રેનેજ પ્રોક્ટ વિભાગે ડ્રેનેજ ઉભરાવવાના પ્રશ્નો નિવારવા તથા ચોમાસા દરમિયાન શહેરમાં ભરાતા વરસાદી પાણીના ત્વરીત નીકાલ હેતુ બાકી રહેતા વિવિધ વિસ્તારોમાં સ્ટ્રોમ વોટર તથા ડ્રેનેજ નેટવર્ક નાંખવા આયોજન કરેલ જે પૈકી સરખેજ, વેજલપુર, ઈન્દ્રપુરી,રામોલ,ચાંદલોડીયા જેવા વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક તથા ચાંદલોડીયા,જોધપુર,કુબેરનગર,વસ્ત્રાલ,નિકોલ, વિસ્તારમાં સ્ટ્રોમ વોટર નેટવર્કની કામગીરી પૂર્ણ કરેલ છે. સાથો સાથ જરૂરીયાત મુજબ સુએઝ તથા સ્ટ્રોમ વોટર પમ્પીગ સ્ટેશન ઉભા કરવા કુલ રૂા. ૫૦ કરોડ નું આયોજન કરાયેલ છે. જે પૈકી નિકોલ ખાતે સ્ટ્રોમ વોટર પમ્પીગ સ્ટેશનની કામગીરી પૂર્ણ કરેલ છે અને આવકાર હોલ વિરાટનગર ખાતે સ્ટ્રોમ વોટર પમ્પીગ સ્ટેશન બનાવવાની કામગીરી પૂર્ણ કરેલ છે. ઓઢવ ખાતે તેમજ મધ્યઝોનના ગીરધરનગર સ્ટ્રોમ વોટર પમ્પીગ સ્ટશન બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તથા ચિલોડા, મેઘાણીનગર, ચેનપુર, વિસ્તારોમાં ડ્રેનેજ પમ્પીગ સ્ટેશનની કામગીરી પૂર્ણ કરેલ છે. તથા ત્રણ ખુણીયા બગીચા ખાતે ડ્રેનેજ પમ્પીગ સ્ટેશનની કામગીરી પૂર્ણ કરેલ છે.

વિકસિત દેશોમાં કાર્યરત એક્ટીવેટેડ સ્લજ પ્રોસેસ પ્રકારનો પીરાણા ખાતે ૧૮૦ એમ.એલ.ડી. ક્ષમતાનો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત થયેલ છે. જે શહેરની હાલની સુએઝને ટ્રીટ કરવા સક્ષમ છે. આ ઉપરાંત ૩૫ એમ.એલ.ડી. અને વાસણા ખાતે ૬૦ એમ.એલ.ડી ક્ષમતાના એક્ટીવેટેડ સ્લજ પ્રોસેસ ટાઈપના નવા બે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી પૂર્ણ થયેલ છે. ભવિષ્યની સુએઝ ટ્રીટમેન્ટ સમસ્યા દુર કરવા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન કરાયેલ છે.

એન.આર.સી.પી. ફેજ- ૨ અંર્તગત પીરાણા ખાતે ૧૫૫ એમ.એલ.ડી. વાસણા ખાતે ૪૮ એમ.એલ.ડી. એસ.ટી.પી. ઉભા કરવા માટે રૂા. ૧૯૮ કરોડ નું આયોજન છે. વિંઝોલ ખાતે હયાત પમ્પીગ સ્ટેશનમાં આવતી વધારાની આવકને ધ્યાનમાં લઈ હયાત ૭૦ એમ.એલ.ડી. પ્લાન્ટને પ્રોસેસ પ્રમાણ અપગ્રેડ કરી નવો ૩૫ એમ.એલ.ડી. કેપેસીટી નો એસ.ટી.પી બનાવવામાં આવશે જેથી વધારાની આવકના સુએઝને પણ સ્ટ્રીટ કરી નિકાલ કરવા નવા પ્લાન્ટની અંદાજીત કિંમત રૂા. ૭૯ કરોડ રૂપિયા થાય છે. ભવિષ્યની વધારાની સુએઝની આવકને આંકી વિંઝોલ ખાતે વધારાનો ૧૦૦ એમ.એલ.ડી. કેપેસીટીનો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉભો કરવાનું આયોજન છે. તથા અમૃત યોજના હેઠળ વાડજ વિસ્તારમાં ચંદ્ભાગા નાળાનું અનટ્રીટેડ સુએઝ નદીમાં જતું અટકાવવા માટે જલવિહાર ખાતે ૬૦ એમ.એલ.ડી. કેપેસીટીનો એસ.ટી.પી. અંદાજીત રૂા. ૯૭ કરોડનું આયોજન કરાયેલ છે. તથા રીવરફ્રન્ટ/કેન્ટોનમેન્ટ જગ્યામાં બે ૨૫ એમ.એલ.ડી. કેપેસીટીના એસ.ટી.પી.નું આયોજન છે.

અમદાવાદ શહેરમાં આવેલ તળાવોમાં ગણા તળાવો કુદરતી સ્વરૂપે હોઈ તેનો વિકાસ કરવો અંત્યંત જરૂરી જણાય છે. હાલની પરિસ્થિતિ મુજબ તળાવની અંદરના તથા આજુબાજુની જગ્યાઓ ઉપર ગેરકાયદેસર બાંધકામો થયેલા છે. જેને લઈને તળાવોની ખુલ્લી જગ્યાઓમાં સીવેઝ પાણી,કચરો તથા ઠેર ઠેર મળત્યાગ થયેલ માલુમ પડેલ છે. જેને લીધે આસ પાસ દુર્ગંધ આવે છે, અને તળાવોની સ્થિતી દયાજનક હાલતમાં મુકાય છે. ગણા

તળાવો ઊંડા ન હોવાને કારણે આજુ બાજુના વિસ્તારોનું વરસાદી પાણી તળાવ લઇ શકતુ ન હોવાથી પાણી ભરાવવાના પ્રશ્નો ઉભા થાય છે.

તળાવો વિકસાવવાથી વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાશે તથા રસ્તાઓ, વિસ્તારોમાં પાણી ભરાવવાના પ્રશ્નો હલ કરી શકાશે, વરસાદી પાણી સંગ્રહ થવાથી ભુર્ગભના પાણીના સ્તર રીર્ચાજ થવાથી ભૂગર્ભ પાણીના સ્તર ઊંચા આવી શકે છે. તળાવોનો વિકાસ કરી વિસ્તારને લોક મેળાનું સ્થળ બનાવી લોકોને મનોરંજન પૂરૂ પાડી શકાય છે. તળાવની આજુબાજુ વૃક્ષારોપણ કરી કરી આજુબાજુના વિસ્તારનું પ્રદુષણ ઓછું કરી જાહર આરોગ્ય સુધારી શકાય છે તેમજ વિસ્તારની સુંદરતા વધારી શકાય છે.

તળાવોના વિકાસની કામગીરીમાં તળાવોને ઊંડા કરી કંપાઉન્ડ વોલ/કિન્સીગ ઉભા કરી તળાવ ફરતે રસ્તા બાગ બગીચા તથા લાઇટીગ વ્યવસ્થા કરવા તથા પાણી લાવવા આઉટલેટો ઉભા કરવા, પે.એન્ડ યુઝ ટોયલેટો બનાવવા , રિચાર્જ કૂવા બવાવવા વગેરે કામગીરી આવરી લેવામાં આવશે.

ડ્રેનેજ પ્રોજેકટ વિભાગ તરફથી તળાવ વિકાસ કામગીરી માટે આગામી વર્ષમાં આશરે રૂા.૯૦ કરોડ રૂપીયાનું આયોજન કરેલ છે. જે પૈકી લાંભા, વટવા, બાપુનગર, આર.એમ.એસ. (મેમનગર) મલેક સાબાનના વિકાસની કામગીરી થયેલ છે. બાકીના અન્ય તળાવોના વિકાસની કામગીરી નો સમાવેશ આગામી વર્ષમાં ડ્રેનેજ/સુએઝની સમસ્યાઓ હલ કરવા આશરે રૂા.૩૫ કરોડના વિવિધ ડ્રેનેજ પમ્પીગ સ્ટેશનનું આયોજન છે. નવા સમાવિષ્ટ લાંભા, વટવા, પૂર્વઝોન, નવા પશ્ચિમ ઝોન તથા રાણીપ સાબરમતી વિસ્તારનાં ખુલ્લા જતા ડ્રેનેજ પાણીને નેટવર્કની જરૂરીયત મુજબ પમ્પીગ ઉભા કરી ટ્રીટમેન્ટ કરાવી નિકાલ કરવા માટેનું રૂા.૧૮૦ કરોડ ના વિવિધ કામોનું આયોજન છે. થલતેજ આર.એમ.એસ. (ફેજ-૨) સરખેજ, રોપડા, નિકોલ,સોલા,ઇસનપુર, ચંડોળા, વિઝોંલ,ઓઢવ,રતનપુર બાપુનગર (ફેજ-૨) લાંભા (ફેજ-૨) તળાવોનો સમાવેશ કરી આયોજન કરાયેલ છે.

Trenchless technology દ્વારા જુની પાઇપલાઇનને નવીનીકરણ કરવાનું કામ અમદાવાદ શહેરમાં પણ હાથ ધરવાનું આયોજન કરેલ છે. જે અંતર્ગત હાલમાં પ્રયોગિક ધોરણે દક્ષિણઝોન વિસ્તારમાં ભૈરવનાથથી બળવંતરાય મહેતા હોલ સુધીની જુની ડ્રનેજ ટ્રંક લાઇનનું Trenchless technology દ્વારા ડિસિલ્ટિંગ કરાવી સ્ટ્રેન્થનિંગ કરવાની કામગીરી રૂા. ૬.૦૦ કરોડના ખર્ચે કરાવેલ છે તેમજ આગામી વર્ષમાં આ જ મુજબની કામગીરી માટે એન.આર.સી.પી. ફેઝ-૨ અંતર્ગત આશરે કુલ રૂા.૭૦.૦૦ કરોડનું આયોજન કરેલ છે. જેમાં મુખ્યત્વે (૧) પશ્ચિમ ઝોનમાં વર્ષો જુની હયાત ડ્રેનેજ લાઇનો પૈકીની એ.પી.એમ.સી. માર્કેટથી અંજોલ ચાર રસ્તા સુધીની ડ્રેનેજ લાઇન ટ્રેન્ચલેસ ટેકનોલોજીથી રિહેબીલીટેશન કરવાનું કામ. (૨) પશ્ચિમ ઝોનમાં હયાત ડ્રેનેજ લાઇનો પૈકીની એલ.ડી. એન્જી. થી નહેરૂનગર ચાર રસ્તા સુધીની ડ્રેનેજ લાઇન ટ્રેન્ચલેસ ટેકનોલોજીથી રિહેબીલીટેશન કરવાનું કામ. (૩) પૂર્વઝોન વિસ્તારમાં એસ.પી.ઓફિસથી બાપુનગર ચાર રસ્તા સુધીની હયાત લાઇન તથા (૪) મધ્યઝોન દરિયાપુર પોલીસ ચોકી ની લાઇન ટ્રેન્ચલેસ ટેકનોલોજીથી રિહેબીલીટેશન કરવાના કામોનો સમાવેશ થાય છે. દક્ષિણ ઝોનમાં જવાહરચોક, ગૌતમપાર્ક, દાણીલીમડા વિગેરે લાઇનો રીહેબ કરવાનું આયોજન છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન તથા ઔડા વિસ્તારમાં થી પસાર થતી ૧૬.૪૬૦ કી.મી. લંબાઇની ગોતા - ગોધાવી કેનાલનો ચોમાસા દરમ્યાન વરસાદી પાણીના નિકાલ માટે તથા ખુલ્લી કેનાલના કારણે થતી ગંદકી તથા મચ્છરના ઉપદ્રવ ને કારણે રોગચાળો અટકાવવા ગોતા- ગોધાવી કેનાલની મજબૂતીકરણ અને નવીનીકરણ ના કામ અંગે કેનાલને ડેવલપ કરવા અંગે કેનાલને સંપૂર્ણ લાઇનિંગ કરી કેનાલને જુદી જુદી જગ્યાએ ૫૦૦૦ મીટર લંબાઇમાં સ્લેબ ભરી કવર કરવા તેનજ ૯૮૬૦ મીટર લંબાઇની કેનાલને ખુલ્લી રાખી કેનાલની બંને બાજુ વૃક્ષારોપણ કરી બ્યુટીફીકેશનની કામગીરીનું તથા કેનાલની સમાંતર બંને બાજુ પાકારોડ બનાવવાનું આયોજન હાથ ધરાયેલ છે જેનાથી એસ.જી. હાઇવે તથા સરદારપટેલ રીંગ રોડ વચ્ચે ટ્રાફીક અવરજવર કરી શકશે ઉપરાંત

કેનાલની બંને બાજુ આવેલ કોલોનીઓ તથા ફલેટોના રહેવાસીઓને કેનાલ ક્રોસ કરવા માટે લાંબુ અંતર નહી કાપવું પડે. આ યોજનાનો કુલ ખર્ચ રૂા.૧૫૦.૦૦ કરોડ આંકવામાં આવેલ છે.

ડિસેન્ટ્રલાઈઝડ સુએઝ ટ્રીટનેન્ટ પ્લાન્ટો ઊભા કરી ટ્રીટેડ રી-સાયકલ પાણીને બગીચામાં કે તળવો ભરવા વાપરવાનું આયોજન કરાયલ છે. સાથો સાથ હયાત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટોને પોલ્યુશન કંટ્રોલ વોર્ડના નવા ધારા ધોરણ મુજબ ટ્રીટમેન્ટ કરવા પ્લાન્ટો અપગ્રેડેશન કરવા માટેનું આયોજન છે.

ડ્રેનેજ પ્રોજેક્ટ ખાતેથી કરવામાં આવેલ મુખ્ય કામો નિચે મુજબ છે

• લાંભા તળાવ ડેવલપ કરવાનું કામ.	૧૬૨૭.૦૦	કામ પૂર્ણ
• વટવા તળાવ ડેવલોપ કરવાનું કામ.	૧૧૦૦.૦૦	કામ પૂર્ણ
• મીરજાપુર / શાહપુર વોર્ડમાં ત્રણ ખુણીયા ગાર્ડન પાસે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું તથા ગીરધરનગર માકુભાઈના છાપરા પાસે નવું ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ.કામ.	૧૪૫૭.૮૮	કામ પૂર્ણ
• વેજલપુર વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ.	૫૪૪.૩૮	કામ પૂર્ણ
• ચંદ્રભાગા વહેળાના ગંદા પાણીને ડાયવર્ટ કરવા માટે ૯૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઈન નાંખવાનું કામ.	૫૭૫.૧૯	કામ પૂર્ણ
• નવા પશ્ચિમ ઝોન વિસ્તારમાં સરખેજ વોર્ડમાં SN-NEZ-12 અને SN-NEZ-13 હેઠળ નાંખવામાં આવેલ ૨૨૦૦ એમ.એમ. ડાયાની ડ્રેનેજ લાઈન નાંખવાનું કામ.	૩૩૦.૦૦	કામ પૂર્ણ
• નવા પશ્ચિમ ઝોન વિસ્તારની મુખ્ય બે ટ્રંક મેઈન લાઈનોની જરૂરીયાતવાળી જગ્યાએ ડીસીલ્ટીગ કરવાનું કામ.	૩૩૦.૦૦	કામ પૂર્ણ
• નોબલનગર ખાતે એસ.પી.એસ. બનાવવાના કામ બાબત.	૯૩૫.૫૪	કામ પૂર્ણ
• નોબલનગર ખાતે નેટવર્ક નાંખવાના કામ બાબત.	૫૧૧.૪૧	કામ પૂર્ણ
• ઓઢવ વિસ્તારમાં મહાકાળી સ્ટોર્મ વોટર પંપીગ સ્ટેશન બનાવવાનું કામ.	૩૯૯.૦૬	કામ પૂર્ણ
• દક્ષિણઝોનમાં નવાણા પંપીગ સટેશનની રાઈઝીગ લાઈન લંબાવવાનું કામ.	૨૬૯.૩૮	કામ પૂર્ણ
• દિપાલીનગર તથા નવા ઓઢવમાં સ્ટોર્મ વોટર પંપીગ સ્ટેશન તથા પાઈપ લાઈન નાંખવાનું કામ.	૩૨૫.૦૦	કામ પૂર્ણ
• નરોડા ટી.પી. સ્કીમ- ૨ માં સ્ટોર્મ વોટર પંપીગ સ્ટેશન તથા પાઈપ લાઈન નાંખવાનું કામ.	૯૫૦.૦૦	કામ પૂર્ણ
• પશ્ચિમઝોનમાં લખુડી તળાવથી મીઠાખળી અન્ડરપાસ સુધીનાં હયાત નાળાનું અપગ્રેડેશનનું કામ.	૧૫૪૭.૫૩	કામ પૂર્ણ
• વસ્ત્રાલ વોર્ડમાં તળાવ ડેવલપ કરવાનું કામ.	૧૫૮૩.૨૧	કામ ચાલુ
• પૂર્વ વિસ્તારમાં ડીસીલ્ટીગનું કામ. (રામોલ, નિકોલ, વસ્ત્રાલ) (આર.એમ.એસ. તળાવેથી હેલ્મેટ ચાર રસ્તા) (રૂબિકોન)	૩૭૧.૨૩	કામ પૂર્ણ
• બલોલનગર રેલ્વે પાઈપ પુશીગ.	૧૪૪.૨૯	કામ પૂર્ણ
• રાણીપ ખાતે ડ્રેનેજ પંપીગ સ્ટેશન બનાવવાનું કામ.	૧૬૦૦.૦૦	કામ પૂર્ણ
• ચેનપુર રેલ્વે બોક્ષ પુશીગ	૨૫૦.૩૨	કામ પૂર્ણ
• નોબલનગર (ચિલોડા) વિસ્તારમાં નેશનલ હાઈવેના પુશીગના કામ.	૮૦.૮૯	કામ પૂર્ણ
• ચમનપુરા રાઈઝીગ લાઈન એકશટેન્શનનું કામ.	૫૫૬.૫૩	કામ પૂર્ણ
• ચાંદલોડીયા વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ. (ફેઝ- ૨) (અમલીકરણ ઝોન ખાતેથી)	૮૫.૧૩	કામ પૂર્ણ

• અ.મ્યુનિ.કોર્પો. જુદા જુદા વિસ્તારની ડ્રેનેજ લાઇનો ડીસીલ્ટીંગ કરવાનું કામ. (અમલીકરણ પૂર્વ બાલીબોય)	૭૪૦.૬૦	કામ પૂર્ણ
• દક્ષિણઝોનમાં આવેલ ઇન્દ્રપુરી (જશોદાનગર) વોર્ડમાં ટી.પી. ૬૪ માં નવું ડ્રેનેજ પંપીંગ સ્ટેશનનું કામ.	૨૪૯.૧૩	કામ પૂર્ણ
• ૧૦૬ એમ.એલ.ડી. જુના પીરાણા એસ.ટી.પી. નું ઓ એન્ડ એમ નું કામ.	૨૦૫.૩૦	કામ ચાલુ
• પેકેજ- ૨ હેઠળ નવા પશ્ચિમઝોનમાં ડ્રેનેજ લાઇન તેમજ સ્ટોર્મ વોટર લાઇન ડીસીલ્ટીંગ કરવાના કામ બાબત. (અમલીકરણ ઝોન ખાતેથી)	૨૦૮.૦૦	કામ પૂર્ણ
• પેકેજ- ૩ હેઠળ ઉત્તર ઝોનમાં ડ્રેનેજ લાઇન તેમજ સ્ટોર્મ વોટર લાઇન ડીસીલ્ટીંગ કરવાના કામ બાબત. (અમલીકરણ ઝોન ખાતેથી)	૫૯૦.૩૧	કામ પૂર્ણ
• પેકેજ- ૬ હેઠળ મધ્ય ઝોનમાં ડ્રેનેજ લાઇન તેમજ સ્ટોર્મ વોટર લાઇન ડીસીલ્ટીંગ કરવાના કામ બાબત. (અમલીકરણ ઝોન ખાતેથી)	૪૮૬.૦૦	કામ પૂર્ણ
• નવા પશ્ચિમઝોનમાં ચાંદલોડીયા વોર્ડમાં ડ્રેનેજ લાઇન તેમજ સ્ટોર્મ વોટર લાઇન ડીસીલ્ટીંગ કરવાનું કામ. (રૂબીકોન)	૨૧૧.૬૭	કામ પૂર્ણ
• ઉત્તરઝોનનાં ચમનપુરા પંપીંગ સ્ટેશનની રાઇઝીંગ લાઇનનાં રૂટમાં આવતા રેલ્વે લાઇન નીચેથી રેલ્વે પુશીંગનું કામ.	૫૯.૯૧	કામ પૂર્ણ
• સોલા થલતેજ તળાવની સ્ટોર્મ વોટર ડ્રેઇનને ઇન્ટરલીંક કરવા માટે રેલ્વે લાઇન નીચે બોક્ષ પુશીંગ કરવાના કામ બાબત.	૧૯૩.૦૦	કામ પૂર્ણ
• નિકોલ સ્ટોર્મ વોટર નેટવર્ક (અમલીકરણ ઝોન ખાતેથી)	૭૪૪.૨૪	કામ પૂર્ણ
• નવા પશ્ચિમઝોનના નદી તરફનાં વિસ્તાર જેવા કે સરખેજ, જોધપુર, વેજલપુર વોર્ડમાં સ્ટોર્મ વોટર ડીસીલ્ટીંગ કરવાના કામ બાબત. (ટેન્ડર—૨)	૬૫૦.૦૦	કામ પૂર્ણ
• પશ્ચિમ ઝોનમાં અલગ અલગ જગ્યાઓએ ડીસીલ્ટીંગ કરવાના કામ. પેકેજ- ૨ DS/WZ	૬૧૫.૬૨	ઝોન કામગીરી ચાલુ
• ઉત્તર ઝોનમાં અલગ અલગ જગ્યાઓએ ડીસીલ્ટીંગ કરવાના કામ. પેકેજ- ૪ DS/NZ Part-3	૧૩૮.૭૭	ઝોન કામગીરી ચાલુ
• ઉત્તર ઝોનમાં અલગ અલગ જગ્યાઓએ ડીસીલ્ટીંગ કરવાના કામ. પેકેજ- ૪ DS/NZ Part-2	૧૧૮.૭૪	ઝોન કામગીરી ચાલુ
• પૂર્વ ઝોનમાં અલગ અલગ જગ્યાઓએ ડીસીલ્ટીંગ કરવાના કામ. પેકેજ- ૩ DS/EZ	૭૦૯.૪૯	ઝોન કામગીરી ચાલુ
• નવા પશ્ચિમઝોનમાં સરખેજ પુશીંગ થી ઇમાદ ટાવર સુધીનાં મેઇન ટ્રંક લાઇન ડીસીલ્ટીંગ કરવાનું કામ. Part- 2	૯૮.૪૩	કામ પૂર્ણ
• નવા પશ્ચિમઝોનમાં સરખેજ પુશીંગ થી ઇમાદ ટાવર સુધીનાં મેઇન ટ્રંક લાઇન ડીસીલ્ટીંગ કરવાનું કામ. Part- 1	૯૭.૯૬	કામ પૂર્ણ

• દક્ષિણઝોનમાં અલગ અલગ જગ્યાઓએ ડીસીલ્ટીગ કરવાનું કામ. પેકેજ- ૫ DS/SZ	૩૫૭.૦૮	ઝોન કામગીરી ચાલુ
• નવા પશ્ચિમઝોનમાં ૨૮૫ એમ.એલ.ડી. વાસણા ટીએસપીસ માં આવતી ૨૨૦૦ ડાયા લાઈનનાં સ્ટ્રેન્ધનીગનું કામ	૯૭.૪૨	કામ પૂર્ણ
• ઉત્તર ઝોનમાં અલગ અલગ જગ્યાઓએ ડીસીલ્ટીગ કરવાના કામ. પેકેજ- ૪ DS/NZ Part-1	૧૦૨.૦૫	ઝોન કામગીરી ચાલુ
• નવા પશ્ચિમ ઝોન વેજલપુર વોર્ડમાં વસ્ત્રાપુર રેલ્વે ક્રોસીગથી સરખેજ હાઈવે પાઈપ ડીસીલ્ટીગ કરવાના કામ.	૮૫.૦૫	કામ પૂર્ણ
• નવા પશ્ચિમ ઝોનના જોધપુર વોર્ડ ઓનેસ્ટ ચાર રસ્તાથી રાહુલ ટાવર સુધી પાઈપ લાઈન ડીસીલ્ટીગ કરવાના કામ.	૮૭.૪૨	કામ પૂર્ણ
• નવા પશ્ચિમ ઝોનના સરખેજ, મકરબા અને ઓકાફ વિસ્તારમાં ટી.પી. ૨૦૪ / ૮૬ ને સંલગ્ન હયાત ૨૨૦૦ મી.મી. ડાયા લાઈનને સંલગ્ન ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ.	૧૧૩૧.૯૦	કામ ચાલુ
• નવા પશ્ચિમ ઝોનના સરખેજ, મકરબા અને ઓકાફ વિસ્તારમાં ટી.પી. ૮૭ અને ૨૦૪ ના અમુક ભાગ એટલે કે રીગ રોડની અને સરખેજ વિરમગામ હાઈવેની બહારનાં ભાગમાં ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ.	૬૮૮.૯૨	કામ ચાલુ
• નવા પશ્ચિમ ઝોનના સરખેજ, મકરબા અને ઓકાફ વિસ્તારમાં ટી.પી. ૨૦૪ માં આવેલ ૧૨૦૦ મી.મી. ડાયાની ટન્ક મેઈન લાઈનને સંલગ્ન ડ્રેનેજ નેટવર્ક નાંખવાનું કામ.	૮૩૧.૨૧	કામ ચાલુ
• ખારીકટ કેનાલ ઉપર ઉત્તરઝોન અને પૂર્વઝોનનાં ક્રીટીકલ વોટર લોગીગ વિસ્તારોથી ખારીકટ કેનાલ સુધી ગ્રેવીટી લાઈન નાંખવા.	૧૫૮.૦૦	કામ પૂર્ણ
• દક્ષિણઝોનમાં પીરકમાલ ચાર રસ્તાથી સાબરમતિ નદી સુધીનાં સ્ટોર્મ વોટર ાર.સી.સી. ડકટનાં ડીસીલ્ટીગ કરવાનું કામ.	૬૬૮.૮૭	કામ પૂર્ણ
• જલવિહાર ખાતે ૬૦ એમ.એલ.ડી. કેપેસીટીનો એસ.ટી.પી. બનાવવાના કામ.	૯૭૫૫.૪૨	કામ ચાલુ
• વિંઝોલ ખાતે ૩૫ એમ.એલ.ડી. કેપેસીટીનો સુએજ ટ્રીટેમેન્ટ પ્લાન્ટ બનાવવા.	૮૩૧૬.૬૮	કામ ચાલુ
• ગોતા ગોધાવી કેનાલ ડેવલોપ કરવાના કામ પૈકી (GGDP- 1) ના કામ બાબત.	૧૪૨૨.૭૧	કામ પૂર્ણ
• ગોતા ગોધાવી કેનાલ ડેવલોપ કરવાના કામ પૈકી (GGDP- 2) ના કામ બાબત.	૨૬૦૪.૭૩	કામ પૂર્ણ
• ગોતા ગોધાવી કેનાલ ડેવલોપ કરવાના કામ પૈકી (GGDP- 3) ના કામ બાબત.	૨૫૬૪.૬૭	કામ ચાલુ
• ગોતા ગોધાવી કેનાલ ડેવલોપ કરવાના કામ પૈકી (GGDP- 4) ના કામ બાબત.	૧૩૧૪.૩૬	કામ ચાલુ
• ગોતા ગોધાવી કેનાલ ડેવલોપ કરવાના કામ પૈકી (GGDP- 5) ના	૮૯૫.૭૬	કામ ચાલુ

કામ બાબત.		
• વાસણા ખાતે ૪૮ એમ.એલ.ડી. કેપેસીટીનો એસ.ટી.પી. બનાવવા.	૭૮૫૬.૯૧	કામ ચાલુ
• મણીયાર ટેલર, અજીતમિલ થી બાપુનગર ચાર રસ્તા સુધીની હયાત ૧૨૦૦ મી.મી. વ્યાસની ડ્રેનેજ લાઇન રીહેબ કરવાનું કામ.	૧૨૦૦.૫૦	કામ પૂર્ણ
• જમાલપુર થી ન્યુ સબર્બન પંપીગ સ્ટેશન સુધી ૨૨૦૦ મી.મી. ડ્રેનેજ લાઇન રીહેબીલીટેશન કરવાના કામ.	૧૦૮૮.૬૪	કામ પૂર્ણ
• પીરાણા એસ.ટી.પી. થી સાબરમતિ નદી સુધી ૨૨૦૦ મી.મી. ડાયાની વરસાદી લાઇન એકસટેન્ડ કરવાના કામ.	૨૬૧.૨૮	કામ પૂર્ણ
• લાંભા વોર્ડમાં જુદી જુદી જગ્યાએ ડ્રેનેજ નેટવર્ક નાંખવાના કામ.	૬૪૩.૮૩	કામ પૂર્ણ
• લાંભા વોર્ડ ખાતે ૧૭.૫ એમ.એલ.ડી. એસ.પી.એસ, સીવીલ, ઇલેકટ્રીકલ તથા મીકેનીકલ કામ સાથે રાઇઝીગ મેઇન લાઇન નાંખવાના કામ.	૬૬૬.૩૭	કામ પૂર્ણ

૪.૫ સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી
સને : ૨૦૧૬ - ૨૦૧૭

સાબરમતી નદીના બંને કાંઠાનો વિકાસ કરી અમદાવાદ શહેરના નાગરિકો માટે આનંદપ્રમોદ અને મનોરંજનના સાધનો ઉભા કરવા ઉપરાંત અનેકવિધ ઉદ્દેશો ધરાવતા સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ ઝડપથી, સરળતાથી તથા અસરકારક રીતે સાકાર કરવાના હેતુસર અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા સને ૧૯૯૭ માં કંપનીધારા ૧૯૫૬ હેઠળ (SRFDCL) સ્વાયત્ત કંપનીની સ્થાપના કરવામાં આવેલ છે.જેના દ્વારા નંદીના કાંઠાનો વિકાસ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.સાબરમતી નદીના શુદ્ધિકરણ સાથે અમદાવાદના પર્યાવરણની જાળવણી સારૂ આ રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટના બંને કાંઠાના વિકાસ માટેનું આયોજન તથા પર્યાવરણીય પાસાઓ સાથે નદીના બંને કાંઠે વરસાદી પાણીના નાળાઓમાંથી ઠલવાતા સુએજને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ડાયવર્ટ કરવા અંગેની અને તેને સંલગ્ન કામગીરી અંગેના આયોજનની સાથે શહેરના ગ્રીન કવરમાં વધારો થાય તે માટે વૃક્ષો,બાગ બગીચા તથા વનીકરણનું પણ આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રોજેકટ અંતર્ગત નદીની સરેરાશ પહોળાઇ અંદાજે ૨૭૫ મીટર રાખી ડાઉન સ્ટ્રીમમાં આવેલ વાસણા બેરેજના કારણે નદીમાં કરી શકાતા જળસંગ્રહની નજીકમાં હરવા ફરવા માટે બંને કાંઠે અંદાજે ૬ થી ૧૧ મીટર પહોળાઇના વોક-વે તૈયાર કરી રીટેઇનીગ વોલનું બાંધકામ કરી વિકાસ માટે પ્રાપ્ત જમીન ઉપર બંને બાજુ રોડનું બાંધકામ,મોટા પાયે બગીચા તથા અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.આ માટે જરૂરી આંતરમાળખાકીય સુવિધાઓના કામ હાલમાં પ્રગતિમાં છે.આ ઉપરાંત સાબરમતી નદીમાં વિવિધ પોઇન્ટ પર બોટીગ,વોટર સ્પોર્ટસ એક્ટીવિટીઝ ચાલુ કરાવવામાં આવેલ છે.નદીના બંને કિનારા પર આવેલ અન્યત્ર વસાવવા પાત્ર ઝુંપડા/કુટુંબોને ઇ.ડબલ્યુ.એસ ના આવાસોમાં વસાવવાની કામગીરી મહદ અંશે પૂર્ણ થયેલ છે જે અંતર્ગત ૯૦૭૫ કુટુંબોનુ પુનઃવસન કરવામાં આવેલ છે. નદીનાં બંને તરફ નદીના પટમાં આવેલ વસાહતીઓને નામ.ગુજરાત હાઇકોર્ટના ડાયરેકશન મુજબ પુનઃવસનની કામગીરી મહદ અંશે પૂર્ણ થયેલ છે

સદરહું પ્રોજેકટ માટે જરૂરી મૂળભૂત કોમ્પોનેન્ટસનાં કામો પૂર્ણ થયેલ છે જેમાં સ્કાવર પ્રોટેકશન માટે જરૂરી આર.સી.સી.ડાયાફ્રામ વોલ,રીટેઇનીગ વોલનું કામ, ઘાટ અને નીચેના વોક-વે લેવલે પહોંચવા માટે જરૂરી સીડીઓ,રીટેઇનીગ વોલની પાછળ અર્થ ફીલીંગનું કામ વિગેરે પૂર્ણ થયેલ છે.નદીનાં બંને બાજુએ આવેલ સ્ટોર્મ વોટર આઉટલેટસમાંથી બારે માસ આવતા સુએઝને ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ડાયવર્ટ કરવા જરૂરી ઇન્ટસેપ્ટર લાઇન જંકશન ચેમ્બર અને વાસણા બરાજ ડાઉન સ્ટ્રીમ સુધીનાં આર.સી.સી. ડકટ અને પાઇપ લાઇનનાં કામો પૂર્ણ થયેલ છે અને ઇન્ટરમીડીએટ પમ્પીગ સ્ટેશન તથા ટર્મીનલ સુએઝ પમ્પીગ સ્ટેશનો કાર્યરત કરવામાં આવેલ છે.હાલમાં બંને કિનારાએથી ટર્મિનલ પમ્પીગ સ્ટેશન પછીનુ સુએઝ આ સીસ્ટમની કેપેસીટી અનુસાર ડાયવર્ટ કરી હયાત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટસ તરફ મોકલવામાં આવે છે.

નદીના પશ્ચિમ કાંઠે દધિચીબ્રીજ થી પી.ટી.ઠક્કર કોલેજ સુધીનો રોડ(દધિચીબ્રીજ,ગાંધીબ્રીજ તથા સરદારબ્રીજ અન્ડરપાસ) સહિત પૂર્ણ થયેલ છે આ ઉપરાંત નદીના પૂર્વ કાંઠે પણ ડફનાળાથી લઇને સરદારબ્રીજ સુધીની રોડની કામગીરી પૂર્ણ થયેલ છે. આ બંને રોડ વર્ષ ૨૦૧૫ થી કાર્યરત છે નદીના પૂર્વ કિનારે સરદારબ્રીજ થી આંબેડકરબ્રીજ સુધીનો રોડ પણ પૂર્ણતાના આરે છે.નદીના બંને કિનારે લોઅર લેવલે જરૂરી રેલીગ સીટીગ અને લાઇટીગની કામગીરી પૂર્ણ થયેલ છે.આ ઉપરાંત ઇન્ફોર્મલ માર્કેટ (રીવરફ્રન્ટ માર્કેટ),ધોબીઘાટ,ઇવેન્ટ

ગ્રાઉન્ડ, સુભાષબ્રીજ અને ઉસ્માનપુરા રીવરફ્રન્ટ ગાર્ડન,ફલાવર ગાર્ડન,અપર લેવલે ટોઇલેટ બ્લોકનું કામ પૂર્ણ થયેલ છે.આ ઉપરાંત રીટેઇનીંગ વોલની પાછળના ભાગે ઉપર તરફ પણ અપર લેવલ વોક-વે તથા અપર વોક-વે થી લોઅર લેવલ વાક-વે જવા માટે લીફટ વિગેરેના કામો પૂર્ણ થયેલ છે અને નહેરુબ્રીજની અપસ્ટ્રીમમાં પશ્ચિમ કાંઠે રીવરફ્રન્ટ હાઉસ બાંધવાની કામગીરી તથા પશ્ચિમ છેડે ગાંધીબ્રીજ અને નહેરુબ્રીજની વચ્ચે સર્વિસ રોડની કામગીરી પ્રગતિમાં છે.

નવા.પ.ઝોનના બોડકદેવ વોર્ડમાં ૩૨.૦૯ કરોડના ખર્ચે ઓડીટોરીયમ બનાવવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. જોધપુર વોર્ડ માં ટીપી ૪ એફપી નં- ૧૮૮માં નવી વોર્ડ ઓફીસ ૨૭૯.૨૭ લાખના ખર્ચે,મકતમપુરા વોર્ડ માં ટીપી ૧ એફપી નં- ૧૮૬માં નવી વોર્ડ ઓફીસ ૨૦૫.૨૯ લાખના ખર્ચે , સરખેજ વોર્ડ માં ટીપી ૮૪/એ એફપી નં- ૯૪માં નવી વોર્ડ ઓફીસ ૨૨૨.૭૮ લાખના ખર્ચે, ચાંદલોડીયા વોર્ડ માં ટીપી ૪૫ એફપી નં- ૧૯૯ માં નવી વોર્ડ ઓફીસ ૨૦૦.૦૦ લાખના ખર્ચે બનાવવાની કામગીરી ચાલુ છે. ઘાટલોડીયા વોર્ડમાં ટીપી-૨ એફ.પી.૯૪ પૈકીના પ્લોટમાં ૨૨૪.૯૮ લાખના ખર્ચે લાયબ્રેરી, મહિલા જીમ્નેશ્યીમ બનાવવાનુ કામ પ્રગતિમાં છે.

- **અર્બન હેલ્થ સેન્ટર ના કામો :-**

બોડકદેવ વોર્ડમાં આંબલી ગામમાં ૭૭.૭૭ લાખના ખર્ચે નવુ આર્બન હેલ્થ સેન્ટર બનાવવામાં આવેલ છે. ગોતા વોર્ડમાં કારગીલ પેટ્રોલ પેપની સામે ૮૨.૯૬ લાખના ખર્ચે નવુ આર્બન હેલ્થ સેન્ટર બનાવવામાં આવેલ છે તથા સરખેજ વોર્ડમાં મ્યુનિ. હોસ્પિટલના કેમ્પસમાં ૧૭૦.૦૭ લાખના ખર્ચે કોમ્યુનીટી હેલ્થ સેન્ટર બનાવવાનું કામ પ્રગતિમાં છે.

નવા પશ્ચિમ ઝોન ઈજનેર ખાતા દ્વારા ઉપરોક્ત ઓફીસોના મરામત નિભાવ માટેના રોજબરોજની ફરીયાદોનો નિકાલ કરવા મેન્ટેનન્સ સ્ટાફને કામગીરી સોંપવામાં આવે છે તેમજ કામો હાથ ધરવા માટે જરૂરી માલસામાન પણ જે તે સ્ટોરમાંથી મેળવી કરવામાં આવે છે. જે કામો ડીપાર્ટમેન્ટલ કરાવી શકાય તેમ ન હોય તેવા કામોના અંદાજ બનાવી જે તે સક્ષમ સત્તાની વહીવટી મંજુરી મેળવી આગળની ઘટતી કાર્યવાહી કરી એજન્સીને કામો સોંપી ખાતાના જવાબદાર સ્ટાફના સુપરવીઝન હેઠળ બહારની એજન્સી પાસેથી કામો કરાવવામા આવે છે.

મરામત નિભાવના કામો જનતા, સામાજીક કાર્યકરો તેમજ કન્ટ્રોલ રૂમ તેમજ સિવીક સેન્ટર તરફથી મળતી ફરીયાદોને આધારે પણ હાથ ધરવામાં આવે છે.

આ ઉપરાંત ન.પા. તથા પંચાયત સમયના પુર્વ હોદેદારો, ધારાસભ્યશ્રીઓ તથા સંસદસભ્યશ્રીઓના સુચનો મુજબ તેઓશ્રીએ ફાળવેલ / દર્શાવેલ બજેટમાંથી કામો કરવામાં આવે છે. તદઉપરાંત ખાતાની વહીવટી કામગીરી જેવી કે સ્ટોર્સમાં ઈન્ડેન્ટ ભરવા, માલસામાન વિગેરે લેવા અને એકાઉન્ટને લગતી ખર્ચની વિગત આપવી, જમાખર્ચી વિગેરે કરાવવાની કાર્યવાહીનો સમાવેશ થાય છે.

-: ઈજનેર ડ્રેનેજ વિભાગની કામગીરી :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોની હદમાં સમાવિષ્ટ નવા વિસ્તારો માં તૈયાર થયેલ ટી.પી.સ્કીમ વિસ્તારો માં ઔડા દ્વારા ડ્રેનેજ લાઇનો તથા વરસાદી પાણીની લાઇનો નાંખવાની કામગીરી જુદા જુદા તબક્કામાં કરવામાં આવતી હતી. આ લાઇનોની જાળવણી માટે ઔડા દ્વારા જેટીંગ મશીન તથા ગલી એમ્ટીયર મશીનો વસાવી ચોકીંગની આવતી ફરીયાદોના નિકાલ માટે આ મશીનરીઓથી જરૂરી કામગીરી હાથ ધરવામાં આવતી હતી. આ ઉપરાંત આ લાઇનોનાં નિયમીત જાળવણી અને ડીસીલ્ટીંગ માટે ભાડાની ડીસીલ્ટીંગ રીક્ષાઓ તથા અન્ય સાધનો તથા મજુરો રાખી કોન્ટ્રાકટ પધ્ધતિ થી કરાવવામાં આવતી હતી. ત્યારબાદ ઉચ્ચ કક્ષાએ લેવાયેલ નિર્ણય મુજબ તા. ૧.૪.૦૮ થી આ પ્રકારની સમગ્ર મરામત નિભાવનીની કામગીરી ઔડા દ્વારા મ્યુનિ. કોર્પોની સોંપવામાં આવેલ છે. નવા પશ્ચિમ ઝોનમાં કુલ ૩૨.૩૯૪ કિમી ડ્રેનેજ લાઇન નવી નાંખવામાં આવેલ છે. તેમજ હયાત ડ્રેનેજ લાઇનમાં ૨.૬૪૩ કિમી નો વધારો કરવામાં આવેલ છે. આ ઉપરાંત આશરે ૬.૭૬૦ કિ.મી ની નવી સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ લાઇન નાંખવામાં આવેલ છે. તેમજ હયાત સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ લાઇન ૨.૭૨૦ કિમી નો વધારો કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત સીસીટીવી કેમેરાથી ડીસીલ્ટીંગની કામગીરી ગોતા વોર્ડમાં જનતાનગર થી સોલા અંડર બ્રીજ નીચે ૧.૧૦૦ કિ.મી.ડ્રેનેજ લાઇન રૂા.૧૮.૦૦ લાખના ખર્ચે,એલોફ હોટલથી કારગીલ પેટ્રલ પંપ સુધી ૧.૦૦૦ કિ.મી.ડ્રેનેજ લાઇન રૂા.૯૦.૦૦ લાખના ખર્ચે, આરસીસી ટેકનીકલ રોડ સુધી ૦.૯૦૦ કિ.મી. લાઇન રૂા.૨૦.૦૦ લાખના ખર્ચે, સતાધારથી ભુયંગદેવ કાલુપુર બેંક સુધી ૧.૨૦૦ કિ.મી.ડ્રેનેજ લાઇન રૂા.૨૨.૦૦ લાખના ખર્ચે, બળીયાદેવ મંદિરથી વસંતનગર ટાઉનશીપ સુધી ૧.૨૦૦ કિ.મી. લાઇન રૂા.૫૦.૦૦ લાખના ખર્ચે, સરખેજ વોર્ડમાં ઓનેસ્ટથી ફોર્મ્યુલા ૧ થી રાહુલ ટાવર સુધી૧.૭૦૦ કિ.મી. લાઇન રૂા.૭૫.૦૦ લાખના ખર્ચે તથા વેજલપુર વોર્ડમાં વસ્ત્રાપુર ક્રોસીગ થી સોનલ સિનેમા સુધી ૧.૭૦૦ કિ.મી. લાઇન રૂા.૯૫.૦૦ લાખના ખર્ચે સાફ કરેલ છે.

- **કેપીટલ વર્કસના કામો :-**

સને ૨૦૧૬-૧૭માં નવા પશ્ચિમ ઝોનમાં જુદા જુદા કેપીટલના કામો કરવા માટે રૂા.૩૨.૧૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે. નવા પશ્ચિમ ઝોનનાં ૧૦ વોર્ડમાં પ્રાથમિક તબકકે કરવાના થતા જરૂરી કામો નો સર્વે કરી તે મુજબ ૧૬૫ કામો ના અંદાજો બનાવી ટેન્ડરો મંગાવી તેના કામો હાથ ધરવામાં આવેલ છે જે પુર્ણતાને આરે છે.

આ કામોમાં જુદા જુદા વોર્ડના મુખ્ય ટી.પી. રસ્તાઓને પહોળા કરવા, રસ્તા રીસરફેસ કરવા, ફુટપાથ પેવીંગ કરવા, અછત વાળા વિસ્તારોમાં પાણીની લાઈનના કામો કરવા, શક્ય હોય તથા લેવલ મળતું હોય તેવી જગ્યાએ સ્ટ્રોર્મ વોટર ડ્રેઇન તથા સીસ્ટમેટીક ડ્રેનેજ લાઈન નાંખવાના કામોના અંદાજ તૈયાર કરવામાં આવેલ છે. તે પૈકી મોટા ભાગના કામના ટેન્ડરો તૈયાર કરવામાં આવેલ છે. તથા તે મુજબ મંજુર થયેલ કામોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

જે મુજબ રોડ-ફુટપાથ વિભાગનાં રૂા. ૨૨.૬૦ કરોડ નાં, ડ્રેનેજ તથા સ્ટોર્મ વોટર વિભાગનાં રૂા.૫.૯૭ કરોડનાં, પાણી વિભાગનાં રૂા.૩.૨૨ કરોડના, બિલ્ડીગ/અન્ય વિભાગનાં રૂા. ૦.૨૯ કરોડનાં કામોનું પ્લાનીંગ કરેલ છે. જે પુર્તતાને આરે છે.

- **આંગણવાડીનાં કામોઃ-**

સને ૨૦૧૬-૧૭ સુધીમાં ૨૫ આંગણવાડી બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે.

- **વ્યક્તિગત શૌચાલયનાં કામોઃ-**

સને ૨૦૧૬-૧૭ સુધીમાં નવા પશ્ચિમ ઝોનમાં વસુંધરા સાર્વજનીક ટ્રસ્ટ, માનવસેવા સંસ્થાન,આનંદ ખાદી ગ્રામ ઉધ્યોગ, નાગછયા કન્સ્ટ્રકશન, નવ સર્જન ચેરીટેબલ ટ્રસ્ટ વગેરે એન.જી.ઓ દ્વારા કુલ ૩૮૦ વ્યક્તિગત શૌચાલય પુર્ણ કરેલ છે તથા બાકીના વ્યક્તિગત શૌચાલય બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

- **સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાં મહાનગરોમાં લોકોપયોગી અંતર માળખાકીય વિકાસનાં કામોઃ-**

સને ૨૦૧૬-૧૭ સુધીમાં નવા પશ્ચિમ ઝોનમા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાં હેઠળ કુલ ૧૫૯૪ સોસાયટીઓએ રોડ બનાવવા પાણીની લાઇન તથા ડ્રેનેજ લાઇન માટે પૈસા ભરેલ જે પૈકી ૧૧૫૩ સોસા.માં કામો પુર્ણ કરેલ છે તથા અન્ય સોસાયટીઓમાં અરજી આવ્યા મુજબ કામગીરી પ્રગતિમાં છે.

નવા પશ્ચિમ ઝોનમાં વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન જુદા જુદા બજેટહેડ હેઠળ રોડ રીસરફેસ કરવા માટે જુદા જુદા વોર્ડમાં કુલ ૫૩૭૪૪.૯૮૨ મે.ટન હોટમીક્ષ વાપરીને નવા પશ્ચિમ ઝોનના રોડનું સ્ટેટસ અપગ્રેડ કરવામાં આવેલ છે.

Annual Administrative Report - Year 2016-17
New West Zone - Engineering Department
DURATION OF DETAIL FROM 1-04-16 TO 31-03-2017

S.No.	ITEM	DETAIL		Ward Name								
			TOTAL	Thaltej	Gota	Chandlodiya	Bodakdev	Jodhpur	Vejalpur	Ghatlodiya	Sarkhej	Maktampura
1	EXT. ROAD WIDENING	LENGHT IN Km.	29.959	5.48	0.00	12.15	2.97	5.16	0.80	0.00	1.80	1.60
2	NEW ROAD CONSTRUCTION	LENGHT IN Km.	8.774	0.50	0.00	1.27	3.62	0.90	0.00	0.00	1.20	1.28
3	RESURFACE OF EXT. ROAD / NEW ROAD	LENGHT IN Km.	31.631	5.29	7.76	2.05	0.65	3.17	1.50	5.33	4.50	1.38
4	WATER PIPE LINE - 80 mm TO 200 mm	LENGHT IN Km.	18.962	2.00	6.50	1.50	3.50	0.95	1.80	0.40	1.50	0.81
5	WATER PIPE LINE - 200 mm & ABOVE DIA	LENGHT IN Km.	12.285	0.00	7.50	0.50	1.70	2.275	0.11	0.00	0.20	0.00
6	WATER CONNECTION - RESIDENTIAL	No.	12427.000	19.00	54.00	5950.00	13.00	80.00	17.00	0.00	4.00	6290.00
7	WATER CONNECTION - COMMERCIAL	No.	6.000	3.00	3.00	0.00	0.00	0.00	0.00	0.00	0.00	0.00
8	PUBLIC TAPS	No.	11.000	0.00	0.00	0.00	0.00	0.00	11.00	0.00	0.00	0.00
9	90*10 TOILET SCHEME TOILETS+ gmfb	No.	45.000	0.00	0.00	45.00	0.00	0.00	0.00	0.00	0.00	0.00
10	DRAINAGE LINE NEW	LENGHT IN Km.	32.394	5.94	3.00	3.20	0.15	0.40	0.20	0.00	19.50	0.00
11	DRAINAGE LINE EXT. - EXTENTION	LENGHT IN Km.	2.643	0.38	0.00	0.65	0.62	0.00	0.00	0.00	0.00	1.00
12	STORM WATER DRAINAGE LINE NEW	LENGHT IN Km.	6.760	0.96	2.00	0.70	0.75	1.10	0.30	0.46	0.50	0.00
13	STORM WATER DRAINAGE LINE EXT. - EXTENTION	LENGHT IN Km.	2.720	0.00	1.00	0.40	1.32	0.00	0.00	0.00	0.00	0.00
14	RESURFACE (BC + DBM)	M.T.	53744.982	5707.10	12775.76	6130.46	3445.65	4010.00	4068.02	6623.00	10985.00	0.00
15	OTHER SPECIAL WORKS CARRIED OUT	PL. ENCLOSE SEPERATE SHEET	0.00	0.00	0.00	Ateched Sheet	0.00	0.00	0.00	Ateched Sheet	0.00	0.00

૪.૧૩ બગીચા ખાતુ
સને : ૨૦૧૬ - ૨૦૧૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને સ્વચ્છ, હરીયાળું અને સુંદર બનાવવાનાં ઘનિષ્ટ પ્રયત્નો કરવામાં આવી રહયા છે. શહેરની સુંદરતામાં વધારો થાય તેમજ આપણું શહેર પ્રદૂષણ મુકત બને અને શહેરીજનોની આરોગ્ય સુખાકારી જળવાઇ રહે તે હેતુથી મ્યુનિ.કોર્પો.નાં બગીચા વિભાગ દ્વારા **વર્ષ - ૨૦૧૬-૧૭** માં કરવામાં આવેલ કામગીરીની ટૂંકી નોંધ નીચે મુજબ છે.

(૧) નવા બગીચાઓ બનાવવા/ હયાત બગીચાઓનું રીનોવેશન - Appendix-A

(૨) સેન્ટ્રલ વર્જ અને ટ્રાફીક સર્કલોનાં ડેવલપમેન્ટ/ રીનોવેશનની કામગીરી - Appendix- B

(૩) વૃક્ષારોપણની કામગીરી - Appendix-C

(૪) અમદાવાદ ફલાવર શૉ-૨૦૧૭ Appendix-D

(૫) વર્ષ દરમ્યાન થયેલ મુખ્ય કામગીરીનાં ફોટોગ્રાફ્સ - Appendix-E

Appendix-A

- **નવા બનાવવામાં આવેલ બગીચાઓઃ**

અનુ. ન.	ઝોન	નવા બનાવેલ બગીચાનું નામ/ સ્થળ	રીમાર્ક્સ
૧	પૂર્વઝોન	પૂર્વઝોનના નિકોલ વોર્ડમાં આવેલ ટી.પી સ્કીમ નં.૧૦૨ ના એફ.પી નં.૮૬ ના ઋષિકેશ રામાણી(બેટી બચાવો) પ્લોટમાં ગાર્ડન ડેવલોપ કરવામા આવેલ છે.	
૨	પૂર્વઝોન	પૂર્વઝોનના વસ્ત્રાલ વોર્ડમાં ટી.પી-૧૧૩,એફ.પી-૧૮૫ માધવ સ્કુલ પાસેના પ્લોટમાં ગાર્ડન ડેવલોપ કરવામા આવેલ છે.	
૩	પશ્ચિમઝોન	શાહવાડી કેનાલ પાસેનો ગાર્ડન વાસણા.	
૪	પશ્ચિમઝોન	શરન-૨ ફલેટ પાસેનો ગાર્ડન	
૫	પશ્ચિમઝોન	જહાનવી બંગલો પાસેનો ગાર્ડન	
૬	પશ્ચિમઝોન	કેશવનગર સીની.સીટીજન પાર્ક	
૭	દ.ઝોન	ખોખરા વોર્ડ - ડેન્ટલ કોલેજ	
૮	દ.ઝોન	બહેરામપુરા વોર્ડ ટીપી ૧૩, એફ.પી.૮૫ પાર્ટી પ્લોટ માં ગાર્ડનીગ ડેવલપ નું કામ .	
૯	**ન.પ.ઝોન**	નવા પશ્ચિમઝોન-સરખેજ વોર્ડ (રેલ્વે ક્રોસિંગ પેરેલર વાઇટ ફીલ્ડ ઓર્ચિડની સામે) ટી.પી.નં.૮૪-એ,ફાઇનલ પ્લોટ નં.૮૯ માં ૨૪૦૦ સ્કે.મી.નો ગાર્ડન ડેવલપ કરેલ છે.	
	ન.પ.ઝોન	નવા પશ્ચિમ ઝોનમાં ગોતા વોર્ડમાં ટીપી-૩૨, ફા.પ્લોટ નં.૧૬૮ વિશ્વાસ સીટી -૭ પાસેનો પ્લોટમાં (૧૪૮૦ સ્કે. મીટર)ગાર્ડન ડેવલપ કરેલ છે.	

- **અપગ્રેડ કરી અદ્યતન કરેલ બગીચાઓઃ**

અનુ.ન.	ઝોન	બગીચાનું નામ/ સ્થળ	રીમાર્ક્સ
૧	પશ્ચિમઝોન	ચૈતન્ય ખંભોળજા ઉધાન વાસણા.	
૨	ઉત્તરઝોન	માધવ ગાર્ડન	

Appendix-B

- **સેન્ટ્રલ વર્જ અને ટ્રાફીક સર્કલોનાં ડેવલપમેન્ટ/ રીનોવેશન :**

બગીચા ખાતા દ્વારા શહેરનાં રસ્તાઓ ઉપર આવેલા ટ્રાફીક સર્કલો, ટ્રા-એંગલો તેમજ રોડની વચ્ચેની સેન્ટ્રલ વર્જમાં ફુલ-છોડ વાવીને શહેરને સુંદર બનાવવા માટેનાં પ્રયત્નો કરવામાં આવે છે. સે.વર્જ/ ટ્રાફીક સર્કલો પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ ધોરણે ડેવલપમેન્ટ કરવા માટેનાં પ્રયત્નો કરવામાં આવે છે. ચાલૂ વર્ષમાં ડેવલપ/ રીનોવેટ કરેલ સે.વર્જ/ ટ્રાફીક સર્કલોની વિગતો નીચે મુજબ છે.

અનુ. ન.	ઝોન	ટ્રાફીક સર્કલ/સેન્ટ્રલ વર્જનું સ્થળ	રીમાર્ક્સ
૧	પૂર્વઝોન	પૂર્વઝોનમા નિકોલ વોર્ડમા રસપાન ચાર રસ્તાથી એસ.પી રીંગ રોડ સુધીની સેન્ટ્રલ વર્જ ખાતાકીય ડેવલોપ કરવામા આવેલ છે.	સેન્ટ્રલ વર્જ ખાતાકીય ડેવલોપ કરવામા આવેલ છે.
૨	પૂર્વઝોન	પૂર્વઝોનમા નિકોલ વોર્ડમા ગંગોત્રી ચાર રસ્તાથી એસ.પી રીંગ રોડ સુધીની સેન્ટ્રલ વર્જ મા કોડીયા ના ઝાડ લગાવી ખાતાકીય ડેવલોપ કરવામા આવેલ છે.	સેન્ટ્રલ વર્જ ખાતાકીય ડેવલોપ કરવામા આવેલ છે.
૩	પશ્ચિમઝોન	મહાલક્ષ્મી ચાર રસ્તાથી ભગવાનનગર થી મહાલક્ષ્મી પાંચ રસ્તા સે.વર્જ	
૪	પશ્ચિમઝોન	વાડજ થી ભીમજીપુરા સે.વર્જ	

- **વૃક્ષારોપણ :**

બગીચા ખાતા દ્વારા શહેરમાં ઘનિષ્ઠ વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ છે તેમજ મફત રોપ વિત્તરણ દ્વારા વૃક્ષારોપણ અંગે જન જાગૃતિ લાવવા પ્રયત્નો કરવામાં આવેલ છે. સને-૨૦૧૬/૧૭ માં બગીચા ખાતા દ્વારા કરવામાં આવેલ વૃક્ષારોપણની કામગીરીની ઝોનવાર માહિતી નીચે મુજબ છે.

અ.નં.	વિગત	કુલ પ્લાન્ટેશન
૧	રોડ સાઈડ અને ટ્રી-ગાર્ડ સાથે ટ્રી-પ્લાન્ટેશન	૧૪૭૦૦
૨	મ્યુનિ. કોર્પોરેશનની જુદી જુદી જગ્યાઓમાં ટ્રી-પ્લાન્ટેશન	૧૭૫૩૦
૩	શહેરનાં ખાનગી સ્થળોએ ટ્રી-પ્લાન્ટેશન	૮૮૩૬૬
કુલ ટ્રી-પ્લાન્ટેશન		૧૨૦૫૯૬

- **અમદાવાદ ફલાવર શૉ-૨૦૧૭**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્યનાં સંયુક્ત ઉપક્રમે સાબરમતી રીવર ફ્રન્ટ, ફલાવર પાર્ક અને ઈવેન્ટ ગ્રાઉન્ડનો વિસ્તાર, ટાગોર હોલ પાછળ, પાલડી ખાતે ૩ જાન્યુ.૨૦૧૭ થી શરૂ થયેલ પાંચમા "અમદાવાદ ફલાવર શો" નું ૧૩ જાન્યુઆરી, ૨૦૧૭ થી "અમદાવાદ ફલાવર શો - ૨૦૧૭" નું સફળ આયોજન.

- ૧ લાખ ચો.મી.ની વિશાળ જગ્યામાં ફલાવર શૉ યોજવામાં આવેલ
- ફલાવર શોનાં સફળ આયોજન માટે વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજય તરફથી રૂા.૫૦.૦૦ લાખ અને મેગા (મેટ્રો રેલ પ્રોજેકટ) વિભાગ તરફથી રૂા.૧૦.૦૦ લાખનો નાણાંકિય સહયોગ પ્રાપ્ત થયેલ
- ફલાવર શો ના ૧૧ દિવસમાં નાના બાળકોથી લઈને યુવાનો તથા સિનિયર સિટીઝનો એમ તમામ વયનાં અંદાજે ૨૫ લાખ મુલાકાતીઓએ મુલાકાત લીધેલ. જેમાં ખાસ કરીને શનિવાર અને રવીવારનાં રોજ અંદાજે ૯ લાખ કરતાં વધુ મુલાકાતીઓએ મુલાકાત લઈને અભૂતપૂર્વ આનંદ માંણ્યો હતો
- સિઝનલ ફુલ, ફુલ-છોડ, વૃક્ષો, શાકભાજી, બોન્સાઈ, કેકટસ, પામ જેવી ૭૫૦ થી વધુ જાતોનાં ૭.૫૦ લાખ કરતાં વધુ રોપાને જુદા-જુદા ડીઝાઈન અને આકારમાં પદર્શીત કરવામાં આવેલ જેને મુલાકાતીઓ દ્વારા નિહાળીને મોટી માત્રામાં ફોટોગ્રાફી કરવામાં આવેલ
- ફુલ-છોડમાંથી તૈયાર કરવામાં આવેલ ડાયનાસોર, ત્રણ દરવાજા, ઘડીયાળનું ટાવર, પવચકકી, ગેંડો, રીંછ, પતંગીયા, દેડકો તેમજ સ્પોર્ટસ કટ-આઉટસ તેમજ રંગબેરંગી ફુલોથી તૈયાર કરવામાં આવેલ બેબી ડોલ, ફલેમીંગો, પેંગ્વીન પ્રકારનાં સ્કલ્પચર સાથે કરવામાં આવેલ લેન્ડસ્કેપીંગને લોકો દ્વારા આનંદપૂર્વક માણીને ભરપૂર ફોટોગ્રાફીનો લહાવો લઈને વખાણવામાં આવેલ.
- ફલવાર શોમાં નવનીત પ્રકાશનનાં સહયોગથી થીમ આધારીત યોજેલ લાઈવ ચિત્ર સ્પર્ધામાં ૨૫૦૦ કરતાં વધુ બાળકોએ ભાગ લીધેલ જે પૈકી ૧૦૦ વિજેતા બાળકોને મુખ્ય ઈનામ અને બાકીનાં બાળકોને પ્રત્સાહક ઈનામ દ્વારા પ્રત્સાહીત કરવામાં આવેલ.
- બાળકોની પર્યાવરણ પ્રત્યે રૂચી જળવાય અને ઘરઆંગણે વૃક્ષ ઉછેર માટે પ્રત્સાહન મળે તે હેતુથી ફલાવર શોની મુલાકાતે આવેલ બાળકોને સબરસ પ્લાસ્ટીક સ્ટોલ્સ મારફતે ૧ લાખ કરતાં વધુ પ્લાસ્ટીક પોટનું વિના મૂલ્યે વિત્તરણ કરવામાં આવેલ.
- વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્યનાં બનાવેલ ડોમમાં વનસ્પતિ અને વન્યજીવો આધારીત સ્કલપચર સાથે વન વિભાગની ઝાંખી કરાવતાં ડાયોરમાએ લોકોમાં વિશેષ આકર્ષણ ઉભું કરેલ
- પ્રોગ્રેસીવ ખેડુતો દ્વારા ઉભા કરવામાં આવેલ સ્ટોલ્સ મારફતે સસ્તા દરે ઓર્ગેનીક શાકભાજી તથા ફળોનું લોકોને સીધું વેચાણ કરવામાં આવેલ જેને બહોળો પ્રતિસાદ સાંપડેલ
- હેન્ડીક્રાફટ વિભાગ દ્વારા ઉભા કરવામાં આવેલ ૧૨૨ સ્ટોલ્સ મારફતે ગૃહ ઉદ્યોગ/ હસ્તકલા ઉદ્યોગ સાથે સંકળાયેલ વ્યવસાયીઓ દ્વારા જુદી-જુદી ચીજ-વસ્તુઓનું વેચાણ કરવામાં આવેલ
- ફુલ-છોડનાં વેચાણ માટે ઉભી કરેલ ૧૨ નર્સરી, ખાતર, બિયારણ, જંતુનાશક દવા, બાગાયતી સાધનો-ઓજારોનાં ધંધા સાથે સંકળાયેલ કંપનીઓનાં ઉભા કરવામાં આવેલ ૩૮ સ્ટોલ્સ, વન પેદાશોનાં વેચાણ માટે બનાવેલ ૧૨ સ્ટોલ્સ અને ઈન્ડેક્ષ-સી ના ૧૨૨ સ્ટોલ્સ મારફતે ફલાવર શો દરમ્યાન અંદાજે ૪૫૦ લાખથી વધુ રકમની ચીજ-વસ્તુઓનું વેચાણ કરવામાં આવેલ.

- મુલાકાતીઓના રીફ્રેશમેન્ટ માટે ઉભા કરવામાં આવેલ ૧૫ ફુડ સ્ટોલનો મુલાકાતિઓ દ્વારા ભરપુર લાભ ઉઠાવેલ છે.
- શહેરનાં અલગ-અલગ વિસ્તારમાંથી ફલાવર શોની મુલાકાત માટે સીધી બસ સેવાની અ.મ્યુ.કોર્પો.ની વ્યવસ્થાનો અંદાજે ૭૦ હજાર લોકો દ્વારા ઉપયોગ કરી ફલાવર શો નિહાળવાનો આનંદ માણેલ.

- ફોટોગ્રાફ્સ

Near Jhanvi bunglows garden chandkheda ward

Redevlopment Prajapati Garden vasna ward





અમદાવાદ ફલાવર શૉ-૨૦૧૭

અમદાવાદ ફલાવર શૉ-૨૦૧૬

અમદાવાદ ફ્લાવર શૉ-૨૦૧૬

અમદાવાદ ફ્લાવર શૉ-૨૦૧૬

ફલાવર શૉ-૨૦૧૭ ફોટો ગ્રાફ્સ



ફલાવર શૉ-૨૦૧૭ ફોટો ગ્રાફ્સ


ફલાવર શૉ-૨૦૧૭ ફોટો ગ્રાફ્સ

ફલાવર શૉ-૨૦૧૭ ફોટો ગ્રાફ્સ



ફલાવર શૉ-૨૦૧૭ ફોટો ગ્રાફ્સ

ફલાવર શો-૨૦૧૭ ફોટો ગ્રાફ્સ

ફલાવર શૉ-૨૦૧૭ ફોટો ગ્રાફ્સ

૪.૧૪ લાઈટખાતુ

૨૦૧૬-૧૭

પત્રક -૧

વર્ષ	વપરાયેલ યુનિટ	વપરાયેલ વિજળીનો ખર્ચ	સરેરાશ યુનિટ નો ખર્ચ	સ્ટ્રીટલાઈટ મ★નિ નો ખર્ચ	સ્ટ્રીટલાઈટ સીસ્ટમમાં વિજળી વપરાયેલ તથા મ★નિ નો ખર્ચ
૧	૨	૩	૪	૫	૬
૨૦૦૧-૦૨	૨૪૩૭૯૩૨૬	૮૧૦૦૪૪૭૧.૦૦	૩૨૬.૮૯	૧૫૨૧૫૮૭૦.૦૦	૯૬૨૨૦૩૪૧.૦૦
૨૦૦૨-૦૩	૨૫૪૫૧૮૦૦	૮૦૦૪૦૧૦૦.૦૦	૩૧૪.૪૭	૧૫૪૪૨૧૩૦.૦૦	૯૫૪૮૨૨૩૦.૦૦
૨૦૦૩-૦૪	૨૩૭૬૫૯૪૯	૮૮૩૩૭૭૭૧.૦૦	૩૭૧.૬૯	૧૫૭૩૬૨૯૦.૦૦	૧૦૪૦૭૪૦૬૧.૦૦
૨૦૦૪-૦૫	૨૪૫૬૮૦૦૦	૯૦૮૦૩૦૦૦.૦૦	૩૬૯.૬૦	૧૫૯૮૭૨૧૦.૦૦	૧૦૬૭૯૦૨૧૦.૦૦
૨૦૦૫-૦૬	૨૭૩૩૯૬૬૦	૧૦૧૪૮૭૦૪૫.૦૦	૩૭૧.૨૦	૧૬૩૧૬૭૨૦.૦૦	૧૧૭૮૦૩૭૬૫.૦૦
૨૦૦૬-૦૭	૩૦૯૪૨૬૭૮	૧૧૪૩૧૬૭૯૪.૦૦	૩.૬૯૪૫	૩૬૭૯૫૩૫૦.૦૦	૧૫૧૧૧૨૧૪૪.૦૦
૨૦૦૭-૦૮	૩૪૫૬૮૫૫૫	૧૩૧૯૬૬૫૦૭.૦૦	૩.૮૧૭૫	૫૧૨૬૨૨૮૨..૦૦	૧૮૩૨૨૮૭૮૯.૦૦
૨૦૦૮-૦૯	૩૬૧૦૬૬૮૧	૧૩૫૯૫૪૭૨૪.૦૦	૩.૭૬૫૪	૬૫૧૬૧૬૯૮.૦૦	૨૦૧૧૧૬૪૨૨.૦૦
૨૦૦૯-૧૦	૪૨૭૧૬૮૦૨	૧૯૩૮૦૮૭૪૦.૦૦	૪.૫૩૭૧	૭૫૨૦૩૪૪૬.૦૦	૨૬૯૦૧૨૧૮૬.૦૦
૨૦૧૦-૧૧	૪૬૩૦૯૩૦૩	૧૮૯૧૩૨૨૩૧.૦૦	૪.૦૮૪૧	૭૮૦૩૧૫૬૨.૦૦	૨૬૭૧૬૩૭૯૩.૦૦
૨૦૧૧-૧૨	૪૬૧૬૦૦૦૫	૧૯૮૭૨૧૧૧૬.૦૦	૪.૩૦૫	૮૫૬૮૨૪૭૫.૦૦	૨૮૪૪૦૩૫૯૧.૦૦
૨૦૧૨-૧૩	૪૭૮૧૬૯૭૫	૨૩૬૫૪૪૯૨૮.૦૦	૪.૯૪૬	૮૮૭૫૨૩૯૩.૦૦	૩૨૫૨૯૭૩૨૧.૦૦
૨૦૧૩-૧૪	૪૮૯૬૯૮૬૧	૨૪૬૯૯૨૨૬૩.૦૦	૫.૦૪૩	૯૫૩૮૦૪૨૯.૦૦	૩૪૨૩૭૨૬૯૨.૦૦
૨૦૧૪-૧૫	૫૪૬૯૦૭૨૨	૩૨૨૩૬૧૫૯૧.૦૦	૫.૮૯	૧૪૬૧૫૯૧૨૫.૦૦	૪૬૮૫૨૦૭૧૬.૦૦
૨૦૧૫-૧૬	૫૪૮૦૪૩૨૦	૩૩૭૦૦૮૧૨૯.૦૦	૬.૧૫	૨૧૩૩૮૦૦૦૦.૦૦	૫૫૦૩૮૮૧૨૯.૦૦
૨૦૧૬-૧૭	૪૨૧૦૦૧૬૧	૨૨૩૯૨૮૩૮૩.૦૦	૫.૩૨	૧૮૦૬૧૬૮૩૨.૩૦	૪૦૪૫૪૫૨૧૫.૩૦

પત્રક -૨

	સ્ટ્રીટલાઈટ સીસ્ટમમાં વર્ષ દરમ્યાન જુની તથા નવી હદમાં નાંખેલ સ્ટ્રીટલાઇટ પોલની સંખ્યા મરકયુરી, સોડિયમ, એલ.ઇ.ડી., ટયુબલાઈટ તથા ૧૧ વોટ સી.એફ.એલ. ટયુબલાઈટ, સામાન્ય લાઈટ તથા કુલ લાઈટોની સંખ્યા દર્શાવતું પત્રક							
વર્ષ	વર્ષ દરમ્યાન નાંખેલ નવા પોલની સંખ્યા	ટયુબલાઈટની સંખ્યા	મરકયુરી લાઈટની સંખ્યા	સોડિયમ લાઈટની સંખ્યા	એલ.ઇ.ડી. લાઇટની સંખ્યા	૧૧વોટ સી.એફ.એલ. ની સંખ્યા	સામાન્ય લાઈટની સંખ્યા	કુલ લાઈટની સંખ્યા
૨૦૦૧-૦૨	૧૦૫૨	૨૬૨૪૦	૮૭૧૦	૨૪૪૨૫		૧૧૭૪૫	૪૪૭૦	૭૮૧૩૯
૨૦૦૨-૦૩	૨૦૨૭	૨૫૧૪૬	૮૬૩૧	૨૬૧૦૩		૧૧૭૮૦	૪૪૪૦	૭૮૨૦૦
૨૦૦૩-૦૪	૧૮૭૪	૨૩૦૬૦	૭૭૨૨	૩૦૮૭૫		૧૨૭૦૦ +૭૪૧ ફલડ લાઈટ	૪૦૩૦	૭૮૩૦૮
૨૦૦૪-૦૫	૧૦૭૩	૨૩૪૫૩	૨૨૯૨	૩૯૮૬૧		૧૩૪૨૯	૩૧૨	૭૯૩૪૭
૨૦૦૫-૦૬	૧૨૯૨	૨૫૭૩૪	૨૬૫૭	૩૭૦૩૬		૧૩૮૪૮ + ૨૯૬ ફલડ લાઈટ	૨૭૮	૭૯૮૪૯
૨૦૦૬-૦૭	૩૫૭૮	૨૪૪૬૦	૨૮૮૯	૩૮૧૩૫		૧૭૧૨૨ + ૪૨૩ ફલડ લાઈટ	૩૯૮	૮૩૪૨૭
૨૦૦૭-૦૮	૩૨૮૦	૨૫૬૫૪	૨૯૫૭	૩૮૯૪૯		૧૮૧૯૪ + ૫૭૬ ફલડ લાઈટ	૩૭૭	૮૬૭૦૭
૨૦૦૮-૦૯	૨૮૧૬	૨૬૭૩૧	૩૦૬૪	૩૯૪૭૩		૧૯૧૯૧+ ૬૯૪ ફલડ લાઈટ	૩૭૦	૮૯૫૨૩
૨૦૦૯-૧૦	૩૭૯૪	૨૭૪૬૫	૩૧૬૯	૪૧૧૬૭		૨૦૪૪૧+ ૭૧૫ ફલડ લાઈટ	૩૬૦	૯૩૩૧૭
૨૦૧૦-૧૧	૯૩૩૫	૩૧૪૦૭	૩૨૦૭	૪૪૪૩૭		૨૨૫૧૨+૭૩૯ ફલડ લાઈટ	૩૫૦	૧૦૨૬૫૨
૨૦૧૧-૧૨	૪૫૪૦	૩૩૦૨૨	૩૨૫૧	૪૭૦૮૩		૨૨૭૯૭+૭૩૯ ફલડ લાઈટ	૩૦૦	૧૦૭૧૯૨
૨૦૧૨-૧૩	૭૨૫૩	૩૮૯૦૦	૩૮૪૫	૫૩૩૩૨		૧૭૫૬૮+૭૯૪ ફલડ લાઈટ	૦૬	૧૧૪૪૪૫
૨૦૧૩-૧૪	૯૬૮૪	૪૫૫૧૫	૩૩૬૬	૫૫૭૯૬		૧૮૬૪૦+૮૧૨ ફલડ લાઈટ	૦૦	૧૨૪૧૨૯
૨૦૧૪-૧૫	૬૬૦૪	૪૭૦૭૦	૧૯૬૯	૫૫૯૯૬	૫૮૦૯	૧૯૩૪૮ + ૫૪૧ ફલડ લાઈટ	૦૦	૧૩૦૭૩૩
૨૦૧૫-૧૬	૮૭૭૩	૨૪૫૨	૦	૧૧૩	૬૦૩૯	૯૮૦ + ૫૭ ફલડ લાઈટ	૦૦	૧૩૯૫૦૬
૨૦૧૬-૧૭	૧૦૨૮૭	૫૧૧૭૨	૦	૪૧૧૦૮	૩૪૬૩૭	૨૨૮૨૮ + ૬૪૮ ફલડ લાઈટ	૦૦	૧૪૯૭૯૩

પત્રક -૩

વર્ષ	સ્ટ્રી.લા. પોલની સંખ્યા	સ્ટ્રી.લા. ફીટીંગ્સની સંખ્યા	કુલ ઈલે. લોડ વોટેજમાં (કિ.વો.)	સરેરાશ ફીટીંગ પર પોઈન્ટ પર કિલોવોટ
૧	૨	૩	૪	૫
૨૦૦૧-૦૨	૭૨૧૦૦	૭૮૧૩૯	૭૪૬૩.૧૮	૯૫.૫૧
૨૦૦૨-૦૩	૭૨૩૦૦	૭૮૨૦૦	૭૪૭૦.૧૨	૯૫.૦૧
૨૦૦૩-૦૪	૭૨૯૦૦	૭૮૩૦૮	૭૪૯૦.૧૬	૯૫.૬૪
૨૦૦૪-૦૫	૭૩૦૦૦	૭૯૩૪૭	૭૫૧૨.૩૩	૯૪.૬૮
૨૦૦૫-૦૬	૭૩૨૦૦	૭૯૮૪૯	૭૫૬૦.૮૪	૯૪.૬૫
૨૦૦૬-૦૭	૭૬૬૭૮	૮૩૪૨૭	૭૫૭૦.૮૫	૯૦.૭૪
૨૦૦૭-૦૮	૮૦૦૫૮	૮૬૭૦૭	૭૫૭૩.૧૫	૮૭.૩૪
૨૦૦૮-૦૯	૮૨૮૭૪	૮૯૫૨૩	૭૭૬૫.૮૯	૮૬.૭૪
૨૦૦૯-૧૦	૯૩૩૧૭	૯૬૮૩૫	૮૦૩૮.૨૫	૮૬.૧૪
૨૦૧૦-૧૧	૧૦૨૬૫૨	૧૧૨૬૪૦	૮૬૨૭.૫૨	૭૬.૫૯
૨૦૧૧-૧૨	૧૦૭૧૯૨	૧૨૩૫૭૦	૯૦૨૩.૦૯	૭૩.૦૨
૨૦૧૨-૧૩	૧૧૪૪૪૫	૧૩૯૮૭૫	૯૩૪૦.૬૧	૬૬.૭૮
૨૦૧૩-૧૪	૧૨૪૧૨૯	૧૫૧૪૬૮	૯૯૬૬.૨૧	૬૫.૮૦
૨૦૧૪-૧૫	૧૩૦૭૩૩	૧૪૬૦૫૫	૯૯૨૭.૬૩	૬૭.૯૭
૨૦૧૫-૧૬	૧૩૯૫૦૬	૧૫૫૬૯૬	૧૦૦૦૯.૯૨	૬૪.૨૯
૨૦૧૬-૧૭	૧૪૯૭૯૩	૧૬૦૬૯૬	૭૬૮૯.૫૩	૪૭.૮૫

પત્રક - ૪.૧૪.૧
શહેરના રસ્તાઓ ઉપર જુદા-જુદા પ્રકારની સ્ટ્રીટલાઇટ પોલ્સ તેમજ ફીટીંગ્સની સંખ્યા દર્શાવતુ પત્રક

વર્ષ	ટયુબલાઈટની સંખ્યા	મરકયુરી લાઈટની સંખ્યા	સોડિયમ લાઈટની સંખ્યા	એલ.ઇ.ડી. લાઇટની સંખ્યા	૧૧વોટ સી.એફ.એલ. ટયુબલાઈટની સંખ્યા	સામાન્ય લાઈટની સંખ્યા	કુલ સંખ્યા
૨૦૦૧-૦૨	૨૭૭૮૫	૮૭૧૨	૨૫૪૨૫		૧૧૭૪૩	૪૪૭૪	૭૮૧૩૯
૨૦૦૨-૦૩	૨૬૩૦૦	૮૬૩૧	૨૬૫૦૦		૧૨૩૨૯	૪૪૪૦	૭૮૨૦૦
૨૦૦૩-૦૪	૨૩૦૬૦	૭૭૨૨	૩૦૦૭૫		૧૨૭૦૦ + ૭૨૧ ફલડ લાઈટ	૪૦૩૦	૭૮૩૦૮
૨૦૦૪-	૨૩૪૫૩	૨૨૯૨	૩૯૮૬૧		૧૩૪૨૯	૩૧૨	૭૯૩૪૭

૪.૧૫ સેન્ટ્રલ વર્કશોપ ખાતુ
સને : ૨૦૧૬ - ૨૦૧૭

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપનું સંચાલન ડે.મ્યુનિસિપલ કમિશ્નર (વર્કશોપ) અને જોઇન્ટ ડાયરેકટર(મીકે.)શ્રીની દેખરેખ હેઠળ થાય છે. આ ખાતામાં મુખ્યત્વે ચાર વિભાગ છે.

(૧) મોટર વિભાગ : આ વિભાગમાં કાયમી તથા હંગામી સ્ટાફની ૨૧૭ સંખ્યા છે.

(૨) રોલર વિભાગ : આ વિભાગ કાયમી તથા હંગામી સ્ટાફની ૬૦ સંખ્યા છે.

(૩) ટ્રાન્સપોર્ટ વિભાગ : આ વિભાગમાં કાયમી ડ્રાયવરો કુલ ૩૬૨ છે.અને એ.એમ.ટી.એસ.ખાતેથી ૨૪૧ ડ્રાયવરો છે. આમ કુલ ૬૦૩ ડ્રાયવરો કાર્યરત છે.

(૪) વહિવટી વિભાગઃઆ વિભાગમાં કાયમી કર્મચારીઓ ૪૧ છે.

આમ ટેકનીકલ,ડ્રાયવર તથા વહીવટી સ્ટાફ મળીને સેન્ટ્રલ વર્કશોપ ખાતે ૯૨૧ જેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે.

(૧) મોટર વિભાગઃ-

શહેરમાં જુદા-જુદા ધાર્મિક પ્રસંગો,મેળાવડા,સમારોહ,જાહેર સભા વિગેરે પ્રસંગોએ તથા ઘણી વખત એન્જીનીયરીગ/હેલ્થ વિભાગની જરૂરીયાત અન્વયે મોબાઇલ ટોયલેટ યુનિટો વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનનાં જુદા-જુદા વિભાગોની કામગીરીઓનાં અનુસંધાને જરૂરીયાતનાં વાહનો/સાધનો જેવા કે ટ્રીપર ટ્રક,ડમ્પર-પ્લેસર વાહનો,વોટર ટેન્કર,ન્યુસન્સ ટેન્કર સહિતનાં તમામ જરૂરી વાહનો કે જે સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે તેનાં રીપેર-નિભાવની કામગીરી મોટર વિભાગ દ્વારા કરવામાં આવે છે. વળી ચાલુ વર્ષ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ-JnNURM અંતર્ગત પણ સફાઇ વ્યવસ્થાની જાળવણી સારૂ વાહનો/સાધનો ખરીદ કરી હેલ્થ/સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની કામગીરી માટે સોંપવામાં આવેલ છે. મોટર વિભાગનાં હસ્તકનાં હાલમાં ૧૦૯૭ જેટલા વાહનો ઉપલબ્ધ થયેલ છે.

સેન્ટ્રલ વર્કશોપ હસ્તકનાં કુલ વાહનોનું પત્રક-અ(મોટર વિભાગ) તથા પત્રક-બ(રોલર વિભાગ) આ સાથે સામેલ છે.

(૨) રોલર રોલરઃ-

રોલર વિભાગ દ્વારા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ તથા હેલ્થ વિભાગની શહેરની સફાઇની મહત્વની કામગીરી માટે તથા ઇજનેર વિભાગ તેમજ પાણી ખાતાની કામગીરી માટે વપરાતા જુદા-જુદા પ્રકારનાં મશીનોની મરામત અને નિભાવવાનાં કામ કરવામાં આવે છે. જે મુખ્યત્વે ઇજનેર,રોડ ખાતાનાં કામ,રેફયુઝ ખાતાનાં કામ,હેલ્થ ખાતાનાં કામો તથા રોડ રીસરફેસીગનાં કામો માટે વપરાય છે. રોડ રીસરફેસીગનાં કામ માટે ફાળવવામાં આવતા રોડ રોલરની મરામત તથા જાળવણીનું આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. રેફયુઝ,હેલ્થ તથા દબાણ ખાતાની કામગીરી માટેની હેવી ડયુટી મશીનરી જેવા કે વ્હીલ-ડોઝર,બુલ-ડોઝર,ફ્રન્ટ લોડર મશીનોની મરામત તથા નિભાવની કામગીરી પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. ખાળકુવા સફાઇની ગાડીઓનાં તથા ન્યુસન્સ વોટરીગ ગાડીઓનાં પંપ સેટ ઉપરાંત ફોગીગ મશીનોનાં પણ રીપેર-નિભાવની કામગીરી અત્રેથી કરવામાં આવે છે. રોલર વિભાગ હસ્તક હાલમાં ૫૫૧ જેટલાં સાધનો ઉપલબ્ધ છે. ચોમાસાની ઋતુમાં નિચાણવાળા વિસ્તારોમાં ભરાતાં વરસાદી પાણીનાં નિકાલની કામગીરી માટે જરૂરી ટ્રોલી માઉન્ટેડ, ડી-વોટરીગ પણ સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ફાળવવામાં આવે છે. જે અંગેની તમામ કામગીરી રોલર વિભાગ દ્વારા કરવામાં આવે છે.

(૩) ટ્રાન્સપોર્ટ વિભાગઃ-

આ વિભાગ દ્વારા જુદા-જુદા ખાતાઓની ક્ષેત્રિય કામગીરી માટે વાહનો ત્રણેય શીફટમાં પુરા પાડવામાં આવે છે. તેમજ વર્ષાન્તે ૩૬૨ કાયમી તથા એ.એમ.ટી.એસ.ખાતેથી અત્રે ૨૪૧ ડ્રાયવરો ફરજ બજાવે છે. આમ કુલ મળી

૬૦૩ જેટલા ડ્રાયવરની શીફટ અનુસાર દૈનિક ધોરણે વાહન ખાતાની માંગણીઓ અનુસાર ફાળવણી પણ કરવામાં આવે છે. સારા નરસા પ્રસંગોએ જાહેર જનતાને વોટર ટેન્કર દ્વારા પાણી વેચાણથી નીચે જણાવેલ નિયત દરથી આપવામાં આવે છે.

ક્રમ	ટેન્કરનો પ્રકાર/ક્ષમતા	મશીન વગરના ટેન્કરનો પ્રતિ ફેરા દીઠ નો અંદાજી ભાવ રૂા.
૧	વોટર ટેન્કર અંદાજે ૩૦૦૦ લીટર ક્ષમતા	૨૫૦
૨	વોટર ટેન્કર અંદાજે ૪૦૦૦થી૫૦૦૦ લીટર ક્ષમતા	૩૦૦
૩	વોટર ટેન્કર અંદાજે ૮૦૦૦થી ૧૦૦૦૦ લીટર ક્ષમતા	૬૦૦

ફેરફારની વિગતઃ-

(૧) ધાર્મિક સ્થાનોમાં તેમજ વ્યકિતગત/સંસ્થાઓ દ્વારા ધાર્મિક કાર્યક્રમો,ધાર્મિક યાત્રાઓ,તથા જાહેર કાર્યક્રમોના આયોજન પસંગે સદરહુ પુરી પાડવા માટે નિયત દરમાં ૨૫% રાહત આપવાની રહેશે.

(૨) શહેરમાં સર્વાધિક જાહેર રીતે યોજાતી ધાર્મિક યાત્રાઓ/ઝુલુસો/નગરયાત્રાઓ (જેવા કે રથયાત્રા,ઈદે મિલાદનુ ઝુલુશ) વિગેરેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિના મુલ્યે પાણીની સુવિધા પુરી પાડવાની રહેશે.

(૩) આ ઉપરાંત કોઈપણ પ્રકારે સ્પે.કેસ તરીકે રાહત દરથી/વિના મુલ્યે સદરહુ સુવિધા પુરી પાડવા માટે સ્ટેન્ડીગ કમિટિને સત્તા રહેશે.

મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ દ્વારા કોર્પોરેશનનાં તમામ વિભાગોને ફાળવવામાં આવતા વાહનો/સાધનોમાં જે પેટ્રોલ/ડીઝલ વિગેરે ઈસ્યુ કરવામાં આવે છે તેનાં સંભવિત દુરઉપયોગ કે ગેરરીતિ અટકાવવા સારૂ કડક પગલા લેવામાં આવે છે. તથા આ કામગીરીનું સીધુ સંચાલન જવાબદાર ટ્રાન્સપોર્ટ ઈન્સ્પેકટર હસ્તક મુકી સમગ્ર કામગીરી ઉપર કડક નિયંત્રણ અને સુપરવિઝન રખાયેલ છે.

કોર્પોરેશન દ્વારા દૈનિક ધોરણે જે સફાઈની કામગીરી હાથ ધરવામાં આવે છે તેમાં સેન્ટ્રલ વર્કશોપ દ્વારા પુરા પાડવામાં આવતા વાહનોનો મોટો ફાળો હોય છે. આ વાહનો દ્વારા કોર્પોરેશનના જુદા-જુદા ઝોનમાંથી કચરો એકત્ર કરી નિયત ડમ્પીગ સાઈડ પર તેનો નિકાલ કરવામાં આવે છે. આમ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરનાં નગરજનોને પુરી પાડવામાં આવતી જુદી-જુદી સેવાઓ અંતર્ગત તેમાં ઉપયોગી વાહનો/સાધનો મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ દ્વારા ખુબ કાર્યક્ષમ રીતે પુરા પાડી કોર્પોરેશનની કામગીરીને વધુ સક્ષમ બનાવવા સતત પ્રયત્ન કરવામાં આવે છે.

Ahmedabad Municipal Corporation		
Central Workshop (Motor) 2016-17		
Sr.No.	**Details**	**Total**
1	Tipper Truck	106
2	Dumper Placer	120
3	Skip Lifter	10
4	Mini Garbage Tipper	41
5	Refuse Compactor	84
6	Stationery Compactor	17
7	Hook Loader	75
8	Cars	88
9	Jeep	40
10	Water Tanker	30
11	Nuisance Tanker	21
12	Cess Pool Tanker	17
13	Encrochment Van	31
14	Pick Up Van	20
15	Fogging Van	11
16	Tree Trimming Van	08
17	Hospital(Medical) Van	21
18	School Van	07
19	Dead Animal Van	04
20	Animal Ambu. Van	01
21	Dog Control Van	16
22	Brake Down Van	07
23	Meatwan	04
24	Mobile Court Van	02
25	Mobile Toilet Trailer	22
26	Mobile Toilet Trailer(OD Spot)	85
27	C.N.C.D.Trailer	07
28	Tractor	81
29	Tractor Trailer	50
30	Medical college bus	05
31	Small Mobile Waste Collection Van	11
32	Swiper Machine	40
33	Mobile Tax Collection Van	01
34	Kankriya Bus	02
35	High pressure suction cum nuisance tanker	11
36	Vehicle Mounted tree transplanter	01
	TOTAL	**1097**

Roller Section-16-17		
No.	**Details**	**Total**
1	Road Roller	17
2	Front end Loader	35
3	Bull Dozer	05
4	Wheel Dozer	03
5	Wheel loader	06
6	Skid Stear Loader	29
7	Excavator	05
8	Soil Compactor	04
9	Jetting Rikshow	02
10	Refuse Rikshow	12
11	Loading Rikshow	03
12	Battery Operated Rikshow	02
13	Vehical Mounted Heavy Crane Duty D-Wateing Van	11
14	Hydra Crane	01
15	Floating trace Skimmer M/C	01
16	Dewater(0-6”)ing Pump	18
17	Dewatering Trolly Pump(0-3”)	87
18	Portable FoggingM/C	266
19	Super Delux Fogging M/C(Rikshaw)	15
20	Vechicle Mounted Fogging M/C	10
21	Mannur Lifing Rikshow	19
	TOTAL	**551**

ર્ષ : ૨૦૧૬-૨૦૧૭ ડીઝલ-પેટ્રોલની વાર્ષિક વિગત

વર્ષ	ડીઝલ પંપ નં.૧			ડીઝલ પંપ નં.૨			પેટ્રોલ પંપ નં.૩		
	લીટર	ભાવ	રકમ રૂ.	લીટર	ભાવ	રકમ રૂ.	લીટર	ભાવ	રકમ રૂ.
એપ્રિલ-૨૦૧૬	૩૬૦૦૦	૫૧.૭૪	૧૮૬૨૬૪૦/-	૧૨૦૦૦/-	૫૧.૭૪	૬૨૦૮૮૦/-	------	------	--------
એપ્રિલ-૨૦૧૬	૪૮૦૦૦	૫૦.૩૨	૨૪૧૫૩૬૦/-	-------	--------	------	-----	-----	--------
મે-૨૦૧૬	૭૬૦૦૦	૫૩.૫૩	૪૦૬૮૨૮૦/-	૧૨૦૦૦/-	૫૩.૫૩	૬૪૨૩૬૦/-	૮૦૦૦	૬૦.૨૪	૪૮૧૯૨૦/-
જુન-૨૦૧૬	૭૬૦૦૦	૫૭.૪૧	૪૩૬૩૧૬૦/-	૧૨૦૦૦/-	૫૭.૪૧	૬૮૮૯૨૦/-	૮૦૦૦	૬૩.૬૭	૫૦૯૩૬૦/-
જુલાઇ-૨૦૧૬	૮૮૦૦૦	૫૮.૨૩	૫૧૨૪૨૪૦/-	૧૨૦૦૦/-	૫૮.૨૩	૬૯૮૭૬૦/-	૮૦૦૦	૬૦.૫૪	૪૮૪૩૨૦/-
ઓગસ્ટ-૨૦૧૬	૧૦૦૦૦૦	૫૫.૫૨	૫૫૫૨૦૦૦/-	૧૨૦૦૦/-	૫૫.૫૫	૬૬૬૨૪૦/-	૮૦૦૦	૫૯.૧૧	૪૭૨૮૮૦/-
સપ્ટેમ્બર-૨૦૧૬	૧૦૪૦૦૦	૫૬.૩૩	૫૮૫૮૩૨૦/-	૩૬૦૦૦/-	૫૬.૩૩	૨૦૨૭૮૮૦/-	૧૬૦૦૦	૬૧.૫૧	૯૮૪૧૬૦/-
ઓકટો-૨૦૧૬	૧૩૬૦૦૦	૫૮.૯૧	૮૦૧૧૭૬૦/-	૩૨૦૦૦/-	૫૮.૯૧	૧૮૮૫૧૨૦/-	૧૨૦૦૦	૬૪.૩૫	૭૭૨૨૦૦/-
નવેમ્બર-૨૦૧૬	૭૨૦૦૦	૬૦.૦૪	૪૩૨૨૮૮૦/-	૨૮૦૦૦/-	૬૦.૦૪	૧૬૮૧૧૨૦/-	૮૦૦૦	૬૩.૬૫	૫૦૯૨૦૦/-
ડીસેમ્બર-૨૦૧૬	૮૮૦૦૦	૬૦.૨૦	૫૨૯૭૬૦૦/-	૨૪૦૦૦/-	૬૦.૨૦	૧૪૪૪૮૦૦/-	૮૦૦૦	૬૩.૮૨	૫૧૦૫૬૦/-
જાન્યુઆરી-૨૦૧૭	૭૬૦૧૫	૬૪.૪૬	૪૬૭૧૮૮૧.૯/-	૪૮૦૫૫/-	૬૧.૪૬	૨૯૫૩૪૬૦.૩/-	૮૦૦૦	૬૮.૩૪	૫૫૨૧૮૭.૨/-
ફેબ્રુઆરી-૨૦૧૭	૬૪૦૦૦	૬૨.૭૮	૪૦૧૭૯૨૦/-	૨૪૦૦૦/-	૬૨.૭૮	૧૫૦૬૭૨૦/-	૮૦૦૦	૬૮.૮૮	૫૫૧૦૪૦/-

માર્ચ-૨૦૧૭	૫૬૦૦૦	૬૨.૭૮	૩૫૧૫૬૮૦/-	૫૬૦૦૦/-	૬૨.૭૮	૩૫૧૫૬૮૦/-	૮૦૦૦	૬૮.૮૮	૫૫૧૦૪૦/-
કલ	૧૦૨૦૦૧૫		૫૯૦૮૧૭૨૨/-	૩૦૮૦૫૫/-		૧૮૩૩૧૯૪૦/-	૧૦૦૦૮૦/-		૬૩૭૮૮૬૭/-
	લીટર		રકમ રૂ.				વપરાશ		કુલ ખર્ચ રૂ.
ડીઝલ પંપ નં.૧	૧૦૦૨૦૦૧૫/-					કુલ ડીઝલ	૧૩૨૮૦૭૦/-		૭૭૪૧૩૬૬૨/-
ડીઝલ પંપ નં.૨	૩૦૮૦૫૫/-					કુલ પેટ્રોલ	૧૦૦૦૮૦/-		૬૩૭૮૮૬૭/-
પેટ્રોલ પંપ નં.૩	૧૦૦૦૮૦/-					કુલ રકમ રૂ.			

૪.૧૬ - સેન્ટ્રલ લેબોરેટરી
સને ૨૦૧૬-૨૦૧૭

સેન્ટ્રલ લેબોરેટરી ખાતે વોટર એનાલીસીસ વિંગ જે પીવાના પાણીની શુધ્ધતા ચકાસવા દરેક વોડ્માંથી પીવાના પાણીના સપ્લાય દરમ્યાન નમુનાઓનું એકત્રીકરણ કરી, બેકટેરીયોલોજીકલ અને કેમીકલ એનાલીસીસ રિપોટ્ર્ની હેલ્થ તેમજ એન્જીનીયરીંગ ખાતાને જાણ કરવામાં આવે છે. તેમજ હેલ્થ, એન્જીનીયરીંગ અને શહેરીજનો તરફથી આવતી પાણીના પોલ્યુશન અંગેની ફરીયાદોના પાણીના નમુના લઇ ટેસ્ટ રિપોર્ટ તૈયાર કરીને જે તે સલગ્ન ખાતા સાથે સંકલન કરીને તાકીદે નિકાલ કરવામાં આવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દરેક વોડ્ર્ના જે તે વિસ્તારના વોટર ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમમાં ડોઝર મશીન વડે ક્લોરીનેશન કરવામાં આવે છે, જેની માત્રા જાણવા એટલે કે ક્લોરીન ચેકીંગની કામગીરી પણ સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા કરવામાં આવે છે. તેમજ ટયુબવેલ સ્ટેશન, ફ્રેંચવેલ, કોતરપુર વોટર વર્કસ, દુધેશ્વર વોટર વર્કસ, જાસપુર વોટર વર્કસ તેમજ રાસ્કા વોટર વર્કસ જેવા પીવાના પાણીના મુખ્ય સોર્સના પાણીનાં નમુનાનું એકત્રીકરણ કરીને બેકટેરીયોલોજીકલ તેમજ કેમીકલ એનાલીસીસ કરવામાં આવે છે.

તદઉપરાંત પીવાના પાણીની શુધ્ધતાની ચકાસણી, પીવાના પાણીના સપ્લાય દરમ્યાન પાણીના નમુના દરેક વોર્ડમાંથી મેળવીને બેકટેરીયોલોજીકલ તેમજ કેમીકલ એનાલીસીસ કરવામાં આવે છે તથા આ અંગેના રિપોર્ટ દર પંદર દિવસે, અ.મ્યુ.કો.ની વેબસાઇટ પર (http://ahmedabadcity.gov.in/portal/jsp/Static_pages/citizen_cen_lab.jsp) તથા ત્રિમાસીક રિપોર્ટ, ગુજરાતી તથા અંગ્રેજી દૈનીક પત્રમાં સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા પ્રકાશીત કરવામાં આવે છે.

ઇન્ડસ્ટ્રીયઅલ વેસ્ટવોટરના નમુનાઓનું રોજબરોજ એકત્રીકરણ અને કાંકરીયા તેમજ અન્ય તળાવો, સાબરમતી નદી, ખારીકટ કેનાલ, સી.ઇ.ટી.પી. ના વેસ્ટવોટરના નમુનાઓ એકત્ર કરીને પૃથ્થકરણ કરવામાં આવે છે જેનું રિપોર્ટીંગ ઉચ્ચ અધીકારીશ્રીઓને કરવામાં આવે છે. ઔધૌગિક એકમોના એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાંટના મોનીટરીંગની કામગીરી તેમજ તેમનું વેસ્ટવોટર નક્કી કરેલ ધારા-ધોરણ મુજબ છે કે નહી તેની ચકાસણી કરવામાં આવે છે. જો ધારા-ધોરણ મુજબ ન હોય તો આવા યુનીટ સામે બીપીએમસી એક્ટ, ૧૯૪૯ મુજબ નોટીસ આપવાની કાર્યવાહી કરવામાં આવે છે. જે યુનીટો નોટીસનો અનાદર કરે તેવા યુનીટોનું ડ્રેનેજ ડીસ-કનેકટ કરીને ત્યાર બાદ નકકી કરેલ એડમીનીસ્ટ્રેટીવ રી-કનેકશન ચાર્જીસની રકમ વસુલ કર્યા બાદ ડ્રેનેજ રી-કનેકશનની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

સેન્ટ્રલ લેબોરેટરી, પીરાણા ખાતે આવેલ લેબોરેટરી મારફતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત તમામ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાંટ્નું પરફોર્મંન્સ ચેક કરવા માટે સેમ્પલ એકત્રીકરણની અને એનાલીસીસની કામગીરી કરવામાં આવે છે. જેનાં રીપોર્ટની સબંધિત વિભાગને જાણ કરવામાં આવે છે.

દુધેશ્વર વોટર વર્ક્સ ખાતા મારફતે ખરીદવામાં આવતા સોડીયમ હાઇપોકલોરાઇટ્સ તેમજ સેંન્ટ્રલ સ્ટોર્સ ખાતા મારફતે ખરીદવામાં આવતા વિવિધ કેમીકલ્સ અને એસીડ્ની ગુણવત્તાનું ટેસ્ટીંગનું કાર્ય પણ સેન્ટ્રલ લેબોરેટરી દ્વારા કરવામાં આવે છે. તદઉપરાંત, શહેરીજનોની સુવીધા માટે અરજદાર પાસેથી ફી લઇને પીવાના પાણીનું તેમજ વેસ્ટ વોટરના નમુનાઓનું એનાલીસીસ કરી આપવામાં આવે છે.

આમ સેન્ટ્રલ લેબોરેટરી વોટર, વેસ્ટવોટર તેમજ પર્યાવરણને અનુલક્ષીને ઉદભવતી પ્રદુષણની ફરીયાદોના નિકાલ માટે સતત કાર્યશીલ છે.

<u>વિશિષ્ટ કામગીરી</u>

સેન્ટ્રલ લેબોરેટરી ખાતે ગુણવતાના ઉચ્ચ વ્યવસ્થાપન માટે ISO 9001: 2015 ના પ્રમાણપત્ર મેળવવાની કામગીરી આંતરરાષ્ટ્રીય સ્ટાર્ન્ડડ સર્ટીફીકેટ કંપની JAS-ANZ પાસેથી તા.૧૦-૦૩-૨૦૧૭ થી ત્રણ વર્ષના સમયગાળા માટે સફળતા પૂર્વક મેળવેલ છે.

ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન સેમ્પલની વિગત દર્શાવતું પત્રક સામેલ છે.

વાર્ષિક વહિવટીય અહેવાલ : એપ્રિલ - ૨૦૧૬ થી માર્ચ - ૨૦૧૭

અ.નં	વિગત	માહિતી આંકડામાં
૧	પીવાના પાણીના બેકટેરીઓલોજીક્લ એનાલીસીસના સેમ્પલો	૭૫,૬૩૫
૨	પીવાના પાણીના કેમીકલ એનાલીસીસના સેમ્પલો	૩૭૫૨
૩	પીવાના પાણીના ક્લોરીન ચેકીંગના સેમ્પલો	૨૪,૧૪૭
૪	ઔધૌગિક એક્મોના સેમ્પલો	૪૦૩
૫	વીઝીટ અને પી.એચ. ચેકીંગ	૨૯૨૭
૬	સી.ઈ.ટી.પી ના સેમ્પલો	૮૧
૭	ખારીક્ટ કેનાલના સેમ્પલો	૮૧
૮	સૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના સેમ્પલો	૧૨૩૨
૯	તળાવ અને નદીના સેમ્પલો	૭૮૩
૧૦	પંપીગ સ્ટેશન તથા મેન હોલ સેમ્પલો	૪૧૩
૧૧	ફ્રી લઈને ટેસ્ટ કરેલ સેમ્પલો	૨૪૮
૧૨	સેમ્પલ ટેસ્ટીંગની આવક રૂપીયા	૪૫૦૪૫૦
૧૩	કુલ આવક રકમ રૂપીયા	૪૫૦૪૫૦

DETAILS OF SAMPLE COLLECTED DURING THE YEAR OF 2016-17

Sr. No.	Month	Total No. of Bacteriological Samples	Total No. of Chemical Samples	Total Residual Chlorine Checking	Total Samples
1	Apr-16	5802	278	1819	7899
2	May-16	6994	364	2152	9510
3	Jun-16	7044	356	2160	9560
4	Jul-16	6724	307	2085	9116
5	Aug-16	6352	310	1897	8559
6	Sep-16	6371	324	1974	8669
7	Oct-16	6059	291	1890	8240
8	Nov-16	6201	321	1980	8502
9	Dec-16	6727	281	2160	9168
10	Jan-17	6412	283	2070	8765
11	Feb-17	5082	276	1890	7248
12	Mar-17	5867	361	2070	8298
	TOTAL	**75635**	**3752**	**24147**	**103534**

DETAILS OF SAMPLE COLLECTED DURING THE YEAR OF 2016-17

Month	Industrial Samples Collected	CETP Samples Collected	STP							Canal	Lakes	River	Misc; Opinion, Spl. Sample, etc.	Drainage Pumping Station	Sodium Hypo Chlorite	Visit & pH Check	Sample Not Available	Total Samples including visits
			A.S.P.					UASB										
			240 MLD	180 MLD	70 MLD	60 MLD	35 MLD	126 MLD	106MLD									
Apr-16	34	4	14	14	8	20	14	10	20	7	5	31	38	4	4	223	6	450
May-16	35	5	12	14	8	24	12	12	18	4	5	24	76	0	6	249	1	504
Jun-16	39	4	16	12	8	22	16	14	24	6	19	27	15	5	5	227	5	459
Jul-16	29	6	14	10	8	22	14	14	24	8	131	24	43	0	6	347	3	700
Aug-16	25	11	12	10	8	22	12	12	20	8	112	27	12	3	5	294	2	594
Sep-16	44	12	16	10	8	22	16	16	20	8	40	42	37	5	6	296	3	600
Oct-16	44	7	12	10	8	22	12	12	20	9	51	27	16	0	7	250	6	508
Nov-16	27	6	8	10	8	20	8	8	20	5	2	27	4	6	5	159	7	323
Dec-16	28	6	18	10	10	20	18	15	18	5	11	27	43	2	5	231	7	470
Jan-17	37	11	16	10	8	22	16	16	24	7	0	27	19	0	4	213	1	430
Feb-17	26	4	16	11	8	18	16	16	18	6	8	27	7	0	5	181	2	367
Mar-17	35	5	14	12	8	22	16	14	22	8	62	27	9	3	8	257	10	522
TOTAL	**403**	**81**	**168**	**133**	**98**	**256**	**170**	**159**	**248**	**81**	**446**	**337**	**319**	**28**	**66**	**2927**	**53**	**5927**

બજેટ સેન્ટર કોડ :૩૩૦	ખાતાનું નામ: સેન્ટ્રલ લેબોરેટરી		ઝોનનું નામ: એચ.ઓ.	શિડયુલ નં.: ૨૧	
૨૦૧૬-૨૦૧૭ વર્ષમાં મંજુર થયેલ જગ્યા	હોદ્દો	ગ્રેડ	જગ્યા ખાલી	રિમાર્કસ	ભરેલ જગ્યા
૧	૨	૩	૪	૫	૬
૧	સાયન્ટિસ્ટ ઇન્ચાર્જ	૬૭૭૦૦-૨૦૮૭૦૦	૦		૧
૩	પ્લાન્ટ સુપ્રિટેન્ડન્ટ	૫૩૧૦૦-૧૬૭૮૦૦	૩		૦
૨	સિનિયર સાયન્ટિફિક અસિસટન્ટ	૪૪૯૦૦-૧૪૨૪૦૦	૦		૨
૧	સિનિયર માઇક્રોબાયોલોજીસ્ટ	૩૯૯૦૦-૧૨૬૬૦૦	૧	ચાર્જ	૦
૧૭	જુનિયર સાયન્ટિફિક આસિસટન્ટ	૨૯૨૦૦-૯૨૩૦૦	૫		૧૨
૬	જુનિયર માઇક્રોબાયોલોજીસ્ટ	૨૯૨૦૦-૯૨૩૦૦	૧		૫
૧	ટાઇપીસ્ટ કમ કલાર્ક	૨૯૨૦૦-૯૨૩૦૦	૦	ડેપ્યુટેશન પર રાજય ચુંટણી આયોગ ખાતે.	૧
૧	સિનિયર કલાર્ક	૩૫૪૦૦-૧૧૨૪૦૦	૦		૧
૧	લેબોરેટરી અસિસટન્ટ	૧૯૯૦૦-૬૩૨૦૦	૧		૦
૧	લેબોરેટરી ટેકનીશ્યન	૧૯૯૦૦-૬૩૨૦૦	૧		૦
૬	સિનિયર લેબોરેટરી એટેન્ડન્ટ	૧૯૯૦૦-૬૩૨૦૦	૬		૦
૨	ડ્રાઇવર	૧૯૯૦૦-૬૩૨૦૦	૨	૧-ફાળવણી વર્ક્શોપ ખાતેથી	૦
૧	જુનિયર કલાર્ક	૨૫૫૦૦-૮૧૧૦૦	૦	૧-કલાર્ક ફાળવણીથી લેબ.ખાતે. લેબ.કલાર્ક ડેપ્યુટેશન પર રાજય ચુંટણી આયોગ ખાતે.	૧

૨	પટાવાળા	૧૯૯૦૦-૬૩૨૦૦	૧		૧
૨૨	જુનિયર લેબોરેટરી એટેન્ડન્ટ	૨૫૫૦૦-૮૧૧૦૦	૧૨		૧૦
૨	સ્વીપર કમ એટેન્ડન્ટ	૧૫૭૦૦-૫૦૦૦૦	૦		૨
૬૯	**કુલ જગ્યા**		**૩૩**	**૨-ફાળવણીથી**	**૩૬**

૪.૧૭ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતુ
સને : ૨૦૧૬ - ૨૦૧૭

ઘણા વર્ષો થી અમદાવાદ શહેરમાં ભુગર્ભ ગટર વ્યવસ્થા કરવામાં આવેલ છે.શહેરીકરણ અને વસ્તી વધારાના કારણે ગંદા પાણીના જથ્થાનું પ્રમાણ વર્ષો વર્ષ વધતુ જાય છે.જેને કારણે ગંદા પાણીના નીકાલ તથા ટ્રીટમેન્ટ આપવાના જથ્થામાં વધારો થાય છે.

અમદાવાદ શહેર સાબરમતી નદીના કારણે ભૌગોલીક રીતે બે ભાગમાં વહેચાયેલ છે. સુએજના નીકાલ માટે ૪૯ જેટલાં પંપીગ સ્ટેશનો તેમજ એસ.આર.એફ.ડી.સી.એલથી અંતર્ગત ૪ પંપીગ સ્ટેશનો અને તેના ટ્રીટમેન્ટ માટે ૯ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે.

(૧) ટર્મીનલ પંપીગ સ્ટેશનોઃ-

એસ.ટી.પી.ખાતા દ્વારા પૂર્વ અમદાવાદ નરોડાથી ઈસ્ટર્ન ડક્ટ લાઈન અને પશ્ચિમ અમદાવાદ અખબારનગરથી વેસ્ટર્ન ડક્ટ લાઈન દ્વારા દરેક ઝોનનાં પંપીગ સ્ટેશનના સુએજનું પંપીગ કરી પીરાણા ટર્મીનલ અને વાસણા ટર્મીનલ સુધી પહોંચાડવામાં આવે છે.ઉપરોકત સંકુલમાં આવેલ ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન દ્વારા સુએજનો નીકાલ કરવામાં આવેલ છે.જેની માહીતી નીચે મુજબ છે.

સુએજ પંપીગ સ્ટેશનોની માહીતી									
અનુ નં	સુએજ પંપીગ સ્ટેશનના નામ	ઈનસ્ટોલ ડ કરેલ પંપ નં	કાર્યર ત પંપ નં	વધારા ના પંપ	કાર્યક્ષમતા	૨૦૧૬		૨૦૧૭	
					એમ.એલ.ડી.	સામાન્ય દિવસોમાં પંપીગ	ચોમાસા દરમિયાન પંપીગ	સામાન્ય દિવસોમાં પંપીગ	ચોમાસા દરમિયાન પંપીગ
						એમ.એલ.ડી.	એમ.એલ.ડી.	એમ.એલ.ડી.	એમ.એલ.ડી.
	મુખ્ય પંપીગ સ્ટેશન								
૧	પીરાણા	૯	૬	૩	૧૮૨.૦૦	૩૧૫	૪૫૦	૨૯૧.૩૦	૩૨૦.૮
૨	પીરાણા ન્યુ	૮	૫	૩	૧૮૦.૦૦	૧૨૫	૨૨૦	૧૧૭.૮	૧૬૨.૯
૩	વાસણા	૯	૫	૪	૭૬.૦૦	૧૩૧.૬૬	૨૮૦	૧૨૩.૨૧	૨૯૦.૩૧
૪	વાસણા ઔડા	૮	૫	૩	૧૨૬.૦૦	૧૬૫.૭	૨૩૧.૫	૮૧.૪૩	૨૮૨.૭૭
૫	જમાલપુર	૮	૫	૩	૧૧૭.૦૦	૪૦.૨૦	૬૭.૨૦	૫૪.૪૮	૭૯.૮૫
૬	ન્યુ સબર્બન	૬	૪	૨	૨૦૧.૦	૪૫.૬	૬૫.૨૦	૧૦.૫૦	૧૪.૦૦
૭	ન્યુ મણીનગર	૬	૩	૩	૧૭૨.૮	૩૮.૪	૧૩૨.૬	૪૩.૧૨	૮૧.૭૨
૮	વાસણા(૨૮૫)	૬	૪	૨	૨૮૫.૦૦	૧૪૨.૪	૨૬૨.૨	૧૪૦.૦૦	૧૬૮.૦૦
૯	વિંઝોલ	૬	૪	૨	૧૦૨.૦૦	૧૧૨.૮	૧૪૨.૩	૩૦.૯૯	૩૪.૩૭
	કુલ					૧૧૯૧.૭૬	૧૯૪૧	૮૯૨.૮૩	૧૪૩૪.૭૨
	દક્ષિણ ઝોન				**એમ.એલ.ડી.**	**એમ.એલ.ડી.**	**એમ.એલ.ડી.**	**એમ.એલ.ડી.**	**એમ.એલ.ડી.**
૧૦	દાણીલીમડા	૫	૩	૨	૫૭.૦૦	૧૪.૦	૨૯.૦	૨૨.૭૦	૩૫.૪૨
૧૧	બહેરામપુરા	૩	૨	૧	૨૭.૦૦	૮.૦	૧૨.૫	૫.૫૦	૧૧.૦૦
૧૨	બહેરામપુરા-૧	૫	૩	૨	૩૧.૦૦	૫.૨	૧૧.૪	૯.૦૦	૧૫.૦૦

૧૩	બહેરામપુરા-૨	૫	૩	૨	૧૮.૦૦	૫.૦	૧૦.૫	૬.૦૦	૧૧.૨૦
૧૪	બાગે-ફીરદોશ	૪	૩	૧	૬૭.૦૦	૨૧.૦	૧૦.૮	૧૬.૦૦	૨૫.૦૦
૧૫	ઈસનપુર-૧	૫	૪	૧	૧૮.૦૦	૦.૦	૭.૩	--	---
૧૬	ઈસનપુર(મોની)-૨	૬	૪	૨	૨૯.૦૦	૧૦.૦	૨૧.૦૦	૧૪.૫૨	૨૦.૪૩
૧૭	વટવા નિગમ	૫	૩	૨	૨૮.૦૦	૧૪.૦	૨૦.૦	૧૧.૮૦	૨૦.૦૦
૧૮	નારોલ શાહવાડી	૫	૨	૩	૪૦.૦૦	૧૬.૦	૨૨.૦	૧૦.૦૦	૧૪.૫૦
૧૯	નવાણા	૮	૫	૩	૫૮.૦૦	૩૩.૦	૫૧.૦	૩૭.૨૩	૪૪.૫૦
૨૦	ઈન્દ્રપુરી	૪	૩	૧	૨૮.૦૦	----	------	----	-----
	કુલ					૧૨૬.૨	૧૯૫.૫	૧૩૨.૭૫	૧૯૭.૦૫
	મધ્ય ઝોન								
૨૧	દરિયાપુર	૫	૩	૨	૭૨.૦૦	૧૨.૫૫	૧૮.૩૭	૫૪.૪૮	૭૯.૪૫
૨૨	શાહીબાગ	૫	૨	૩	૧૬.૪૦	૨.૮૬	૪.૩૬	૨૦.૨૯	૩૦.૪૦
૨૩	ન્યુ ગીરધરનગર	૫	૩	૨	૨૮.૦૦	૩.૬૩	૫.૪૬	૯.૫૦	૧૧.૩૫
૨૪	જુના ગીરધરનગર	૪	૩	૧	૧૬.૪૦	૪.૨૨	૮.૬૭	૯.૯૦	૦.૨૦
૨૫	મહેંદીકુવા	૩	૨	૧	૮.૦૦	૨.૩૭	૩.૩૭	૪.૭૦	૬.૧૭
૨૬	કાલુપુર	૨	૧	૧	૬.૦૦	૨.૩૦	૪.૧૦		
૨૭	મીરઝાપુર	૨	૧	૧	૧૦.૦૦	૩.૯૬	૫.૨૮	૮.૭૦	૯.૦૮
૨૮	ન્યુ ચમનપુરા	૬	૩	૩		૩૨.૦૦	૫૦.૦૦	૨૧.૦૦	૩૬.૦૦
૨૯	ગીરધરનગર	૫	૩	૨	૩૫.૦૦				
	કુલ					૬૩.૮૯	૯૯.૬૧	૮૨.૯૯	૧૦૪.૦૫
	પૂર્વ ઝોન								
૩૦	ન્યુ ગોમતીપુર	૮	૪	૪	૧૬૦.૦૦	૬૮.૦	૧૩૫.૦	૬૨.૦૦	૧૨૦.૦૦
૩૧	રખિયાલ	૩	૨	૧	૧૧.૫૦	૯.૦	૨૦.૧૦	૫.૦૦	૯.૦૦
૩૨	અમરાઈવાડી	૬	૪	૨	૧૨.૬૦	૧૧.૧૦	૨૦.૪૦	૯.૦૦	૧૫.૦૦
૩૩	વિરાટનગર	૭	૫	૨	૨૯.૦૦	૨૩.૨૦	૩૮.૪૦	૧૨.૦૦	૨૫.૦૦
૩૪	અર્બુદાનગર	૪	૨	૨	૧૮.૦૦	૯.૫૦	૧૭.૨૦	૫.૦૦	૮.૫૦
૩૫	અંબિકાનગર	૭	૫	૨	૧૬.૦૦	૧૧.૦૦	૨૪.૧૦	૫.૦૦	૯.૦૦
૩૬	છોટાલાલની ચાલી	૫	૨	૩	૨૦.૦૦	૫.૭૦	૧૧.૮૦	૭.૦૦	૧૦.૦૦
૩૭	રબારી વસાહત	૫	૩	૨	૧૮.૦૦	૫.૨૦	૧૨.૧૦	૫.૦૦	૮.૦૦
૩૮	ઓઢવ (ન્યુ)	૬	૩	૩	૧૮.૦૦	૯.૫૦	૨૪.૮૦	૬.૦૦	૧૩.૦૦
૩૯	નિકોલ (ન્યુ)	૪	૩	૧	૧૪.૮૦	૧૭.૯૦	૨૩.૪૦	૯.૦૦	૧૫.૦૦
૪૦	હાથીજણ	૬	૪	૨	૩૦.૦૦	----	----	૪.૦૦	૭.૫૦
	કુલ					૧૭૦.૧	૩૨૭.૩	૧૨૯.૦૦	૨૩૯.૫૦
	ઉત્તર ઝોન								
૪૧	સરદારનગર(ન્યુ)	૩	૨	૧	૧૮.૮૦	૫.૮	૧૬.૮	૯.૦૦	૧૬.૦૦
૪૨	ન્યુ આંબાવાડી	૩	૨	૧	૯.૦૦	૨.૭૨	૧૭.૩	૪.૫૦	૭.૧૬
૪૩	ન્યુ કુબેરનગર	૪	૨	૨	૧૫.૪૦	૭.૯૦	૧૬.૮	૯.૦૦	૧૮.૦૦
૪૪	નરોડા ગાયત્રી	૬	૪	૨	૧૨.૦૦	૭.૬૩	૨૨.૮	૮.૦૦	૧૪.૦૦
૪૫	નરોડા જી.આઈ.ડી.સી.	૪	૨	૨	૭.૨૦	૩.૪૧	૭.૩	૨.૮૦	૭.૦૦
૪૬	નરોડા સત્યમ	૪	૨	૨	૧૨.૦૦	૪.૬૧	૧૨.૪	૭.૦૦	૧૪.૦૦
૪૭	સૈજપુર બોઘા	૬	૩	૩	૩૬.૦૦	૧૫.૧૫	૬૦.૮	૨૦.૦૦	૩૬.૦૦
૪૮	જુના ચમનપુરા	૩	૧	૨	૮.૭૦	૨.૨૦	૯.૫૦	૧.૪૦	૨.૩૦
૪૯	નાના ચિલોડા	૫	૨	૩	૯.૦૦	----	----	૨.૭૦	૪.૫૦
૫૦	નરોડા મુઠિયા	૨	૧	૧	૭.૨૦	----	----	૧.૪૦	૨.૩૦

૫૧	નોબલનગર	૫	૨	૩	૧૮.૬૦	----	----	૨.૭૦	૭.૦૦
૫૨	મેઘાણીનગર	૫	૩	૨	૨૬.૦૦	----	----	૨.૯૬	૬.૪૧
	કુલ							૭૧.૪૬	૧૨૮.૧૦
	પશ્ચિમ ઝોન								
૫૩	કેશવનગર	૫	૩	૨	૧૧.૦૦	૩.૪	૧૧.૦	૨.૫૩	૯.૨૧
૫૪	પાલડી	૮	૫	૩	૨૮.૮૦	૧૦.૯૫	૨૨.૮૪	૪.૬૮	૧૩.૦૯
૫૫	શારદા સોસાયટી	૩	૨	૧	૯.૪૦	૬.૧	૭.૯	૨.૪૪	૪.૮૨
૫૬	આઈ.યુ.પી.ડી. જુહાપુરા	૩	૨	૧	૧૩.૩૦	૯.૦	૨૦.૪૬	૪.૭૭	૧૦.૮૮
૫૭	વેજલપુર	૬	૪	૨	૫૪.૦૦	----	----	૧૪.૧૦	૩૪.૪૫
૫૮	ચેનપુર	૧૦	૫	૫	૧૫૬.૦૦	----	----	૬.૦૦	૪૦.૦૦
૫૯	મોટેરા	૪	૨	૨	૭૫.૦૦	----	----	૧૦.૮૦	૪૦.૨૩
૬૦	રાણીપ	૮	૪	૪	૯૩.૦૦			૪.૦૦	૦.૦૦
	કુલ					૨૯.૪૫	૬૨.૨૦	૪૫.૩૨	૧૫૨.૬૮
(૨)	એસ.આર.એફ.ડી.સી.એલ								
૬૧	ડબલ્યુ-૫	૫	૩	૨	૫૨.૦૦	૪૦	૫૫	૫૫.૫૨	૬૫.૦૦
૬૨	ઈ-૩	૬	૩	૩	૮૪.૦૦	૫૦	૮૫	૪૬.૩૦	૪૧.૩૪
૬૩	વાસણા ટર્મિનલ	૬	૩	૩	૭૭.૦૦	૫૨	૭૦	૫૦.૨૬	૪૮.૦૦
૬૪	આંબેડકર ટર્મિનલ	૮	૪	૪	૧૪૯.૦૦	૯૫	૧૪૦	૮૦.૪૩	૭૨.૬૪
	કુલ					૨૩૭	૩૫૦	૨૩૨.૫૧	૨૨૬.૯૮

(૩) સ્કાડા પ્રોજેકટને લગતી વિગતઃ-

એસ.ટી.પી. ખાતા દ્વારા શહેરનાં ૩૦ સુએજ પંપીગ સ્ટેશનો તથા ૧૦ ટર્મીનલ સુએજ પંપીગ સ્ટેશન ખાતે સ્કાડા સીસ્ટમ ઈન્સ્ટોલ્ડ કરવામાં આવેલ છે.જેના દ્વારા સુએજ પંપીગ સ્ટેશનના વેટવેલનું લેવલ,રાઈઝીગ લાઈનનું પ્રેશર અને ફલો ડેટા તથા એનર્જીના ડેટા તેમજ ૭ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ઈનકમીગ અને આઉટગોઈગ સુએજના પાણીના ફલોડેટા તેમજ PH,TSS,TOC વગેરે ડેટાનું SCADA ના માસ્ટર કંટ્રોલરૂમ સાથે કનેકટ કરી ઉપરોકત ડેટાનું મોનીટરીગ કરવામાં આવે છે.

(૪) ટ્રોમ વોટર ડ્રેનેજ પંપીગ સ્ટેશનોઃ-

એસ.ટી.પી. ખાતા હસ્તકનાં ખારીકટ કેનાલને સમાંતર વરસાદી પાણીના નીકાલ માટે જુદા જુદા સ્ટ્રોમવોટર ડ્રેઈન પંપીગ સ્ટેશન બનાવવામાં આવેલ છે,જેની વિગતો નીચે મુજબ છે.

ઝોન	અ.નં	પંપીગ સ્ટેશન	પંપ કેપેસીટી (મી૩/કલાક)	નંગ
દક્ષિણ ઝોન-૧	૧	સુરેલીયા	૨૪૦૦	૩
	૨	માટલા સર્કલ	૨૪૦૦	૨
	૩	વ્યાયામ શાળા	૨૪૦૦	૧
	૪	સ્મૃતિ મંદિર	૧૮૦૦	૧
	૫	ઘોડાસર	૦	૦

દક્ષિણ ઝોન-૨	૬	નિરમાનાળા	૧૮૦૦	૨
	૭	દેવી માતા	૨૪૦૦	૨
	૮	નુરનગર	૧૮૦૦	૨
	૯	ગેબનશાપીર	૧૮૦૦	૧
	૧૦	ભૈરવનાથ	૨૪૦૦	૩
	૧૧	આવકાર હોલ	૬૦૦	૩
ઉત્તરઝોન-૧	૧૨	નરોડા દહેગામ રોડ	૧૮૦૦	૨
	૧૩	નરોડા હંસપુરા	૨૪૦૦	૩
	૧૪	નવયુગ	૨૪૦૦	૩
	૧૫	પુષ્પકુંજ	૧૮૦૦	૧
	૧૬	રાજીવપાર્ક	૧૮૦૦	૧
	૧૭	સીતારામ મઢુલી	૧૮૦૦	૧
	૧૮	ત્રિકમલાલના ચોકઠાં	૨૪૦૦	૩
	૧૯	કુબેરનગર	૨૪૦૦	૨
પૂર્વઝોન-૧	૨૦	હરીવીલા	૧૮૦૦	૧
	૨૧	જય કેમીકલ	૧૮૦૦	૨
	૨૨	ઓઢવ ફાયર સ્ટેશન	૨૪૦૦	૩
	૨૩	અર્બુદાનગર	૧૮૦૦	૨
	૨૪	વસ્ત્રાલ	૩૫૦૦	૪
	૨૫	વિરાટનગર	૨૪૦૦	૨
	૨૬	નિકોલ	૨૪૦૦	૩
	૨૭	મલેકસાબન	૩૦૦	૩
	૨૮	ઓઢવ-અંબિકાનગર	૨૪૦૦	૩
નવા પશ્ચિમ	૨૯	વેજલપુર	૨૪૦૦	૩

(૫) અમદાવાદ શહેરના પૂર્વ, પશ્ચિમ,દક્ષિણ અને નવા પશ્ચિમ ઝોનમાં પસાર થતી કેનાલનાં પેરેલલ જે તે ઝોન દ્વારા નીચાણવાળા વિસ્તારમાંથી વરસાદી પાણીનો નીકાલ કરવા ખાતા દ્વારા જરૂરીયાત મુજબના સબમર્સીબિલ પંપો ઇન્સ્ટોલ કરી તેમજ તેમજ શહેરનાં પશ્ચિમઝોન ખાતે પણ તૈયાર કરેલ સંપોમાં વરસાદી પાણીનાં નીકાલ માટે જુદી જુદી સાઇઝના સબમર્સીબિલ પંપો ઇન્સ્ટોલ વરસાદી પાણીના નીકાલની કામગીરી કરવામાં આવેલ છે,જેનું પત્રક નીચે મુજબ છે.

વોર્ડનું નામ	અ.નં.	સંપનું નામ	પંપની વિગત હો.પા.	પંપની સંખ્યા
દક્ષિણ ઝોન				
મણિનગર	૧	અરમાનપાર્ક	૧૨.૫	૧
	૨	હીરાબાગ	૧૨.૫	૧
	૩	પ્રકાશનગર ટેનીસકોર્ટ	૭.૫	૧

	૪	ઈશ્વરનગર	૧૨.૫	૧
દાણીલીમડા	૫	ચંડોળાતળાવ(પેટ્રોલ પંપ પાસે)	૭.૫	૧
	૬	પટેલ ભવન	૧૨.૫	૧
ઈસનપુર	૭	ગણેશનગર	૭.૫	૧
	૮	મહારાણા સોસાયટી	૭.૫	૧
	૯	ગણેશભૂમિ(ગેબનશાપીર પાસે)	૭.૫	૧
	૧૦	શાંતિબાગ	૭.૫	૧
વટવા	૧૧	મહાલક્ષ્મી તળાવ(નવું)	૧૨.૫ ૭.૫	૨
	૧૨	આત્મમંગલ હોલ	૭.૫	૧
બાગેફીરદોશ	૧૩	શકરીબા પાર્ટી પ્લોટ	૨૫ ૨૫	૨
	૧૪	માતૃભકિત	૧૨.૫	૧
	૧૫	રીટાનગર(રકતપિતીયા કોલોની)	૨૫	૨
	૧૬	રામરાજયનગર	૨૫ ૨૫	૩
	૧૭	ભગવતીનગર(નવા)	૨૫ ૨૫	૨
	૧૮	શીવપાર્ક	૧૨.૫	૧
	૧૯	ચિરાગ એસ્ટેટ	૭.૫	૧
	૨૦	બી.આર.ટી.એસ.(જશોદાનગર)	૨૫ ૨૫	૨
	૨૧	સત્યસાંઇ	૧૦	૧
	૨૨	હરીઓમ (વિજ્યાદશમી)	૧૨.૫	૧
પૂર્વ ઝોન				
નિકોલ	૨૩	આરતી સોસાયટી	૧૨.૫	૨
	૨૪	આર્શીવાદ	૨૦ ૧૦ ૨૫	૨ ૧ ૨
	૨૫	આલોક	૧૨.૫	૧
	૨૬	જગદીશપાર્ક(હનુમાન મંદિર)	૧૨.૫	૨
ઓઢવ	૨૭	ગણેશકુંજ	૨૫ ૨૫	૨
	૨૮	અંબિકાનગર જુનાકુવા	૨૫ ૨૫	૨
	૨૯	મહાકાળી ટી સ્ટોલ	૨૫ ૨૫	૨
રામોલ	૩૦	જામફળવાડી (નવા)	૧૨.૫	૨
ભાઈપુરા	૩૧	જય ગરવી ગુજરાત સોસાયટી	૧૨.૫	૨

			૧૦	
	૩૨	ભગવતીપાર્કસોસાયટી	૧૨.૫	૨
	૩૩	સુવિધાપાર્ક (આવકારહોલ સામે)	૧૨.૫	૨
	૩૪	સંત શીરોમણી	૧૨.૫	૨
	૩૫	સત્યનારાયણ	૧૦	૧
	૩૬	જશોદાનગર	૨૫	૨
અર્બુદાનગર	૩૭	હરીગંગા	૧૨.૫	૨
	૩૮	રાજેન્દ્રપાર્ક	૧૨.૫	૧
પશ્ચિમઝોન				
સ્ટેડિયમ	૩૯	નટના છાપરા	૧૨.૫	૧
નવા પશ્ચિમઝોન				
વેજલપુર	૪૦	વેજલપુર વોર્ડ ઓફિસ પાસે	૩૦ ૧૨.૫	૩ ૨
ઉતરઝોન				
નરોડા	૪૧	લક્ષ્મીનગર	૧૨.૫	૧
	૪૨	હીલોની	૧૨.૫	૧
	૪૩	વ્યાસવાડી	૨૫	૧
	૪૪	જોગણીમાતા	૨૦	૧
	૪૫	ઉતમનગર	૨૫	૧

(૬) ડીશીલ્ટીંગ ઇકવીપમેન્ટઃ-

એસ.ટી.પી. ખાતા દ્વારા શહેરની જુદી જુદી કેપેસીટીની સુએજ લાઇનોમાં જમા થતા શીલ્ટને દુર કરી લાઇનોમાં થયેલા ચોકઅપને ખુલ્લો કરી સુએજનું સરળતાથી વહન થઇ શકે તે માટેનાં ડીશીલ્ટીંગ ઇકવીપમેન્ટ ખાતા દ્વારા ખરીદ કરી શહેરનાં જુદા જુદા ઝોનને ફાળવવામાં આવે છે. સદર ડીશીલ્ટીંગ મશીનનું ઓપરેશન મેઇન્ટેનન્સની કામગીરી ઝોન દ્વારા કરવામાં આવે છે,તેમજ બીલ સર્ટીફાઇડની કામગીરી પણ ઝોન દ્વારા કરવામાં આવે છે.

અનુનં	ઝોન	સુપરસકર મશીન	કમ્બાઇન્ડ મશીન	જેટીંગ મશીન	ગલી એમ્પીયર/સકશન મશીન	હાઇફ્લો જેટીંગ મશીન	આઇસર માઉન્ટેડ જેટીંગ મશીન	પાવર રીડીંગ મશીન	હાઇડ્રા માઉન્ટેડ ગ્રેબબકેટ યુનિટ
૧	ઉત્તર	GJ-1-XX-7706/7707/7708 GJ-1-DU-6568/6728/6605	૯૫૬૧ ૭૫૩૯ ૭૬૭૯ ૧૨૨૫	-	૮૬૯૫	૮૧૮૩ ૦૭૦૫	૪૬૫૪	----	-----
૨	દક્ષિણ	GJ-1-XX-7923/7926/7927 GJ-1-XX-7922/7924/7925	૯૫૬૨ ૭૬૭૮ ૭૬૮૨ ૭૫૩૬ ૧૨૭૦	૭૮૮ ૪	૭૯૦૨ ૮૬૬૫	૮૧૯૩ ૦૪૪૯	૪૬૪૦ ૪૬૪૩	----	-----

૩	પૂર્વ	GJ-1-DU-6568/6728/6605	૯૫૬૩ ૭૬૮૦ ૭૬૮૩ ૧૬૮૯	૭૮૪ ૪	૭૮૯૯ ૮૬૭૬	૭૭૮૩ ૦૮૪૪	૪૬૩૪	----	-----
૪	પશ્ચિમ	GJ-1-XX-7706/7707/7708	૭૫૪૧ ૭૫૩૭ ૭૬૮૧ ૧૮૮૮	-	----	૨૨૦૬ ૦૪૬૧	૪૬૩૮	----	-----
૫	મધ્ય	GJ-1-DU-6689/6651/6554	૦૫૩૭ ૭૬૮૪ ૭૬૬૬	૭૮૮ ૫	૭૯૦૧	૭૭૮૨ ૦૪૭૯	૪૬૩૯ ૪૬૩૫	----	-----
૬	નવા પશ્ચિમ	GJ-1-XX-7706/7707/7708	૭૫૪૦ ૨૦૧૭-ઔડા ૪૯૯૦-ઔડા ૧૭૨૦	--	૭૯૦૦ ૮૬૭૦	૨૨૦૫ ૦૮૪૧	૪૬૫૯	----	-----
	કુલ	૦૮	૨૨+૦૨	૦૩	૦૮	૧૨	૦૮	૦૧	૦૧

(૭) પ્રોજેકટને લગતી વિગતઃ-

એસ.ટી.પી. ખાતા દ્વારા નવા વિકસી રહેલ શહેરનાં જુદાં જુદાં વિસ્તારોમાં સુએજ પંપીગ અંગેની કામગીરી માટેના પંપીગ સ્ટેશનો તેમજ સ્ટ્રોમવોટર ડ્રેઇન પંપીગ સ્ટેશનો, તેમજ હયાત પંપીગ સ્ટેશનોમાં વધુ કેપેસીટીનાં પંપો બદલવાની, જરૂરી ઇલે.પાવર વધારવાની, ઇલે. ઇનસ્ટ્રુમેન્ટ બદલવાની, ઓગમેન્ટેનન્સની કામગીરી તેમજ ઇલે.પાવરમાં પાવર ફેકટર ઇમ્પ્રુવમેન્ટ કરવા જરૂરી એ.પી.એફ.સી.પેનલો બદલવાની કામગીરી કરવામાં આવે છે.

૪.૧૮ હાઉસીંગ પ્રોજેકટ/ સ્લમ નેટવર્કીંગ પ્રોજેકટ
સને : ૨૦૧૬ - ૨૦૧૭

મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ઈ.ડબલ્યુ.એસ.) આવાસો તેમજ ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે (એલ.આઈ.જી.) આવાસો ની યોજનાઃ-

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા માનનીય મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરમાં વસતા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે **ઈ.ડબલ્યુ.એસ.** કેટેગરીમાં **૫૧૫૮ આવાસો** અને ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે **એલ.આઈ.જી.** કેટેગરીમાં **૪૯૮૫ આવાસો** મળી **કુલ ૧૦૧૪૩ આવાસો** શહેરના તમામ ઝોનમાં જુદી જુદી કુલ **૨૯ જગ્યાઓએ** વેજલપુર, નિકોલ, ચાંદખેડા, ચાંદલોડીયા, થલતેજ, કાળી,વાડજ, વસ્ત્રાલ, નિકોલ, કાંકરીયા,શાહીબાગ વિગેરે જગ્યાઓએ બનાવીને લાભાર્થીઓને પઝેશન આપેલ છે. સદરહુ આયોજન મંજુર થયેલ ટી.પી.સ્કીમોમાં આવાસો માટે રીઝર્વ જગ્યા તેમજ બંધ મીલોની ૨૦% મળેલ જગ્યાઓમાં બનાવવામાં આવનાર છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે (ઈ.ડબલ્યુ.એસ.) આવાસો

સદર આવાસોના લાભ મેળવવા ઇચ્છુકો પાસેથી અરજીઓ મેળવી સફળ લાભાર્થીઓનો ડ્રો કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત બેઠકરૂમ, બેડરૂમ,રસોડું, સંડાસ-બાથરૂમ અને ચોકડી સાથેની હવા ઉજાસ સહિતનું ૨૮.૦૦ ચો.મી. કારપેટ એરિયા નું તમામ પાયાની સગવડો જેવી કે પાણી પૂરવઠો / ગટર લાઇન અને વીજપુરવઠાની સુવિધાઓ પુરી પાડવામાં આવશે તથા આકર્ષક એલીવેશન, ભૂકંપ પ્રતિરોધક બાંધકામ , સીરામીક ટાઇલ્સ ફલોરીગ, કોટાસ્ટોનનું કિચન પ્લેટફોર્મ , કેમ્પસમાં આર.સી.સી. રસ્તા, પાર્કીંગમાં તેમજ અન્ય તમામ જરૂરી જગ્યાએ પેવર બ્લોકનું પેવીંગ,નિયમ મુજબ સ્ટાન્ડર્ડ કંપનીની લીફટની સગવડ સાથેના આવાસો આપવામાં આવે છે.

આર્થિકરીતે નબળા વર્ગના લોકો માટે ઈ.ડબલ્યુ.એસ. કેટેગરી ના ફેઈઝ-૨ અંતર્ગત ચાંદલોડીયા, ગોતા, બોડકદેવ, આંબાવાડી, વસ્ત્રાલ તથા દુધેશ્વર જેવા વિસ્તારોમાં કુલ ૪૨૯૩ આવાસો તથા ફેઈઝ-૩ અંતર્ગત નિકોલ, થલતેજ, ગોતા,મોટેરા, ચાંદખેડા જેવા વિસ્તારોમાં કુલ ૩૭૧૦ આવાસો તથા ફેઈઝ- ૪ અંતર્ગત ગોતા, સોલા, થલતેજ, બોડકદેવ, મકરબા, તથા ઈશનપુર જેવા વિસ્તારોમાં કુલ ૬૩૪૯ બનાવવાનું કામ હાલ પ્રગતિમાં છે.

તેજ રીતે ફેઈઝ-૫ માં આર્થિકરીતે નબળા વર્ગના લોકો માટે ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીમાં જુદી જુદી જગ્યાએ ૫૭૫૬ આવાસો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે જે ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય અમદાવાદ શહેરના ઝુંપડાઓના પુનઃવસન અને પુન;વિકાસ માટે વિનિયમો-૨૦૧૦ ના અમલીકરણ

શહેરમાં આવેલ ઝુંપડપટ્ટીને જે તે જગ્યાએ ડેવલપ (તે જે જગ્યાએ એલીજીબલ લાભાર્થીઓને) કરીને મકાન આપવાની રાજ્ય સરકારની અમદાવાદ શહેરના ઝુંપડાઓના પુનઃવસન અને પુન;વિકાસ માટે વિનિયમો-૨૦૧૦ની નીતિ મુજબ જે તે ઝુંપડપટ્ટીમાં રહેતો હોય તેને તેજ જગ્યાએ પાકું મકાન ૨૫ ચો.મી.નું આપવાનું (ગ્રાઉન્ડ + ત્રણ માળ) નક્કી કરવામાં આવેલ છે. તેનું અમલીકરણ ખાનગી ડેવલપરની પ્રપોઝલ મુજબ રાજ્ય સરકારશ્રીની નિતી અનુસાર કરવામાં આવે છે.જે મુજબ રાજ્ય સરકારશ્રીમાંથી ૧૦ જગ્યાની દરખાસ્તો મંજુર થયેલ છે જે પૈકી સાબરમતીમા કૈલાસનગર, અમરાઈવાડીમાં અભુજીના છાપરા,ભીખાદેવાનો વાડો, ગોમતીપુરમાં સલાટનગર, દાણીલીમડામાં ભીલવાસ, લખુડી તલાવડીના છાપરાં તથા તલાવડીના છાપરાં અમરાઈવાડી,પોટલીયામાં સંજયનગરના છાપરા તથા વાસણામાં મંગલતલાવડીના છાપરા ના કુલ ૩૪૬૭ આવાસોની કામગીરી પૂર્ણ કરી ઝુંપડાવાસીઓને તે જ જગ્યાઓએ પ્રાથમીક સગવડ સાથે પાકા મકાનો બનાવી આપવામાં આવેલ છે.

ઝુંપડાવાસીઓના પુનઃવસન અને પુન;વિકાસ માટે વિનિયમો-૨૦૧૩ અંગની પોલીસી

શહેરમાં આવેલ ઝુંપડપટ્ટીને જે તે જગ્યાએ ડેવલપ (તે જે જગ્યાએ એલીજીબલ લાભાર્થીઓને) કરીને મકાન આપવાની રાજ્ય સરકારની અમદાવાદ શહેરના ઝુંપડાઓના પુનઃવસન અને પુન;વિકાસ માટે વિનિયમો-૨૦૧૩ની નીતિ મુજબ જે તે ઝુંપડપટ્ટીમાં રહેતો હોય તેને તેજ જગ્યાએ પાકું મકાન ૩૦.૦૦ ચો.મી.નું તમામ પ્રાથમીક સગવડ સાથેનું આપવાનું નક્કી કરવામાં આવેલ છે. સદર નીતી અંતર્ગત શહેરના ગીરધરનગર બીકોલોની, ઓઢવ ઈન્દીરાનગર, વેજલપુર ચંદ્રનગર, આંબાવાડી ભીલવાસ, મણીનગર ચુનારાવાસ, પોટલીયા, ફકીરા ટેન્ક, સાબરમતી કૈલાશનગર, વાડજ રામાપીરનો ટેકરો, રાણીપ બકરામંડી, પાલડી શારદાનગર, સ્ટેડીયમ ખુશાલનગર, નવા વાડજ હાલારનગર, નવરંગપુરા મહેનતપુરા, ભુદરપુરા, ગણેશનગર, નારણપુરા સંજયનગર, દાણીલીંમડા એકત્તાનગર, લાંભા સરણયાવાસ, બાપુનગર દિનદયાલ ઉપાધ્યાના છાપરા, રાધારમણની ચાલી, અશારવા છનાજીના છાપરા જેવા સ્લમ વિસ્તારના કુલ ૧૮૮૫૯ અવાસો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે જે પૈકી ૬૭૭ આવાસો ની કામગીરી પૂર્ણ કરી ઝુંપડાવાસીઓને તે જ જગ્યાઓએ આવાસો ફાળવવામાં આવેલ છે તથા બાકીના આવાસો બનાવવાની કામગીરી ચાલુ છે.

રાજીવ આવાસ યોજના (RAY)

શહેરને સ્લમ ફ્રી સીટી બનાવવા માટે રાજીવ આવાસ યોજના (RAY) અંતર્ગત શહેરને સ્લમ ફ્રી બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત સ્લમ રીલોકેશન મોડેલ અનુસાર કામ કરવામાં આવે છે.જેમાં શહેરના સ્લમ વિસ્તારો જેવા કે નદી કિનારાના છાપરા, તળાવ કિનારાના છાપરા, ટી.પી., ડી.પી. વગેરેના ડેવલપમેન્ટમાં અડચણરૂપ ઝુંપડા, શહેરના ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટમાં અડચણરૂપ ઝુંપડાને પ્રથમ પ્રાયોરીટી આપી આઈડેન્ટીફાય કરીને નજીકના વિસ્તારમાં નવા આવાસોનું નિર્માણ કરીને પુનઃવસાવવામાં આવશે.જેના અનુસધાને અમદાવાદ શહેરમાં જુદી

જુદી જગ્યાઓએ ફેઝ-૧ માં ૧૩૪૪ આવાસો અને ફેઝ-૨ માં ૧૧૮૪ આવાસો બનાવવાનુ કામ હાલમાં ચાલુ છે જે ટુંક સમયમાં જે તે લાભાર્થી ને પઝેશન આવામાં આવશે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત હાઉસીંગ ફોર ઓલ-૨૦૨૨

હાઉસીંગ ફોર ઓલ-૨૦૨૨ અંતર્ગત મકાનોની જરૂરિયાતો માટે સર્વે કરાવવામાં આવેલ હતો જેમાં લોકો દ્વારા ૬૫૩૭૮ એફોર્ડેબલ મકાનોની માંગણી કરવામાં આવેલ છે. જે વર્ષ વાઇઝ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. તેજ રીતે ૮૩૪૧ અરજદારોએ પોતાની માલિકીની જમીનમાં મકાન બનાવવાનો લાભ મેળવવા માટે અરજીઓ કરેલ છે અને ૧,૭૭,૧૧૨ લાભાર્થીઓએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ક્રેડીટ લીંક સબસીડી મેળવવા અરજીઓ કરેલ છે. આ તમામને વર્ષ ૨૦૨૨ સુધીમાં લાભ મળી રહે તે પ્રમાણેનું આયોજન કરવામાં આવેલ છે.

વર્ષ વાર ઘટકવાર આવેલ ડીમાન્ડ અન્વયે ફાળવેલ લક્ષાંક									
ઘટક	ડીમાન્ડ	૨૦૧૬	૨૦૧૭	૨૦૧૮	૨૦૧૯	૨૦૨૦	૨૦૨૧	૨૦૨૨	કુલ
AHP	૬૫૩૭૮	૧૩૦૭૬	૯૮૦૭	૧૬૩૪૫	૧૩૦૭૬	૧૩૦૭૪	૦	૦	**૬૫૩૭૮**
BLC	૮૩૯૧	૪૨૦	૧૬૭૮	૧૬૭૮	૧૨૫૯	૧૨૫૯	૧૬૭૭	૪૨૦	**૮૩૯૧**
CLSS	૧૭૭૧૧૨	૮૮૫૬	૩૫૪૨૨	૩૫૪૨૨	૨૬૫૬૭	૨૬૫૬૭	૩૫૪૨૨	૮૮૫૬	**૧૭૭૧૧૨**
કુલ	**૨૫૦૮૮૧**	**૨૨૩૫૨**	**૪૬૯૦૭**	**૫૩૪૪૫**	**૪૦૯૦૨**	**૪૦૯૦૦**	**૩૭૦૯૯**	**૯૨૭૬**	**૨૫૦૮૮૧**

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત એફોર્ડેબલ હાઉસીંગ બાય પ્રાઈવેટ ડેવલોપર અંતર્ગત

આ યોજના હેઠળ કુલ ૭૯૨૭૯ આવાસો બનાવવા માટે મંજૂરી આપવામાં આવેલ છે જે પૈકી ૧૮૩૪૩ આવાસોની કામગીરી પૂર્ણ કરી લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે અન્ય આવાસોનું બાંધકામ પ્રગતિમાં છે. આ મકાનો લાભાર્થીને રૂા.૬.૦૦ લાખથી રૂા.૧૪.૦૦ લાખની વ્યાજબી કિંમતે ઉપલબ્ધ થાય છે.

૪.૧૯ અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (AMRUT)

સને : ૨૦૧૬ - ૨૦૧૭

ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા તા.૨૫-૦૬-૨૦૧૫ ના રોજ "જેએનએનયુઆરએમ" (Jawaharlal Nehru National Urban Renewal Mission - JnNURM) ની જગ્યાએ "અમૃત" (Atal Mission for Rejuvenation and Urban Transformation - AMRUT) મિશન શરૂ કરવામાં આવેલ છે.

દેશના શહેરોમાં રહેતાં નાગરિકોને સારી માળખાગત સુવિધાઓ પુરી પાડવા માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશનની રચના કરવામાં આવેલ છે.

અમૃત યોજનામાં પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, સ્ટોર્મ વોટર ડ્રેઈન, પેડેસ્ટ્રીઅન, નોન મોટરાઈઝ્ડ અને પબ્લિક ટ્રાન્સપોર્ટનું નિર્માણ કરવું તથા બાગ-બગીચા બનાવવાનો સમાવેશ થાય છે.

અમૃત યોજના હેઠળ અમદાવાદ શહેર માટે પ્રોજેક્ટની રકમના કેન્દ્ર સરકાર દ્વારા ૩૩.૩૩%, રાજ્ય સરકાર દ્વારા ૨૦% અને બાકીના ૪૬.૬૭% અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ભોગવવાના થાય.

અમૃત યોજના હેઠળ ૨૦૧૫-૧૬ ના વર્ષના સ્ટેટ એન્યુઅલ એકશન પ્લાનમાં ૨-પ્રોજેક્ટ તથા ૨૦૧૬-૧૭ ના વર્ષના સ્ટેટ એન્યુઅલ એકશન પ્લાનમાં ૪-પ્રોજેક્ટ મંજૂર થયેલ છે. અમૃત યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલ સ્ટેટ લેવલ ટેકનીકલ કમિટીમાં સદરહુ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવેલ છે.

અમૃત યોજના અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સને ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭ ના વર્ષમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ તથા પ્રોગ્રેસની પ્રોજેક્ટવાઈઝ વિગતવાર માહિતી નીચે મુજબ છે.

અમૃત યોજના હેઠળ ૨૦૧૫-૧૬ ના વર્ષમાં મંજૂર થયેલ પ્રોજેક્ટોની પ્રગતિની માહિતી

(રૂ.કરોડમાં)

અ. નં.	પ્રોજેક્ટનું નામ	મંજૂર થયેલ રકમ	મંજૂર થયેલ ટેન્ડરની રકમ	મળેલ ગ્રાન્ટ		ખર્ચ	ભૌતિક પ્રગતિ	પૂર્ણ થવાની સંભવિત તારીખ
				કેન્દ્ર સરકાર	રાજ્ય સરકાર			
આ ઉપરાંત હિસ્ટોપેથોલોજી લેબોરેટરી ખાતે જુદા જુદા કેન્સરના સચોટ નિદાન માટે ઇમ્યુનોહિસ્ટો કેમેસ્ટ્રીની સવલત શરૂ કરવામાં આવેલ છે. ડિપાર્ટમેન્ટમાં સ્નાતક કક્ષાના અભ્યાસ ઉપરાંત અનુસ્નાતક કક્ષાના ડિગ્રી તથા ડિપ્લોમા કોર્ષમાં ભણતા વિદ્યાર્થીઓ માટે સેમિનાર, લેકચર, પ્રેકટીકલ ટ્રેનીંગ, કોન્ફરન્સ તથા રીચર્સ પબ્લીકેશન વિગેરે પ્રવૃતિ નિયમિત પણે ગોઠવવામાં આવે છે.

૫) માઇક્રોબાયોલોજી

અમદાવાદ શહેરમાં જયારે કોઇપણ રોગચાળો ફેલાય ત્યારે તેની બેકટેરીયોલોજી તપાસ આ વિભાગમાં થાય છે. દા.ત. ડેન્ગ્યુ મેનેન્જાઇટીસ, ટાઇફોઇડ, કોલેરા, પ્લેગ, ગેલમેન્ગ્રીન વિગેરે. આ ઉપરાંત એમ.બી.બી.એસ., એમ.ડી., ફીઝીયોથેરાપી ઓપ્ટોમેટ્રી, એમ.એલ.ટી. ના વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય અને પરીક્ષા કાર્ય આ વિભાગમાં થાય છે. આ વિભાગમાં નીચે મુજબના ટેસ્ટો કરવામાં આવેલ છે.

બેકટેરીયોલોજી,માયક્રોલોજી અને પેરાસાઇટોલો

બેકટેરીયોલોજી

અ.નં.	૨૦૧૬-૨૦૧૭	કુલ
૧	કલ્ચર અને સેન્સીટીવીટી (પી.એમ./ઓ.ટી./બેકટેક)	૧,૦૦,૫૦૫
૨	સ્ટેનીંગ	૨૧,૬૮૨
૩	ટીસ્યુ - હિસ્ટોપેથોલોજી એકઝામીનેશન સ્ટેઇન	૧૩૨
૪	કોલેરા	૨,૪૦૧
૫	ડિપ્થેરીયા	૭૧૬

	માયક્રોલોજી	
૧	કેન્ડીડા અને ફન્ગસ	૩,૧૯૧
	પેરાસાયટોલોજી	
૧	ઝાડાની તપાસ (રુટીન એન્ડ માઇકોસ્કોપી)	૩,૭૦૮

સીરોલોજી

૧	એ.એસ.ઓ. ટાઇટર	૫૮૮
૨	આર. એ. ટેસ્ટ	૩,૭૩૭
૩	સી. આર. પી. (સી. રીએકટીવ પ્રોટીન)	૧૨,૧૩૩
૪	આર.પી.આર.	૧૦,૬૪૨
૫	ટી.પી. એચ.એ. / ટી.પી. એ.	૧૪૪
૬	ડેન્ગ્યુ (આઇ.જી.એમ.અને એન.એસ.૧)	૩૧,૩૭૬
૭	ચીકનગુન્યા એન્ટીબોડીઝ	૧,૦૮૯
૮	લેપ્ટોસ્પાયરા એન્ટીબોડીઝ	૬
૯	મેલેરીયલ એન્ટીજન	૪૧,૩૧૮
૧૦	વિડાલ ટેસ્ટ / ટાયફી ડોટ	૧૦,૫૮૪
૧૧	એચ. બી.એસ. એન્ટીજન	૫૨,૫૭૪
૧૨	એચ.સી.વી. એન્ટીબોડી	૨૮,૧૦૯
૧૩	એચ.એ.વી. આઇજીએમ	૧,૦૬૦
૧૪	એચ.ઇ.વી. આઇજીએમ	૧,૧૯૫
૧૫	એચ.બી.ઇ. એન્ટીજન	૭૧
૧૬	ઈકવાસ એચ.આઈ.વી. ટેસ્ટસ	૫૭,૦૦૧
	અન્ય અને વાયરોલોજી	
૧	રેબીઝ એન્ટીજન	૨૧
૨	સ્વાઇનફ્લુ (એચ.૧ એન.૧)	૩૦
	અન્ય	
૧	યુરીન ફોર પ્રગ્નન્સી ટેસ્ટ	૬,૧૨૨

અન્ય રોગો(કલેકશન અને ટ્રાન્સપોર્ટ)		
૧	સ્વાઇન ફ્લુ (કલેકશન અને ટ્રાન્સપોર્ટ)	૫૮
૨	સી.સી.એચ.એફ.(કલેકશન અને ટ્રાન્સપોર્ટ)	૮
૩	જાપાનીઝ એનસેફેલાઇટીસ (કલેકશન અને ટ્રાન્સપોર્ટ)	૫

૬) ફાર્મેકોલોજી

મેડીકલ કોલેજના આ વિભાગ દ્વારા દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ. (સ્નાતક) અને એમ.ડી. (અનુસ્નાતક) કક્ષાના વિદ્યાર્થીઓને ઔષધશાસ્ત્રની તાલીમ આપવામાં આવે છે. તેમજ ફિઝીયોથેરાપી અને ઓપ્ટોમેટ્રીના સ્નાતક વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું કાર્ય કરવામાં આવે છે. સને ૨૦૧૧થી ફાર્મેકોલોજી વિભાગને ભારત સરકાર તરફથી એડવર્સ ડ્રગ મોનીટરીંગ સેન્ટર(ADR) તરીકે માન્યતા મળેલી છે. જેના ઉપક્રમે દવાઓની વિવિધ આડઅસરો અંગેની માહિતી ફાર્મેકોવીજીલન્સ પ્રોગ્રામ ઓફ ઇન્ડીયાને તેમજ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ને નિયમિત મોકલવામાં આવે છે

Institution Ethics Committee (IEC) (નૈતિકતા સમિતિ) તબીબી સંશોધનોનું નૈતિક મૂલ્યાંકન કરીને મંજૂરી આપે છે. એન.એચ.એલ.મ્યુ. મેડીકલ કોલેજ અને તેની સંલગ્ન હોસ્પીટલોમાં થતા સંશોધનો માટેની એથીકસ કમિટીનું સંચાલન મેમ્બર સેક્રટરી તરીકે આ વિભાગના આસિસ્ટન્ટ પ્રાધ્યાપક ડૉ. ફાલ્ગુનીબેન મજમુદાર કરે છે. તેમજ ડૉ.સુપ્રિયા મલ્હોત્રા મેમ્બર ઓફ I.E.C. તરીકે કાર્યભાર સંભાળે છે.

આ વિભાગના વડા સુપ્રિયાબેન મલ્હોત્રા ગુજરાત યુનિવર્સિટીની સ્નાતક કક્ષાના વિષયો અંગેની કરિક્યુલમ કમિટીમાં પણ કાર્યરત છે. જે સ્નાતક કક્ષાએ વિવિધ વિષયોનો કોર્સ નકકી કરે છે. તેમજ આ વિભાગના વડપણ હેઠળ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ દ્વારા ICMR ના પ્રોજેકટનું નિરીક્ષણ થઇ રહેલ છે. વર્ષ ૨૦૧૭ ના જાન્યુઆરીમાં કુલ (૫) પ્રોજેકટને મંજુરી મળેલ છે, તેમજ વર્ષ ૨૦૧૬ માં કુલ-૨ પ્રોજેકટ્સ પૂર્ણ થયેલ છે.

આ વિભાગ દ્વારા NEET(National Eligibity Entrance Test) ની પેર્ટન મુજબ સ્નાતક કક્ષાએ બે પ્રિલીમ MCQ પરીક્ષાઓનું આયોજન સફળતા પૂર્વક Oct. અને Nov. ૨૦૧૬ માં કરવામાં આવેલ છે.આ વિભાગના તબીબી શિક્ષકો તેમજ અનુસ્નાતક વિદ્યાર્થીઓ દ્વારા સંશોધનો કરવામાં આવે છે. આ વર્ષે કુલ આઠ(૮) સંશોધનપત્ર પ્રકાશિત થયા છે.

આ વિભાગ દ્વારા GCP(Good Clinical Practice) વર્કશોપ માર્ચ ૨૦૧૭ માં આયોજીત કરવામાં આવેલ જેમાં લગભગ ૧૨૫ જેટલા ફિઝીશીયન, ડેન્ટીસ્ટ,અનુસ્નાતક કક્ષાના તેમજ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ હાજર રહેલ.

આ વિભાગ દ્વારા સ્નાતક કક્ષાએ અંદાજે એમ.બી.બી.એસ.ના ૨૫૦ લેકચર, ૧૦૦ પ્રેકટીકલ તેમજ ફિઝીયોથેરાપીના ૫૦ અને ઓપ્ટોમેટ્રીના ૫૦ લેકચર વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન લેવામાં આવેલ છે. તેમજ નર્સીંગના ૫૦ લેકચર લેવામાં આવેલ છે.

IPS કોન્ફરન્સ Oct. 2016 માં ચંદિગઢમાં થયેલ જેમાં આ વિભાગના અનુસ્નાતક વિદ્યાર્થીઓએ ત્રણ ઓરલ પ્રેઝન્ટેશન કરેલ તેમજ AMCON-2017 માં અનુસ્નાતક વિદ્યાર્થીઓએ ત્રણ પોસ્ટર અને ચાર ઓરલ પ્રેઝન્ટેશન કરેલ.

૭) ફોરેન્સીક મેડીસીન વિભાગઃ

(૧) ફોરેન્સીક મેડીસીન વિભાગ તરફથી દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ. અને એમ.ડી.(ફોરેન્સીક મેડીસીન) ના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું કાર્ય કરે છે.

(૨) ફોરેન્સીક મેડીસીન વિભાગ દ્વારા શેઠ વા. સા. જન. હોસ્પિટલમાંથી આવેલ મેડીકો લીગલ કેસીસમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવે છે. ૧લી ઑપ્રિલ ૨૦૧૬ થી ૩૧ ડીસેમ્બર ૨૦૧૬ સુધી પોસ્ટમોર્ટમમાં ૨૮૨ થી ૧૦૯૯ કુલ ૮૧૭ પોસ્ટમોર્ટમ અને ૧લી જાન્યુઆરી ૨૦૧૭ થી ૩૧ માર્ચ ૨૦૧૭ સુધીના પોસ્ટમોર્ટમ ૧ થી ૨૩૮ કુલ ૨૩૮ આમ સને ૨૦૧૬ - ૧૭ સુધીમાં ઉપર જણાવ્યા મુજબ કુલ ૮૧૭ + ૨૩૮ = ૧૦૫૫ પોસ્ટમોર્ટમ ફોરેન્સીક મેડીસીન વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

(૩) ફોરેન્સીક મેડીસીન વિભાગ તબીબી અધિકારીઓ દ્વારા પોસ્ટમોર્ટમના કામ અન્વયે વિવિધ ગુન્હાઓમાં ગુજરાતમાંથી તેમજ ગુજરાત રાજય બહાર ક્રીમીનલ તેમજ સીવીલ કોર્ટમાં સરકાર તરફથી કોર્ટમાં જુબાની તેમજ નિષ્ણાતોના અભિપ્રાય આપવાનું કામ કરે છે.

(૪) ફોરેન્સીક મેડીસીન વિભાગ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ખાતામાંથી કર્મચારીઓની ઉંમર નકકી કરવા અંગેની કાર્યવાહી માટે મોકલાતા કર્મચારીઓની ઉંમર અંગેની તપાસ કરી તે અંગેનું સર્ટિફિકેટ આપવાનું કામ પણ કરવામાં આવે છે. સને ૨૦૧૬-૧૭માં કુલ=૪૯ જણાને ઉંમરનું સર્ટિફિકેટ આપવામાં આવેલ છે. તેમાં ૪૧ સ્ત્રી અને ૦૮ પુરુષનો સમાવેશ થાય છે.

૮) કોમ્યુનિટી મેડીસીન વિભાગઃ

કોમ્યુનિટી મેડીસીન વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના અભ્યાસ/તાલીમ તથા ફિલ્ડ વિઝીટ જેવી શૈક્ષણિક પ્રવૃતિઓ કરવામાં આવે છે. તેમજ સ્નાતક વિદ્યાર્થીઓના હંમેશના અભ્યાસ સિવાય તેઓને બે અઠવાડિયા માટે IMNCI ની તાલીમ આપવામાં આવે છે.

આ ઉપરાંત ઇન્ટર્નશિપમાં આવતા દરેક ઇન્ટર્નનું બે મહિના માટે અલગ-અલગ રાષ્ટ્રીય સ્વાસ્થય કાર્યક્રમો જેવા કે NVBDCP, NACP, RNTCP વગેરે માટે પોસ્ટીંગ આપવામાં આવે છે. તેમજ વિભાગને હસ્તગત અર્બનહેલ્થ ટ્રેનિંગ સેન્ટર ખાતે રાષ્ટ્રીય કાર્યક્રમોની તાલીમ આપવામાં આવે છે.

અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે અભ્યાસ ઉપરાંત પ્રથમ વર્ષમાં અર્બન હેલ્થ સેન્ટર ઉપર પોસ્ટીંગ આપવામાં આવે છે. બીજા વર્ષમાં તેઓનું અલગ-અલગ વિભાગમાં રાજય સરકારની વિવિધ સંસ્થાઓ તથા આરોગ્ય વિભાગની અલગ-અલગ શાખાઓમાં પોસ્ટીંગ કરવામાં આવે છે. વિભાગના વિવિધ ફેકલ્ટીઓ મેડિકલ એજ્યુકેશન રિસર્ચ યુનિટ, HIV/AIDS, IMNCI, NVBDCP,IDSP વગેરે કાર્યક્રમોમાં માસ્ટર ટીચર ટ્રેનિંગ તરીકે કાર્ય કરે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ બોટાદ જીલ્લામાં Regional Monitoring Team (RMT) અંતર્ગત રસીકરણ કાર્યક્રમનું નિયમિત રીતે સમયાંતરે મોનીટરીંગ કરવામાં આવે છે. અને જેનો અહેવાલ આરોગ્ય ખાતું, ગુજરાત સરકારને આપવામાં આવે છે. સ્વાસ્થ્ય સંવેદના સેના પ્રોજેકટ હેઠળ સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ગામડાઓમાં UNICEF પી.એસ.એમ. વિભાગને એન્ડ્રોઇડ

ટેબલેટ ઈવેલ્યુએશનની પ્રોજેકટ આપવામાં આવેલ જેને અંતર્ગત ટેબલેટની ઉપયોગ પછી જાગૃતિ અને ટેબલેટના ફાયદાઓ અંગેનો અહેવાલ UNICEF સંસ્થાને આપવામાં આવેલ હતો.

- એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા ચલાવવામાં આવતા TI Project હેઠળ NGOના Evaluation કરવામાં આવેલ હતા.
- અમદાવાદ મ્યુનીસિપલ કોર્પોરેશનના ANM તથા સ્ટાફ નર્સ IMNCI માટે તાલીમનું અયોજન અત્રે ડિપાર્ટમેન્ટ ખાતે કરવામાં આવ્યું હતું.
- અમદાવાદ મ્યુનીસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા કરવામાં આવેલ ઈમ્યુનાઈઝેશનની તાલીમમાં ગેસ્ટ ફેકલ્ટી તરીકે ડિપાર્ટમેન્ટ ના ફેકલ્ટીએ સેવા આપી હતી.
- તેમજ અવારનવાર થતા ઝાડા, ઉલ્ટી, મલેરિયા, ડેન્ગ્યુ, સ્વાઈન ફલુ તથા કમળાનાના કેસોનું એપીડેમીક ઈન્વેસ્ટીગેશન અને ઓટોપ્સી કરવામાં આવેલ છે.
- બોટાદ જિલ્લાના વિસ્તારોમાં Multi Indicator Cluster Survey (MICS) કરવામાં આવેલ હતો.

લાયબ્રેરી

અહેવાલી વર્ષ દરમ્યાન મ્યુનિસિપલ મેડીકલ કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરીમાં કુલ ૧૯,૭૩૯ પુસ્તકો અને ૮,૩૧૬ જેટલા સામયિકો છે. આ ઉપરાંત લાયબ્રેરીમાં ૧૩૨ કેસેટો, ૧૪૩ ફિલ્મ સ્લાઈડ, ૫૩ વિડીયો કેસેટસ, અને ૧૭૫ CD ROM છે. કોલેજના તથા કોલેજ સંલગ્ન હોસ્પીટલોના ટીચીંગ / કલીનીકલ સ્ટાફને તેમજ રીસર્ચ કરતા ડોકટરો માટે ઉપયોગી તબીબી વિષયના પુસ્તકો, સામયિકો અને ડીઝર્ટેશન લાયબ્રેરીમાં રાખવામાં આવેલ છે. આ ઉપરાંત લાયબ્રેરીમાં ફોરેન જર્નલ્સ Electronic Medium on CD ROM of Ovid Technology with 59 Journals + Full Medline 1966 to 2001 વસાવેલ છે.

કોલેજ લાયબ્રેરીમાં યુ.જી./ પી.જી. સ્ટુડન્ટસ તથા ટીચીંગ સ્ટાફ માટે સામયિક વિભાગ, ઈન્ટરનેટ વિભાગ અને રેફરન્સ બુકસ વાંચવા માટેનો એરીયા સેન્ટ્રલી એસી છે. લાયબ્રેરીમાં ૧૮ કોમ્પ્યુટરમાં ઈન્ટરનેટ જોડાણ કરેલ છે. જે સગવડ સ્ટુડન્ટસ તેમજ ટીચીંગ / કલીનીકલ સ્ટાફને વિના મુલ્યે આપવામાં આવે છે. જે દ્વારા યુ. જી. / પી. જી. સ્ટુડન્ટસ તથા ટીચીંગ /કલીનીકલ સ્ટાફ ઈ બુકસ, ઈ જર્નલ્સ તથા વૈશ્વીક ઈ રીસોર્સસ દ્વારા અદ્યતન માહિતી પ્રાપ્ત કરી શકે છે. લાયબ્રેરીમાં ઝેરોક્ષની સુવિધા ઉપલબ્ધ છે.

૯.૪ એએમસી મેટ મૅડિકલ કોલેજ
સને : ૨૦૧૬ - ૨૦૧૭

અમદાવાદ શહેરના શહેરીજનોને તેમના સ્વાસ્થય અંગેના રોગોના નિરાકરણ માટે સારા ડૉકટરો મળી રહે તેમજ અમદાવાદ અને ગુજરાતના તેજસ્વી વિર્ધાર્થીઓને એમ.બી.બી.એસ.ના મૅડિકલ અભ્યાસક્રમમાં ઘર આંગણે પ્રવેશ મળી રહે તે હેતુથી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન તરફથી એએમસી મૅડિકલ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા અમદાવાદ શહેરનાં મણિનગર જેવાં સુશિક્ષિત વિસ્તારમાં આવેલ શેઠ લલ્લુભાઈ ગોરધનભાઈ મ્યુનિ. જનરલ હોસ્પિટલના કેમ્પસમાં સને ૨૦૦૯થી એએમસી મેટ મૅડિકલ કોલેજની સ્થાપના કરવામાં આવેલ છે. આ કોલેજમાં એમ.બી.બી.એસ.તથા એમ.ડી/એમ.એસ નો અભ્યાસક્રમ ભણાવવાંમા આવે છે.સદરહું કોલેજ ખાતે દર વર્ષે ૧૫૦ એમ.બી.બી.એસના વિધાર્થીઓના પ્રવેશની મંજુરી મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા તથા ભારત સરકારશ્રી તરફથી મળેલ છે જે પૈકી ૧૨૭ સીટ પર સેન્ટ્રલ એડમીશન કમિટી બી.જે મેડિકલ કોલેજ અમદાવાદ દ્વારા પ્રવેશ આપવામાં આવે છે જયારે ૨૩ સીટો NRI કવોટા માટેની છે. હાલમાં કોલેજ ખાતે ૭૫૦ વિધાર્થીઓ અન્ડરગ્રેજયુએટ તથા પોસ્ટ ગ્રેજયુએટ નાં વિધાર્થીઓ અભ્યાસ કરે છે.

અત્રેની કોલેજ ખાતે પોસ્ટ ગ્રેજયુએટના તબીબી અભ્યાસક્રમો ચાલુ કરવાની મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા ભારતસરકારશ્રી તરફથી મંજુરી મળેલ હોવાથી સને ૨૦૧૬-૧૭ નાં વર્ષથી MD/MS નાં પોસ્ટ ગ્રેજયુએટના અભ્યાસક્રમો ચાલુ થઇ ગયેલ છે.

એએમસી મેટ મૅડિકલ કોલેજના જુદા જુદા વિભાગો દ્વારા વર્ષ ૨૦૧૬/૧૭ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીનો અહેવાલ વિભાગ મુજબ નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

- **એનાટોમી વિભાગ :-**

૧. લેકચર્સ :-

- ગ્રોસ એનાટોમી લેકચર્સ :- ૧૦૦
- હિસ્ટોલોજી લેકચર્સ :- ૨૨
- એમ્બ્રીયોલોજી લેકચર્સ :- ૨૦
- જીનેટીકસ લેકચર્સ :- ૦૮
- ડિસેકસન :- ૨૪૦
- હિસ્ટોલોજી પ્રેકટિકલ :- ૫૦
- ગ્રૂપ ડિસ્કશન :- ૨૦
- ડેમોન્સ્ટ્રેશન :- ૫૨
- સેમીનાર ફોર ટીચર્સ :- ૦૬
- ટોટલ એકઝામ :- ૦૬

- **ફીઝીયોલોજી વિભાગ :-**

- સપ્ટેમ્બર ૨૦૧૬ થી નવું શૈક્ષણિક સત્ર શરુ થયું.આ વર્ષમાં ૧૫૦ વિદ્યાર્થીઓ ને પહેલા વર્ષ MBBS માં પ્રવેશ મળયો.ઓરીએન્ટેશન પ્રોગ્રામ સાથે એક દિવસ ફિઝીયોલોજી વિષયનું શિક્ષણ શરૂ થયુ.

- જાન્યુઆરી ૨૦૧૫ નાં M.D ફિઝીયોલોજી માટે MCI તરફ થી પરમીશન મળેલા M.D ફિઝીયોલોજી નાં ૨ વિધાર્થીઓને શિક્ષણ માર્ગદર્શન ચાલુ રહયુ.
- PH.D ફિઝીયોલોજી માં ૧ વિધાથી ને પ્રવેશ મળતા કુલ PH.D કરતા વિધાર્થી ની સંખ્યા ૩ થઇ.
- ફિઝીયોલોજીનાં વિષયનાં પ્રેકટીકલોનું જ્ઞાન વિવિધ લેબોરેટરીમાં ડિપાર્ટમેન્ટનાં જુનિયર અને સીનીયર ફેકલ્ટીઓ દ્વારા આપવામાં આવયુ.જેમાં હિમેટોલોજી લેબોરેટરીમાં લોહીને તપાસવાની વિવિધ પધ્ધતિઓ પ્રેકટિકલ દ્વારા વિર્ધાર્થીઓને શીખવવામાં આવી. કલીનીકલ અને હુમન ફિઝીયોલોજી લેબોરેટરીમાં વિર્ધાર્થીઓને દર્દીનાં ફેફસાં,હદય, બ્રેન, પલ્સ, બ્લડ પ્રેસર, બોડી ટેમ્પ્રેચર, વગેરે તપાસવાની પધ્ધતિ પ્રેકટિકલો દ્વારા કૃત્રિમ હોસ્પિટલ - કલીનીક જેવું વાતાવરણ ઉભું કરી શીખવવામાં આવે છે. એકસપેરીમેન્ટલ અને એમ્ફીબીયન લેબોરેટરીમાં ચેતાં, હદય, સ્નાયુના વિવિધ ગ્રાફો અને ચાર્ટ, દ્વારા નિર્દેશન કરવામાં આવ્યું.
- વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન લેખિત,મૌખિક અને વાઇવા વોઇસ,MCQ,ટુંકા પ્રશ્નો,ટેસ્ટ ગ્રુપ ડિસ્કશન,ટયુટોરીયલ જેવી વિવિધ પધ્ધતિઓ દ્વારા વિધાર્થીઓ એ કરી હતી.વર્ષ દરમ્યાન ચાર મહત્વની પરીટાઓનું આયોજન ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવયુ હતુ.જેમા બે પિરીયોડીકલ ટેસ્ટ,એક પ્રથમ સત્રાંત પરીક્ષા,એક પ્રિલિમનરી ટેસ્ટ નો પણ સમાવેશ થાય છે.
- 1st B.D.S નાં ૧૦૦ વિધાર્થીઓને ઉકત ફિઝીયોલોજી વિષયનુ શિક્ષણ અને ઇવેલ્યુએશન MBBS નાં વિદ્યાર્થીઓને સમાંતર આપવામાં આવ્યુ.
- પ્રિલી. પરીક્ષાના પરીણામ બાદ MBBS અને B.D.S નાં તમામ વિદ્યાર્થીઓને જુલાઈ – ૨૦૧૫ માં લેવાનાર ગુજરાત યુનિવર્સીટી પરીક્ષા માં મોકલવામાં આવયુ. આવ્યાં. ડિપાર્ટમેન્ટ નાં ફેબ્રુઆરી ૨૦૧૭ માં એક યોગા શિબિર પબ્લીશન કરવામાં આવયુ.
- આ ઉપરાંત ડિપાર્ટમેન્ટ દ્વારા APPI Gujarat State ઉપક્રમે એક રાષ્ટ્રીય લેવલની કોન્ફરન્સ નાં રોજ મળવામાં આવી હતી.આ કોન્ફરન્સ ને Gujarat Medical Council દ્વારા ચાર કલાકની એક્રીડીટેશન કરવામાં આવી હતી.જેમા ૨૫૦ થી વધારે ડેલિગેટસ્એ ભાગ લીધો હતો અને ૧૦૦ થી વધારે જેટલા સંશોધન પત્રો રજુ થયા હતા.
- ડિપાર્ટમેન્ટે એક રાષ્ટ્રીય લેવલની ફિઝીયોલોજીની કવીઝમાં ૩ વિધાર્થીઓને મોકલવામાં આવયા હતા.તેમજ વર્ષ દરમ્યાન અનય રાષ્ટ્રીય કોન્ફરન્સોમાં તેમજ અન્ય મેડિકલ યુનિવર્સીટીઓમાં ડિપાર્ટમેન્ટની ફેકલ્ટીઓએ ભાગ લીધો હતો.
- ડિપાર્ટમેન્ટના વડા ડૉ. જનાર્દન ભટ્ટની લીડર શીપ હેઠળ એન.એસ.એસ. યુનિટનાં સામાજીક સેવાનાં કાર્યો ને આગળ ધપાવવામાં આવયા હતા અને એક બ્લડ ડોનેશન કેમ્પ અને વિવિધ મેડિકલ કેમ્પ નુ આયોજન કરવામાં આવયુ હતુ.
- ડિપાર્ટમેન્ટ દ્વારા કુલ ૪ રીસર્ચ પેપર પબ્લીશ કરયા હતા.

- **બાયોકેમેસ્ટ્રી વિભાગઃ-**
  - એમસીઆઈના ધારાધોરણ મુજબ સદર વિભાગ વર્ષ ૨૦૦૯ના ઓગષ્ટ માસથી શરુ કરવામાં આવેલ છે.
  - વર્ષ ૨૦૧૬/૨૦૧૭ દરમયાન આ વિભાગ દ્વારા રેગ્યુલર લેકચર્સ,ટયુટોરિયલ પ્રેકટીકલ અને વાયવા લેવામાં આવે છે.તેમજ વિભાગના સ્ટાફ દ્વારા સેમીનારનું આયોજન કરવામાં આવેલ તથા નિયમ અનુસાર થીયરી અને પ્રેકટીકલની પરીક્ષાઓ સમયાંતરે લેવામાં આવેલ છે.
  - એમસીઆઈના ધારાધોરણ મુજબ જરુરી સાધન સામગ્રી મંગાવી નવી લેબોરેટરીનો વિકાસ કરવામાં આવેલ છે.
  - અત્રેના વિભાગમાં ગુજરાત યુનિવર્સીટીની MBBSની વાર્ષિક પરીક્ષા નિયમીત ધોરણે લેવામાં આવે છે.

- MCI નાં ધારાધોરણ મુજબ PG સ્ટુડન્ટસ M.D Pathology નાં વિધાર્થીની કલીનીકલ બાયોકેમેસ્ટ્રી લેબોરેટરીમાં ટ્રેનીગ લેવામાં આવે છે.
- પ્રથમ વર્ષ બી.ડી.એસ.(ડેન્ટલ કોલેજ, એ.એમ.સી.મેટ)ના વિદ્યાર્થીઓને બાયોકેમેસ્ટ્રી વિષયનું DCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ શિક્ષણ આપવામાં આવે છે.અને તેઓના સત્રાંતે પ્રેકટીકલ પરીક્ષા દ્વારા મુલ્યાંકન કરવામાં આવે છે.ગુજરાત યુનિવર્સીટીના આદેશ મુજબ પ્રથમ વર્ષ બી.ડી.એસની બાયોકેમેસ્ટ્રી વિષયની વાર્ષિક પ્રેકટીકલ પરીક્ષાનું DCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારાધોરણ મુજબ મુલ્યાંકન કરવામાં આવે છે.
- DCI નાં ધારાધોરણ મુજબ PG M.D.S નાં વિધાર્થીનું (ડેન્ટલ કોલેજ,એ.એમ.સી મેટ)લેકચર્સ લેવામાં આવે છે.
- CMLT ના વિધાર્થીઓને બાયોકેમેસ્ટ્રી વિષયનુ ગુજરાત યુનિવર્સીટીનાં ધારાધોરણ મુજબ શિક્ષણ આપવામાં આવે છે અને તેઓની થીયરી અને પ્રેકટીકલ પરીક્ષા દ્વારા મુલ્યાંકન કરવામાં આવેલ છે. ગુજરાત યુનિવર્સીટીનાં આદેશ મુજબ CMLT ની બાયોકેમેસ્ટ્રી વિષયની વાર્ષિક પરીક્ષાનુ ગુજરાત યુનિવર્સીટીનાં ધારાધોરણ મુજબ મુલ્યાંકન કરવામાં આવે છે.
- અંત્રેની કોલેજ સાથે સંલગ્ન એલ.જી. મ્યુનિ.જનરલ હોસ્પિટલમા કલીનીકલ બાયોકેમેસ્ટ્રી વિભાગની લેબોરેટરીમાં વર્ષ - ૨૦૧૬/૨૦૧૭ દરમ્યાન થયેલ લેબોરેટરી ટેસ્ટની માહિતી સામેલ છે.

અ.નુ.	**૨૦૧૬/૧૭ દરમ્યાન કરવામાં આવેલ ટેસ્ટની વિગત**	**સંખ્યા**
૧.	બાયોકેમેસ્ટ્રી વિભાગ દ્વારા કરવામાં આવેલ વિવિધ ટેસ્ટની કુલ સંખ્યા	૬,૭૮,૧૪૨

- **કોમ્યુનિટી મેડિસીન વિભાગ :-**

૧) **<u>શૈક્ષણિક પ્રવૃતિઓ :-</u>**

ક્રમ	વર્ષ	પ્રકાર	દિવસ	સમય
૧	પ્રથમ	લેકચર,	શનિવાર	૦૮:૪૫ થી ૯:૪૫
		ફિલ્ડ વિઝીટ	શનિવાર	૯:૪૫ થી ૧૧:૪૫
		ગ્રૂપ ડિસ્કશન	શનિવાર	૧૧:૪૫ થી ૧૨:૪૫
૨	દ્વિતીય (સત્ર ૩)	લેકચર	સોમવાર	૧:૧૫ થી ૨:૧૫
			શુક્રવાર	૧:૧૫ થી ૨:૧૫
૩	દ્વિતીય (સત્ર ૪)	લેકચર	શુક્રવાર	૧૧:૪૫ થી ૧૨:૪૫
		કોમ્યુનીટી પોસ્ટીંગ	સોમ થી શનિવાર	૮:૪૫ થી ૧૧:૪૫

૪	તૃતીય (સત્ર ૬)	લેકચર	મંગળવાર	૧૧:૪૫ થી ૧૨:૪૫
			ગુરુવાર	૧૧:૪૫ થી ૧૨:૪૫
		કોમ્યુનીટી પોસ્ટીંગ	સોમ થી શનિવાર	૮:૪૫ થી ૧૧:૪૫
૫	તૃતીય (સત્ર ૭)	લેકચર	બુધવાર	૧૧:૪૫ થી ૧૨:૪૫
		કોમ્યુનીટી પોસ્ટીંગ	સોમ થી શનિવાર	૮:૪૫ થી ૧૧:૪૫

૨) **વિભાગના સભ્યો દ્વારા પામેલ / આપેલ તાલીમની વિગત :-**

1) "Gestational Diabetes Mellitus" training taken by departments' faculties.
2) Training given to medical officers of AMC Ahmadabad District (PHC) medical officer for "Gestational Diabetes Mellitus".
3) Attended training by WHO from "topv to bopv" Switch monitoring at Arogya bhavan.

૩) કોન્ફરન્સ / વર્કશોપ / CME:-

1. Attended "IAPSM National & IAPSM state"Conference.
2. CME on "World Aids Day" at AMC Met Medical College.
3. Attended mentoring workshop by Dr.Tejinder singh at RTC-NHL MMC.

૪) અન્ય પ્રવૃતિઓ

૧. Took a session of epideuriology of HIV/AIDS on world AIDS day celebration at Amc Met Medical College.
૨. MICS (મલ્ટી ઇન્ડીકેટર કલસ્ટર સર્વે) પ્રોજેકટ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફિલ્ડ એકટીવીટી.
૩. ડેથ ઓડિટને લગતી કામગીરી અમદાવાદ નાં દક્ષિણ, પૂર્વ, ઉત્તર ઝોનમાં.
૪. Polio અને NID ના Supervision ને લગતી કામગીરી.
૫. RHTC જેતલપુર ખાતે કેમ્પનું આયોજન
૬. UHTC ઇસનપુર તેમજ ખોખરા ખાતે કેમ્પને લગતી કામગીરી.
૭. "Health Research Workshop" અન્ડર ગ્રેજયુએટ સ્ટુડન્ટ માટે.
૮. Attended lecture on retention powers by students organized by physiology dpt.at NHL MMC.
૯. Participated as recourse faculty in Revised basic course workshop of medical education technology at AMC MET.
૧૦. Participated in OPV Switch monitoring mJuo in AMC area (North,South, East Zone).
૧૧. Epidemic investigation ને લગતી કામગીરી અમદાવાદનાં ત્રણ ઝોન માં (North,South,East Zone).
૧૨. RMT (Regional Monitoring Team) meeting at Gandhinagar.

૧૩. મમતા દિવસ સુપરવિઝન (અમદાવાદનાં ત્રણ ઝોન અને ખેડા જીલ્લામાં.

૧૪. વિભાગ અંતર્ગત ચાલતા વિવિધ પ્રોજેકટને લગતી કામગીરી.

૧૫. અ.મ્યુ.કો તથા એ.એમ.સી.મેટ મેડિકલ કોલેજ સંચાલિત જી.ડી.એમ પ્રોજેકટ અંતર્ગત એ.એમ.સી તથા અમદાવાદ જીલ્લાનાં તબીબો,સ્ટાફ નર્સ,ANM,FHM,MPHW તથા ASHA બહેનોની તાલીમ.

૧૬. "School Health Program" ને લગતી કામગીરી.

૧૭. વિભાગનાં આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ.હિમાંશુ નાયક દ્વારા પ્રિન્સીપાલ ઇન્વેસ્ટીગેટર તરીકે હાથમાં લીધેલ જી.ડી.એમ પ્રોજેકટને લગતી કામગીરી જે એમને કરેલ છે જે નીચે મુજબ છે.

ડૉ.હિમાંશુ નાયક

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા એ.એમ.સી.મેટ મેડિકલ કોલેજ સંચાલિત જી.ડી.એમ પ્રોજેકટ (Gestational Diabetes Mellitus) અંતર્ગત અ.મ્યુ.કો તથા અમદાવાદ જીલ્લા નાં તબીબો,સ્ટાફ નર્સ (રેફરલ હોસ્પીટલો) ANM,FHM,MPHW તથા ASHA બહેનોને તાલીમ આપેલ છે.
- અમદાવાદ શહેરની મેડિકલ કોલેજનાં પી.એસ.એમ ગાયનેક વિભાગનાં તબીબોની તાલીમ તથા રીવ્યુ મીટીગ લીધેલ છે.
- અ.મ્યુ.કો તથા અમદાવાદ જીલ્લા નાં તબીબો ની રીવ્યુ મીટીગ તેમજ સુપરવાઇઝરની રીવ્યુ મીટીગ નું આયોજન.
- અ.મ્યુ.કો તથા અમદાવાદ જીલ્લા નાં નવા નિમણુંક પામેલા ANM/GNM બહેનોને પણ જી.ડી.એમ ની તાલીમ આપેલ.
- અમદાવાદ શહેરની મેડિકલ કોલેજો સાથે સંકલન કરી તબીબોને શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જી.ડી.એમ મોનીટરીગ અને સુપરવિઝન અર્થે મોકલેલ છે.તથા નિયમિતપણે મોનીટરીગ અને સુપરવિઝન મારા દ્વારા થયેલ છે.
- જી.ડી.એમ પ્રોજેકટની આરોગ્ય ભવન ખાતેની ઓફિસનું વહીવટી સંચાલન કરેલ છે.

- **List of research projects Batch 2013 Major year 2016**

Sr.No.	Research Project
1	Anemia in Pregnancy: Various factors Analysis
2	Awareness of 108 Among medical students
3	Hypertension in policemen
4	Immunization assessment up to 1 year of age
5	Mid day meal & Malnutrition
6	Self-reported prevalent lifestyle diseases stratification among below poverty line & Above poverty line
7	Study of tobacco consumption among class lll & lV Employees in Gujarat
8	Evaluation of hematological findings in Thalassemia minor antenatal women of Ahmadabad city
9	Awareness about Breastfeeding
10	Eye Donation awareness amongst Medical Professionals
11	Geriatric problems among the inhabitants of the old age Homes of

	Ahmadabad City
12	Morbidity in Hostel students of Medical college
13	Awareness and weight control practice among medical students.
14	Prevalence of hypertension in young adults.
15	Difficulties faced by medical practitioners while treating patients.
16	Self medication in medical students.
17	A Project of "Tobacco Consumption in patients attending OPD of LG Hospital"

- **માઈક્રોબાયોલોજી વિભાગઃ-**

૧. દ્વિતીય વર્ષ એમ.બી.બી.એસ ના વિર્ધાર્થીઓને માઈક્રોબાયોલોજી વિષયનું MCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારા ધોરણ મુજબ શિક્ષણ આપવામા આવેલ અને સત્રાંતે થિયરી અને પ્રેકટિકલ પરીક્ષા દ્વારા વિર્ધાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવેલ.

૨. દ્વિતીય વર્ષ, બી.ડી.એસ., (ડેન્ટલ કોલેજ, એ.એમ.સી મેટ)ના વિર્ધાર્થીઓને માઈક્રોબાયોલોજી વિષયનું DCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારા ધોરણ મુજબ શિક્ષણ આપવામા આવેલ અને સત્રાંતે થિયરી અને પ્રેકટીકલ પરીક્ષા દ્વારા વિદ્યાર્થીનું મૂલ્યાંકન કવામાં આવેલ.

૩. ગુજરાત યુનિર્વસીટીના આદેશ મુજબ દ્વિતિય વર્ષ એમ.બી.બી.એસ ની માઈક્રોબાયોલોજી વિષયની વાર્ષિક પ્રેકટીકલ પરીક્ષાનું MCI અને ગુજરાત યુનિવર્સીટીના ધારા ધોરણ મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ.

૪. ગુજરાત યુનિવર્સીટી માન્ય મેડિકલ લેબોરેટરી ટેકનીશીયન (CMLT) નો કોર્ષ વર્ષ - ૨૦૧૨થી અત્રેની મેડિકલ કોલેજ સાથે સંલગ્ન એલ.જી. હોસ્પિટલમાં શરુ કરવામાં આવેલ છે. હાલમાં CMLT ના વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સીટીનાં ધારા ધોરણ મુજબ ટ્રેનીગ તથા શિક્ષણ આપવામાં આવે છે.

૫. અત્રેના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા વખતોવખત થતાં આઉટબ્રેક તથા એપિડેમીક (Outbreak & epidemic) ની કામગીરી રેપિડ રિસ્પોન્સ ટીમ (Rapid response Team) અંતર્ગત કરવામાં આવેલ છે.

૬. અત્રેની એલ.જી. હોસ્પિટલમાં આવેલ મેડિકલ કોલેજનાં માઈક્રોબાયોલોજી વિભાગમાં સુધારેલ ક્ષય-નિયંત્રણ કાર્યક્રમ અનુસાર CBNAAT લેબોરેટરીની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે.આ લેબોરેટરીમાં મુકાયેલ GeneXpert મશીન દર્દીના ગળફાના નમુનામાંથી ટીબીના જીવાણું શોધવાનું તથા દવા પ્રત્યેનું રેઝીસ્ટ્ન્સ જાણવા માટેનું અત્યાધુનિક મશીન છે. જે ફકત બે કલાકમાં આ નિદાન કરે છે.આ મશીન અમદાવાદ ખાતેના સરકારી દવાખાનાઓ પૈકી ફકત અત્રેના વિભાગમાં ઉપલબ્ધ છે. અહીં અમદાવાદના બધાં જ વોર્ડ પરાવિસ્તાર તેમજ આજુબાજુના જિલ્લાઓમાંથી ટીબી રેઝીસ્ટ્ન્ટ (MDR) કેસોની તપાસ માટે સેમ્પલ આવે છે.

૭. અત્રેની મેડિકલ કોલેજ સાથે સંલગ્ન એલ.જી.હોસ્પિટલમાં આવેલ માઈક્રોબાયોલોજી વિભાગની લેબોરેટરીમાં થયેલ કામગીરીનું લિસ્ટ સામેલ કરેલ છે. (સને ૨૦૧૬ - ૨૦૧૭)

અ.નુ.	૨૦૧૬ -૨૦૧૭ દરમ્યાન કરવામાં આવેલ ટેસ્ટની વિગત	સંખ્યા
૧	કલ્ચર અને એન્ટીબાયોટીક સેન્સીટીવીટી તપાસ	૧૫,૭૧૧
૨	સ્ટેઈનીંગ (લોહી,ગળફા,પેશાબ,ડીપ્થેરીયા,ગેસ ગ્રેન્ગ્રીન વગેરે)	૧૬,૨૨૧
૩	ફુગ(KOH) અને ફુગ કલ્ચર	૫૩૩
૪	સીરોલોજી (Widal, RA, CRP, ASO,RPR VDRL) વિગેરે	૨૩,૨૬૪
૫	યુરીન પ્રેગ્નનસી ટેસ્ટ	૪૪૬૭
૬	HIV/AIDS ની તપાસ	૧૬,૨૯૯
૭	હિપેટાઈટીસ બી ની તપાસ	૨૬,૩૦૦
૮	ઝાડાની તથા કોલેરાની તપાસ	૧૭૫૭
૯	વાયરોલોજી ટેસ્ટ (ડેન્ગ્યુ,સ્વાઈનફ્લુ,HAV, HEV, JEV, ચંદીપુરા,CCHF વગેરે)	૬૭૮૨
૧૦	મલેરીયા રેપીડ ટેસ્ટ	૩૧,૮૮૨
૧૧	ગળફામાંથી ટીબીના જીવાણુની તથા MDR - TB ની તપાસ (Gene Expert)	૨૭૦૯
	કુલ	૧,૪૫,૯૨૫

- **ફોરેન્સિક મેડિસીન વિભાગઃ-**
- MCI ના ધારા ધોરણ મુજબ સદર વિભાગનો વિકાસ કરવામાં આવેલ છે.વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન વિભાગના મ્યુઝિયમમાં પાંચ વધારે Specimen નો વધારો કરવામાં આવેલ.
- MBBSના દ્વિતિય વર્ષનાં ફોરેન્સિક મેડિસીન વિષયનું MCI અને ગુજરાત યુનિવર્સીટીના માર્ગદર્શન મુજબ વિર્ધાર્થીઓને શિક્ષણ આપવામાં આવેલ છે. સત્રાંતે સદર વિભાગ દ્વારા વિધાર્થીઓની કસોટી (થીયરી,પ્રેકટીકલ)લેવામાં આવે છે. તથા MCQ ટેસ્ટનું પણ આયોજન કરવામાં આવેલ છે. તથા વિધાર્થી દ્વારા સેમિનારનુ પણ આયોજન કરવામાં આવેલ છે.
- આગામી સત્ર (5th) શરુ થતાં MBBSનાં દ્વિતિય વર્ષના વિર્ધાર્થીઓને MCI માર્ગદર્શન મુજબ

પોસ્ટ મોર્ટમ જોવા અંગેનું આયોજન કરવામાં આવેલ છે.૧૦ પોસ્ટ મોર્ટમ ફરજિયાત દરેક વિદ્યાર્થીને જોવાનું આયોજન કરવામાં આવેલ છે.

- એમબીબીએસ પાસ થયેલ ઇનટરનસીપ કરતા તબીબ પાસેથી ફોરેન્સીક મેડિસીન અને ટોકસિકોલોજી નાં MCQ તૈયાર કરાવી ડિપાર્ટમેનટમાં MCQ બેંક બનાવવાનું આયોજન કરેલ છે.
- વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન એલ.જી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ રૂમ બનાવવાની વ્યવસ્થા કરવા સારૂ પ્રપોઝલ રીપોર્ટ તૈયાર કરી સુપ્રિટેન્ડેન્ટશ્રીને આપવામાં આવેલ છે.
- વિભાગના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ વર્ષ ૨૦૧૬ – ૨૦૧૭ દરમ્યાન કોલેજની Ethics committee માં એકટીવ મેમ્બર તરીકે સેવા આપેલ છે.
- વિભાગના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ વર્ષ ૨૦૧૬ - ૨૦૧૭ દરમ્યાન મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (MCI) દ્વારા (યુજી તથા પીજી)કોર્ષનાં ઈન્સ્પેકશન કરેલ છે.

- વિભાગના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ દ્વારા ગુજરાત યુનિવર્સીટી તથા અન્ય રાજયોની યુનિવર્સીટીમાં વર્ષ ૨૦૧૬-૧૭ ની યુજી/પીજીની પરીક્ષા લીધેલ છે.
- વિભાગના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ.એમ.સી મેટ મેડિકલ કોલેજ નાં જીમખાના ઇન્ચાર્જ છે.
- વિભાગના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ વર્ષ ૨૦૧૬ - ૨૦૧૭ દરમ્યાન કોલેજની હોસ્ટેલ કમીટીમાં એકટીવ મેમ્બર તરીકે સેવા આપેલ છે.
- વિભાગના વડા ડૉ.સૌમિલ પી. મર્ચન્ટ એ સ્ટુડન્ટનાં કલચરલ પ્રોગ્રામ OASIS-2017 માં ઇન્ચાર્જ તરીકે સેવા આપેલ છે.
- વિભાગનાં આસી.પ્રોફેસર ડો.તેજસ પ્રજાપતિ એ MEU માં ફેકલટી તરીકે ૨૦૧૬-૧૭ માં સેવા આપેલ છે.
- વિભાગનાં આસી.પ્રોફેસર ડો.કાર્તિક પ્રજાપતિ એ વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન ગુજરાત યુનિવર્સીટીની યુ.જી ની પ્રેકટીકલ પરીક્ષા લીધેલ છે.

- **ફાર્મેકોલોજી વિભાગ :-**

૧. મેડિકલ કોલેજનાં દ્વિતિય વર્ષ એમ.બી.બી.એસ.નાં ફાર્મેકોલોજી વિભાગનું MCI તથા ગુજરાત યુનિવર્સીટીનાં ધારા ધોરણ મુજબ શૈક્ષણિ કાર્યક્રમ કરવામાં આવેલ છે. સત્ર દરમ્યાન MCQ Test, Viva, Practical Test તથા સત્રનાં અંતે થિયરી તથા પ્રેકટિકલ પરીક્ષાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૨. આગામી સત્રનું દ્વિતિય વર્ષ MBBS નું શૈક્ષણિક આયોજન કરવામાં આવેલ છે.

૩. એથીકસ કમીટીના મેમ્બર સેક્રેટરી ડૉ. ગુરુશરણ ડુમરા દ્વારા એલ.જી. હોસ્પિટલના કલીનીકલ ટ્રાયલનું કામ ચાલુ છે.

૪. ફાર્માકોવીઝીલન્સ સેલ ના ઇન્ચાર્જ ડૉ.સી.જી.પરમાર ફાર્માકોવીઝીલન્સ ની કામગીરી સંભાળે છે.

૫. જુન ૨૦૧૬ થી ૪ પી.જી સ્ટુન્ડન્ટનુ શૈક્ષણિક કાર્ય અને સેમિનાર ચાલુ થયુ.

૬. MCI તથા ગુજરાત યુનિવર્સીટીનાં ધારા ધોરણ મુજબ 2nd BDS માટે ફાર્મેકોલોજી નાં લેકચર તથા પ્રેકટિકલ લેવામાં આવેલ છે. સત્રનાં અંતે થિયરી તથા પ્રેકટિકલ પરીક્ષા લઈ મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

- **પેથોલોજી વિભાગ :-**

૧. પેથોલોજીમાં પોસ્ટ ગ્રેજયુએશન એમ.ડી ની પાંચ બેઠકો માટે MCI દ્વારા મંજુરી મળેલ.તે મુજબ દર વર્ષે પાંચ વિધાર્થીને એડમીશન આપવામાં આવેલ છે તેમને એમ.સી.આઇ તથા ગુજરાતયુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષણ પ્રદાન કરવામાં આવેલ છે.

૨. મેડિકલ કોલેજના સેકન્ડ એમ.બી.બી.એસ.ના વિધાર્થીઓને MCI તથા ગુજરાત યુનિર્વસીટીના ધારા ધોરણ મુજબ શિક્ષણ પ્રદાન કરવામાં આવેલ. સત્ર દરમ્યાન MCQ Test તથા સત્રના અંતે થિયરી અને પ્રેકટિકલ પરીક્ષા લઈ તેમનું મૂલ્યાંકન કરવામા આવેલ છે.

૩. એ.એમ.સી. ડેન્ટલ કોલેજના એમ.ડી.એસ. પોસ્ટ ગ્રેજયુએશન ના વિધાર્થીઓને પેથોલોજી વિષયનું ડેન્ટલ કાઉન્સિલ તથા ગુજરાત યુનિર્વસીટીના ધારા ધોરણ મુજબ શિક્ષણ પ્રદાન કરવામાં આવેલ.

૪. એ.એમ.સી. ડેન્ટલ કોલેજના સેકન્ડ બી.ડી.એસ.ના વિદ્યાર્થીઓને પેથોલોજી વિષયનુ શિક્ષણડેન્ટલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા તથા ગુજરાત યુનિર્વસીટી નાં ધારા ધોરણો મુજબ શિક્ષણ પ્રદાન કરવામાં

આવેલ.સત્ર દરમ્યાન MCQ Test તથા સત્રના અંતે થિયરી અને પ્રેકટિકલ પરીક્ષા લઈ તેમનું મૂલ્યાંકન કરવામા આવેલ છે.

૫. ગુજરાત યુનિર્વસીટી દ્વારા આયોજીત સેકન્ડ એમ.બી.બી.એસ તથા બી.ડી.એસ.ના વિદ્યાર્થીઓની પ્રેકટિકલ પરીક્ષાઓ નિર્ધારીત સમયે અત્રે લેવામા આવે છે.

૬. ઓગષ્ટ ૨૦૧૬ થી ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન તથા મંજૂરી સાથે પેથોલોજી, માઈક્રોબાયોલોજી,અને બાયોકેમેસ્ટ્રી વિભાગનાં સંયુકત ઉપક્રમે એમ.એલ.ટી.(મેડિકલ લેબોરેટરી ટેકનીશીયન) નો એક વર્ષનો કોર્ષ શરુ કરેલ છે.તે કોર્ષમાં ભણતા વિધાર્થીઓને વર્ષ દરમ્યાન શિક્ષણ પ્રદાન કરીને વર્ષનાં અંતે પરીક્ષાઓ લેવામાં આવેલ.

૭. નાર્કો તથા ગુજરાત સ્ટેટ બ્લડ ટ્રાન્સફ્યુશન કમિટી દ્વારા યોજિત બ્લડ બેંક ટ્રેનીંગ પ્રોગ્રામમાં આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. બીરેન જે. પરીખે ટ્રેઈનર તરીકે યોગદાન આપેલ છે.

૮. પેથોલોજી વિભાગના ડૉકટર સ્ટાફ દ્વારા ઈન્ડેક્ષ જર્નલમાં પેપર પ્રકાશિત કરવા મોકલવામાં આવેલ છે.

૯. નાર્કો તથા ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટી દ્વારા યોજીત બ્લડ બેંક માટેની ટ્રેનીંગ ડૉકટરો તથા લેબોરેટરી ટેકનીશીયનોએ લીધેલ છે.

૧૦. કોલેજ સાથે સંલગ્ન એલ.જી જનરલ હોસ્પિટલના પેથોલોજી વિભાગની વિવિધ લેબોરેટરીઓમાં થયેલ કામગીરી આ સાથે પત્રકમાં સામેલ છે.

૧૧. પેથોલોજી વિભાગની બ્લડ બેંક દ્વારા વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માં રકતદાન શિબિરનું આયોજન કરેલ છે અને એકત્ર કરેલ રકત તથા તેના ઘટકો હોસ્પિટલ માં દાખલ દર્દીની સારવાર માં ઉપયોગમાં લેવામાં આવેલ છે.

૯.૫ એ.એમ.સી.ડેન્ટલ કોલેજ
સને : ૨૦૧૬ - ૨૦૧૭

એ.એમ.સી. મેડીકલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત એ.એમ.સી.ડેન્ટલ કોલેજની સ્થાપના સને ૨૦૦૯ ના માસમાં થયેલ હતી ડેન્ટલ કોલજ માં સ્નાતક તરીકે ડેન્ટલ તબીબી શિક્ષણ આપવામાં આવે છે. આ કોલેજ ગુજરાત રાજયની નામાંકિત કોલેજ છે. આ કોલેજને ૧૦૦. તબીબી સીટોની માન્યતા મળેલ છે. અત્રે ની ડેન્ટલ કોલેજને ડેન્ટલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયા તરફથી માન્યતા મળેલ છે તેમજ અત્રેની કોલેજ ગુજરાત યુનિર્વસીટી સાથે જોડાણ ધરાવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એ.એમ.સી. ડેન્ટલ કોલેજ અત્રેની એ.એમ.સી. ડેન્ટલ હોસ્પિટલ સાથે સંલગ્ન છે. એ.એમ.સી. ડેન્ટલ કોલજમાં હાલમાં પ્રથમ વર્ષ, દ્રિતિય વર્ષ અને ત્રીજા વર્ષના, ચોથા વર્ષના વિદ્યાર્થીઓ થઇ કુલ ૪૦૦ વિદ્યાર્થી ઓની સંખ્યા છે. ઉપરાંત ઇન્ટર્નશીપ કરતા ૧૦૦ વિદ્યાર્થીઓ પણ ઉમેરતાં કુલ ૫૦૦ વિદ્યાર્થીઓ એ.એમ.સી.ડેન્ટલ કોલેજમાં અભ્યાસ કરે છે .ચાલુ વર્ષે ૨૦૧૬-૨૦૧૭ની ટયુશન ફી રૂા. ૨,૭૫,૦૦૦/-થઇ છે. વર્ષ ૨૦૧૫-૧૬ થી પોસ્ટ ગ્રેજ્યુએટ (એમ.ડી.એસ.) માટેનો કોર્ષ શરૂ કરવામાં આવેલ છે. જેમા કુલ ૧૫ વિદ્યાર્થીઓની સંખ્યા છે.

આ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને કિલનીક શિક્ષણ માટે એ.એમ.સી. ડેન્ટલ હોસ્પિટલમાં મોકલવામાં આવે છે. કોલેજના જુદા-જુદા વિભાગો ડેન્ટલ હોસ્પિટલ સાથે સંલગ્ન હોસ્પિટલમાં ગ્રેજયુએટ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને પુરતી સગવડ આપવામાં આવે છે. પ્રથમ વર્ષ ૨૦૧૦ માં બી.ડી.એસ. નું પ્રથમ વર્ષનું પરિણામ ૮૨%, દ્વિતિય વર્ષ નું પરિણામ ૭૯%, તૃતિય વર્ષનું પરિણામ ૮૮% અને ચોથા વર્ષનું પરિણામ આવ્યા પછી પાસ થયેલ વિદ્યાર્થીઓ ઇન્ટર્નશીપ પ્રોગ્રામમાં જોડાયેલ હતા.

એ.એમ.સી. ડેન્ટલ કોલેજમાં હાલમાં ઇન્ટર્નશીપ કક્ષાનો અભ્યાસક્રમ પણ ચલાવવામાં આવે છે. જેમાં કોલેજના વિદ્યાર્થીઓને ઇન્ટર્નશીપ દરમ્યાન સ્ટઇપેન્ડ ચૂકવવામાં આવે છે

ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોસ્થોડોન્ટીક્સ એન્ડ ક્રાઉન એન્ડ બ્રીજ

(ચોકઠા વિભાગ)

એ.એમ.સી. ડેન્ટલ કોલેજનાં આ ડિપાર્ટમેન્ટ માં ડેન્ટલ મટીરીયલ અને પ્રોસ્થેટીક ડેન્ટીસ્ટ્રીના વિષયો ભણાવવામાં આવે છે. તથા તેના બે જુદા-જુદા વિભાગો છે.

૧) પ્રિકલીનીકલ વિભાગ

૨) કલીનીકલ વિભાગ

૧) પ્રિકલીનક વિભાગ :- આ વિભાગમાં પ્રથમ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓને ડેન્ટલ મટીરીયલ તથા પ્રોસ્થેટીક પ્રિકલીનીકલ વિષયોનું શિક્ષણકાર્ય અને પ્રેકટીકલ કાર્ય કરાવવામાં આવે છે.

પ્રથમ વર્ષ (વિદ્યાર્થીઓ ૨૦૧૬-૨૦૧૭)

	કલાક	હાજરી
ડેન્ટલ મટીરીયલ લેકચર	૩૮ કલાક	૯૦%
ડેન્ટલ મટીરીયલ પ્રેકટીકલ	૮૦ કલાક	૮૮%
પ્રોસ્થેટીક લેકચર	૨૫ કલાક	૮૨%
પ્રોસ્થેટીક પ્રિકલીનકલ પ્રેકટીકલ	૧૦૦ કલાક	૯૨%

પ્રોજેકટ વર્ક :-

૧૦૦ વિદ્યાર્થીઓની બેચમાં કુલ ૨૦ જેટલાં પોસ્ટર પ્રઝન્ટેશન આપવામાં આવેલ છે. દરેક વિદ્યાર્થીને મોડલ વર્ક આપવામાં આવે છે.

દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ (૨૦૧૫-૨૦૧૬)

	કલાક	હાજરી
ડેન્ટલ મટીરીયલ લેકચર	૩૭ કલાક	૮૬%
ડેન્ટલ મટીરીયલ પ્રેકટીકલ	૮૪ કલાક	૯૦%
પ્રોસ્થેટીક પ્રિકલીનકલ લેકચર	૨૨ કલાક	૮૯%
પ્રોસ્થેટીક પ્રિકલીનકલ પ્રેકટીકલ	૧૦૦ કલાક	૯૨%

પ્રોજેકટ:- ૧૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે ૧૫ પોસ્ટર પ્રિપેરેશન કરાવવામાં આવેલ છે.

- **ઉપલબ્ધીઓ:-**

૧. ઇન્ટરડિપાર્ટમેન્ટ ડેન્ટીસ્ટ્રી કોમ્પીટીશનમાં ઇન્ટર્નસની ટીમએ સેકન્ડ પ્રાઇઝ મેળવ્યું છે.
૨. ઇન્ટરકોલેજ પોસ્ટર કોમ્પીટીશનમાં Part-III P.G. સ્ટુડન્ટ્સની ટીમએ થર્ડ પ્રાઇઝ મેળવ્યું છે.
૩. ઇન્ટરકોલેજ ક્વીઝ કોમ્પીટીશનમાં Part-III P.G. સ્ટુડન્ટ Dr. Hinal Chhabaria ૨૬૦ ઉમેદવારોમાંથી સીલેક્ટ થઇ.
૪. Part-III P.G. સ્ટુડન્ટ Dr. Dipal Patel નું આર્ટીકલ ઇન્ટરનેશનલ જર્નલ્સ માટે એકસેપ્ટ થયુ છે.

- **કલીનીકલ વિભાગની માહિતી**

આ વિભાગમાં હાલ તૃતીય, ચોથા, ઇન્ટર્ન અને પી.જી. વિદ્યાર્થીઓ દર્દીઓને સારવાર આપે છે. આ વિભાગમાં વિવિધ પ્રકારની સારવાર દર્દીઓને આપવામાં આવે છે. જેમ કે આખુ ચોકઠું (Complete Denture), એક, બે દાંતનુ ચોકઠું (Partial Denture), ફિક્સ દાંત (Crown & Bridge), ઇમ્પ્લાન્ટ (Implant), તથા Maxillofacial Prosthetic બનાવવામાં આવે છે. સ્પેશીયલ કેસ જેમ કે કેન્સરનાં દર્દીઓના સ્પેશીયલ (Maxillofacial Prostheses) ચોકઠાં બનાવવામાં આવે છે.

- **તૃતીય અને ચોથા વર્ષનાં વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ (૨૦૧૬-૨૦૧૭)**

આ તૃતીય અને ચોથા વર્ષનાં વિદ્યાર્થીઓ માંથી ૨૫-૨૫ વિદ્યાર્થીઓની બેચ વારાફરતી વર્ષ દરમ્યાન આવે છે. તથા તેમને દર્દીઓ પર કેવી રીતે સારવાર કરવા તેનું જ્ઞાન આપવામાં આવે છે. તૃતીય વર્ષમાં ૫ થી ૪ દર્દીઓ અને ચોથા વર્ષમાં ૭ થે ૮ દર્દીઓ પર સારવાર આપવામાં આવે છે. તથા આ બન્ને વર્ષનાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને પ્રેકટીકલ વર્કનાં લેકચર આપવામાં આવે છે તથા ચોથા વર્ષના વિદ્યાર્થીઓને મોડલ વર્ક કરાવવામાં આવે છે અને દરેકને સેમીનાર પ્રેઝેન્ટ કરવાનું કહેવામાં આવે છે.

	કલાક	તૃતીય વર્ષ હાજરી	ચોથું વર્ષ હાજરી
લેકચર	૮૦ કલાક	૮૭%	૯૨%
પ્રેકટીકલ	૧૦૦૦ કલાક	૯૩%	૯૬%

કુલ સારવાર કરેલાં દર્દીઓ (વિદ્યાર્થી દ્વારા) તૃતીય અને ચોથું

CD - 790 (આખું ચોકઠું)
RPD- 820 (અડધું ચોકઠું)

આ સિવાય ૧૨ થી ૧૪ ની બેચમાં ઇન્ટર્નશીપ પણ ચાલતી હોય છે. એ લોકો પણ દર્દીઓ લેતાં હોય છે. અને પ્રોજેક્ટ અને સ્પેશલ કેસ પણ કરે છે તેમજ સેમીનાર પણ કરે છે.

આ વિભાગમાં વિદ્યાર્થીઓ અને દર્દીઓના જ્ઞાન માટે સ્ટાફ દ્વારા મ્યુઝિયમ બનાવેલ છે. તેમાં બનાવેલ મોડલ્સ સ્ટાફ દ્વારા બનાવવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓ અને દર્દીઓને આ વિભાગ દ્વારા જુદી-જુદી સારવાર તેમજ સમજ આપવામાં મદદ રૂપ છે.

પ્રોસ્થોડોન્ટીક્સ એન્ડ ક્રાઉન એન્ડ બ્રીજ અનુસ્નાતક (પોસ્ટગ્રજ્યુએટ)વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ

(પ્રી ક્લીનીકલ વર્ક, ક્લીનીકલ વર્ક, CD, RPD, FPD, Library Thesis, Research Proect)

P.G. Part-II

P.G. Part-II	CHANDNI	AMRITA	HETVI
Complete Denture	16	14	16
Removable Partial Denture	07	09	06
Full Cast Crown (FCC/FVC)	22	15	18
Fix Partial Denture (FPD)	13	15	12
Library Thesis	Different implant design, its surface characteristics and its role in osteointegration	"Digital Prosthodontics"	"Role and concept of color in Prosthodontics"
Short Study	"An accuracy of two different addiction Silicon Impression material with different spacer thickness and repeated pour A vitro study"	"Validity of cephalomatric approach to determine freeway space to and occlusal plane for edentulous patients A vivo study.	"A study to assess the prevalence of dry mouth and improvement of oral discomfort accompanying xerostomia through complete denture therapy".
Research Project	"To evaluate the buccolingual position of the natural zone with respect to mandibular residual alveolar ridge in edentulous patients with varying period of edentalism a clinico radiographic study".	"Awareness knowledge & acceptance for oral implant in ahmedabad population A questionnaire survey".	"A study on effect of rehabilitation with flap versus obturator on quality of life patients after maxillectomy ".
બધી જ Preclinical Exercises કરે છે.			

પ્રોસ્થોડોન્ટીક્સ એન્ડ ક્રાઉન એન્ડ બ્રીજ અનુસ્નાતક (પોસ્ટગ્રજ્યુએટ)વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ

(પ્રી ક્લીનીકલ વર્ક, ક્લીનીકલ વર્ક, CD, RPD, FPD, Library Thesis, Research Proect)

P.G. Part-III

P.G. Part-III	DIPAL	HARDI	HINAL
Complete Denture	49	50	62
Removable Partial Denture	28	28	33
Full Cast Crown (FCC/FVC)	70	63	67
Fix Partial Denture (FPD)	45	40	39
Maxillofacial Prosthetic	14	15	14
Library Thesis	Failure in fixed partial denture	Precision attachments in implant Prosthodontics	Radiographic imaging techniques in implant dentistry.
Short Study	Evaluation of patient's satisfaction with complete denture-A short clinical surgery	Awareness for denture esthetics and denture characterization in completely edentulous patients- a questionnaire survey	A role of inter-condylar and intercanine distance in posterior teeth arrangement- an in vitro study
Research Project	A comparative evaluation of marginal and internal gap of Co-Cr alloy coping & commercial Ni-Cr-Ti coping fabricated CAD-CAM subtractive method- An in vitro study	A comparative evaluation of antimicrobial effect and material properties between conventional alginate and self-disinfecting alginate- an in vitro study	A spectrophotometric evaluation of color stability of different esthetic veneering materials after exposure to artificial saliva and commonly consumed beverages- an in vitro study
બધી જ Preclinical Exercises કરે છે.			

- **સારવાર કરેલા દર્દીઓની માહિતીઃ-**

➢ સરેરાશ રોજની O.P.D. - ૮૦
➢ સરેરાશ વાર્ષિક O.P.D. - ૧૧૯૧૬
➢ સરેરાશ બનાવેલા આખાં ચોકઠાં (Complete Denture) - ૩૦૬૭
➢ સરેરાશ બનાવેલા અડધા ચોકઠાં (Removable Partial Denture) - ૧૩૫૧
➢ સ્ટાફ દ્વારા સ્પેશીયલ કેસનાં દર્દીઓની સારવાર - ૫૦
➢ FCC - ૫૫૨
➢ FPD - ૩૦૫
➢ Special Cases - ૪૩૨

List of Publication

1	Behaviours and Hygiene Habit of a sample population of complete denture wearers in Ahmedabad. **Dr. Ina B. Patel, Dr. Gauri Madan, Dr. Kinjal Solanki, Dr. Ravindra Chavda** **(Research Article)**	J.Int Oral Health 2012; 4(2):23-38 (International Journal) **(Published Article)**
2	An Investigation into certain esthetic parameters and its role in denture aesthetics. **Research Article –** First Author **Dr. Ina B. Patel, Dr. Gauri Madan, Dr. Kinjal Solanki**	Journal of research and advancement in dentistry.2014;3;1;274-280 **(Published Article)**
3	Minor oral surgery without stopping daily low-dose apirin therapy: a study of 51 patients. **Dr Gauri Madan** **(Medline indexed Journal: Research Article)**	**J Oral Maxillofac Surg 63:1262-1265, 2005**
4	A comparative study of transverse strength and residual monomer content in polymethyl methacrylate cured by conventional hot-water bath and by microwave irradiation. **Dr. Gauri Madan (Research Article)**	Int. J. Dent.Clinics 2014;6(3): 17-21
5	Nanotechnology: the future of dentistry review article. **Dr.Ina B. Patel,** Dr. Kinjal Solanki	Journal of research and advancement in dentistry.
6	A New Indax for rating esthetic of implant supported single crown esthetic index: Review Article Dr. Kinjal Solanki **, Dr.Ina B. Patel**	Journal of research and advancement in dentistry.
7	Non Surgical management of amlodepine induced massive gingival hyperplasia-a case report. Dr. Bhupesh Patel, **Dr.Ina B. Patel,** Dr. Kinjal Solanki	Journal of research and advancement in dentistry.
9	Prosthetic rehabilitation of the adolescent with hypohidrotic ectodermal dysplasia with partial anodontia a case report Dr. Ravindra Chavda	Journal of Govt. Dental College & Hospital Ahmedabad
10	Physical Properties of type 2 & type 4 dental stone after reapeted immersion in sodium hypochlorite solution. Original research Dr. Ravindra Chavda	International Journal of Research in Medicine
11	A generalized attrition case- full mouth rehabilitation using hobo twin stage procedure Dr.Ravindra Chavda	International Journal of Research in Medicine
12	Digital Impression –A Review of Latest Technologies in Dentistry. Dr. Ina Patel, Dr. Bhupesh Patel, Ruchit Patel	Indian Journal of Dental Advancement IJDA

ડિપાર્ટમેન્ટ ઓફ પેરીયોડોન્ટોલોજી
(દાંતની સફાઇ અને પેઢાંની સારવારનો વિભાગ)

પ્રસ્તાવના

૧. પેરીયોડોન્ટોલોજી વિભાગએ એ.એમ.સી. ડેન્ટલ કોલેજનો એક સ્પેશ્યાલીટી વિભાગ છે.

૨. આ વિભાગ દાંતના પેઢા અને દાંતને આધાર આપતા હાડકાંના વિવિધ પ્રકારના રોગોનું નિદાન અને તેની સારવાર કરે છે.

૩. પેઢાના રોગો એટલે પેઢાને લગતો ચેપ જેમાં પેઢાંમાંથી લોહી અને પરૂ નિકળવું, પેઢાં ફુલી જવાં, મોં માંથી દુર્ગંધ આવવી જેના લીધે જડબાના દાંતને પકડી રાખતા હાડકામાં રોગ થાય છે. આ રોગ માટે કારણભૂત દાંતની આજુબાજુ જમા થતી ક્ષારી હોય છે. જો સમયસર સારવાર આપવામાં ન આવે તો વિવિધ પ્રકારના સંશોધનો એવું જણાવે છે કે પેઢાના આ પ્રકારના રોગ ક્યારેક શારીરિક સ્વાસ્થ્યને નુકશાન કરે છે.

ક્લીનીકલ વિભાગની માહિતીઃ-

૧. પેરીયોડોન્શીયા અમદાવાદ મ્યુ, કોર્પોરેશન ના દંત રૂગ્ણાલય વિભાગ જુલાઇ -૨૦૧૧ માં શરૂ કરવામાં આવેલ છે. ૧ એપ્રિલ ૨૦૧૬ થી ૩૧ માર્ચ ૨૦૧૭ સુધીમા ૨૪૦૮૫ દર્દીઓને ઓ.પી.ડી. માં નિદાન સારવાર આપવામાં આવેલ છે તેમજ ૯૭૮૪ દર્દીઓનાં દાંતની સફાઇ કરવામાં આવી છે અને ૭૬૮ દર્દીઓની પેઢાંની વિવિધ પ્રકારની સર્જરી તથા ૭ દર્દીઓની ઇમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવેલ છે.

૨. આ સ્પેશ્યાલીટી વિભાગમાં અલ્ટ્રાસોનીક સ્કેલર, લેસર, ઇલેક્ટ્રીક કોટરી, મેગ્નીફાઇંગ લુપ, લાઇટ ક્યોર અને ઇમ્પ્લાન્ટ, જેવા વિવિધ આધુનિક સાધનો દ્વારા સારવાર થાય છે.

૩. આ પ્રકારના રોગો માટેની જરૂરીયાત મુજબની વિવિધ પ્રકારની સારવાર
   - દાંતની સફાઇ.
   - પેઢાની સર્જરી.
   - પેઢાની રીજનરેટીવ સર્જરી (બૉન ગ્રાફ્ટ મટીરીયલ સાથે સોફ્ટ ટીશ્યુ ગ્રાફ્ટીંગ સાથે)
   - મ્યુકોજીન્જાયવલ સર્જરી જેવી કે ફ્રીનેક્ટોમી, ક્રાઉન લેન્થનીંગ, વેસ્ટીબ્યુલર એક્સ્ટેનશન વિગેરે.
   - ડીપીગ્મેન્ટેશન
   - લેસર સર્જરી દ્વારા પેઢાની વિવિધ પ્રકારની સારવાર
   - ઇમ્પ્લાન્ટ સર્જરી વગેરે પ્રકારની સારવાર આપવામાં આવે છે.

૪. આ વિભાગમાં કોઇપણ પ્રકારની દાંત અને પેઢાની સારવાર પછી દાંત અને પેઢાની યોગ્ય જાળવણી વિશેનું જ્ઞાન આપવામાં આવે છે.

એકેડમીક વિભાગઃ-

૧. પેરીયોડોન્ટોલોજી વિભાગ

- તૃતીય વર્ષ બી.ડી.એસ.-૧૦૦ વિદ્યાર્થીઓ
- ચતુર્થવર્ષ બી.ડી.એસ.-૧૦૦ વિદ્યાર્થીઓ

- ઇન્ટર્નશીપના-૧૦૦ વિદ્યાર્થીઓ
- પોસ્ટ ગ્રજ્યુએટ-૦૯ વિદ્યાર્થીઓને
- શિક્ષણ આપવાનું કાર્ય કરવામાં આવે છે.
- લેક્ચર તથા સેમીનાર દ્વાર પુરતુ માર્ગદર્શન આપવામાં આવે છે.
- આ વિભાગમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રોજેક્ટ વર્ક કરવામાં આવે છે.
- આ વિભાગમાં આવતા દરેક દર્દીઓને વિદ્યાર્થીઓ દ્વારા તપાસવામાં આવે છે તેમજ તેમનું નિદાન કરીને જરૂરી સારવાર વિશે માહિતી આપીને તે મુજબની જરૂરી સારવાર (દાંતની સફાઇ, પેઢાની જરૂરીયાત મુજબની સર્જરી, ઇમ્પ્લાન્ટ) કરવામાં આવે છે.

૨. આ વિભાગમાં દર્દીઓને દાંત અને પેઢાંની સારી જાળવણી માટેની માહિતી વિવિધ પોસ્ટર્સ તથા મોડલ્સના ઉપયોગોથી વિદ્યાર્થીઓ, ઇન્ટર્ન્સ અને સ્ટાફ દ્વારા આપવામાં આવે છે.

૩. તૃતિય અને ચતુર્થ વર્ષમાં વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ (૨૦૧૬-૨૦૧૭)

	કલાક	હાજરી
Periodontology Lecture	82	70%
Periodontology Preclinical	60	85%

- આ વિભાગમાં સ્ટાફની સાથે સાથે અનુસ્નાતક વિદ્યાર્થીઓ દ્વારા પણ સ્ટાફના માર્ગદર્શન હેઠળ દર્દીઓની તપાસ અને સારવાર કરાવવામાં આવે છે.
- અનુસ્નાતક વિદ્યાર્થીઓના ઉચ્ચગણવત્તા તથા અધુનિક પધ્ધતિસરથી તાલીમ અને પ્રશિક્ષણ માટે લેક્ચર્સ, ગ્રૂપ ડીક્સશન, જનરલ ક્લબ, બહુવિકલ્પી પશ્નોત્તર, કેસ પ્રેઝન્ટેશન, સેમીનાર જેવા ઇન્ટરેક્ટીવ સેશન્સ પણ લેવામાં આવે છે.

Department of Periodontology
Post-Graduate Students
Annual Report-2016-17

(Scaling, Surgery: Curettage, Gingivoplasty, Gingivectomy)

P.G.Part I	CHANDNI	PAYAL	AJAY
Scaling	187	157	137
Surgery	2	1	8
Library dissertation topic	osseointegration	Periodontal microsurgery	Role Of Stem Cell In Periodontal Regeneration
Thesis dissertation topic	Effects of non surgical periodontal therapy on blood parameters and periodontal status-in vivo study.	Comparative evaluation of demineralized freeze dried bone allograft alone and in combination with platelet rich fibrin in treatment of periodontal intrabony defects: in vivo study	Comparision Between Open Flap Debridement And Closed Debridement With Diode Laser: A Vivo Study.
All medical and dental preclinical exercise is completed.			

Post-Graduate Students
Annual Report-2016-17

(Scaling, Surgery: Curettage, Gingivoplasty, Gingivectomy, Flap Surgery, Muco-Gingival Surgery, Regenerative, Depigmentation, Splinting, Implant)

P.G.Part II	KHYATI	JINAL	CHIRAG
Scaling	115	81	86
Surgery	164	197	234
Library dissertation topic	Advanced diagnostic technique	Viruses in periodontal disease	Bone graft materials
Thesis dissertation topic	Comparision between surgical blade and diode laser in the management of gingival melanin hyper-pigmentation, evaluation of patient response and recurrence of pigmentation following both the tachniques :A clinical study	A Coronally positioned flap with and without using type-I collagen membrane in treatment of gingival recession- A comparative clinical study	Comparision of conventional and microsurgical open flap debridement: A comparative prospective study

CDE કામગીરી

૧. એ.એમ.સી.ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ ખાતે પેરીયોડોન્ટોલોજી વિભાગ દ્વારા આયોજીત ઈમ્પ્લાન્ટ અપડેટ ૨૦૧૬ ને ઓર્ગેનાઈઝ કર્યુ તેમાં ૨૦૦ થી વધુ ગુજરાતના ડોક્ટર્સ તેમજ પી.જી. સ્ટુડન્ટ્સએ ભાગ લીધેલ હતો. જેને ડેન્ટલ કાઈન્સીલ ઓફ ઈન્ડીયાએ કુલ ૬ ક્રેડીટ પોઈન્ટ આપેલ હતા.

સ્ટાફની કામગીરી

૧. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટએ મ્યુનિ.કમિશનરશ્રીની મંજૂરી મેળવ્યા બાદ પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન હોસ્પિટલ એન્ડ હેલ્થ મેનેજમેન્ટનો એક વર્ષનો IGNOU નો કોર્સ પૂર્ણ કરીને પી.જી.ડી. એચ.એચ.એમ. ની ડિગ્રી મેળવેલ છે.

૨. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટએ નેશનલ એક્રીડેશન બોર્ડ ફોર હોસ્પિટલ એન્ડ હેલ્થ કેર પ્રોવાઈડરના ક્વોલીટી કાઉન્સિલ ઓફ ઈન્ડીયા દ્વારા આયોજીત પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન ફોર એન.એ.બી.એચ. પ્રી એક્રીડેશન એન્ટ્રી લેવલ હોસ્પિટલ સ્ટાન્ડર્ડની ટ્રેઈનીંગ લીધેલ છે.

૩. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ, એડીટોરીયલ બોર્ડ ઓફ મેમ્બર તરીકે ઈન્ટરનેશનલ જર્નલ ઓફ ઓરલ રીસર્ચમાં સેવા આપી રહયા છે.

૪. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ની નીમણૂંક ભાવનગર યુનિવર્સીટી ની એથીકલ કમિટી મેમ્બર તરીકે થયેલ છે.

૫. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમન્ટની એ.એમ.સી.ડેન્ટલ કોલેજની એથીકલ કમીટીના મેમ્બર તરીકે નિમણૂંક થયેલ છે.

૬. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ રીવ્યુઅર તરીકે જર્નલ ઓફ અમદાવાદ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલમાં સેવા આપી રહયા છ

૭. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટએ બોર્ડ ઓફે એકેડમીમાં ધરમસિંહ ડેન્ટલ કોલેજ ખાતે સેવા આપે છે.

૮. ડો. બેલા દવે, પ્રોફેસર અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ની નિમણુંક બોર્ડ ઓફે એકેડમી નરસિંહ પટેલ ડેન્ટલ કોલેજ, સાકળચંદ યુનિવર્સિટી ખાતે કરવામાં આવેલ છે.

List of Publication

Name of Faculty	Design ation	Sr	Title of article	Name of Journals	Year of Publicat ion	International/ National	Paper Type
Dr. Bela Dave	HOD & Prof.	1	Relationship between diabetes mellitus and periodontal disease – A clinical study	BJ Kines-National Journal of Basic & Applied Sciences	2018	National	Original Research
Dr. Bela Dave	HOD & Prof.	2	Tooth brushing behavior and dental abrasion among the diamond workers of Bapunagar area, East Ahmadabad , Gujarat	International Journal of Scientific Research	2018	International	Original Research
Dr. Bela Dave	HOD & Prof.	3	Awareness and attitude of patients regarding dental implants as a	International Journal of Scientific Research	2018	International	Original Research
Dr. Bela Dave	HOD & Prof.	4	Comparison and correlation of glucose level in serum and saliva in diabetic and non diabetic patients	Journal of International Oral Health & Dentistry	2018	International	Original research article
Dr. Bela Dave	HOD & Prof.	5	Periodontal status and oral health behavior in hospitalized patients with chronic obstructive pulmonary disease	Journal of Natural Science Biology and Medicine	2018	International	Original Research
Dr. Viral Thakker	Reader	1	Application of cone beam computed tomography in	International journal of Scientific	2018	International	Original Case Report

ડિપાર્ટમેન્ટ ઓફ પીડોડોન્ટીકસ અને પ્રીવેન્ટીવ ડેન્ટીસ્ટ્રી

- પીડોડોન્ટીક્સ વિભાગ ૧ લી એપ્રિલ ૨૦૧૬ થી ૩૧ માર્ચ ૨૦૧૭ સુધીમાં કુલ ૧૧૮૨૪ બાળકોના મોં ની તપાસ કરીને તેમને જરૂરીયાત મુજબની વિવિધ સારવાર જેમ કે દાંતની સફાઇ, દાંતને ફલોરાઇડ તત્વનું રક્ષા કવચ આપવું, દાંતનો સડો રોકી શકે તેવા ખાંચામાં પીટ એન્ડ ફીશર સીલન્ટ લગાવવું, સડી ગયેલા દાંતમાંથી સડો કાઢીને તેમાં દાંત જેવા જ રંગનો સિમેન્ટ, કમ્પોઝીટ મટીરીયલ અથવા ચાંદી ભરવી, દાંતની નસની સારવાર, (ઇનડાયરેક્ટ પલ્પ કેપીંગ, ડાયરેક્ટ પલ્પ કેપીંગ, પલ્પોટોમી, પલ્પેક્ટોમી, રૂટ કેનાલ થેરાપી કરવી,) દાંત કાઢી આપવા, બાળકના વિકાસને ધ્યાનમાં રાખીને દાંતની માવજાત લેવી, બટકી ગયેલા દાંતની સંભાળ લેવી, ટ્રોમાથી નીકળી ગયેલા કે હાડકામાં ફસાઇ ગયેલા દાંતની સ્પ્લીટીંગ પધ્ધતિથી તેમજ અપેક્ષો જનેસીસ પધ્ધતિથી સંપૂર્ણ સારવાર કરી બચાવવો, સામાન્ય વાઢ કાપની પ્રક્રિયા વગેરે સારવાર આપવામાં આવે છે. આ ઉપરાંત દિમાગી તેમજ શારિરીક વિકલાંગ તેમજ લોહી, ફેફસા, હૃદય વગેરેના રોગો ધરાવતા બાળકોની ખાસ કાળજી લઇને સારવાર કરવામાં આવેલ છે.

- આ સમય દરમ્યાન વિભાગે પીડોડોન્ટીક્સ અને પ્રીવેન્ટીવ ડેન્ટીસ્ટ્રીના કુલ ૬૦ લેક્ચર્સ તૃતિય અને ચતુર્થ બી.ડી.એસ.ના વિદ્યાર્થીઓ માટે લીધેલા છે. જેમાં આ વિષયને લગતુ જ્ઞાન આવરી લેવામાં આવેલ છે. ચતુર્થ બી.ડી.એસ. ના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાને ધ્યાનમાં રાખીને તેમની વિભાગીય પરીક્ષા સમયસર લઇને તૈયારી કરવામાં મદદ પુરી પાડેલ છે.
- તૃતિય અને ચતુર્થ બી.ડી.એસ.ના વિદ્યાર્થીઓની ક્લિનીકલ પોસ્ટીંગ દરમ્યયાન પોસ્ટર્સ, સેમીનાર તેમજ સ્ટડી મોડેલ બનાવેલ છે. તેમની ક્લિનીકલ પોસ્ટીંગ દરમ્યાન બાળકની સંપૂર્ણ પરિસ્થિતિનો તકાજો મેળવીને સારવાર નક્કી કરવાનું તેમજ બાળકના માતા-પિતાને બાળકમાં ભવિષ્યમાં શક્ય એવા ફેરફાર અંગે માર્ગદર્શન કેવી રીતે આપવું તે શિખવવામાં આવે છે. તૃતિય બી.ડી.એસ.ના વિદ્યાર્થીને સરળ સારવાર જેમ કે દાંતની સફાઇ, ફલોરાઇડ એપ્લીકેશન, સરળ રીસ્ટોરેશન વગેરે આપવામાં આવે છે. જ્યારે ચતુર્થ બી.ડી.એસ. ના વિદ્યાર્થીઓને થોડીક અઘરી સારવાર કરવી, પીટ એન્ડ ફીસર સિલન્ટ લગાવવા વગેરે સારવાર શિખવવામાં આવે છે.
- ઇન્ટર્નસ વિદ્યાર્થીઓને તેમના એક મહિનાના પોસ્ટીંગ દરમ્યાન સ્પેશિયલાઇઝ્ડ ટ્રીટમેન્ટ જેમ કે દાંતની નસની સફાઇ તેમજ સ્પેશિયલ મટીરીયલનો ઉપયોગ શિખવવામાં આવે છે. ઇન્ટર્ન્સ તેમના એક મહિનાના પોસ્ટીંગ દરમ્યાન તેમને લીટ્રેચર રીવ્યૂ (ચોપડી, આર્ટીકલ વગેરેના છપાયેલા કોઇ એક વિષય ઉપર નવી તથા જુની વિગત ઉપર નિબંધ લખવો), સ્પેશીયલ કેસ તૈયાર કરવા વગેરે જેવી શૈક્ષણિક એક્ટીવીટી કરાવવામાં આવેલ છે.
- ડિપાર્ટમેન્ટ આ સાથે મહિનાના ૪ થી ૫ શાળા ડેન્ટલ કેમ્પનું આયોજન કરે છે. જેમાં શાળામાં લઇને દંતચિકીત્સક દ્વારા તપાસ કરાવામાં આવે છે તથા દાંતના સંભાળનું પોસ્ટર્સ, પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન તથા મોડેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિભાગ દ્વારા ૧૪ નવેમ્બર ૨૦૧૬ ના રોજ બાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તે દિવસે વિભાગની મુલાકાતે આવેલ બાળકો માટે ચિત્ર સ્પર્ધા અને દાંતની માવજત કેવી રીતે રાખવી તેની જાણકારી આપતી જુદીજુદી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેનારને યોગ્ય ઇનામ આપવામાં આવ્યું હતું.

ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લીક હેલ્થ ડેન્ટીસ્ટ્રી

સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવૃતિઓ :-

- સ્નાતક વિદ્યાર્થીઓ હંમેશના અભ્યાસ સિવાય પોસ્ટીંગ દરમ્યાન બે દિવસ તેઓને જાહેર જનતાને લાભાર્થે અલગ-અલગ વિસ્તારમાં દાંતના રોગોના મફત નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે.
- તે ઉપરાંત કમ્યુનિટી કેમ્પમાં લોકોને તથા શાળામાં કરવામાં આવતાં કેમ્પનાં વિદ્યાર્થીઓને દાંતના, પેઢાનાં, જડબાના તમામ અને જડબાના રોગો ન થાય એ માટે જાગૃતા કેળવવા માટે અધ્યાપકના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.
- દાંતની હોસ્પીટલમાં આવતાં દર્દીઓ સાથે આવતાં સગાવ્હાલા માટે દાંતની પેઢાની તથા જડબાને લગતી તમામ માહિતી મળી રહે તે માટેનું મ્યુઝિયમ તૈયાર કરવામાં આવે છે. અને તેમાં AUDIO-VISUAL GUIDANCE આપવામાં આવે છે.

ફેકલ્ટી

૧. પબ્લિક હેલ્થ ડેન્ટીસ્ટ્રી ડિપાર્ટમેન્ટ દ્વારા નિયત કરેલ ભાઈપુરા, રખિયાલ તથા નિકોલ અર્બન હેલ્થ સેન્ટર પર દર અઠવાડીયે મફત દાંતના રોગોનું નિદાન કરવામાં આવેલ છે.

૨. નિયત કરેલ અર્બન હેલ્થ સેન્ટર સિવાય ઓગષ્ટ ૨૦૧૬ થી જુલાઇ ૨૦૧૭ સુધીમાં આશરે ૩૫ જેટલી શાળા તથા ૩૧ જેટલાં વિવિધ કોમ્યુનીટી કેમ્પ કરવામાં આવેલ છે.

૩. દરેક સ્કુલના બાળકોને દાંતના રોગો વિશે અને મોં ના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટેનું માર્ગદર્શન આપવામાં આવેલ છે.

૪. જેતલપુરના આંગણવાડીના વર્કરોને દાંતના રોગો વિશે અને મોંના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટેનું માર્ગદર્શન આપવામાં આવેલ છે.

૫. **સ્પેશીયલ કેમ્પઃ**- વૃધ્ધાશ્રમો, પોલીસ સ્ટેશન, મંદિર, ફેક્ટરીઓ, ગામડાઓ વગેરે જેવી જગ્યાઓએ દાંતના ચેક-અપ અંગેના ફ્રી કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

૬. પબ્લિક હેલ્થ ડેન્ટીસ્ટ્રી દ્વારા વાંચ અને ધામત્વણ ગામ દસ્તક લેવામાં આવેલ છે.

   I. મોઢાના રોગોનું નિદાન.
   II. દાંતમાં થતા સામાન્ય રોગો જેવા કે સડો, પાયોરિયા, વાંકાંચૂકાં દાંત, ન રૂઝાતું ચાંદુ, વારંવાર પડતા ચાંદા અંગેની જણકારી.
   III. કેન્સર (કર્કરોગ) ના પહેલા તબક્કામાં જોવા મળતા મોઢાના નિશાનો.
   IV. શારિરીક રોગોને કારણે થતી મોઢાની બિમારી અંગેની જાણકારી.
   V. દાંતના રોગોને કારણે શારિરીક સ્વાસ્થ્ય પર થતી અસરોનું શિક્ષણ.
   VI. બ્રશ કરવાની યોગ્ય રીત અને તે વિશેની જરૂરી જાણકારી.
   VII. પૌષ્ટિક આહાર તેમજ યોગ્ય પોષણની દાંત તથા પેઢાના સ્વાસ્થ્ય પર થતી અસરોનું શિક્ષણ.
   VIII. આંગણવાડીના કાર્યકરો તેમજ શિક્ષણગણને બ્રશ કરવાની યોગ્ય પધ્ધતિઓ અને દાંતના રોગો અટકાવવા બાબતની તાલીમ.

૭. ૭ એપ્રિલ ૨૦૧૬ ના રોજ વાંચ તથા ધામત્વણ ગામમાં વર્લ્ડ હેલ્થ ડે ની ઉજવણી કરવામાં આવેલ હતી.

૮. ૩૧ મે ૨૦૧૭ ના રોજ ભાઈપુરા અર્બન હેલ્થ સેન્ટર ખાતે No. Tobacco Day ની ઉજવણી કરવામાં આવેલ હતી.

૯. ૫ જુન ૨૦૧૭ ના રોજ એ.એમ.સી.ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ ખાતે વૃક્ષા રોપણ કરી વર્લ્ડ એન્વાયરમેન્ટ ડે ની ઉજવણી કરવામાં આવેલ હતી.

૧૦. એ.એમ.સી.ડેન્ટલ કોલેજ ખાતે ઈન્ટર્ન્સ માટે યોજાયેલ શોકેસ-૨ પ્રોગ્રામમાં તથા ડેન્ટીસ્ટ્રી સ્પર્ધામાં ડિપાર્ટમેન્ટલ સ્ટાફના માર્ગદર્શન હેઠળ બંને પ્રઝન્ટેશન્સ ને પ્રથમ ઈનામ મળેલ હતું.

૧૧. ડિપાર્ટમેન્ટલ સ્ટાફ દ્વારા નીચે જણાવેલ પાંચ વિષય પર સર્વે ચાલી રહ્યો છે.

I. Knowledge, Attitude and Practices of Dental Students towards HIV AIDS of AMC Dental College & Hospital, Ahmedabad, Gujarat- A cross Sectional Study
II. A Study of forensic Odontology as future perspective among private dental practioners of Ahmedabad, Gujarat- A cross Sectional Study
III. Oral hygiene practices and factors affecting oral health service utilization among children (6-13 Years) of Nikol Ward of cast cone of Ahmedabad, Gujarat.
IV. A survey on the knowledge and opinions regarding the application of stem cells in dentistry amongst private dental practioners of Ahmedabad, Gujarat.
V. A survey on Environmental awareness and responsibilities amongst the students of H.L. College of Commerce, Ahmedabad, Gujarat.
VI. Evaluation of genetic and life style factors effect on childhood obesity & dental carries in 6-14 years old school going children of Ahmedabad city- A cross Sectional Study .
VII. Knowledge, Attitude and Practices regarding management of dental trauma among primary school teachers in Ahmedabad city.

ડિપાર્ટમેન્ટ ઓફ ઓરલ એન્ડ મેક્સીલોફેસીયલ સર્જરી
(દાંત પાડવાનો અને જડબાની સર્જરીનો વિભાગ)

<u>પ્રસ્તાવના :</u>

ઓરલ સર્જરી વિભાગ અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના દંત રુગ્ણાલય વિભાગમાં શરૂ કરવામાં આવ્યો છે. જેમાં દાંત કઢાવવાથી લઇ નાની મોટી દાંત અને જડબાની સર્જરી તથા જડબાનાં Fecture ની સારવાર કરવામાં આવે છે.

કલીનીકલ વિભાગની માહિતીઃ

- ઓરલ સર્જરી વિભાગ અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ના દંત રુગ્ણાલય વિભાગમ ૧ એપ્રિલ ૨૦૧૬ થી ૩૧ માર્ચ ૨૦૧૭ સુધીમાં ૩૫૮૪૪ દર્દીઓની ઓ.પી.ડી. માં નિદાન આપવામાં આવેલ છે.
- ઓરલ સર્જરી વિભાગ સાથે અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ ઓપરેશન થિયેટર અને વોર્ડ જોડાયેલ છે.
- આ વિભાગમાં ૧ એપ્રિલ ૨૦૧૬ થી ૩૧ માર્ચ ૨૦૧૭ સુધીમાં કુલ ૧૮૪૬૩ દર્દીઓનાં દાંત કાઢવાની સારવાર થયેલ છે.
- આ વિભાગમાં ૧ એપ્રિલ ૨૦૧૬ થી ૩૧ માર્ચ ૨૦૧૭ સુધીમાં ૧૪૦૩ દર્દીઓનાં ડહાપણની દાઢ કઢાવવાની, એલવીયોટાપ્લાસ્ટી, પરુ કઢાવવાની, અપાય સેકટોમી જેવી નાની સર્જરીઓ કરવામાં આવેલ છે.
- આ વિભાગમાં ૧ એપ્રિલ ૨૦૧૬ થી ૩૧ માર્ચ ૨૦૧૭ સુધીમાં ૧૧૧ દર્દીઓનાં મુશ્કેલ દાંત કઢાવવાની રસોળી કઢાવવાની ફેકચર થયેલા જડબાની પ્લેટ મૂકવાની, ગાંઠ કાઢવાની કોસ્મેટીક/ આર્થોગ્નેથીક સર્જરી જેવી મોટી સર્જરી કરવામાં આવેલ છે.

એકેડમીક વિભાગની માહિતીઃ-

- ઓરલ સર્જરી વિભાગ તૃતીય વર્ષ બી.ડી.એસ. તથા ચોથા વર્ષના બી.ડી.એસ.ના વિદ્યાર્થીઓને દર્દીઓની સારવાર અંગે શૈક્ષણિક અને અને સચોટ નિદાન માટે પુરતુ માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓ દ્વારા પ્રોજેક્ટ વર્ક અને જડબાના મોડલ વર્ક કરાવવામાં આવે છે.
- આ વિભાગમાં આવતા દરેક દર્દીઓને વિદ્યાર્થીઓ દ્વારા તપાસવામાં આવે છે તેમજ તેમનુ નિદાન કરીને જરૂરી સારવાર વિશે માહિતી આપીને તે મુજબ જરૂરી સારવાર (દાંત કઢાવવાની, ડહાપણની દાઢ કઢાવવાની, ફેકચર થયેલા જડબાની પ્લેટ મૂકવાની, ગાંઠ કાઢવાની કોસ્મેટીક/ આર્થોગ્નેથીક સર્જરી, મોઢું બંધ હોય તો ખોલવાની (OSMF), ડેન્ટલ ઇમ્પ્લાન્ટ જેવી વિગેરે કરાવામાં આવે છે.
- ઇમ્પ્લાન્ટના CD પ્રોગ્રામ કરાવવામાં આવે છે.
- ડૉ.રમીતા સુદ, પ્રોફેસર એન્ડ હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ની નિમણુંક વી.એસ. હોસ્પિટલના એથીક્સ કમિટીના મેમ્બર તરીકે થયેલ છે.
- આ વિભાગમાં દર શનિવારે તૃતીય વર્ષના વિદ્યાર્થીઓને નિષ્ણાત ડોકટરો દ્વારા લેકચર લેવામાં આવે છે. જેમાં પ્રેકટિકલ અને થીયરીકલ દર્દીઓના સારવાર અંગેનું શિક્ષણ આપવામાં આવે છે.
- આ વિભાગમાં કલીનીકલ સમય દરમ્યાન વિદ્યાર્થીઓને ડોકટરોની દેખરેખ હેઠળ દર્દીઓની સારવાર કરાવવામાં આવે છે. અને શિક્ષણ આપવામાં આવે છે.
- આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા પોસ્ટર્સ અને સેમિનાર કરાવવામાં આવે છે. દરેક ટર્મના અંતમાં વિદ્યાર્થીઓનું સરેરાશ મૂલ્યાંકન કરવામાં આવે છે.

ઓરલ એન્ડ મેક્સીલોફેસીયલ સર્જરી અનુસ્નાતક (પોસ્ટ ગ્રજ્યુએટ) વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ

(Extractions, Surgery Ext^{n}, Disimpections, Aweoplasties, Minor Surgery, Wiring)

P.G. Part-II	MRUGA	YUSRA	NAIYA
Extractions	599	565	894
SURGICAL EXT^{n}	44	29	30
DISIMPECTIONS	88	82	84
AWEOPLASTIES	17	11	13
MINOR SURGERY	11	9	36
WIRING	20	17	20
LIBRARY DISSERTATION TOPIC	MANAGEMENT AND TREATMENT OF TITANIUM MINIPLATE DESIGN WITH	TEMPOROMANDIBULAR JOINT REPLCAEMENT TREATMENT.	TRANSPORT DISTRACTION OSTEOGENESIS.
THESIS DISSERTATION TOPIC	COMPARATIVE STUDY OF NEW TITANIUM MONIPLATE DESIGN WITH CONVENTIONAL MINIPLATE FOR TREATMENT OF MANDIBULAR FRACTURE.	EVALUATION OF EFFICACY OF BETA-TRICALCIUM PHOSPHATE AND PRF MEMBRANE OF JAW BONE IN BONY DEFECT.	EVALUATION OF EFFICACY OF ULTRA SONOGRAPHY AS AN ADDITIONAL DIAGNOSIS TOOL FOR DECIDING MANAGEMENT PROTOCOL OF ODONTOGENIC
P.G. Part-II			
બધી જ Preclinical Exercises કરે છે.			

ઓરલ એન્ડ મેક્સીલોફેસીયલ સર્જરી અનુસ્નાતક (પોસ્ટ ગ્રજ્યુએટ) વિદ્યાર્થીઓનો

વાર્ષિક અહેવાલ

(Extractions, Surgery Ext^{n}, Disimpections, Aweoplasties, Minor Surgery, Wiring)

P.G. Part-III	ITISHREE	GAURAV	BALU
Extractions	818	441	563
SURGICAL EXT^{n}	30	27	43
DISIMPECTIONS	221	208	153
AWEOPLASTIES	13	7	13
MINOR SURGERY	15	25	20
WIRING	14	6	6
LIBRARY DISSERTATION TOPIC	RECONSTRUCTION OPTIONS FOR POST-TRAUMATIC SOFT TISSUE FACIAL	SURGICAL TECHNIQUES OF CLEFT PLATE REPAIR.	MAXILLARY ORTHOGNATHIC PROCEDURES.
THESIS DISSERTATION TOPIC	EVALUATION OF THE BUCCAL CRESTAL BONE LEVELS AFTER IMMEDIATE PLACEMENT OF IMPLANTS	COMPARATIVE STUDY OF EFFICACY OF BROMELAIN AND SERRATIOPEPTIDASE ON PAIN, TRISMUS AND SWELLING AFTER SURGICAL REMOVAL OF IMPECTED LOWER THIRD MOLAR AS ADD	ASSESSMENT OF RECOVERY IN MAXILLOFACIAL SURGERY PATIENTS UNDERGOING INTRAVENOUS CONSCIOUS
P.G. Part-III			
બધી જ Preclinical Exercises કરે છે.			

ઓરલ મેડીસીન, ઓરલ ડાયગ્નોસીસ એન્ડ ડેન્ટલ રેડીયોલોજી વિભાગ

- ઓરલ મેડીસીન વિભાગમાં તૃતીય વર્ષ બી.ડી.એસ. તથા ચતુર્થ વર્ષ બી.ડી.એસ.નાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું કામ કરવામાં આવે છે.
- જેમાં લેકચર તેમજ સેમીનાર દ્વારા પુરતું માર્ગદર્શન આપવામાં આવે છે.
- તેમજ આ વિભાગમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રોજેકટ વર્ક પણ કરવામાં આવે છે.
- રેડીયોલોજી વિભાગમાં વિદ્યાર્થીઓને દર્દીઓનાં એકસ-રે નિષ્ણાંત ડોક્ટર્સ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. જેમાં IOPA અને OPG ના મશીન વિશે પણ પુરતું જ્ઞાન આપવામા ંઆવે છે. અને Radiation safety પણ શીખવવામાં આવે છે.
- આ ઉપરાંત ઓરલ મેડીસીન ટર્મની પુર્ણતાની વખતે Assesment પણ લેવામાં આવે છે.
- આ વિભાગમાં દરેક નવા દર્દીઓને તપાસવામાં આવે છે. ત્યારબાદ તેમનું નિદાન કરીને તેમજ જરૂરી સારવારનો ખ્યાલ આપવામાં આવે છે. અને તેને લગતા વિવિધ વિભાગોમાં મોકલવામાં આવે છે.

- આ વિભાગમાં દર્દીઓને દવા પણ લખી આપવામાં આવે છે. અને તબક્કાવાર બોલાવીને દાંત, પેઢા, જડબા,હાડકા અને નસને લગતા રોગની સારવાર આપવામાં આવે છે.
- આ વિભાગમાં રોજનાં ૧૫૦-૨૦૦ નાં હિસાબે દર્દીઓને તપાસીને તેમને જરૂરી સારવાર માટે તેને લગતા વિવિધ વિભાગોમાં મોકલવામાં આવે છે.
- વર્ષ એપ્રિલ ૨૦૧૬ થી માર્ચ ૨૦૧૭ સુધી કુલ જુના કેસ તેમજ નવા કેસ ૫૮૯૧૦ દર્દીઓની તપાસ કરવામાં આવેલ છે.
- એકસ-રે વિભાગમાં રોજના ૧૦૦ થી ૧૫૦ (IOPA) તેમજ Occlusal OPG તમજ Extra Oral Radiograph (આંશરે ૧૦ થી ૧૫)રોજના હિસાબે કાઢવામાં આવે છે. જેના આધારે અન્ય વિભાગોમાં સારવાર અપાય છે.
- અસાધારણ અને અસામાન્ય રોગનાં દર્દીઓનાં રોગનું નિદાન કરવા માટે લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવે છે. આવા કેસોનું સંશોધન કરવામાં આવે છે. તેમજ કેસ રિપોર્ટ કરવામાં આવે છે.
- મોઢાનાં કેન્સનાં દર્દીઓને તપાસીને જો નિદાન કેન્સર થાય તો તેમને કેન્સર હોસ્પિટલમાં અથવા ઓરલ સર્જરી વિભાગમાં મોકલવામાં આવે છે. દિવસ માં ૪ થી ૫ દર્દીઓમાં કેન્સરનું નિદાન થાય છે.
- પ્રિ-કેન્સરસ લિઝન (Pre-cancerous-lesion) એટલે કે કેન્સર પહેલાની અવસ્થાનું નિદાન ખુબજ અગત્યનું છે. કારણે કે આ તબક્કે જો સમયસર નિદાન અને સારવાર આપવામાં આવે તો તેમાંથી કેન્સર થતું અટકાવી શકાય છે.
- આ વિભાગમાં આવા દર્દીઓને તમાકુનાં સેવનથી થાતા કેન્સર અને કેન્સર અગાઉની અવસ્થાનું સચિત્ર નિરૂપણ કરાવી તેને અટકાવવાની પધ્ધતિ બતાવવામાં આવે છે.
- આ વિભાગ માં (Pre-cancerous lession) અને તેના ઉપચારો પર સંશોધન કરવામાં આવે છે.
- તમામ દર્દીઓ જોડે માનવીય અભિગમ અપનાવીને આ વિભાગમાં કામ કરવામાં આવે છે.
- ઇન્ટર્નશીપ કરતા વિદ્યાર્થીઓને દર્દીના સચોટ નિદાન તેમજ સારવાર માટે પુરતુ માર્ગદર્શન આપવામાં આવે છે.
- રેડીયોલોજી વિભાગમાં વિદ્યાર્થીઓને દર્દીઓના એક્સ-રે નિષ્ણાંત ડૉક્ટર્સ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.IOPA, OPG તેમજ Lateral ceph તેમજ દરેક પ્રકારના Extra-Oral Radiograph તેમજ મશીન વિશે પુરતુ જ્ઞાન આપવામાં આવે છે.
- આ વિભાગમાં ઇન્ટર્ન ડૉક્ટર્સને Intralesional injection (જે OSMF) ની સારવારનો એક ભાગ છે. તે શીખવવામાં આવે છે.
- ઇન્ટર્ન ડૉક્ટર્સને બાયોપ્સીનું ડેમોસ્ટ્રેશન આપીને Pre cancerous / cancerous દર્દીની બાયોપ્સી લેવામાં આવે છે અને ઓરલ પેથોલોજી વિભાગમાં મોકલવામાં આવે છે.

ડીપાર્ટમેન્ટ ઓફ કન્ઝર્વેટીવ ડેન્ટીસ્ટ્રી એન્ડ એન્ડોડોન્ટીકસ
(ચાંદી / મુળીયાની સારવારનો વિભાગ)

ઉપરોકત વિભાગ (ચાંદી/ મુળીયાની સારવારનો વિભાગ) માં હાલના વર્ષે એપ્રિલ-૨૦૧૬ થી માર્ચ ૨૦૧૭ માં મુખ્યત્વે બે કામ થાય છે.

- બીજા વર્ષ બી.ડી.એસ. થી ચોથા વર્ષ બી.ડી.એસ. તેમજ ઇન્ટર્નશીપના વિદ્યાર્થીઓ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ (પી.જી.) ના વિદ્યાર્થીઓનો અભ્યાસ.
- દર્દીઓની સારવાર
- સેકન્ડ બી.ડી.એસ. નાં પ્રિ-કલીનીકલ કાર્યમાં ડેન્ટલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયાનાં નિયમ મુજબ તેમજ ગુજરાત યુનિર્વસીટીના અભ્યાસક્રમ પ્રમાણેનાં તેમનાં વિવિધ મુદ્દા પરના લેકચર્સ તેમજ તેમનાં ૨૦૦ કલાક થી વધુનાં પ્રીકલીનીકલ પ્રેકટીકલ કાર્ય કરાવાય છે. જેમાં પ્લાસ્ટર કયુબ, દાંતનાં પ્લાસ્ટર મોડેલ, એકસ્ટ્રેકટેડ ટુથ, આઇવરી ટુથ પરનાં ડેમોસ્ટ્રેશન અને ત્યારબાદ સ્ટાફનાં માર્ગદર્શન હેઠળ તેમનાં અભ્યાસક્રમનાં નિયમ કવોટાં મુજબ એકસેસાઇઝ કરાવવામાં આવે છે.
- ત્રીજા અને ચોથા વર્ષ(થર્ડ)(બી.ડી.એસ.) ના વિદ્યાર્થીઓને કલીનીકલ વિભાગમાં સ્ટાફ દ્વારા પેશન્ટનાં દાંતમાં ચાંદી પૂરવાનું ડેમોસ્ટ્રેશન આપવામાં આવે છે. તેમને દર્દીઓનું નિદાન તેમજ તે પ્રમાણેની સારવાર કરાવવામાં આવે છે.
- ફાઇનલ બી.ડી.એસ. પાસ કર્યા બાદ ઇન્ટર્નશીપમાં આવતાં વિદ્યાર્થીઓને એન્ટીરીયર આર.સી.ટી., કમ્પોઝીટ, પોસ્ટ એન્ડ કોર, બ્લીચીંગ, ઇનલે અને ઓનલે જેવી સારવારના ડેમોન્સ્ટ્રેશન અને દર્દીઓની સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- સમગ્ર વર્ષ દમ્યાન વિદ્યાર્થીઓનાં ગ્રુપ ડીસકશન તથા સેમિનાર લેવામાં આવે છે.
- દરેક વિદ્યાર્થીઓને પ્રોજેકટ વર્ક આપવામાં આવે છે. જેમાં ફેકલ્ટીના માર્ગદર્શન હેઠળ વિષય સંબંધી એડવાન્સ ડેન્ટલ મટીરીયલ, ઇન્સ્ટ્રુમેન્ટ, સારવાર વિશેની માહિતી આપી મોડેલ તથા પોસ્ટર વર્ક કરાવવામાં આવે છે.
- વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓની પ્રથમ, દ્રિતીય અને તૃતિય ઇન્ટરનલ પરીક્ષા તેમજ વર્ષના અંતે પ્રીલીમ પરીક્ષા લેવામાં આવે છે.
- મેજર અને માઇનોર એમ દરેક વર્ષના વિદ્યાર્થીઓનું આ રીતે શેક્ષણિક કાર્ય સમય પત્રક મુજબ આયોજન કરવામાં આવેલ છે.
- આ ઉપરાંત ૨૦૧૫ માં પી.જી. ઇન્સ્પેક્શન (બે) ક્લીયર કરેલ છે. (પ્રથમ વર્ષ અને બીજુ વર્ષ)

કન્ઝર્વેટીવ ડેન્ટીસ્ટ્રી એન્ડ એન્ડોડોન્ટીકસ અનુસ્નાતક (પોસ્ટ ગ્રજ્યુએટ) વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ

(RCT, Restoration, Surgery, Library Dissertation, Dissertation Topic)

P.G. Part-II

P.G PART-II	NIYATI	EKTA	AMI
RCT	68	83	70
Restoration	46	54	63
Surgery	7	7	7
Library Dissertation	Bioactive materials	Instrument separation	Smile design
Dissertation Topic	Comparative evaluation of efficacy of different file systems in re-treatment procedure in removal of root filling material :An in vitro study	Comparative evaluation of different apex locaters as a diagnostic tool to detect root perforations :An in vitro study	Comparative evaluation of apical debris extrusion using different file systems: An in vitro study

કન્ઝર્વેટીવ ડેન્ટીસ્ટ્રી એન્ડ એન્ડોડોન્ટીકસ અનુસ્નાતક (પોસ્ટ ગ્રજ્યુએટ) વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ

(RCT, Restoration, Surgery, Library Dissertation, Dissertation Topic)

P.G. Part-III

P.G PART-III	NISHANT	JAY	ZEBA
RCT	211	163	130
Restoration	100	80	85
Surgery	1	1	1
Library Dissertation	Pain of non-odontogenic origin	Regenerative Endodontics	Endodontic microbiology
Dissertation Topic	An vitro comparative evaluation of dentinal micro cracks formation with different file systems	Comparative evaluation of depth of care between different bulks.care composite resins an in vitro study	An invitro comparative evaluation of safety of various intracanal irrigation systems

દર્દીઓની સારવાર

અહી વર્ષ એપ્રિલ-૨૦૧૬ થી માર્ચ ૨૦૧૭ સુધી કુલ ૪૧૭૩૧ દર્દીઓનું નિદાન તેમજ પ્રાથમિક સારવાર કરવામાં આવેલ છે. જેમાં ૧૭૩૨૪ દર્દીઓની સમય આપીને જુદી-જુદી સારવાર કરવામાં આવી છે.

જેમાં મુખ્યત્વે દર્દીના દાંતમાં :-

- ચાંદી ભરવાનું
- મૂળિયાની સારવાર
- દાંતના કલરનું આધુનિક મટીરીયલ ભરવાનું
- ઈમરજન્સી એબસેસ ડ્રેઈનેજ
- આધુનિક પધ્ધતિથી મૂળિયાંની સારવાર
- બ્લીચીંગ
- પોસ્ટ એન્ડ કોર
- વીનીયરીંગ
- માઈનોર એન્ડોડોન્ટીક સર્જકી કરવામાં આવે છે.

ઓરલ પેથોલોજી અને ઓરલ એનાટોમી એન્ડ હિસ્ટોલોજી

એ.એમ.સી. ડેન્ટલ કોલેજ ખાતે આવેલ ઓરલ પેથોલોજી અને ઓરલ એનાટોમી એન્ડ હિસ્ટોલોજી વિભાગ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને બી.ડી. એસ. શિક્ષણ પુરૂ પાડે છે. આ માટે ગુજરાત યુનિર્વસીટીના સીલેબસ ને અનુસરીને વિદ્યાર્થીઓને ટ્રેઈનીંગ અપાય છે. જેમાં ડેન્ટલ કોલેજ ખાતે કલાસ રૂમ માં લેકચર, પ્રેકટીકલ, ડેમોન્ટ્રેશન વિગેર આપવામાં આવે છે. આ ઉપરાંત ઈન્ટર્નલ તથા યુનિર્વસીટીની પરીક્ષાઓનું પણ આયોજન કરવામાં આવે છે.

ઓરલ પેથોલોજી ડિપાર્ટમેન્ટમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિક્ષણની વિગત નીચે મુજબ છે.

૧. પ્રથમ બી.ડી.એસ. ના વિદ્યાર્થીઓને કુલ ૬૪ લેકચર ૨૦૧૬-૧૭ માં લેવાયેલ છે. જેમાં તેમને દાંતની એનાટોમી (રચના) તથા તેની ઉપયોગીતા વિશે પૂર્ણ માહિતી આપવામાં આવેલ છે.

૨. પ્રથમ વર્ષ બી.ડી.એસ. માં વિદ્યાર્થીઓને દાંત તથા પેઢાની પૂર્ણ માઈક્રોસ્કોપીક એનાટોમીનું અધ્યન માઈક્રોસ્કોપીક સ્લાઈડઝ દ્વારા જ્ઞાન આપવામાં આવે છે. જેના કુલ ૭૪ પ્રેકટીકલ વર્ષ ૨૦૧૬-૧૭ માં લેવાયેલ છે.

૩. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને મીણના બ્લોકમાંથી દાંતની આકૃતિ બનાવવાની ટ્રેઈનીંગ આપવામાં આવેલ છે. જેનાથી દાંતની સરચનાની પૂર્ણ જાણકીરી મળે છે.

૪. તૃતિય વર્ષના વિદ્યાર્થીઓને દાંત તથા પેઢાના રોગની પેથોલોજીના કુલ ૬૦ લેકચર વર્ષ ૨૦૧૬-૧૭માં લેવાયેલ છે. જેમાં દાંત તથા પેઢાના રોગની પૂર્ણ જ્ઞાન આપવામાં આવેલ છે.

૫. તૃતિય વર્ષના વિદ્યાર્થીઓને Specimen (સ્પેશીમેન) તથા સ્લાઈડ્ઝ દ્વારા દાંત તાથા પેઢાના રોગની પેથોલોજી માઈક્રોસ્કોપ અધ્યન કરાવવામાં આવેલ છે. જેના કુલ ૭૨ પ્રેકટીકલ ૨૦૧૬-૧૭ વર્ષમાં લેવામાં આવેલ છે.

૬. પ્રથમ તથા તૃતિય વર્ષના વિદ્યાર્થીઓના અવલોકન કરવા વર્ષમાં ત્રણ પરીક્ષા કસોટી લેવામાં આવે છે. જેથી કરીને વિદ્યાર્થી યુનિર્વસીટી પરીક્ષા માટે પૂર્ણ રૂપી તૈયારી થઇ જાય અને સારા અંકોથી ઉતિર્ણ થાય.

૭. હોસ્પિટલના અન્ય વિભાગોમાંથી વિવિધ રોગોના નિદાન માટે બાયોપ્સી ટીશ્યુનો કેમીકલ પ્રોસેસ કરીને માઈક્રોસ્કોપ દ્વારા નિરીક્ષણ કરવામાં આવે છે. જેથી કરીને દર્દીના રોગોનું સચોટ નિદાન થઇ શકે.

૮. ઈન્ટર્નસ વિદ્યાર્થીઓને દાંતનું ગ્રાઉન્ડ સેકશન બનાવવું, ડાયાબીટીસના દર્દીઓની લોહીની તપાસ કરવી, બાયોપ્સીના સ્પેસીમેન કલેક્ટ કરવા, પેથોલોજીવાળી મોઢાની કાસ્ટ લેવી અને સેમીનાર આપવા.

૯. ઈર્ન્ટન્સના વિદ્યાર્થીઓએ શોકેસના બે પ્રેજન્ટેશન તેમજ ડેન્ટોઆર્ટ પ્રદર્શિત કરેલ. તેમજ સ્ટાફ મેમ્બર્સઓએ ઘણી વર્કશોપ વર્ષ દરમ્યાન એટેન્ડ કરેલ છે.

Rendom Blood Sugar: - (April-16 to March-17) Total Patients – 1828

ઓર્થોડોન્ટીકસ વિભાગ
(વાંકા-ચૂકા દાંતના સારવારનો વિભાગ)

એ.એમ.સી.ડેન્ટલ કોલેજમાં ઓર્થોડોન્ટીક્સ વિભાગ આવેલ છે. જેમાં ઓર્થોડોન્ટીક્સ વિષયનો અભ્યાસ કરાવવામાં આવેલ છે. જેનું બે વિષયમાં વિભાજન કરવામાં આવેલ છે.

૧. પ્રી કલીનીકલ

૨. કલીનીકલ

પ્રી-કલીનીકલ વિભાગ :-

આ વિભાગમાં તૃતિય અને ચોથા વર્ષના વિદ્યાર્થીઓને વાંકાચૂકા દાંત સીધા કરવા માટે વપરાતાં વિવિધ પ્રકારના તાર (Wire) તથા દર્દી દ્વાર કાઢી તેમજ પહેરી શકાય તથા ઉપકરણોનું પરિક્ષણ આપવામાં આવે છે. વાંકા-ચૂકા દાંતની સારવાર કરતાં પહેલા લેવામાં આવતાં રેકોર્ડસ (Records) જેવા કે એક્સ-રે, ફોટોગ્રાફસ, જડબાના માપ વગેરેનું પદ્ધતિસર વિશ્લેષણની તાલીમ આપવામાં આવે છે.

તૃતિય વર્ષમાં વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ (૨૦૧૬-૨૦૧૭)

	કલાક	હાજરી
Orthodontics Lecture	35	70%
Orthodintics Preclinical	60	70%

આ વિષયનો અભ્યાસ તૃતિય વર્ષથી કરાવવામાં આવે છે અને વિદ્યાર્થીઓના ચોથા વર્ષ દરમ્યાન આ વિષયની પરીક્ષા આપે છે. સ્નાતક વિદ્યાર્થીઓના પ્રશિક્ષણ માટે લેક્ચર્સ, ગૃપ ડીક્સશન, બહુવિકલ્પી પશ્નોત્તર વગેરે જેવાં વિવિધ ઈન્ટરેક્ટીવ શેસન્સ પણ લેવામાં આવે છે. વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દિલ્હી દ્વારા અનુસ્નાતક અભ્યાસક્રમને મંજૂરી મળેલ છે

કલીનીકલ વિભાગઃ-

- આ વિભાગમાં વાંકા-ચૂકા દાંત તથા જડબાની સારવાર કરવામાં આવે છે. જેમાં ઈન્ટર્નશીપના વિદ્યાર્થીઓ દર્દીઓની તપાસ અને સારવાર વિશે શિખવવામાં આવે છે. આ વિભાગમાં વિદ્યાર્થીઓ અને દર્દીઓને માહિતી માટે સ્ટાફ દ્વારા મ્યુઝિયમ બનાવવામાં આવેલ છે. જેના વિવિધ પ્રકારોના મોડલ્સ, અપ્લાયન્સ, ચાર્ટ-પોસ્ટર્સનો સમાવેશ થાય છે.
- આ વિભાગમાં દર્દી દ્વારા કાઢી શકાય તથા પહેરી શકાય તેવાં ઉપકરણો દ્વારા અને ફિક્સ ઉપકરણો દ્વારા સારવાર આપવામાં આવે છે.

વાર્ષિક ઓ.પી.ડી. :- ૧૩૧૮૮

સરેરાશ રોજની ઓ.પી.ડી. :- ૪૫

– આ વિભાગમાં સ્ટાફની સાથે સાથે અનુસ્નાતક વિદ્યાર્થીઓ દ્વારા પણ સ્ટાફના માર્ગદર્શન હેઠળ દર્દીઓની તપાસ અને સારવાર કરાવવામાં આવે છે.

– અનુસ્નાતક વિદ્યાર્થીઓના ઉચ્ચગણવત્તા તથા અધુનિક પધ્ધતિસરથી તાલીમ અને પ્રશિક્ષણ માટે લેક્ચર્સ, ગ્રૂપ ડીક્સશન, જનરલ ક્લબ, બહુવિકલ્પી પશ્નોત્તર, કેસ પ્રેઝન્ટેશન, સેમીનાર જેવા ઈન્ટરેક્ટીવ સેશન્સ પણ લેવામાં આવે છે.

ઓર્થોડોન્ટીકસ અનુસ્નાતક (પોસ્ટ ગ્રજ્યુએટ) વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ

P.G. Part-II

P.G.PART- II	MALVI	KRUPESH	MEET
FIXED	32	18	-
REMOVABLE	8	3	-
FUNCTIONAL	1	0	-
SPECIAL CASES	5	0	-
SEMINAR	6	5	-
JOUNRAL CLUB	2	2	-
LIBRARY DISSERTATION TOPIC	DR VINCET KOCKICH CONTRIBUTUON IN ORTHODONTICS	DR.T.BACCETTI CONTRIBUTION IN ORTHODONTICS	-
THESIS DISSERTATION TOPIC	COMPARISON ON EVALUATION OF STRESS PATTERNS & TOOTH DISPLACEMENT ON INTRUSION OF MAXILLARY POSTERIOR SEGMENT BY SKELETAL ANCHORAGE SYSTEM(SAS)&HIGH PULL HEADGEAR A 3D FINITE ELEGANT STUDY	CO-RELATION OF CRANIOFACIAL FORM WIDTH CEPHALOMETRIC & FACIAL PHOTOGRAPIC MEASUREMENTS IN NON-GROWING GUJARATI PATIENTA CROSS SECHONAL STUDY	-

ઓર્થોડોન્ટીકસ અનુસ્નાતક (પોસ્ટ ગ્રજ્યુએટ) વિદ્યાર્થીઓનો વાર્ષિક અહેવાલ

P.G. Part-III

P.G.PART -III	POOJA	BHAGYASHREE	PALAK
FIXED	120	102	95
REMOVABLE	3	2	7
FUNCTIONAL	5	7	1
SPECIAL CASES	15	26	35
SEMINAR	11	9	12
JOUNRAL CLUB	11	6	11
LIBRARY DISSERTATION TOPIC	DIGITAL IMPRESSION	ACCELERATED ORTHODONTICS	AUTO-TRANSPLANTATION
THESIS DISSERTATION TOPIC	DENTOFACIAL CHARNCTERISTICS IN THALASSEMIA PATIENTS A CLINICAL & CEPHALOMETRIC STUDY	CHANGES IN TEMPORO MANDIBULAR JOINT AND MANIDUBULAR MORPHOLOGY WITH FIXED FUNCTION APPLIANCE THERAPY:- A CBCT STUDY	PREDICTION OF LOWER THIRD MOLAR ERUPTION ON PANORAMIN RADIOGRAPHS AND ASSOCIATED ANTEROPOSTERIOR DISCREPANCY – A RADIOGRAPHIC STUDY

લાયબ્રેરી

વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન એ.એમ.સી. ડેન્ટલ કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરીમાં કુલ ૩૩૩૧ પુસ્તકો વસાવવામાં આવેલ છે જેમાં ૯૩૨ પુસ્તકોના ટાઇટલ છે. જેમાં ૪૮૪ ઇન્ટરનેશનલ ટાઇટલ અને ૪૪૮ ઇન્ડિયન ટાઇટલ છે.

- વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૬ સુધીના ૬૪ જેટલા જર્નલ્સના બેક વોલ્યુમ વસાવવામા આવેલા છે. જેમા ઇન્ડિયન-૪૮ અને ૨૬ ઇન્ટરનેશનલ જર્નલ્સ છે.
- વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરીમાં જર્નલ્સ માટે ૧૭,૨૪,૪૧૧/- નો ખર્ચ કરવામાં આવેલ હતો.
- વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માં કુલ -૪૩ જર્નલ્સ ખરીદવામાં આવેલ છે. જેમાં ૧૬ ઇન્ડિયન જર્નલ્સ અને ૨૭ ઇન્ટરનેશનલ જર્નલ્સ છે.
- **EBSCO host – Dentistry and Oral Science Source Databas** રૂ.૫,૩૬,૬૮૬ માં ૩૪૬ જેટલા ઓનલાઇન ઇ- જર્નલ્સ, ઇ-બુકસ, મોનોગ્રામ ખરીદવામા આવેલ છે.જેનો ઉપયોગ સ્ટાફ, વિદ્યાથીઓ તથા અન્ય સ્ટાફ માટે વિના મુલ્યે આપવામાં આવે છે અને તેનો ઉપયોગ લાયબ્રેરીમાં આવેલ કોમ્પ્યુટર લેબ તથા ડિપાર્ટમેન્ટ લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓ/સ્ટાફ તેનો ઉપયોગ સ્ટેટીક આઇપી દ્વારા જોડાયેલ કોમ્પ્યુટરમાં **EBSCO host – Dentistry and Oral Science Source Databas** નો ઉપયોગ કરતાં હોય છે.

- સેન્ટ્રલ લાયબ્રેરીનો સમય સોમ થી શુક્ર સવારે ***૧૦.૦૦ થી ૬ .૦૦*** નો છે અને શનિવારે ૯ .૦૦ થી ૨.૦૦ સુધીનો છે. રીડીંગ રૂમનો સમય સોમ થી શુક્ર સવારે ૮.૦૦ વાગ્યે થી રાત્રીના ૮.૦૦ વાગ્યા સુધી તેમજ રવિવારે સવારે ૮ વાગ્યે થી ૧૦.૦૦ વાગ્યાનો છે.
- સેન્ટ્રલ લાયબ્રેરી બે ફલોરના ૮૨૦૦ ફીટ એરિયામાં ફેલાયેલી છે. જેમાં ત્રણ રીડીંગ રૂમ છે, જેની કેપીસીટી ૪૦૨ વિદ્યાર્થીઓ બેસીને વાંચી શકે તેવી અદ્યતન રીડીંગ ટેબલ-ખુરશી ની સગવડ છે. સેન્ટ્રલ લાયબ્રેરીમાં આ ઉપરાંત બુક સેકશન, જર્નલ્સ સેકશન, સ્ટાફ રીડીંગ રૂમ, ઓડિયો વિઝ્યુઅલ રૂમ, ઇન્ટરનેટ રૂમ બનાવવામાં આવેલ છે.
- સેન્ટ્રલ લાયબ્રેરીમાં ૬ કોમ્પ્યુટર લેન સીસ્ટમ દ્વારા ઇન્ટરનેટ સાથે જોડવામાં આવેલ છે જેનો ઉપયોગ ટીચીંગ સ્ટાફ, વિદ્યાર્થીઓ,નર્સિંગ સ્ટાફ, ટેકનીકલ સ્ટાફ, ઓફિસ સ્ટાફ દ્વારા બહોળા પ્રમાણમાં કરે છે. આ સગવડ યુઝરને વિના મુલ્યે આપવામાં આવે છે જેના દ્વારા યુઝર ઇ-બુકસ, ઇજર્નલ્સ તથા વૈશ્વીક ઇ-રીસોર્સ દ્વારા અદ્યતન જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. આ ઉપરાંત લાયબ્રેરીની કોમ્પ્યુટરથી કાર્યરત કરવા Software for University library (Soul 2.0) વસાવવામાં આવેલ છે. સેન્ટ્રલ લાયબ્રેરીમાં ઓટોમેશનની કામની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ સોફટવેરમાં યુઝર પોતાની જાતે OPAC (ઓનલાઇન પબ્લીક એકસેસ કેટલોગ) દ્વારા લાયબ્રેરીના બુક કેટલોગનો ઉપયોગ કરે તે માટે બુક સેકશન માં એક કોમ્પ્યુટર મુકવામાં આવેલ છે.
- સેન્ટ્રલ લાયબ્રેરીમાં ટીચીંગ સ્ટાફને રેગ્યુલર ઇ- મેઇલ દ્વારા જર્નલ્સના કન્ટેઇન, ફ્રી આર્ટીકલ પબ્લીશર કેટલોગ મોકલવામાં આવે છે.તથા નર્સિંગ સ્ટાફ, ટેકનીકલ સ્ટાફ ઓફિસ સ્ટાફને પ્રિન્ટની સગવડ, કરન્ટ અવરનેશ સર્વિસ, રેફરન્સ સર્વિસ વગેરે આપવામાં આવે છે.
- અત્રેની કોલેજની સેન્ટ્રલ લાયબ્રેરીમાં વર્ષ ૨૦૧૫ થી જીયોનેટ ૪જી વાઇફાઇ સુસજ્જ તેમજ કાર્યરત છે.

૯.૬ એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપી
સને : ૨૦૧૬ - ૨૦૧૭

એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપી સેલ્ફ ફાયનાન્સ કોલેજ છે. જેમાં સને ૧૯૯૯ થી ૩૦ વિદ્યાર્થીઓની ઇન્ટેક કેપેસીટીથી બી.ફીઝીયોથેરાપીનો કોર્સ શરુ કરવામાં આવેલ. ત્યારબાદ ૨૦૦૫ માં ૩૦ સીટોમાં વધારો કરી ૫૦ વિદ્યાર્થીઓની ઇન્ટેક કેપેસીટી કરવામાં આવેલ. જે સાડા ચાર વર્ષનો કોર્સ છે. ત્યારબાદ સને ૨૦૦૬ માં માસ્ટર્સ ઇન ફીઝીયોથેરાપીનો કોર્સ ૧૨ વિદ્યાર્થીઓની ઇન્ટેક કેપેસીટી શરુ કરવામાં આવેલ છે. ૨૦૦૯માં તે સીટો વધારીને ૧૮ કરવામાં આવી. તે બે વર્ષનો કોર્સ છે. કોલેજ ગુજરાત યુનીવર્સીટી, ગુજરાત સરકાર તથા ઇન્ડીયન એસોસીએશન ઓફ ફીઝીયોથેરાપીની માન્યતા ધરાવે છે. દર વર્ષે યુ.જી. તથા પી.જી. ની પરીક્ષા માં ગુજરાત યુનીવર્સીટી ખાતે વિદ્યાર્થીઓ ખુબ સારુ પરીણામ લાવે છે. ડીપાર્મેન્ટ ખાતે ઓર્થોપેડીક, ન્યુરો પીડીટ્રીકના દર્દીઓને સારવાર આપવામાં આવે છે તથા ઇલેક્ટ્રાથેરાપી વિભાગ દ્વારા દર્દીઓને શેકની સારવાર આપવામાં આવે છે.

એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સેલ્ફ ફાયનાન્સ એસ.બી.બી.કોલેજ ઓફ ફીઝીયોથેરાપીની સ્થાપના સને ૧૯૯૯ ના મે માસમાં થયેલ હતી. ફીઝીયોથેરાપી કોલેજમાં સ્નાતક તથા અનુસ્નાતક ફીઝીયોથેરાપી શિક્ષણ આપવામાં આવે છે. આ કોલેજ ગુજરાત રાજ્યની નામાંકિત કોલેજ છે. આ કોલેજ ને ૩૦ ફીઝીયોથેરાપીની સીટોની પ્રથમ માન્યતા મળેલ હતી. પરંતુ સને ૨૦૦૭ માં વધુ ૨૦ સીટોનો વધારો કરી ૫૦ ફીઝીયોથેરાપીની સીટો રાખવામાં આવેલ છે. અત્રેની કોલેજ ને ઇન્ડીયન એસોસીયેશન ઓફ ફીઝીયોથેરાપીની માન્યતા મળેલ છે તેમજ અત્રેની કોલેજ ગુજરાત યુનીવર્સીટી સાથે જોડાણ ધરાવે છે. અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન સંચાલિત વા.સા.જન.હોસ્પિટલ, શા.ચી.લા.જન.હોસ્પિટલ, શ્રી ચી.હ.નગરી મ્યુ.આંખની હોસ્પિટલ તેમજ ટી.બી એન્ડ ચેસ્ટ હોસ્પિટલ ફીઝીયોથેરાપી કોલેજ સાથે સંલગ્ન છે. સને ૨૦૧૬-૨૦૧૭ ના આખરે કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૧ હતી અને ઓગસ્ટથી શરુ થતા સત્રમાં ૫૦ વિદ્યાર્થીઆને પ્રવેશ આપવામાં આવેલ હતો. જેમાં વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન કોલેજના કુલ ખર્ચ ૪,૬૦,૬૭,૦૦૦/- છે. જે ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષ દરમ્યાન રુ.૩,૬૩,૦૯,૦૦૦/- થયેલ હતો. ચાલુ વર્ષની ટયુશન ફી ની આવક રુ.૩,૯૯,૧૬,૦૦૦.૦૦ થઇ છે. સને ૨૦૧૫-૨૦૧૬ના વર્ષ દરમ્યાન રુ. ૩,૫૦,૦૮,૦૦૦.૦૦ થયેલી હતી. આ કોલેજમાં ભણતા ફાઇનલ ઇયર તથા એમ.પી.ટી. ના વિદ્યાર્થીઓને જુદી જુદી ઇન્સ્ટીટયુટની વીસીટ માટે મોકલવામાં આવે છે. કોલેજ ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટનો કોર્સ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને પુરતી સગવડ આપવામાં આવે છે.અહેવાલી વર્ષમાં પ્રથમ વર્ષ બી.પી.ટી. માં ઓગસ્ટ ૨૦૧૬ માં પ્રથમ વર્ષનુ પરીણામ ૬૧.૫% હતું. દ્વિતીય વર્ષનું પરીણામ ૮૩.૬% હતું. તૃતીય વર્ષનું પરીણામ ૭૧.૧% હતું તથા ફાઇનલ વર્ષનું પરીણામ ૯૩.૫% હતું.

કોલેજ ખાતે અનુસ્નાતક ફીઝીયોથેરાપીનો કોર્સ ૧૮ સીટોની માન્યતાથી શરુ કરવામાં આવેલ છે. જેમાં કોલેજ ને ઇન્ડીયન એસોસીએશન ઓફ ફીઝીયોથેરાપીની માન્યતા મળેલ છે તેમજ અત્રેની કોલેજ ગુજરાત યુનીવર્સીટી સાથે જોડાણ ધરાવે છે.અનુસ્નાતક કોર્સમાં ચાર સ્પેશયાલીટી દ્વારા એડમીશ કરવામાં આવે છેજેમાં રીહેબીલીટેશન, ઓર્થોપેડીક ન્યુરોલોજી તથા કાર્ડીયોપ્લ્મોનારી ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. જે

એડમીશન ગુજરાત યુનીવર્સીટીની એન્ટ્રન્સ પરીક્ષા દ્વારા આપવામાં આવે છે. વર્ષ ૨૦૬૨ માં કોલેજ નું અનુસ્નાતક ફીઝીયોથેરાપી નું પરીણામ ૧૦૦% આવેલ હતું.

કોલેજ ખાતે પોતાની અદ્યતન લાયબ્રેરી છે. જેમાં ફીઝીયોથેરાપીને લગતા તથા મેડીકલને લગતા પુસ્તકો તથા જર્નલ્સ રાખવામાં આવેલ છે.

ફીઝીયોથેરાપી ડીપાર્ટમેન્ટ છેલ્લા ૫૦ વર્ષથી વી.એસ.ખાતે કાર્યરત છે. જેમાં મસ્કયુલોસ્કેલેટલ ડીપાર્ટમેન્ટ, ન્યુરોલોજી ડીપાર્ટમેન્ટ (એડલ્ટ, પીડીયાટ્રીક) ઇલેક્ટ્રોથેરાપી ડીપાર્ટમેન્ટ તથા કાર્ડીયોપલ્મોનરી ડીપાર્ટમેન્ટ ચાલે છે. રોજના ૨૭૫ થી વધુ દર્દીઓ જુદી જુદી થેરાપી તથા શેક માટે આવે છે. ડીપાર્ટમેન્ટ માં ન્યુરોલોજી વિભાગમાં નાના બાળકોની સ્પેશ્યલ ટ્રીટમેન્ટ દ્વારા સારવાર આપવામાં આવે છે તેમજ કાર્ડીયોપલ્મોનરી વિભાગમાં હૃદય અને ફેફસાના ઓપરેશન કરાવ્યા બાદની ફીટનેસ માટેના પ્રોગ્રામ ચલાવવામાં આવે છે તથા ઓબેસીટી ક્લીનીક પણ ચાલે છે તથા ઇ.એમ.જી તથા પી.એફ.ટી ના અદ્યતન સાધનો દ્વારા વ્યાજબી દરે ટેસ્ટ કરવામાં આવે છે. આ ડીપાર્ટમેન્ટ માં ભારના સ્ટેટના વિદ્યાર્થીઓ ઇન્ટર્નશીપ કરવા માટે આવે છે.

વર્ષ દરમ્યાન આવેલ દર્દીઓને જુદી જુદી સારવારમાં આપવામાં આાવેલ તેની માહિતી નીચે મુજબ છે.

૧)	ડાયાથર્મી આપેલ દર્દીની સંખ્યા	૨૫૧૫૩
૨)	મેડીકલ કરન્ટ આપેલ દર્દીની સંખ્યા	૪૦૭૮૦
૩)	હાઇડ્રોથેરાપી	-
૪)	કસરત થેરાપી	૩૭૮૮૯૪
૫)	આઇ.એફ.ટી. અને લેસર	૭૯૩૬૯
૬)	શોક વેવ થેરાપી	૨૦૧૭૮
૭)	ઇ.એમ.જી.એન.સી.વી.	૨૦૦૦
૮)	પી.એફ.ટી.	૨૦૦૦

એકેડેમીક પ્રવૃતિ

૧) વિવિધ સ્ટેટ લેવલ તથા નેશનલ લેવલની કોન્ફરન્સમાં કોલેજના પી.જી. વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા રીસર્ચ પેપર પ્રેસન્ટ કરવામાં આવેલ.

૨) કોલેજમાં ૨૦૧૬-૨૦૧૭ માં જુદા જુદા બે વર્કશોપ કરવામાં આવેલ છે.
   ૧) કમ્બાઇન્ડ મેન્યુઅલ થેરાપી ટ્રીટમેન્ટ
   ૨) ન્યુરોડાયનામીક્સ

ગુજરાત યુનીવર્સીટીની પરીક્ષામાં બેઠેલ તથા પાસ થયેલ વિદ્યાર્થીઓની માહિતી દર્શાવતું પત્રક

	જુલાઇ - ૨૦૧૬		
	કુલ વિદ્યાર્થીઓ	પાસ થયેલ વિદ્યાર્થીઓ	ટકાવારી
પ્રથમ વર્ષ બી.પી.ટી.	૫૨	૩૨	૬૧.૫%
દ્વિતીય વર્ષ બી.પી.ટી.	૪૯	૪૧	૮૩.૬%
તૃતીય વર્ષ બી.પી.ટી	૫૨	૩૭	૭૧.૧%
ફાયનલ વર્ષ બી.પી.ટી.	૪૮	૪૫	૯૩.૫%

	જાન્યુઆરી - ૨૦૧૭		
	કુલ વિદ્યાર્થીઓ	પાસ થયેલ વિદ્યાર્થીઓ	ટકાવારી
પ્રથમ વર્ષ બી.પી.ટી.	૧૯	૧૧	૫૭.૮%
દ્વિતીય વર્ષ બી.પી.ટી.	૮	૧	૧૨.૫%
તૃતીય વર્ષ બી.પી.ટી	૧૫	૧૦	૬૬.૬%
ફાયનલ વર્ષ બી.પી.ટી.	૫	૪	૮૦%

૯. ૭ પુસ્તકાલયો-વાંચનાલયો
સને ૨૦૧૬-૧૭

અમદાવાદ શહેરના નગરજનોની જ્ઞાન-પિયાસા સંતોષવા તથા દરેક નાગરિકને દેશ અને દુનિયાની ખબરોથી વાકેફ રાખવા,જાગૃતતા લાવવા,માહિતી અને મનોરંજન તથા જ્ઞાન સાથે ગમ્મતથી સંસ્કાર સિંચનનું અવરિત ઝરણું વહેવડાવવાની સાથે સાથે વાચકોની જ્ઞાનની સીમા વધારવા પુસ્તકાલયો/વાંચનાલયો સદા કાર્યશીલ રહ્યા છે. ઉત્સાહી જ્ઞાનપિયાસુ વાચકો માટે હાલમાં અમદાવાદ શહેરના પાંચ ઝોનમાં જ્ઞાનની પરબ સમાન કુલ-૪૩ પુસ્તકાલયો/ વાંચનાલયો કાર્યરત છે. આ જ્ઞાનની પરબ સમાન પુસ્તકાલય/વાંચનાલયમાં ગુજરાતી,હિન્દી,અને અંગ્રેજી ભાષાઓના કુલ-૧૧૮૮ સામાયિકો તથા કુલ-૩૬૦ દૈનિક વર્તમાનપત્રો મંગાવીને દરેક પ્રકારના વાચક વર્ગની જ્ઞાનપિયાસા સંતોષવા
પુસ્તકાલય ખાતુ હંમેશા પ્રયત્નશીલ રહ્યું છે.

અહેવાલી વર્ષ સને ૨૦૧૬-૧૭ માં ભા.ના. મ્યુ.પુસ્તકાલયમાં ૧૦૦ સભાસદો,મહાત્મા ગાંધી મ્યુ.પુસ્તકાલયમાં ૧૧૦ સભાસદો, ગોવર્ધનરામ ત્રિપાઠી મ્યુ.પુસ્તકાલયમાં ૫૫ સભાસદો એમ કુલ તમામ મ્યુ.પુસ્તકાલયોનો ૨૬૫ સભાસદો ગ્રંથ સંગ્રહનો અવરિત લાભ લેતા રહ્યા છે. જે અમદાવાદ મ્યુનિ.પુસ્તકાલય ખાતાનું ગૌરવ ગણાય.

ઉપરોક્ત પાંચ મ્યુનિ.પુસ્તકાલયમાંથી કોઇપણ વાચક સભ્યપદ મેળવવા ઈચ્છે તો ગ્રંથપાલય નિયત ફોર્મમાં વિગત ભરવા સાથે ચાલુ મ્યુનિ.કાઉન્સીલરશ્રી,મ્યુનિ.કમિશનરશ્રી સહિત મ્યુનિ.હદના સ્કુલ/કોલેજના આચાર્યશ્રી તથા મ્યુનિ.કોર્પોરેશનની કોઇ પણ કમિટીના ચેરમેનશ્રી / ડે.ચેરમેનશ્રી તથા મ્યુનિ.હદમાંથી ચુંટાયેલા વિધાનસભા અને લોકસભાના પ્રતિનીધીશ્રીઓ વિગેરેની સહી/જામીનગીરીથી સભ્યપદ પ્રાપ્ત કરી શકાય.

વર્ષ દરમ્યાન પુસ્તકાલય તેમજ વાંચનાલયમાં દૈનિક સામાયિકો તથા વાચકોની સંખ્યા દર્શાવતુ પત્રક આ સાથે સામેલ છે. વર્ષ દરમ્યાન દૈનિકપત્રો તથા સામાયિકો મંગાવવાનો ખર્ચ રૂ. ૬,૧૬,૫૮૯/- થયેલ છે.

આમ, પુસ્તકાલય ખાતુ સમાજના વિવિધ વાચકો માટે વિશાળ ફલક ઉપર જ્ઞાનની પરબ સમાન પુસ્તકાલયો અને વાંચનાલયો દ્વારા સમાજમાં શિક્ષણ સંસ્કાર સીંચતુ માહિતી અને મનોરંજન પુરૂ પાડતુ તથા લોક કલ્યાણની ભાવના કેળવતુ ઉત્તમ માધ્યમ છે.

પુસ્તકાલયો વાચનાલયોનો ની સંક્ષિપ્ત માહિતી

ક્રમ	વિગત	માહિતી
૧	વાંચન સેવાની શરૂઆત:-	સને-૧૯૭૪
૨	પુસ્તકાલયોની સંખ્યા:-	૧૮
૩	વાચનાલયોની સંખ્યા	૨૬
૪	કુલ પુસ્તકોની સંખ્યા:-	૧૧૯૭૧૫
૫	નવા ઉમેરાયેલ પુસ્તકોની સંખ્યા:-	૦
૬	નવા ઉમેરાયેલ પુસ્તકોની કિંમત રૂપિયા:-	૦.૦૦
૭	કમી થયેલ પુસ્તકોની સંખ્યા:-	૦
૮	કમી થયેલ પુસ્તકોની કિંમત રૂપિયા:-	૦.૦૦
૯	કુલ વર્તમાનપત્રોની સંખ્યા:-	૩૬૦
૧૦	મંગાવવામાં આવતા સામાયિકની સંખ્યા:-	૧૧૮૮
૧૧	વાર્ષિક વર્તમાનપત્રો/સામાયિકોનો ખર્ચ:-	૬૧૬૫૮૯
૧૨	કુલ પુસ્તકાલયોના સભાસદોની સંખ્યા:-	૨૬૫
૧૩	પુસ્તક મોડાઈ દંડની આવક રૂપિયા:-	૧૮૫૧.૦૦
૧૪	સભાસદ અનામત ફી ની આવક રૂપિયા:-	૭૨૨૦.૦૦
૧૫	સભાસદ ફોર્મ ફી ની આવક રૂપિયા:-	૨૬૫.૦૦
૧૬	કુલ વાચનાલયોની વાચક સંખ્યા:-	૪૮૭૩૪૬

વાચનાલયોનો વાર્ષિક વહીવટી અહેવાલ-૨૦૧૬/૨૦૧૭

ક્રમ	શરૂ થયા તા.	વાચનાલયના નામ	વિસ્તાર	સરનામું	દૈનિક સંખ્યા	સામાયિક સંખ્યા	વાચક સંખ્યા
A	B	C	D	E	1	2	3
૧	૧૨/૧૦/૧૯૭૨	પન્નાલાલ પટેલ મ્યુનિ. વાચનાલય	ગોમતીપુર	ગોમતીપુર, અમદાવાદ.૩૮૦૦૨૧	૧૦	૩૬	૧૬૧૨૦
૨	૨૨/૦૭/૧૯૮૪	ભીખુભાઈ ચાવડા મ્યુનિ. વાચનાલય	બહેરામપુરા	સ્વ.શ્રી લીલાધરભદ્ર હોલ પાસે, બહેરામપુરા, અમદાવાદ.૩૮૦૦૨૨	૧૦	૩૬	૭૨૦૫
૩	૧૩/૦૨/૧૯૮૩	કૌટિલ્ય મ્યુનિ. વાચનાલય	અસારવા	અસારવા ચકલા નજીક, અમદાવાદ-૩૮૦૦૧૬	૧૦	૩૬	૧૧૦૫૫
૪	૩૦/૦૭/૨૦૦૨	ચીમનલાલ પુરુષોત્તમદાસ મ્યુનિ. વાચનાલય	જી.ક.પોળ	જીવણકમળશીની પોળ, શાહપુર, અમદાવાદ.૩૮૦૦૦૧	૧૦	૩૬	૧૪૮૬૦
૫	૨૩/૦૯/૧૯૭૯	સુરેન્દ્રભાઈપટેલ(દાસકાકા)મ્યુનિ. વાચનાલય	ઢાળનીપોળ	ઢાળનીપોળ, આસ્ટોડીયા ચકલા, અમદાવાદ.૩૮૦૦૦૧	૧૧	૩૬	૧૫૨૦૪
૬	૧૨/૧૧/૨૦૦૧	શેખાદમ આબુવાલા મ્યુનિ. વાચનાલય	તાનગરવાડ	તાનગારવાડ, જમાલપુર. અમદાવાદ.૩૮૦૦૦૧	૦	૦	૦
૭	૧૨/૧૦/૨૦૦૭	રમણલાલ નીલકંઠ મ્યુનિ. વાચનાલય	મન્સુરી નીચાલ	મન્સુરીનીચાલી, રાજપુર, ગોમતીપુર, અમદાવાદ.૩૮૦૦૨૧	૦	૦	૦

૮	સને/૧૯૫૨	રા.બ.ગી.ઉ.મ્યુનિ. વાચનાલય	ખોડી આંબલી	મ્યુ.ગુજરાતી શાળા નં.-૨૨ પાસે, ખોડીઆંબલી, કાલુપુર, અમદાવાદ.૩૮૦૦૦૧	૧૦	૩૬	૪૦૩૫
૯	૨૨/૦૬/૧૯૮૪	શુન્ય પાલનપુરી મ્યુનિ. વાચનાલય	રાયખડ	સોદાગરનીપોળ, રાયખડ, જમાલપુર, અમદાવાદ.૩૮૦૦૦૧	૧૧	૩૬	૭૬૦૮
૧૦	૨૩/૦૪/૧૯૮૭	રાધા કિશન શર્મા મ્યુનિ. વાચનાલય	સરદારનગર	પોલીસચોકી પાસે, આંબાવાડી, સરદારનગર, અમદાવાદ.૩૮૨૪૭૫	૫	૩૬	૧૧૨૦૮
૧૧	૨૭/૦૮/૨૦૦૭	તીર્થંકર ગાર્ડન મ્યુનિ. વાચનાલય	શાહીબાગ	રાજસ્થાન હોસ્પિટલ સામે, શાહીબાગ, અમદાવાદ.૩૮૦૦૦૪	૯	૦	૬૫૩૫
૧૨	૦૫/૦૯/૨૦૦૭	જેઠાભાઈ ગાર્ડન મ્યુનિ. વાચનાલય	ન્યુ.સિવિલ	ન્યુ સિવિલ હોસ્પિટલ પાસે, જહાંગીરપુરા, અસારવા, અમદાવાદ.૩૮૦૦૧૬	૬	૩૬	૭૨૫૭
૧૩	૦૧/૧૦/૨૦૧૦	વિર સાવરકર મ્યુનિ. વાચનાલય	મેમકો	સ્પોર્ટસ કમ્પાઉન્ડ, મેમકો, નરોડારોડ, અમદાવાદ.૩૮૨૩૪૫	૫	૩૬	૧૩૫૦૭
૧૪	૧૪/૧૧/૨૦૦૯	શકરીબેન ચતુરભાઈ સીની.સીટી.પાર્ક મ્યુનિ. વાચનાલય	ડફનાળા	ડફનાળા, શાહીબાગ, અમદાવાદ.૩૮૦૦૦૪	૭	૦	૧૬૮૨૫

૧૫	૦૯/૦૮/૨૦૧૦	કવિ રમણલાલ વસંતભાઈ દેસાઈ મ્યુનિ. વાચનાલય	નિકોલ	ટી.બી.હોસ્પિટલ નજીક, નિકોલ, અમદાવાદ.૩૮૨૩૫૦	૧૦	૩૬	૧૦૩૦૮
૧૬	૧૬/૦૮/૨૦૧૦	ચંદ્રકાંત બક્ષી મ્યુનિ. વાચનાલય	નવાવાડજ	દેવપથ ફ્લેટ પાછળ, અર્બન હેલ્થ સેન્ટર, નવા વાડજ, અમદાવાદ.૩૮૦૦૧૩	૭	૩૬	૧૫૯૩૫
૧૭	૧૬/૦૮/૨૦૧૦	કવિ દલપતરામ મ્યુનિ. વાચનાલય	રીલીફ રોડ	રીલીફરોડ અમદાવાદ.૩૮૦૦૦૧	૧૧	૩૬	૧૬૪૫
૧૮	૨૦/૦૮/૨૦૧૦	કનૈયાલાલ નથ્થુરામ મ્યુનિ. વાચનાલય	કુબેરનગર	ચંદ્રનગર, કુબેરનગર, અમદાવાદ.૩૮૨૩૪૦	૫	૩૬	૫૭૨૦
૧૯	૨૦/૦૮/૨૦૧૦	ઉમાશંકર જોશી મ્યુનિ. વાચનાલય	શાહીબાગ	સર્કિટહાઉસ સામે, શાહીબાગ, અમદાવાદ.૩૮૦૦૦૪	૧૦	૦	૫૧૯૫
૨૦	૨૫/૦૮/૨૦૧૦	કનૈયાલાલ માણેકલાલ મુન્શી મ્યુનિ. વાચનાલય	ભાઈપુરા	ભાઈપુરા, અમરાઈવાડી, અમદાવાદ.૩૮૦૦૨૬	૦	૦	૦
૨૧	૨૫/૦૮/૨૦૧૦	નરસિંહરાવ દિવેટિયા મ્યુનિ. વાચનાલય	અમરાઈ વાડી	મથુરમાસ્તર ચાર રસ્તા, અમરાઈવાડી, અમદાવાદ.૩૮૦૦૨૬	૧૦	૩૬	૧૩૨૦૫
૨૨	૨૫/૦૮/૨૦૧૦	કવિ સુરેશ હરિપ્રસાદ જોશી મ્યુનિ. વાચનાલય	ખોખરાસર્કલ	જૂની મેલેરિયા ઓફીસ, ખોખરા સર્કલ, અમદાવાદ.૩૮૭૮૧૦	૧૦	૦	૧૫૩૧૦
૨૩	૨૯/૦૮/૨૦૧૦	કે. કા. શાસ્ત્રી મ્યુનિ. વાચનાલય	પાલડી	ધરણીધર, પાલડી, અમદાવાદ.૩૮૦૦૦૭	૧૨	૦	૧૭૬૬૫

૨૪	૨૯/૦૮/૨૦૧૦	કાકાકાલેલકર મ્યુનિ. વાચનાલય	સી.ટી.એમ.	સી.ટી.એમ.ચાર રસ્તા, અમદાવાદ.૩૮૦૦૨૬	૭	૩૬	૩૩૬૯૦
૨૫	૧૪/૦૯/૨૦૧૧	સૈજપુર મ્યુનિ. વાચનાલય	સૈજપુર	સૈજપુર ગામ ટાવર સામે, અમદાવાદ.૩૮૨૩૪૫	૫	૩૬	૫૨૯૦
૨૬	૦૭/૧૨/૨૦૧૧	સોલા હાઉસીંગ મ્યુનિ. વાચનાલય	સોલા હાઉસીંગ	સોલા હાઉસીંગ બસ સ્ટેન્ડ પાસે, સોલારોડ, અમદાવાદ.૩૮૦૦૧૩	૯	૩૬	૨૮૦૫
					૨૦૦	૬૪૮	૨૫૮૧૯૦

પુસ્તકાલયોનો વાર્ષિક વહીવટી અહેવાલ-૨૦૧૬/૨૦૧૭

ક્રમ	શરૂ થયા તા.	પુસ્તકાલયના નામ	વિસ્તાર	સરનામું	દૈનિક	સામાયિક	વાચક	સભાસદ	પુસ્તક-ઇસ્યુ	સભાસદ	પુસ્તક	સભાસદ
					સંખ્યા	સંખ્યા	સંખ્યા	સંખ્યા	સંખ્યા	અનામત	લેઈટ-ફી	ફોર્મની
										જમા રકમ	આવક	આવક
A	B	C	D	E	1	2	3	4	5	6	7	8
૧	૧૧/૧૧/૧૯૭૮	ભાઈશંકર નાનાભાઈ મ્યુનિ.પુસ્તકાલય	રાયપુર	પંડિતજીની પોળના નાકે, રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૧	૧૫	૩૬	૪૬૨૧૦	૧૦૫	૨૦૦૫	૧૪૪૦.૦૦	૧૩૩.૦૦	૧૦૦.૦૦
૨	૦૯/૦૪/૧૯૭૫	ગોવર્ધનરામ ત્રિપાઠી મ્યુનિ.પુસ્તકાલય	મણીનગર	ફાયરબ્રિગેડ સામે, રામબાગ, મણીનગર, અમદાવાદ	૧૧	૩૬	૧૩૫૩૦	૫૮	૨૬૩૦	૪૦૮૦.૦૦	૯૮૦.૦૦	૩૪૦.૦૦
૩	સને-૧૯૫૪	મહાત્મા ગાંધી મ્યુનિ.પુસ્તકાલય	સાબરમતી	રામનગર સાબરમતી અમદાવાદ	૭	૩૬	૧૦૧૯૦	૧૦૮	૧૮૧૦	૧૭૦૦.૦૦	૦.૦૦	૧૧૦.૦૦
૪	૨૧/૦૭/૧૯૭૬	વિ.ન.શાહ મ્યુનિ.પુસ્તકાલય	રખિયાલ	રખિયાલ ચાર રસ્તા, અમદાવાદ	૧૦	૩૬	૧૭૫૮૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૫	૧૧/૦૮/૧૯૮૪	જયોતિન્દ્ર દવે મ્યુનિ.પુસ્તકાલય	શાહપુર	સ્વ.લાલાકાકા હોલ પાસે, શાહપુર અમદાવાદ	૧૦	૩૬	૭૦૨૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૬	૧૫/૦૮/૧૯૭૬	પટેલ કે. કે. મ્યુનિ.પુસ્તકાલય	નરોડા	નરોડા ગામના નાકે, અમદાવાદ	૭	૩૬	૧૧૩૬૫	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦

૭	૦૧/૦૯/૧૯૭૫	નારણભાઈ રણછોડભાઈ ચૌહાણ મ્યુનિ.પુસ્તકાલય	કાંટોડીયા	પારસી અગિયારી નજીક કાંટોડિયા અમદાવાદ	૧૦	૩૬	૧૩૪૨૫	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૮	૦૨/૧૨/૧૯૭૯	મણિશંકર રતનજી(કવિકાન્ત)મ્યુનિ.પુસ્તકાલય	ખોખરા	બાજખેડાવાળ સોસાયટી પાસે, ખોખરા-મહેમદાવાદ, અમદાવાદ-૩૮૦૦૦૮	૧૧	૩૬	૩૦૬૮૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૯	૧૬/૦૬/૧૯૩૦	દાદાભાઈ નવરોજી મ્યુનિ.પુસ્તકાલય	ગાંધીરોડ	પાનકોરનાકા ગાંધીરોડ અમદાવાદ-૩૮૦૦૦૧	૧૧	૦	૭૮૬૫	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૦	૨૩/૦૪/૨૦૦૦	કવિ ન્હાનાલાલ સીની.સીટી.પાર્ક મ્યુનિ.પુસ્તકાલય	સાબરમતી	ધર્મનગર સાબરમતી અમદાવાદ-૩૮૦૦૦૫	૮	૩૬	૧૨૬૯૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૧	૦૧/૦૭/૨૦૦૩	સ્વ.લાલભાઇ કુંદીવાલા મ્યુનિ.પુસ્તકાલય	મોટાબંબા	અંજુમન હાઇસ્કૂલ પાસે, છીપાવાડ, જમાલપુર, અમદાવાદ-૩૮૦૦૦૧	૧૦	૩૬	૩૯૧૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૨	૦૬/૦૨/૨૦૦૭	પંડિત દીનદયાળ ઉપાધ્યાય મ્યુનિ.પુસ્તકાલય	ઘાંટલોડીયા	ઠાકોરવાસ, ઘાંટલોડીયા ગામમાં, અમદાવાદ-૩૮૦૦૬૧	૮	૩૬	૭૬૮૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૩	૧૨/૦૭/૨૦૦૭	ડૉ.બાબા સાહેબ આંબેડકર મ્યુનિ.પુસ્તકાલય	ગોમતીપુર	કુંડાવાળી ચાલી, ગોમતીપુર, અમદાવાદ ૩૮૦૦૨૧	૧૦	૩૬	૧૧૨૦૫	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૪	૨૭/૦૮/૨૦૦૭	કવિ નર્મદ મ્યુનિ.પુસ્તકાલય	હાજીપુરા ગાર્ડન	હાજીપુરા ગાર્ડન, માધુપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪	૧૦	૩૬	૯૩૩૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦

૧૫	૦૬/૦૯/૨૦૦૭	દયાનંદ સરસ્વતી મ્યુનિ.પુસ્તકાલય	અસારવા	અસારવા ચકલા નજીક, અમદાવાદ-૩૮૦૦૧૬	૦	૦	૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૬	૨૫/૦૯/૨૦૦૭	ઈશ્વરલાલ કચરાભાઈ મ્યુનિ.પુસ્તકાલય	પોટલિયા વોર્ડ	શ્રીજી વિદ્યાલય સામે, પોટલિયા વોર્ડ, બાપુનગર, અમદાવાદ.૩૮૦૦૨૪	૧૦	૩૬	૧૫૬૭૫	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૭	૦૧/૦૫/૨૦૦૯	વસંતભાઈ રામી મ્યુનિ.પુસ્તકાલય	જોધપુર	જોધપુર, ગ્રામ પંચાયત પાસે, જોધપુર, અમદાવાદ.૩૮૦૦૧૫	૫	૦	૪૦૫૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૮	૨૦/૦૮/૨૦૧૦	મકરન્દભાઈ દેસાઈ મ્યુનિ.પુસ્તકાલય	બોડકદેવ	અમરીશપાર્ક ગાર્ડન પાસે, જજીસ બંગ્લોઝ રોડ, બોડકદેવ, અમદાવાદ.૩૮૦૦૫૪	૭	૩૬	૬૪૬૦	૦	૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
					૧૬૦	૫૪૦	૨૨૭૮૦૫	૨૬૫	૬૩૦૩	૭૨૨૦.૦૦	૧૮૫૧.૦૦	૨૬૫.૦૦

૯.૪ બાલભવન ખાતુ
સને-૨૦૧૬-૧૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત મ્યુનિ.બાલભવન ખાતા દ્વારા હાલમાં (૧) રાયપુર મ્યુ.બાલભવન (૨) ફતેહપુરા મ્યુ.બાલભવન (૩) મણીનગર મ્યુ.બાલભવન (૪) ઢાળની પોળ મ્યુ.બાલભવન આમ,કુલ-૪ બાલભવનો આવેલ છે. જે શહેરમાં ૦૫ થી ૧૫ વય જુથના બાળકોને વાંચન ઉપયોગી સેવા પુરી પાડે છે.

આ સાથે બાલભવનોમાં આવતા બાળકોની જ્ઞાનપિયાસા તૃપ્ત કરવા માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના વૈવિધ્ય સભર કુલ-૩૫૭૦૯ સંખ્યાના બાળ પુસ્તકો જે કુલ-રૂ. ૨૫૭૪૬૮=૪૩ પૈસાની કિંમતના વસાવવામાં આવેલ છે. રમતગમતમાં રૂચિ ધરાવનાર બાળકો માટે અહીં ઇન્ડોર ગેમ અને બોધીક વિકાસ માટેની સુવિધા છે.

વધુમાં બાળકો શાળાના સમયને ધ્યાને લઇ બાલભવનો સવારના સમયમાં એટલે કે સવારે ૮.૩૦ થી ૧૨.૦૦ કલાક અને સાંજે ૩.૩૦ થી ૭.૦૦ કલાક દરમ્યાન કાર્યરત રહે છે. જાહેર રજાઓ અને શુક્રવાર ની અઠવાડિક રજાઓ સિવાય બાકીના તમામ દિવસોમાં શહેરના ચાર ઝોનમાં ૪ બાલભવન દ્વારા બાળકોને વાંચન/ રમતગમત જેવી વૈવિધ્ય સભર સેવાઓ પુરી પાડવામાં આવે છે. સને ૨૦૧૬-૧૭ના વર્ષ દરમ્યાન કુલ-૧૫૬૨૫ બાળકોએ બાલભવન નો લાભ લીધેલ છે.

9.8 મ્યુ.બાલભવન ખાતાનો સને-૨૦૧૬/૨૦૧૭ ના વર્ષનું વહીવટી તુલનાત્મક પત્રક

ક્રમ	મ્યુ.બાલભવનોના નામ	લાભ લેનાર બાળકોની સંખ્યા	વંચાયેલ પુસ્તકોની સંખ્યા	માસિક સરેરાશ		દૈનિક સરેરાશ		હયાત પુસ્તકોની સંખ્યા	કુલ હયાત પુસ્તકોની કિંમત = પૈસા
				લાભ લેનાર બાળકોની સંખ્યા	વંચાયેલ પુસ્તકોની સંખ્યા	લાભ લેનાર બાળકોની સંખ્યા	વંચાયેલ પુસ્તકોની સંખ્યા		
1	2	3	4	5	6	7	8	9	10
૧	મણીનગર મ્યુ.બાલભવન	૪૪૮૨	૧૦૮૧	૩૭૩	૯૦	૧૬	૪	૧૨૦૬૬	૯૭૪૮૨.૧૫
૨	રાયપુર મ્યુ.બાલભવન	૨૯૪૦	૧૩૫૫	૨૪૫	૧૧૨	૧૧	૫	૭૦૪	૧૦૦૧૫.૭૯
3	ફતેહપુરા મ્યુ.બાલભવન	૩૩૫૨	૧૪૭૧	૨૭૯	૧૨૨	૧૨	૫	૯૮૪૮	૮૪૮૬૦.૮૩
૪	ઢાળનીપોળ મ્યુ.બાલભવન	૩૩૫૭	૧૧૬૦	૨૮૦	૯૬	૧૨	૪	૧૩૦૮૨	૬૫૧૦૯.૬૬
	કુલ:-	૧૫૬૨૫	૩૪૫૦	૧૩૦૩	૨૪૧	૫૮	૧૨	૩૫૭૦૯.	૨૫૭૪૬૮.૪૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

શ્રી અંબુભાઈ પુરાણી વ્યાયામ વિદ્યાલય,

કાંકરિયા નો વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૧૬-૧૭

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેની ફરજીયાત પ્રવૃતિઓની સાથે મરજીયાત પ્રવૃતિઓ કરે છે.**જેમાં** અંબુભાઈ પુરાણી મ્યુનિસિપલ વ્યાયામ વિધ્યાલય ખાતુ કાંકરિયા તળાવની પાસે આવેલ છે. વ્યાયામ વિધાલય ખાતાના મકાનની ઉદ્ઘાટન વિધિ મુંબઈ ઈલાકાના તત્કાલીન મુખ્ય પ્રધાન શ્રી બાળગંગાધર ખેર સાહેબના શુભ હસ્તે તારીખ ૧૫મી જુન સને - ૧૯૩૮ને બુધવારના રોજ કરવામાં આવી હતી. શરૂઆતમાં ૧૯૭૬માં વ્યાયામ વિધાલય કાંકરિયા ખાતે જીમ્નેશિયમ શરૂ કરવામાં આવેલ હતુ. ત્યારબાદ ૧૯૮૪માં મણીનગર તથા માણેકબા સંસ્કાર વાડી વ્યાયામ શાળા શાહપુર ખાતે કરવામાં આવેલ હતા. અમદાવાદ શહેરના યુવાનોનુ શરીર સૌષ્ઠવ કેળવાય, યુવાનોમાં નિયમીતતા, સંઘભાવના કેળવાય, માનસિક વિકાસ થાય, સ્ટેમીના જળવાય, નિખાલસતા, ભાતૃપ્રેમ, સદ્ભાવના, એક્યુરેસી, ચેલેન્જને પહોચી વળવાની હિંમત તથા લીડર શીપ જેવી બાબતોનો વિકાસ થાય તે હેતુસર જણાવેલ જીમ્નેશિયમો શરૂ કરવામાં આવેલ હતા. હાલમાં કુલ ૩૯ બારબેલ જીમ્નેશિયમો ચલાવવામાં આવે છે. વાસણા, **પાલડી,ઇસનપુર,રાયપુરમાં અ.મ્યુ.કો.દ્વારા તથા** મણિનગર અને રાણીપ વોર્ડમાં વાર્ષિક કોન્ટ્રાકટ પધ્ધતિથી સ્કેટીગ રીક ચલાવવામાં આવે છે. જેનો શહેરી જનો બહોળી સંખ્યામાં લાભ લઈ રહયા છે. સદર જીમ.ની ફી ખાનગી જીમ. કરતા ઘણી જ ઓછી છે.જેથી સમાજના દરેક સ્તરના નાગરિકો **મોટી સંખ્યામાં** લાભ લઈ શકે છે.નાંગરિકોની સુવિધા માટે હાલમાં જીમ્નેશિયમ, સ્કેટીગ રીક અને વ્યાયામ વિધાલય દ્વારા ચલાવવામાં આવતી એકટીવીટી માટે તેમાં પાર્ટીશીપેટ થવા ઓન લાઈન ફોર્મની તથા ઓન લાઈન ફોર્મ જમા કરાવવાની વ્યવસ્થા સિવીક સેન્ટર ખાતે કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરના હાલનાં દરેક વોર્ડમાં બારબેલ જીમ્નેશિયમો શરૂ કરવાનું નકકી કરેલ છે. આ માટે સંસદ સભ્યશ્રીઓ, ધારા સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રીઓ તેઓનુ બજેટ ફાળવી આપે છે. તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પણ આ અંગે સારુ એવું બજેટ ફાળવી જીમ્નેશિયમનું સંચાલન કરે છે.

અંબુભાઈ પુરાણી મ્યુનિસિપલ વ્યાયામ વિદ્યાલય
અમાવા મ્યુનિ.કોર્પોરેશન સંચાલિત જીમ્નેશિયમની નામાવલી

ક્રમ	જીમ્નેશિયમનું નામ	ક્રમ	જીમ્નેશિયમનું નામ
૧	કાંકરિયા વ્યાયામ શાળા	૨૧	પરિમલ વ્યાયામ શાળા
૨	મણિનગર વ્યાયામ શાળા	૨૨	સાબરમતી વ્યાયામ શાળા
૩	રખિયાલ વ્યાયામ શાળા	૨૩	ચાંખેડા વ્યાયામ શાળા
૪	સરદારબ્રીજ હેલ્થ સ્ટાફ વ્યાયામ શાળા	૨૪	વાડજ વ્યાયામ શાળા
૫	ાુધેશ્વર વ્યાયામ શાળા	૨૫	કાલુપુર વ્યાયામ શાળા
૬	ખાડીયા વ્યાયામ શાળા	૨૬	રાયખડ વ્યાયામ શાળા
૭	ઈસનપુર વ્યાયામ શાળા	૨૭	સ. ૫. સ્ટેડિયમ વ્યાયામ શાળા
૮	વાસણા વ્યાયામ શાળા	૨૮	શાહીબાગ મહિલા વ્યાયામ શાળા
૯	વેજલપુર વ્યાયામ શાળા	૨૯	બોડકદેવ વ્યાયામ શાળા
૧૦	ાિરિયાપુર વ્યાયામ શાળા	૩૦	બાગેફિરદોશ વ્યાયામ શાળા

૧૧	ગિરધરનગર વ્યાયામ શાળા	૩૧	ભાઈપુરા વ્યાયામ શાળા
૧૨	સરસપુર વ્યાયામ શાળા	૩૨	રાણીપ વ્યાયામ શાળા
૧૩	નરોડા મુઠીયા વ્યાયામ શાળા	૩૩	મેમ્કો વ્યાયામ શાળા
૧૪	કુબેરનગર વ્યાયામ શાળા	૩૪	ખોખરા વ્યાયામ શાળા
૧૫	ઓઢવ વ્યાયામ શાળા	૩૫	ગોમતીપુર વ્યાયામ શાળા
૧૬	સૈજપુર બોઘા વ્યાયામ શાળા	૩૬	ઘાટલોડીયા વ્યાયામ શાળા
૧૭	જમાલપુર વ્યાયામ શાળા		
૧૮	નિકોલ વ્યાયામ શાળા		
૧૯	એલીસબ્રીજ વ્યાયામ શાળા		
૨૦	હાજીપુરા વ્યાયામ શાળા		

અં.પુ.મ્યુ.વ્યા.વિધાલય દ્વારા નીચે જણાવેલ સ્થળોએ વર્ષ દરમ્યાન કોચીંગ કેમ્પો ચલાવવામાં આવે છે.

ક્રમ	**સ્કેટીંગ રીંકનું નામ**
૧	વાસણા સ્કેટીંગ રીંક
૨	પાલડી સ્કેટીંગ રીંક
૩	ઈસનપુર સ્કેટીંગ રીંક
૪	શ્યામજી કૃષ્ણવર્મા સ્પોર્ટસ કોમ્પલેક્ષ
૫	મણીનગર સ્કેટીંગ રીંક (કોન્ટ્રાકટ થી આપેલ)
૬	રાણીપ સ્કેટીંગ રીંક (કોન્ટ્રાકટ થી આપેલ)
૭	કાંકરીયા સ્પોર્ટસ સેન્ટર પુષ્પ કુંજ

વર્ષ	સભ્ય સંખ્યા	આવક	રીમાર્કસ
૨૦૧૬-૧૭	૨૫,૫૭૯	૪૫,૯૬,૧૮૦	

ચાલુ વર્ષે અ.મ્યુ.કો.દ્વારા અ.મ્યુ.કો.ના કર્મચારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ માટે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ હતુ. આ રમતોત્સવમાં (૧) ઈન્ડોર ગેમ્સ(૨) એથ્લેટીકસ(૩)સાંઘિક રમતો(ટીમ ઈવેન્ટસ)(૪) રાયફલ શુટિંગ(એર રાયફલ શુટિંગ) ની સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવેલ હતું.

વર્ષ ૨૦૧૬-૧૭ માં સરદાર પટેલ સ્ટેડિયમ નવરંગપુરા ખાતે ગુજરાતની આઠ મહાનગર પાલિકાઓના મા.મેયરશ્રી તેમજ મા.કમિશનરશ્રીની ૧૬ ટીમો વચ્ચે ઓલ ગુજરાત ટી-૨૦ ડે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું.જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરશ્રીની ટીમ ચેમ્પીયન બનેલ હતી.

ચાલુ વર્ષે અ.મ્યુ.કો.દ્વારા અ.મ્યુ.કો.ના કર્મચારી માટે ઈન્ટર ડીપાર્ટમેન્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં કુલ ૩૦ ટીમો એ ભાગ લીધેલ છે.

અમદાવાદ શહેરમાં રહેતા દિવ્યાંગ બાળકો / યુવાનો માટે લગભગ દર વર્ષે દિવ્યાંગ રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમા અંદાજે ૨૪૦૦ જેટલા ભાઈઓ તથા બહેનો ભાગ લીધો હતો. આ રમતોત્સવસમાં નીચે મુજબની અલગ અલગ ઉંમર વિભાગ ભાઈઓ / બહેનોને રમાડવામાં આવેલ હતો. (૧) મંદબુદ્ધી વ્યકિતઓ (૨) અંધજનો (૩) મુકબધીર વ્યકિતઓ (૪) શારીરિક દિવ્યાંગ વ્યકિતઓ અમદાવાદ શહેરમાં રહેતા કોઈપણ દિવ્યાંગ વ્યકિત્તઓ અ.મ્યુ.કો.દ્વારા યોજાતા આ રમતોત્સવમાં ભાગ લઈ શકે છે.તેમજ ભાગ લેનાર તમામને ટોકન ઈનામો તથા પ્રથમ, દ્વિતીય અને તૃતીયને ઈનામો આપવામાં આવે છે.તથા એ.એમ.ટી.એસ. બસમાં લાવવા લઈ જવાની તેમજ તમામને માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવે છે.

વ્યાયામ વિધાલયની મુખ્ય કામગીરીમાં જીમ્નેશિયમ, સ્કેટીગ રીક, સ્પોર્ટસ સેન્ટરનું સંચાલન કરવા ઉપરાંત અ.મ્યુ.કો.ના કર્મચારીઓ માટે (૧). અ.મ્યુ.કો.કર્મચારીઓ માટે વાર્ષિક રમતોત્સવ, (૨).અ.મ્યુ.કો. ઇન્ટર ડિપાર્ટમેન્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ, (3). ઓલ ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશનની ડે નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન (૪)અમદાવાદ શહેરમાં જુદી જુદી દિવ્યાંગતા ધરાવતા લોકો માટે દિવ્યાંગ નગર રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું.

ઇ.પ્રિન્સીપાલ મેનેજર(રીક્રીએશન)

૯.૧૦ શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય
૨૦૧૬-૧૭

મહાત્મા ગાંધીજીએ ઐતિહાસિક દાંડીકૂચના પ્રારંભે સત્યાગ્રહ આશ્રમનાં પુસ્તકો થકી સાર્વજનિક પુસ્તકાલયનો વિચાર રજુ કરતાં સને ૧૯૩૩ માં રૂા. ૫૫,૦૦૦/- નું શ્રી રસિકલાલ માણેકલાલ તરફથી દાન મળતાં 'માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય' અસ્તિત્વમાં આવ્યું. પૂજ્ય બાપુજીના કરકમલોના સ્પર્શે ખાતમુહૂર્ત પામ્યા બાદ જયપુરી સ્થાપત્ય ધરાવતું ભવન ૧૯૩૮માં સરદારશ્રીના શુભહસ્તે જાહેરજનતાના લાભાર્થે ખુલ્લું મુકવામાં આવ્યું. શેઠ શ્રી રસિકલાલ તરફથી ક્રમશઃ વિશેષ અનુદાનો મળતા સુભદ્રાબેન માણેકલાલ વાચનાલય અને બાળકિશોર વિભાગ પણ અસ્તિત્વમાં આવ્યો. પુસ્તકાલયને સને ૧૯૫૦માં અ.મ્યુ.કોર્પો. દ્વારા રૂા. ૫૦,૦૦૦/- નું વિશેષ અનુદાન મળતાં અલગ ગ્રંથભંડારની રચના થઈ. ૧૯૫૭માં પુસ્તકોને બંધ કબાટોના બંધનમાંથી મુકત કરવામાં આવ્યા. ૧૯૭૪ અને પછીના વર્ષોમાં રૂા. ૧૬.૫૦ લાખની રકમ અ.મ્યુ.કોર્પો. તરફથી મળતા ગ્રંથાલય ભવનનું વિસ્તરણ કરવામાં આવ્યુ. વર્ષ ૨૦૦૪-૦૫માં પુનઃ રૂા. ૨૨.૦૦ લાખની કેપિટલ રકમ મળતા રેફરન્સ એન્ડ રીસર્ચ સેકશન તથા જ્ઞાન વિહાર વિદ્યાર્થી વાચનાલય વિભાગ અસ્તિત્વમાં આવ્યો. આ અંગેની સંક્ષિપ્ત માહિતી પત્રક ૯.૭.૧ માં આપવામાં આવી છે.

આ પુસ્તકાલયનો વહીવટ વ્યવસ્થાપક મંડળ હસ્તક છે. અહેવાલી વર્ષમાં શ્રી ગૌતમભાઈ શાહની અધ્યક્ષતામાં વ્યવસ્થાપક મંડળની કુલ-૫ સભા મળી હતી. જેમાં કુલ ૬૩ કામોનો અને અધ્યક્ષશ્રીની મંજુરીથી કુલ-૧૩ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો. આમ અહેવાલના વર્ષ દરમ્યાન કુલ-૭૬ કામોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

પુસ્તકો, સામાયિકો, તથા અન્ય સામગ્રી સીડી, વીસીડી, ડીવીડી તેમજ ઓડીયો કેસેટની પસંદગી અને પ્રાપ્તિ અત્રેથી થાય છે વ્યવસ્થાપક મંડળની પેટા સમિતિ પુસ્તક પસંદગી સમિતિમાં અહેવાલી વર્ષમાં સભ્ય સ્થાને શ્રી પંકજસિંહ ચૌહાણ, ડૉ. હેમન્તભાઈ ભટ્ટ તથા શ્રીમતી મિનાક્ષીબેન દેસાઈ વિદ્વાન સભ્ય તરીકે સેવારત છે. વર્ષના અંતે કુલ ૧૭ કામોનો નિકાલ કરેલ છે.

પુસ્તકાલયના શીડ્યુલ પર કર્મચારીઓની કુલ ૧૧૮ જગ્યાઓ છે. જે પૈકી હાલમાં ભરેલી જગ્યાઓ કુલ ૭૮ છે જેમાં ૩૩ વ્યવસાયિક, ૧૭ અર્ધ વ્યવસાયિક અને ૨૮ બિન વ્યવસાયિક કર્મચારીઓ છે. પુસ્તકાલયના ટ્રસ્ટ ડીડ મુજબ પુસ્તકાલયની સઘળી જવાબદારી અ.મ્યુ. કોર્પો. ઉપાડે છે. અહેવાલી વર્ષમાં અંદાજપત્ર મુજબ કુલ રૂા.૯,૦૯,૫૫,૦૦૦/- (અંકે રૂા. નવ કરોડ નવ લાખ પંચાવન હજાર પુરા) મંજૂર થયેલ, જે પૈકી રૂા.૫,૬૮,૬૪,૨૦૭/- (અંકે રૂા. પાંચ કરોડ અડસઠ લાખ ચોસઠ હજાર બસો સાત પુરા) ગ્રાંટ પેટે પુસ્તકાલયને મળ્યા હતા. પુસ્તકાલયની અન્ય આવક રૂા.૪૯,૨૯,૪૫૩/- ની થયેલ. જયારે વર્ષ દરમ્યાન કુલ ખર્ચ રૂા.૫,૮૧,૨૯,૧૫૪=૫૯ (અંકે રૂા. પાંચ કરોડ એક્યાસી લાખ ઓગણત્રીસ હજાર એકસો ચોપ્પન અને ઓગણ સાઇઠ પૈસા પુરા) નો થયેલ.

જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ખર્ચ કરતાં આવકમાં રૂા.૩૬,૬૪,૫૦૫=૪૧ નો વધારો થવાથી જનરલ ફંડમાં ઉમેરો કરવામાં આવેલ છે.

ગ્રંથ સંગ્રહ :-

અહેવાલી વર્ષ દરમ્યાન કુલ ૯,૮૭૪ ગ્રંથો નવા ઉમેરાયેલ છે. જે પૈકી ૯,૦૯૫ ગ્રંથો રૂા.૨૦,૮૭,૪૩૯/- ના ખર્ચે ખરીદવામાં આવ્યા હતા. જયારે ૭૭૯ ગ્રંથો ભેટમાં મળેલ છે.

વર્ષના અંતે નવા ઉમેરાયેલા પુસ્તકો સહિતના કુલ ૭,૬૪,૭૦૨ પુસ્તકોની વિષયવાર તથા ભાષાવાર માહિતી પત્રક ૯.૭.૨. માં દર્શાવી છે.

સંદર્ભ ગ્રંથસંગ્રહ :-

આ વિભાગની વિપુલતા અને વિવિધતા એ પુસ્તકાલયની વિશેષતા છે.સામાન્ય વાચકોથી માંડી જીજ્ઞાસુઓ, અભ્યાસુઓ અને સંશોધકો તથા વિદ્યાર્થી સમુદાય આ ગ્રંથસંગ્રહનો સતત ઉપયોગ કરે છે.

વિશિષ્ટ ગ્રંથસંગ્રહ :-

પુસ્તકાલયની સેવાઓને વધુ માહિતીસભર અસરકારક અને ચોકસાઈભરી બનાવવા વિશિષ્ટ વિષયના કેટલાક સંગ્રહો અલગ કરવામાં આવ્યા છે. અલાયદા ખંડમાં સંગ્રહ કરવામાં આવેલ આ પુસ્તકો ઈશ્યુ કરવામાં આવતા નથી.

૧. **સત્યાગ્રહ આશ્રમનો ગ્રંથ સંગ્રહ :** સત્યાગ્રહ આશ્રમના ગ્રંથસંગ્રહમાં પુસ્તકાલયની શરૂઆતથી ૧૯૭૭ સુધી પુસ્તકો દેય વિભાગમાં હતા. ત્યારબાદ અદેય સ્વરૂપ ગણીને અલગ મુકવામાં આવ્યા છે.

